Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૅકમિલનનાં ગુજરાતી શાળોપયોગી પાઠ્ય પુસ્તકો

ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ

(મુંબઈ સરકારે ગુજરાતી પ્રાથમિક શાળાઓ, ઍંગ્લો-વર્નાક્યુલર શાળાઓ, અને ટ્રેનિંગ કૉલેજોના ઉપયોગને માટે પાઠ્ય પુસ્તક માટે મંજૂર કરેલું)

કર્તા

રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,

અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના વાનપ્રસ્થ પ્રિન્સિપલ

અને

મુંબઈ યુનિવર્સિટીના ગુજરાતીના પરિક્ષક

મૅકમિલન્ અને કંપની, લિમિટેડ,

મુંબઈ, કલકત્તા, મદ્રાસ, અને લંડન

૧૯૪૦ કિંમત રૂ. ૧-૦-૦

२५ग / ३

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ओ३म्

पुस्तक-संख्या 2५ग/3

पंजिका-संख्या १८५६३

पुस्तक पर सर्व प्रकार की निशानियां लगाना वर्जित है। कोई महाशय १५ दिन से अधिक देर तक पुस्तक अपने पास नहीं रख सकते। अधिक देर तक रखने के लिये पुनः आज्ञा प्राप्त करनी चाहिये।

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तक प्रमाणीकरण १९८४-१९८५

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ

(મુંબઈ સરકારે ગુજરાતી પ્રાથમિક શાળાઓ, અઁગ્લો-વર્નાક્યુલર શાળાઓ, અને ટ્રેનિંગ કૉલેજોના ઉપયોગને માટે પાઠ્ય પુસ્તક તરીકે મંજૂર કરેલું)

२५ ग/३
पुस्तकालय गुरुकुल कांगड़ी

કર્તા

રાવબહાદુર કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી, બી. એ.,

અમદાવાદની પ્રેમચંદ રાયચંદ ટ્રેનિંગ કૉલેજના વાનપ્રસ્થ પ્રિન્સિપલ

અને

મુંબઈ યુનિવર્સિટિના ગુજરાતીના પરીક્ષક

CC 1973 ૬૨
Initial
25-2-

મૅક્મિલન અને કંપનિ, લિમિટેડ,

મુંબઈ, કલકત્તા, મદ્રાસ, અને લંડન

ઇ૦ સ૦ ૧૯૪૦

સર્વ હક્ક સ્વાધીન કિંમત [illegible]-૮-૦

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રસ્તાવના

કેન્દ્રાનુસારી પદ્ધતિ પ્રમાણે ગુજરાતી ભાષાનાં લઘુ, મધ્ય, અને બૃહદ્, એવાં ત્રણ વ્યાકરણનાં પુસ્તક લખવાની યોજના વિષે 'લઘુ વ્યાકરણ'ની પ્રસ્તાવનામાં વિવેચન કર્યું છે, તેમાંનું આ 'મધ્ય વ્યાકરણ' છે.

એમાં વ્યાકરણના તમામ વિષયનું સ્થૂલ દૃષ્ટિથી વિવરણ કર્યું છે; એથી વિશેષ અને અન્ય ભાષાઓ સાથે તુલનાત્મક વિવરણ 'બૃહદ વ્યાકરણ'માં આવશે. વ્યુત્પત્તિ તેમજ સમાસનો વિષય કંઈક વિગતવાર ચર્ચ્યો છે; કારણ કે એ બાબત શિષ્યનું ઘણું અજ્ઞાન હોય છે. સ્થળે સ્થળે પ્રસિદ્ધ ગદ્ય અને પદ્ય ગ્રન્થમાંથી ઉદાહરણ આપ્યાં છે.

ગુજરાતી ભાષાનું સ્વરૂપ હાલ વિકાસ પામતું જાય છે અને સામાન્ય વાચક અને લેખક વર્ગની સંખ્યા દિન પર દિન વધતી જાય છે એ ખુશીની વાત છે. તે વર્ગને પણ આ પુસ્તક ઉપયોગી અને માર્ગદર્શક થઈ પડશે એવી આશા છે. આમાં ભાષાશૈલી, વિરામચિહ્ન, શબ્દશક્તિ, તેમજ સમાસ, તદ્ધિત અને કૃત્ પ્રત્યયો, પદવિન્યાસ, વગેરેનું વિવેચન આધુનિક આવશ્યકતાને અનુસારે કરવામાં આવ્યું છે.

હવાડીઆ ચકલો, સુરત
એપ્રિલ, ૧૯૨૨

કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

पुस्तकालय
गुरुकुल कांगड़ी

અનુક્રમણિકા

પ્રસ્તાવના			પૃષ્ઠ
પ્રકરણ	૧લું.	વર્ણવિચાર	૧
પ્રકરણ	૨જું.	સંધિ	૧૨
પ્રકરણ	૩જું.	પદવિચારઃ નામઃ પ્રકાર	૨૪
પ્રકરણ	૪થું.	જાતિવિચાર	૨૯
પ્રકરણ	૫મું.	વચનવિચાર	૩૬
પ્રકરણ	૬ઠું.	વિભક્તિઃ અર્થ	૩૯
પ્રકરણ	૭મું.	સર્વનામઃ પ્રકારાદિ	૬૦
પ્રકરણ	૮મું.	વિશેષણઃ પ્રકારાદિ	૭૧
પ્રકરણ	૯મું.	ક્રિયાપદઃ પ્રકાર	૭૬
પ્રકરણ	૧૦મું.	કાળ અને અર્થ	૮૩
પ્રકરણ	૧૧મું.	ક્રિયાપદઃ મિશ્રકાળ	૯૩
પ્રકરણ	૧૨મું.	ધાતુ–મૂળ અને સાધિત	૧૦૫
પ્રકરણ	૧૩મું.	કૃદન્તઃ પ્રકારાદિ	૧૧૨
પ્રકરણ	૧૪મું.	સંયુક્ત ક્રિયાપદ	૧૨૦
પ્રકરણ	૧૫મું.	પ્રયોગ	૧૨૫
પ્રકરણ	૧૬મું.	અવ્યયઃ પ્રકાર	૧૩૭
પ્રકરણ	૧૭મું.	ક્રિયાવિશેષણ અવ્યય	૧૪૦
પ્રકરણ	૧૮મું.	નામયોગી	૧૪૮
પ્રકરણ	૧૯મું.	ઉભયાન્વયી	૧૫૧
પ્રકરણ	૨૦મું.	કેવળપ્રયોગી	૧૫૩

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

		પૃષ્ઠ
પ્રકરણ ૨૧મું.	પૂર્વંગ	૧૫૫
પ્રકરણ ૨૨મું.	તદ્ધિત અને કૃત્ પ્રત્યય	૧૬૧
પ્રકરણ ૨૩મું.	સમાસ	૧૭૪
પ્રકરણ ૨૪મું.	વાક્યવિચાર	૧૮૭
પ્રકરણ ૨૫મું.	પદવિન્યાસઃ ભાષાશૈલી	૧૯૦
પ્રકરણ ૨૬મું.	વાક્યપૃથક્કરણઃ વાક્યોના પ્રકાર ...	૨૦૧
પ્રકરણ ૨૭મું.	ઉદ્દેશ્યવર્ધક અને વિધેયવર્ધક ...	૨૦૭
પ્રકરણ ૨૮મું.	ગૌણ વાક્ય	૨૧૩
પ્રકરણ ૨૯મું.	વિરામચિહ્ન	૨૨૦
પ્રકરણ ૩૦મું.	શબ્દશક્તિ	૨૩૨

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ

પ્રકરણ ૧લું

વર્ણવિચાર

ભાષા વિચાર દર્શાવવાનું મુખ્ય સાધન—આપણા વિચાર અન્યને દર્શાવવાનું મુખ્ય સાધન ભાષા છે. મુખ્ય કહેવાનું કારણ એ છે કે ભાષાનો પ્રયોગ કર્યા વગર પણ ઘણો અર્થ આપણે આંખના ઇસારાથી કે માથા અને હાથની ચેષ્ટાથી દર્શાવી શકીએ છીએ; પરંતુ આપણા સર્વ વિચાર એ રીતે ખુલ્લા કરી શકાય નહિ. તેને ખુલાસાથી દર્શાવવાનું સાધન ભાષા છે.

ગુજરાતી ભાષાનું મૂળ—હિંદુસ્તાનમાં ઘણી દેશી ભાષા બોલાય છે. તેમાંની દક્ષિણની દ્રાવિડ ભાષા સિવાય બીજીનું મૂળ સંસ્કૃત છે. બંગાળી, હિંદી, મરાઠી, ગુજરાતી, વગેરે ભાષા સંસ્કૃત ભાષામાંથી પ્રાકૃત ભાષાદ્વારા આવેલી છે.

ગુજરાત અને ગુજરાતી ભાષા—આપણા દેશનું જૂનું નામ લાટ દેશ હતું. ગુર્જરો પ્રથમ પંજાબ ને રજપુતાનામાં વસેલા હતા, ત્યાંથી આપણા દેશમાં આવ્યા ત્યારથી પ્રજાના નામ પરથી દેશનું નામ ગુજરાત પડ્યું છે ને ત્યાંની ભાષા ગુજરાતી ભાષા કહેવાય છે.

ગુજરાતી ભાષાના શબ્દોનું મૂળ—ગુજરાતી ભાષા સંસ્કૃત પરથી પ્રાકૃતદ્વારા ઉદ્‌ભવેલી છે. તેમાં ઘણા શબ્દ સંસ્કૃતમાં વપરાય છે તેવાજ દાખલ થયા છે; ઘણા શબ્દ સંસ્કૃતમાંથી વિકાર પામી પ્રચારમાં આવ્યા છે; તેમજ કેટલાક શબ્દ દેશના મૂળ વતનીની ભાષામાંથી દાખલ થયા છે. ગુજરાતમાં અગાઉ મુસલમાન લોકોનું રાજ્ય હોવાથી ફારસી અને અરબી ભાષામાંથી પણ ઘણા શબ્દ ગુજરાતી ભાષામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રવેશ કરવા પામ્યા છે. યુરોપની પ્રજાઓ વેપારને અર્થે હિંદુસ્તાનમાં આવી તેમાં પોર્ટુગીઝ પ્રજા પ્રથમ હતી. તે લોકોના સંસર્ગને લીધે પોર્ટુગીઝ ભાષામાંથી કેટલાક શબ્દ ગુજરાતી ભાષામાં દાખલ થયા છે. હાલમાં અંગ્રેજી સરકારનું રાજ્ય છે તેથી અંગ્રેજી ભાષાના કેટલાક શબ્દ પણ દાખલ થયા છે.

વ્યાકરણજ્ઞાન—કોઈ પણ ભાષાનું સારૂં જ્ઞાન મેળવવા તેના વ્યાકરણનું જ્ઞાન આવશ્યક છે.

વ્યાકરણ એટલે શું ?—જેમાં શબ્દોનું સ્પષ્ટીકરણ હોય—શબ્દો શી રીતે બન્યા છે, તેમાં *પ્રકૃતિ શી છે, પ્રત્યયો કયા છે, અને તે કયા અર્થમાં લાગેલા છે, શુદ્ધ શબ્દ કેવા રૂપમાં હોય છે, અશુદ્ધ શબ્દ કેવા હોય છે, અને વાકયમાં શબ્દો શી રીતે જોડાયા હોય છે, એ જેમાં સ્પષ્ટ કર્યું હોય છે—તે શાસ્ત્રને **વ્યાકરણશાસ્ત્ર** કહે છે. વ્યાકરણ એટલે સ્પષ્ટીકરણ. અનેક દાખલા પરથી નિયમો તારવી કાઢવામાં આવે છે. એવા નિયમો જેમાં હોય તે તે વિષયનું **શાસ્ત્ર** કહેવાય છે. વ્યાકરણ એ શાસ્ત્ર છે. એ શાસ્ત્ર જાણનારને વૈયાકરણ કહે છે.

વાક્ય—આપણા વિચાર ટૂંકા ને નિરાળા હોય કે લાંબા અને એક બીજા સાથે જોડાયલા હોય. એ વિચારો આપણે વાક્યદ્વારા દર્શાવીએ છીએ. એક કે અનેક શબ્દ, જે વડે આપણે આપણા વિચાર પૂરા દર્શાવીએ છીએ, તેને **વાક્ય** કહે છે.

એક શબ્દનાં વાક્ય—જા, ઊઠ, બેસ, વાંચ, લખ, ચાલો, ઇત્યાદિ.

બે શબ્દનાં વાક્ય—આઘો જા; ચોપડી વાંચો; છોકરો આવે ? ઇત્યાદિ.

બેથી વધારે શબ્દોનાં વાક્ય—

૧. છોકરાએ માબાપ અને ગુરુની આજ્ઞા માનવી જોઈએ (સ્વતન્ત્ર કે નિરાળું વાક્ય).

---

* જેને પ્રત્યય લાગ્યો હોય તે તે પ્રત્યયના સંબંધમાં પ્રકૃતિ કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. આપણે હમેશ એવી રીતે વર્તવું કે આપણું અન્ત:કરણ કદી આપણને ડંખે નહિ (પરસ્પર જોડાયલાં વાક્ય).

શબ્દ—જેમાંથી અર્થ નીકળે એવા અક્ષરસમૂહને **શબ્દ** કહે છે. શબ્દ એટલે અવાજ. આપણા મોંમાંથી જે ધ્વનિ કે અવાજ નીકળે છે તે શબ્દ કહેવાય છે. અર્થવાળા ધ્વનિનેજ વ્યાકરણમાં શબ્દ કહે છે.

એકાક્ષરી શબ્દ—સંસ્કૃતમાં એક અક્ષરના પણ શબ્દ બને છે. અ, ઇ, ઉ, એવા એકાક્ષરના અર્થ સંસ્કૃતમાં થાય છે અને તે બતાવનારા કોશ પણ છે. 'ઓમ્' એ અ, ઉ, ને મ્ નો બનેલો છે. એમાં 'અ' એટલે વિષ્ણુ, 'ઉ' એટલે શિવ, અને 'મ્' એટલે બ્રહ્મા. ગુજરાતીમાં એવા, એક અક્ષરના શબ્દ બહુધા બનતા નથી. માત્ર મનની લાગણી એકાએક બહાર નીકળી આવે છે, કોઈને બોલાવતી વખતે કે કંઈ કહેવા કે સૂચવવા માટે શબ્દનો ઉદ્ગાર થઈ જાય છે. તેવે પ્રસંગે 'એ!' 'ઓ!' જેવા એકાક્ષરી શબ્દ પ્રયોજાય છે. 'એ,' 'આ,' એ દર્શક સર્વનામ પણ એકાક્ષરી શબ્દ છે.

અક્ષર—વર્ણ—શબ્દના છૂટા ભાગને **અક્ષર** કે **વર્ણ** કહે છે.

લિપિ*—સંસ્કૃત ભાષામાં અને ગુજરાતી ભાષામાં અક્ષરો લગભગ સરખા છે; પરંતુ બધા સરખી રીતે લખાતા નથી, તેમજ લખવાની રીત અથવા લિપિમાં પણ ફેર છે. અમુક ભાષામાં અક્ષરો લખવાની રીતને કે અક્ષરોને તે ભાષાની **લિપિ** કહે છે. સંસ્કૃત અક્ષરોને લખીને માથું દોરવું પડે છે. ગુજરાતીમાં લીટી દોરીને લખવાની અસલ રીત હતી. હાલ લીટી વગર લખવાનો પ્રચાર સામાન્ય થઈ ગયો છે. સંસ્કૃત લિપિને બાલબોધ, નાગરી, કે દેવનાગરી લિપિ કહે છે. ગુજરાતીમાં અક્ષરો લખવાની રીત કે અક્ષરોને ગુજરાતી લિપિ કહે છે. એકજ ભાષા જુદી જુદી લિપિમાં લખી શકાય છે. સંસ્કૃત ભાષાના ઘણા ગ્રન્થ દક્ષિણમાં ગ્રન્થ કે તેલુગુ લિપિમાં છપાયલા છે.

---

* 'લિપિ,' 'લિબિ,' એ એક અર્થના શબ્દો છે. લિપિ=લખેલા અક્ષરોની રચના.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતના અક્ષરો—સંસ્કૃત ભાષામાં અક્ષરો નીચે પ્રમાણે છે:—

(૧) अ, आ, इ, ई, उ, ऊ, ऋ, ॠ, ऌ, ए, ऐ, ओ, औ;

(૨) क्, ख्, ग्, घ्, ङ्; च्, छ्, ज्, झ्, ञ्; ट्, ठ्, ड्, ढ्, ण्; त्, थ्, द्, ध्, न्; प्, फ्, ब्, भ्, म्; य्, र्, ल्, व्; श्, ष्, स्, ह्;

(૩) ं (અનુસ્વાર) અને : (વિસર્ગ).

આ ઉપરાંત વૈદિક સંસ્કૃતમાં ळ् વપરાતો હતો. લક્ષમાં રાખો કે એકજ ऌ છે, બે નથી. દીર્ઘ ॡ નથી; તેને બદલે ॠ વપરાય છે.

ગુજરાતી અક્ષરો—ગુજરાતી ભાષામાં અક્ષરો નીચે પ્રમાણે છે:—

(૧) અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, એ, ઐ, ઓ, ઔ;

(૨) ક્, ખ્, ગ્, ઘ્, ઙ્; ચ્, છ્, જ્, ઝ્, ઞ્; ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્; ત્, થ્, દ્, ધ્, ન્; પ્, ફ્, બ્, ભ્, મ્; ય્, ર્, લ્, વ્, શ્, ષ્, સ્, હ્, ળ્;

(૩) ં (અનુસ્વાર) : (વિસર્ગ).

ॠ ને ऌ—ગુજરાતીમાં ॠ અને ऌ વપરાતા નથી. સંસ્કૃત શબ્દો અને પદોમાં ॠનો ઉપયોગ છે; પરંતુ ऌનો નહિ જેવો છે. कॢप धातुમાં ऌ છે ને તેથી થયલા સાધિત શબ્દો—कॢप्ति (કલ્પના), संकॢप्ति (સંકલ્પ)માં છે. સંસ્કૃતમાં ॠ બહુધા ધાતુઓમાં અને નામનાં બીજી વિભક્તિનાં રૂપોમાં જોવામાં આવે છે.

ઋ ગુજરાતીમાં શુદ્ધ સંસ્કૃત શબ્દોમાં જોવામાં આવે છે:— ઋતુ, ઋષિ, ઋણ.

ઙ્ ને ઞ્—અંક–અઙ્ક, અંજન–અઞ્જન જેવા શબ્દોમાં એ અક્ષરો છે.

સ્વર— ઉપર (૧) અને (૧) માંના વર્ણો **સ્વર** કહેવાય છે. એનો ઉચ્ચાર એની મેળે થઈ શકે છે. તે કરવામાં બીજા વર્ણની મદદ લેવાની જરૂર પડતી નથી. 'સ્વર' એટલે અવાજ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વ્યંજન—ઉપર (૨) અને (૨) માંના વર્ણ **વ્યંજન** કહેવાય છે. એના એકલાનો ઉચ્ચાર એની મેળે **થઈ** શકતો નથી. તે કરવા માટે સ્વરને એમાં મેળવવા પડે છે. એના ઉચ્ચાર માટે એમાં સ્વરનું વિશેષ અંજન કરવું પડે છે, માટે એને વ્યંજન કહે છે. વ્યંજન=વિ (વિશેષ) + અંજન (મેળવણી).

અનુસ્વાર ને વિસર્ગ—ઉપર (૩) અને (૩) માં અનુસ્વાર ને વિસર્ગ બતાવ્યાં છે તે કોઈ પણ સ્વરની પછી આવે છે. કોઈ પણ સ્વરને માથે મીંડું હોય છે તેને અનુસ્વાર કહે છે. 'અનુ'=પછી+'સ્વાર'= સ્વરવર્ણ, સ્વરની પછી એનો ઉચ્ચાર થાય છે, માટે એ **અનુસ્વાર** કહેવાય છે, 'આંખ,' 'દાંત,' 'મંજન,' 'બિંબ,' 'બીબું,' વગેરેમાં અનુસ્વાર છે.

વિસર્ગ—એટલે કોઈ પણ સ્વરની પછી : લખવામાં આવે છે તે. 'દુઃખ,' 'અન્તઃકરણ,' વગેરેમાં સ્વરની પછી : આવે છે તે વિસર્ગ કહેવાય છે. એનો ઉચ્ચાર કરવામાં શ્વાસને વિશેષ છોડી દેવામાં આવે છે. વિ=વિશેષ+સર્ગ (સૃજ્ ધાતુ='સર્જવું,' 'છોડવું,' ઉપરથી)=છોડવું તે.

સ્વરના પ્રકાર—સ્વરના હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત, એવા ત્રણ વિભાગ છે. જે ટૂંકા બોલાય છે તે **હ્રસ્વ**. અ, ઇ, ઉ, અને ઋ, એ હ્રસ્વ સ્વર છે.

જેને બોલતાં લંબાવવા પડે છે તે **દીર્ઘ**. આ, ઈ, ઊ, અને ૠ, એ અનુક્રમે અ, ઇ, ઉ, અને ઋનાં દીર્ઘ રૂપ છે.

ઉપર કહ્યું છે તેમ સંસ્કૃતમાં ऌ વપરાય છે તે હ્રસ્વ સ્વર છે, તેનું દીર્ઘ રૂપ નથી. ગુજરાતીમાં ૠ ને ऌ નો ઉપયોગ નથી.

દીર્ઘથી પણ જે લાંબા બોલાય છે તે **પ્લુત.** કોઈને બોલાવતાં તેના નામનો છેલ્લો અક્ષર લંબાય છે તે પ્લુત કહેવાય છે. સ્વરની પછી ૩ મૂકી પ્લુત ઉચ્ચાર દર્શાવાય છે; 'દેવદત્ત ૩.'

હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત—હ્રસ્વ, દીર્ઘ અને પ્લુત, એ સ્વરોનો ઉચ્ચાર કેવો થાય છે તે સમજાવવા પાણિનિએ કૂકડાના શબ્દના ઉકારનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપયોગ નિયમ આપવામાં કર્યો છે. પ્રાતઃકાળમાં કૂકડો 'કુકરે કુઊઉૐક' એમ બોલે છે. એમાં પ્રથમ ટૂંકો ઉકાર, પછી લંબાવેલો, અને છેવટે તેથી પણ વધારે લંબાવેલો સંભળાય છે. આ ઉપરથી પાણિનિ એવો નિયમ આપે છે કે જે સ્વર કૂકડાના કુઊઉ ૩ ની પેઠે બોલાય તેને અનુક્રમે હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત કહે છે. અગાઉ, વિદ્યાર્થીઓ વિદ્યાભ્યાસ સારૂ છેક વહેલા પ્રાતઃકાળમાં કૂકડો બોલે ત્યારે, ઊઠતા અને તેજ પ્રમાણે હાલ પણ વિદ્યાર્થીઓએ વહેલા ઊઠી વિદ્યાભ્યાસ શરૂ કરવો જાઈએ, એવો બોધ ભગવાન્ પાણિનિના નિયમ પરથી આડકતરી રીતે મળે છે, તે તમારા લક્ષમાં આવ્યું હશે.

સંધ્યક્ષર—એ, ઐ, ઓ, અને ઔ, એને સંધ્યક્ષર કે સંધિસ્વર કહે છે; કેમકે તે બે સ્વરના બનેલા છે. એ=અ+ઇ કે ઈ; ઓ=અ+ઉ કે ઊ; ઐ=અ+એ; ઔ=અ+ઓ.

વર્ગીય વ્યંજન ક્ થી મ્ સુધીના પચીસ વ્યંજનના પાંચ વર્ગ પાડેલા છે અને દરેક વર્ગમાં પાંચ પાંચ વ્યંજન આવે છે.

કવર્ગ=ક્, ખ્, ગ્, ઘ્, ઙ્
ચવર્ગ=ચ્, છ્, જ્, ઝ્, ઞ્
ટવર્ગ=ટ્, ઠ્, ડ્, ઢ્, ણ્
તવર્ગ=ત્, થ્, દ્, ધ્, ન્
પવર્ગ=પ્, ફ્, બ્, ભ્, મ્

આ પ્રમાણે ક્ થી મ્ સુધી ૨૫ વર્ણ વર્ગીય કહેવાય છે, બાકીનાં વ્યંજન અવર્ગીય છે.

મૂળાક્ષર ને સંયુક્ત વ્યંજન—ઉપર સ્વર અને વ્યંજન ગણાવ્યા છે તે **મૂળાક્ષર** કહેવાય છે. બે કે વધારે વ્યંજન જોડાવાથી **સંયુક્ત વ્યંજન** બને છે; જેમકે દ્મ્, હ્ય્, દ્ધ્, દ્વ્, હ્લ્, હ્ન્, (પદ્મ, ગુહ્ય, બુદ્ધિ, વિહ્વળ, આહ્લાદ, ચિહ્ન) વગેરે.

ઉચ્ચારસ્થાન—ડુંટીમાંથી પ્રયત્ન વડે પ્રેરેલો વાયુ ઊંચે જઈ વર્ણ ઉચ્ચારવાનાં જુદાં જુદાં સ્થાન સાથે અફળાય છે ત્યારે વર્ણ ઉત્પન્ન થાય છે. છાતી, ગળાની બારી, મુખના જુદા જુદા ભાગ, અને જીભ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ વર્ણ ઉત્પન્ન કરવાનાં સ્થાન છે. ઉચ્ચારનાં સ્થાન સાત છેઃ—છાતી, કંઠ, તાલુ, મૂર્ધા, દન્ત, ઓઠ, અને નાક. આમાં કંઠ એટલે ગળાની બારી છે, તાલુ એટલે તેની સામું આવેલું તાળવું છે, મૂર્ધા એ તાળવું અને દાંતની વચ્ચેનો ભાગ છે એમ સમજવું. દાંત એટલે ઉપલા દાંતનાં મૂળ છે. ઉપલા દાંતનાં મૂળની ઉપરનો ભાગ તે મૂર્ધા; અર્થાત્, મૂર્ધા એ ઉપલા દાંતનાં મૂળ અને તાળવાની વચ્ચે છે.

સ્વર અને વ્યંજનનાં ઉચ્ચારસ્થાન નીચે પ્રમાણે છેઃ—

વર્ણ	સ્થાન
અ, કુ, હ્, અને વિસર્ગ	કંઠ
ઇ, ચુ, ય્, અને શ્	તાલુ
ઋ, ટુ, ર્, અને ષ્	મૂર્ધા
ऌ, તુ, લ્, અને સ્	દન્ત
ઉ, પુ,	ઓષ્ઠ (ઓઠ)
ઙ્, ઞ્, ણ્, ન્, અને મ્	પોતપોતાનાં સ્થાન ઉપરાંત નાસિકા (નાક)
એ, ઐ	કંઠતાલુ
ઓ, ઔ	કંઠોષ્ઠ
વ્	દન્તૌષ્ઠ
ય્, વ્, અને લ્	વિકલ્પે અનુનાસિક
અનુસ્વાર	નાસિકા

સમજુતી—ઉપર વર્ણોનાં સ્થાન બતાવ્યાં છે તેમાં અ, ઇ, ઉ, અને ઋ એટલે હ્રસ્વ, દીર્ઘ, અને પ્લુત, અ, ઇ, ઉ, અને ઋ સમજવા. અર્થાત્, અ, આ, અ૩; ઇ, ઈ, ઇ૩; ઉ, ઊ, ઉ૩; ઋ, ૠ, ઋ૩ સમજવા. ऌનું દીર્ઘ રૂપ નથી. માટે ऌ એટલે ऌ અને ऌ૩ સમજવા.

કુ એટલે કવર્ગ, ચુ એટલે ચવર્ગ, ટુ એટલે ટવર્ગ, તુ એટલે તવર્ગ, અને પુ એટલે પવર્ગ સમજવા.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એનું અને ઐનું કંઠતાલુ સ્થાન છે, એટલે એ કંઠ અને તાળવું બંનેમાંથી બોલાય છે. એ=અ (કંઠસ્થાની)+ઇ કે ઈ (તાલુસ્થાની). આવતા પ્રકરણમાં સમજાશે કે ઐ=અ+એ છે; માટે એ અને ઐનું કંઠતાલુ સ્થાન છે.

ઓનું અને ઔનું કંઠૌષ્ઠ સ્થાન છે, એટલે એ વર્ણો કંઠ અને ઓષ્ઠ, બંનેમાંથી બોલાય છે. ઓ = અ (કંઠસ્થાની + ઉ કે ઊ (ઓષ્ઠ-સ્થાની). આવતા પ્રકરણમાં સમજાશે કે ઔ=અ+ઓ છે; માટે ઓ અને ઔનું કંઠૌષ્ઠ સ્થાન છે.

ય્, વ્, અને લ્ વિકલ્પે અનુનાસિક છે, એટલે એ વર્ણોનો ઉચ્ચાર આપણી ઇચ્છા પ્રમાણે નાકમાંથી કરીએ છીએ કે નથી કરતાં. વિકલ્પ એટલે ઇચ્છા.

સવર્ણ સ્વર—એકજ સ્થાનમાંથી બોલાતા સ્વર **સવર્ણ** કહેવાય છે; જેમકે અ–આ; ઇ–ઈ; ઉ–ઊ; ઋ–ૠ, એ સવર્ણ છે. ઋ અને ૡ એને સવર્ણ ગણ્યા છે.

અસવર્ણ સ્વર—સવર્ણથી ભિન્ન તે **અસવર્ણ કે વિવર્ણ** કહેવાય છે; જેમ કે અ ને ઇ; કે અ અને ઉ; કે અ ને ઋ, કે ઇ ને ઉ, એવા, જુદાં જુદાં સ્થાનમાંથી બોલાતા સ્વર, અસવર્ણ કે વિવર્ણ છે.

સ્પર્શ—ક્ થી મ્ સુધીનાં ૨૫ વ્યંજનોનો ઉચ્ચાર કરતાં જીભનું ટેરવું, તેની પાસેનો ભાગ, વચલો ભાગ, કે મૂળ આગળનો ભાગ જુદાં જુદાં સ્થાનોને બરાબર સ્પર્શ કરે છે, માટે એ **સ્પર્શ** વર્ણ કહેવાય છે.

અસ્પર્શ—સ્વરનો ઉચ્ચાર કરતાં જીભના અગ્ર, ઉપાગ્ર, * મધ્ય કે મૂલ પ્રદેશો સ્થાનોને બિલકુલ અડકતા નથી, માટે એ **અસ્પર્શ** વર્ણ છે.

અન્તઃસ્થ—ય્, ર્, લ્, અને વ્ નો ઉચ્ચાર કરતાં જીભના ભાગો સ્થાનોને લગારેક સ્પર્શ કરે છે. એ વર્ણોના ઉચ્ચારમાં જીભના ભાગો જેમ સ્વરોનો ઉચ્ચાર કરતાં બિલકુલ સ્થાનોને અડકતા નથી તેમ પણ નથી, તેમજ સ્પર્શ વ્યંજનનો ઉચ્ચાર કરતાં બરાબર સ્પર્શ

---

* ઉપાગ્ર=અગ્રની પાસેનો ભાગ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરે છે તેમ પણ નથી. એ વર્ણોનો ઉચ્ચાર સ્વર અને વ્યંજનના ઉચ્ચારોની વચ્ચે થાય છે, માટે એ **અન્તઃસ્થ** (અન્તઃ = વચ્ચે + સ્થ = રહેનાર) કહેવાય છે. એ સ્પર્શ અને ઊષ્મ (શ્, ષ્, સ્, હ્) ની વચ્ચે છે, માટે પણ અન્તઃસ્થ કહેવાય છે.

ઊષ્મ—શ્, ષ્, સ્, અને હ્ નો ઉચ્ચાર કરતાં જીભના ભાગો એ વર્ણોનાં જુદાં જુદાં સ્થાનોની પાસે છે અને સ્વરોનો ઉચ્ચાર કરતાં તેનાં સ્થાનોથી દૂર છે. શ્, ષ્, સ્, અને હ્, એને ઊષ્મ વ્યંજન કહે છે. એનો ઉચ્ચાર કરવામાં એક પ્રકારનો વાયુ પ્રધાન છે; માટે એ વર્ણ ઊષ્મ કહેવાય છે (ઊષ્મન્=વાયુ).

ઘોષ અને અઘોષ—દરેક વર્ગનાં ત્રીજા, ચોથા, કે પાંચમા વ્યંજનો, ય્, ર્, લ્, વ્, અને હ્—એટલા વર્ણ **ઘોષ** કહેવાય છે; કેમકે એ વર્ણ ઉત્પન્ન થયા પછી, ઘંટા જેવું કંઈ વગાડીએ છીએ ને અનુરણન—પાછળ થતો રણકા જેવો ધ્વનિ—નીકળે છે તેવો શબ્દ નીકળે છે. બાકીના વર્ણો, એટલે દરેક વર્ગનાં પહેલાં બે વ્યંજન, શ્, ષ્, સ્, અને વિસર્ગ—એટલા વર્ણ **અઘોષ** કહેવાય છે. એનો ઉચ્ચાર કરવામાં ઘોષ (કંઈક રણકા જેવો અવાજ) થતો નથી, ઘોષ વર્ણ મૃદુ અને અઘોષ કઠોર છે.

અલ્પપ્રાણ અને મહાપ્રાણ—દરેક વર્ગના પહેલા, ત્રીજા, ને પાંચમા વર્ણ તથા ય્, ર્, લ્ ને વ્, એ **અલ્પપ્રાણ** છે; કેમકે એનો ઉચ્ચાર કરવામાં ઓછા દમની જરૂર પડે છે; બાકીના વર્ણને ઉચ્ચારવામાં વધારે દમની જરૂર પડે છે, માટે એ **મહાપ્રાણ** કહેવાય છે.

ઔરસ્ય અને કંઠ્ય હ્—વર્ગના પાંચમા વર્ણ કે અન્તઃસ્થ સાથે હકાર જોડાયલો હોય ત્યારે તેનું ઉચ્ચારસ્થાન ઉરસ્ એટલે છાતી છે. એવા હકારને **ઔરસ્ય** (છાતીમાંથી ઉચ્ચારાતો) કહે છે. એવી રીતે જોડાયલો ન હોય ત્યારે હ્ **કંઠ્ય** (કંઠસ્થાની) છે.

ણ્હ, મ્હ, ન્હ, લ્હ, ય્હ, ર્હ, વ્હ—આમાં હ ઔરસ્ય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરો કેવી રીતે ઉચ્ચારાય છે?—સ્વરો ઘોષ અને અલ્પપ્રાણ છે.

અનુસ્વારનો ઉચ્ચાર—સંસ્કૃતમાં અનુસ્વારના બે ઉચ્ચાર છેઃ—૧. તેની પછીના વર્ગીય વ્યંજનના સ્થાનના અનુનાસિક જેવો; ૨. તેની પછી શ્, ષ્; સ્, ર્, કે હ્ હોય તો મ્ જેવો અને ય્, વ્, કે લ્ આવ્યો હોય તો અનુક્રમે અનુનાસિક ય્, વ્, કે લ્ જેવો અથવા તો મ્ જેવો.

ઉદાહરણઃ—૧. અંક (અઙ્ક; એટલે એમાં અનુસ્વારનો ઉચ્ચાર કવર્ગના સ્થાનના અનુનાસિક ઙ્ જેવો છે); અંજન (અઞ્જન; એમાં અનુસ્વારનો ઉચ્ચાર 'જ્' ના સ્થાનના અનુનાસિક ઞ્, જેવો છે); બ્રહ્માંડ (બ્રહ્માણ્ડ; એમાં 'ડ્' ના સ્થાનના અનુનાસિક ણ્ જેવો ઉચ્ચાર છે); મંદાર (મન્દાર; એમાં 'દ્' ના સ્થાનના અનુનાસિક ન્ જેવો ઉચ્ચાર છે); અને પ્રતિબિંબ (પ્રતિબિમ્બ; એમાં 'બ્' ના સ્થાનના અનુનાસિક મ્ જેવો ઉચ્ચાર છે).

૨. સંહાર ('સમ્+હાર') ના જેવો ઉચ્ચાર; અનુસ્વારનો ઉચ્ચાર મ્ જેવો છે; સંશય ('સમ્+શય' ના જેવો); કંસ ('કમ્+સ' જેવો); સંરક્ષણ ('સમ્+રક્ષણ' જેવો).

સંયમ ('સઁય્યમ' કે 'સમ્+યમ્' જેવો ઉચ્ચાર; અનુસ્વારનો ઉચ્ચાર અનુનાસિક ય્ જેવો કે મ્ જેવો); સંવાદ ('સઁવાદ' કે 'સમ્+વાદ' જેવો); સંલગ્ન (સઁલ્લગ્ન' કે 'સમ્+લગ્ન' જેવો).

એજ પ્રમાણે નીચે લખેલા શબ્દોમાં અનુસ્વારનો ઉચ્ચાર સમજવોઃ—

સંરંભ ('સં' ના અનુસ્વારનો અને 'રં' ના અનુસ્વારનો મ્ જેવો), સંયોગ, સંલાપ, સંવાર, સંવત્સર, સંવિભાગ, સંવર્ધન, સંવ્યવહાર, સંશુદ્ધિ, સંશ્રય; સંસ્પર્શ, સંસ્થા સંસ્મરણ, સંસ્કાર, સંહતિ, સંહાર.

ગુજરાતીમાં અનુસ્વારના બે ઉચ્ચાર છે—૧. શુદ્ધ સંસ્કૃત શબ્દોમાં સંસ્કૃત ભાષામાં થાય છે તેવો; અર્થાત્, ઉપર દર્શાવ્યો છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેવો; અને ૨. ભાંગેલો, અર્ધો ગળામાંથી. નીચેના દાખલાઓ પરથી સંસ્કૃત શબ્દો અને અપભ્રષ્ટ શબ્દોમાં અનુસ્વારનો ઉચ્ચારભેદ સ્પષ્ટ સમજાશે:—

સંસ્કૃત શબ્દ	અપભ્રષ્ટ શબ્દ	સંસ્કૃત શબ્દ	અપભ્રષ્ટ શબ્દ
અંક, રંક	આંક, રાંક	કંમ્બલ	કાંબળો
મંચ, અંજન	માંચો, આંજવું	વંશ	વાંસ
કંટક, શુંડ	કાંટો, સૂંઢ	કાંસ્ય	કાંસું
દન્ત	દાંત	દંશ	ડાંસ

ઉપલા દાખલાઓમાં અપભ્રષ્ટ શબ્દોમાં આકાર ને ઉકાર પછી, અર્થાત્ દીર્ઘ સ્વર પછી, અનુસ્વાર છે, બહુધા દીર્ઘ સ્વર પછી ભાંગેલો, ગળામાં રોકાઈ રહ્યો હોય એવો ઉચ્ચાર છે. હ્રસ્વ સ્વર પછી સંસ્કૃત શબ્દમાં ઉચ્ચાર થાય છે તેવોજ બહુધા થાય છે. 'સંચો' ને 'સાંચો' એ બે શબ્દોમાં પહેલામાં સંસ્કૃત ઉચ્ચાર અને બીજામાં ભાંગેલો ઉચ્ચાર છે. એજ પ્રમાણે 'ચંદ' ને 'ચાંદો' એમાં પહેલામાં સંસ્કૃત જેવો ને બીજામાં ભાંગેલો છે. *'લૂંટવું' ('લૂણ્ટવું' નહિ), 'ભરોંસો' એમાં પણ ભાંગેલો ઉચ્ચાર છે. હિંદુ, રીંઢો, કઢંગું, ગંદું, ગાંડું, ખેંચવું, કાંતવું, સાંતવું, આંસુ, વગેરે શબ્દોમાં હ્રસ્વ સ્વર પછીના અનુસ્વારોના ઉચ્ચાર સંસ્કૃત ભાષામાં ઉચ્ચાર થાય છે તેવો અને દીર્ઘ સ્વર પછીના અનુસ્વારનો ઉચ્ચાર ભાંગેલો, અર્ધો ગળામાંથી થાય છે; પરંતુ કેટલેક ઠેકાણે દીર્ઘ સ્વર પછી પણ સંસ્કૃત શબ્દોમાંના ઉચ્ચાર જેવો ઉચ્ચાર થાય છે—'ઉપરાંત'માં.

જ્યાં અનુસ્વારનો સંસ્કૃત ઉચ્ચાર હોય છે ત્યાં જેમ તેને બદલે અનુનાસિક લખી શકાય છે તેમ ભાંગેલો ઉચ્ચાર હોય છે ત્યાં થતું નથી.

દંત–દન્ત; બિંબ–બિમ્બ; વગેરે. પણ દાંત ('દાન્ત' લખાતું નથી. 'દાન્ત' નો અર્થ 'વશ કરાયલું' થાય છે); માંડવું ('માણ્ડવું' નહિ); ગૂંચ ('ગૂઞ્ચ' નહિ); વગેરે.

---

*'લૂટવું', 'ભરોસો' એમ અનુસ્વાર વગર પણ ઘણા લોકો એ શબ્દોને વાપરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨ જું

સંધિ

સંધિ—સંસ્કૃતમાં એક પદમાં બે સ્વર સાથે આવે તો તે એમના એમ રહેતા નથી. તેમાં ફેરફાર થઈને તે જોડાય છે. એ જોડાવાને સંધિ કહે છે.

જેમ બે સ્વર સાથે આવે તો તેમાં ફેરફાર થઈ સંધિ થાય છે; તેમ વિસર્ગ કે વ્યંજન પછી સ્વર કે વ્યંજન આવે ત્યારે તે વિસર્ગ કે વ્યંજનનો પણ ફેરફાર થાય છે.

આ પ્રમાણે સ્વરના સ્વર સાથે, વ્યંજનના સ્વર કે વ્યંજન સાથે અને વિસર્ગના સ્વર કે વ્યંજન સાથેના જોડાવાને **સંધિ** કહે છે અને તેને અનુક્રમે સ્વરસંધિ, વ્યંજનસંધિ, વિસર્ગસંધિ કહે છે.

ગુજરાતીમાં સંધિ—સંસ્કૃત ભાષામાં જેમ એક પદમાં બે સ્વર સાથે આવે કે તે જોડાયા વિના રહેજ નહિ, એમ ગુજરાતીમાં નથી. પ્રાકૃતમાં જેમ સ્વરો સાથે આવે છે ને જોડાયા વિના રહે છે, તેમ ગુજરાતીમાં પણ રહે. દાખલા તરીકે,

प्राकृतમાં-वाउ(वायु), वाऊओ (वाउનું પ્રથમા ને સંબોધનનું બ૦વ૦).

ગુજરાતીમાં—છોકરાઓ, નદીઓ, માળાઓ, માતાએ, વગેરે.

તત્સમ શબ્દમાં સંધિ—પરંતુ, ગુજરાતીમાં ઘણા શબ્દ સંસ્કૃત ભાષામાં છે તેવા ને તેવા દાખલ થયા છે. એવા શબ્દ તત્સમ શબ્દ કહેવાય છે (तद्=તે; પ્રકૃતિ, મૂળ ભાષા; सम=સરખું; મૂળ ભાષામાં છે તેવા). બે કે વધારે પદો જોડાઈ એક પદ બને છે અને જાતિ, વિભક્તિ, ને વચનના પ્રત્યયો આખા પદનેજ લાગે છે. આને પદોનો સમાસ થયો કહેવાય છે. સમાસ એટલે બે કે વધારે પદોનું એક થવું. તત્સમ શબ્દોના સમાસમાં સંધિ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વરસંધિ

૧. બે સવર્ણ સ્વર સાથે આવે તો તે બે સ્વરોને બદલે તેજ સ્વરનું દીર્ઘ રૂપ થાય.

આ પ્રમાણે

(૧) અ + અ = આ
અ + આ = આ
આ + અ = આ
આ + આ = આ

(૨) ઇ + ઇ = ઈ
ઇ + ઈ = ઈ
ઈ + ઇ = ઈ
ઈ + ઈ = ઈ

(૩) ઉ + ઉ = ઊ
ઉ + ઊ = ઊ
ઊ + ઉ = ઊ
ઊ + ઊ = ઊ

(૪) ઋ + ઋ = ૠ
ઋ + ૠ = ૠ
ૠ + ઋ = ૠ
ૠ + ૠ = ૠ

(૫) ઌ + ઌ = ૠ (દીર્ઘ ઌ નથી અને ઋ અને ઌ સવર્ણ છે તેથી).

ટૂંકામાં,

(૧) * અવર્ણ + અવર્ણ = આ
(૨) * ઇવર્ણ + ઇવર્ણ = ઈ
(૩) * ઉવર્ણ + ઉવર્ણ = ઊ
(૪) * ઋવર્ણ + ઋવર્ણ = ૠ
(૫) * ઌ + ઌ = ૠ

દાખલાઃ—

(૧) વિન્ધ્ય + અચળ = વિન્ધ્યાચળ (વિન્ધ્ય પર્વત)
ઉત્તર + અયન = ઉત્તરાયણ (સૂર્યનું ઉત્તર તરફ જવું તે)
સહ્ય + અદ્રિ = સહ્યાદ્રિ (સહ્ય પર્વત)
અપ + અંગ = અપાંગ (જેનું એક અંગ ખોડું છે તે)
દષ્ટ + અન્ત = દૃષ્ટાન્ત (દાખલો—દષ્ટ = દીઠેલો; અન્ત = નિશ્ચય; જેમાં સાબીત કરવાની બાબતનો નિશ્ચય જોવામાં આવે છે તે)
અધમ + અધમ = અધમાધમ (હલકામાં હલકું)
વાત + આવરણ = (ઢાંકણ) = વાતાવરણ

---

* અવર્ણ=અ કે આ; ઇવર્ણ=ઇ કે ઈ; ઉવર્ણ=ઉ કે ઊ; ઋવર્ણ=ઋ કે ૠ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વ + આશ્રય = સ્વાશ્રય (પોતાના પર આધાર રાખવો તે)
રત્ન + આકર (ખાણ) = રત્નાકર (રત્નની ખાણ, સમુદ્ર)
જળ + આશય (સ્થાન; આધાર) = જળાશય (તળાવ)
વિદ્યા + અભ્યાસ = વિદ્યાભ્યાસ
ભાષા + અન્તર (બીજું) = ભાષાન્તર (તર્જુમો)
મિથ્યા + અભિમાન = મિથ્યાભિમાન
રેખા + અંશ = રેખાંશ
વિદ્યા + આલય = વિદ્યાલય
મહા + આશય (મન, અભિપ્રાય) = મહાશય (મોટા, ઉદાર મન-વાળો પુરુષ)

(૨) હરિ + ઇચ્છા = હરીચ્છા
કવિ + ઈશ્વર = કવીશ્વર
પરિ + ઈક્ષા = પરીક્ષા

(૩) રઘુ + ઉત્તમ = રઘૂત્તમ (રઘુઓમાં – રઘુવંશજોમાં શ્રેષ્ઠ, રામ)
ભાનુ (સૂર્ય) + ઉદય = ભાનૂદય (સૂર્યનો ઉદય)
સિંધુ + ઊર્મિ = સિંધૂર્મિ (સમુદ્રનાં મોજાં)

(૪) ને (૫) ના દાખલા સાધારણ રીતે ગુજરાતીમાં કવચિતજ જોવામાં આવે છે.

૨. અ કે આ ની પછી ઇ, ઉ, ઋ (ત્રણે હ્રસ્વ કે દીર્ઘ), કે ઌ આવે તો એ સ્વરોને બદલે પાછલા સ્વરનો ગુણ થાય છે.

ઇ કે ઈનો ગુણ **એ** છે. ઋ કે ૠ નો ગુણ **અર્** છે.
ઉ કે ઊ નો ગુણ **ઓ** છે. ઌ નો ગુણ **અલ્** છે.

આ પ્રમાણે

(૧) અવર્ણ + ઇવર્ણ = એ (૩) અવર્ણ + ઋવર્ણ = અર્
(૨) અવર્ણ + ઉવર્ણ = ઓ (૪) અવર્ણ + ઌ = અલ્

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

(૧) ઈશ્વર + ઇચ્છા = ઈશ્વરેચ્છા ; રામ + ઈશ્વર = રામેશ્વર ;
સ + ઇન્દ્રિય = સેન્દ્રિય ; મહા + ઈશ = મહેશ ;
મહાબળ + ઈશ્વર = મહાબળેશ્વર ;

(૨) લોક + ઉક્તિ = લોકોક્તિ (કહેવત, લોકનું કહેવું)
જીર્ણ + ઉદ્ધાર = જીર્ણોદ્ધાર (જૂનાનો ઉદ્ધાર, જૂનાને સમારવું તે)
દામ (દામન્ = માળા) + ઉદર = દામોદર (શ્રીકૃષ્ણ)
ઉત્તમ + ઉત્તમ = * ઉત્તમોત્તમ (ઉત્તમમાં ઉત્તમ)
યામ્ય (દક્ષિણ) + ઉત્તર = યામ્યોત્તર (યામ્યોત્તર રેખા=ઉત્તરદક્ષિણ જતી રેખા)

(૩) સપ્ત + ઋષિ = સપ્તર્ષિ
રાજ ('રાજન્'નું) + ઋષિ = રાજર્ષિ (ઋષિ જેવો રાજા)
ગ્રીષ્મ + ઋતુ = ગ્રીષ્મર્તુ; વર્ષા + ઋતુ = વર્ષર્તુ.

૩. અ કે આ પછી એ કે ઐ આવે તો બંને સ્વરને બદલે **ઐ** અને ઓ કે ઔ આવે તો બંને સ્વરને બદલે **ઔ** થાય છે.

ઐ ઇવર્ણની (ઇ કે ઈની) વૃદ્ધિ કહેવાય છે.
ઔ ઉવર્ણની વૃદ્ધિ છે.
આર્ ઋવર્ણની વૃદ્ધિ છે.
આલ્ ઌની વૃદ્ધિ છે.

અર્થાત્ઃ—

અવર્ણ + એ = **ઐ**	અવર્ણ + ઓ = **ઔ**
અવર્ણ + ઐ = **ઐ**	અવર્ણ + ઔ = **ઔ**

---

* આ શબ્દને મળતું રૂપ જોણી કેટલાક 'અધમોધમ' વાપરે છે તે અશુદ્ધ છે. અધમ + અધમ = અધમાધમ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ, ઐ, ઓ ને ઔ, આ સ્વરો બબ્બે સ્વરો મળીને થયા છે; માટે એ **સંધિસ્વર** કહેવાય છે.

દાખલાઃ—

એક + એક = એકૈક; મહા + ઐશ્વર્ય = મહૈશ્વર્ય
વન + ઓષધિ કે ઔષધિ = વનૌષધિ (વનમાંના ઓસડના છોડો)
ગુણ + ઓઘ (સમૂહ) = ગુણૌઘ (ગુણોનો સમૂહ)
મહા + ઓષધિ = મહૌષધિ
ગુણ + ઔદાર્ય = ગુણૌદાર્ય (ગુણોની મોટાઈ)

૪. ઓષ્ઠ શબ્દ સમાસમાં હોય તો પૂર્વના અવર્ણ અને ઓષ્ઠ શબ્દનો ઓ મળીને ઓ કે ઔ થાય છે.

દાખલાઃ—

બિંબ + ઓષ્ઠ = બિંબોષ્ઠ – બિંબૌષ્ઠ (ગોળ બિંબ ઓઠ)
દન્ત + ઓષ્ઠ = દન્તોષ્ઠ – દન્તૌષ્ઠ
પક્વ + ઓષ્ઠ = પક્વોષ્ઠ – પક્વૌષ્ઠ (પાકા – લાલ ઓઠ)

૫. ઇવર્ણ, ઉવર્ણ, અને ઋવર્ણ પછી અસવર્ણ સ્વર આવે તો ઇવર્ણનો ય્, ઉવર્ણનો વ્, અને ઋવર્ણનો ર્ થાય છે.

એજ પ્રમાણે ઌની પછી અસવર્ણ સ્વર આવે તો ઌનો લ્ થાય છે, પરંતુ ઌકારનો પ્રયોગ ગુજરાતીમાં નહિ જેવો છે.

દાખલાઃ—

પ્રતિ + અક્ષ = પ્રત્યક્ષ (નજર આગળ, અક્ષ એ 'અક્ષિ' [આંખ] ને સ્થળે થયું છે.)
ઇતિ + આદિ = ઇત્યાદિ
કોટિ (કરોડ) + અવધિ = કોટ્યવધિ

પ્રતિ + ઉત્તર = પ્રત્યુત્તર	નિ + ઊન = ન્યૂન
પ્રતિ + એક = પ્રત્યેક	સુ + અચ્છ = સ્વચ્છ (બહુ નિર્મલ)

મનુ + અન્તર = મન્વન્તર (મનુઓનો અધિકાર પહોંચે એટલો વખત)
અનુ + એષણ = અન્વેષણ (શોધ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

માતૃ + અર્થ + ક = માત્રર્થક (માતાને માટેનું)

ऌ + આકૃતિ = લાકૃતિ (ऌકારની આકૃતિ)

આ નિયમમાં ઇવર્ણને સ્થાને ય્ થાય છે તે તેના સ્થાનનો છે. એજ પ્રમાણે ઉવર્ણને સ્થાને વ્ થાય છે તે તેના સ્થાનનો છે, ઋવર્ણને ઠેકાણે ર્ તથા ऌને ઠેકાણે લ્ તેના સ્થાનના છે, એ લક્ષમાં રાખવાથી નિયમ સુગમ થશે.

૬. એ, ઐ, ઓ, અને ઔ પછી કોઈ સ્વર આવે તો તેના અનુક્રમે અય્, આય્, અવ્, અને આવ્ થાય છે.

એ = અ + ઇ; પણ ઇવર્ણની પછી કોઈ પણ સ્વર હોય તો તેનો ય્ થાય છે; માટે 'એ'નો 'અય્' થાય છે.

ઐ = અ + એ; પણ 'એ'ની પછી કોઈ પણ સ્વર આવે તો 'એ'નો 'અય્' થાય છે; માટે 'ઐ'નો 'અ + અય્' = 'આય્' થાય છે.

દાખલાઃ—

ને + અન = નયન	નૈ + અક = નાયક
ગૈ + અન = ગાયન	નૌ + ઇક = નાવિક

વ્યંજનસંધિ

૧. પદાન્ત મ્ પછી કોઈ પણ વર્ગીય વ્યંજન આવે તો 'મ્'ને ઠેકાણે અનુસ્વાર થાય છે અથવા તો પછીના વર્ગીય વ્યંજનના સ્થાનનો અનુનાસિક થાય છે.

દાખલાઃ—

સમ્ + કટ = સંકટ – સઙ્કટ	સમ્ + ચય = સંચય – સઞ્ચય
સમ્ + જય = સંજય – સઞ્જય	સમ્ + તાન = સંતાન – સન્તાન
સમ્ + પત્તિ = સંપત્તિ – સમ્પત્તિ	સમ્ + મુખ = સંમુખ – સમ્મુખ

અલમ્ + કાર = અલંકાર – અલઙ્કાર

સમ્ એ ઉપસર્ગ અને અલમ્ એ અવ્યય છે, તેથી બંને પદ છે.

વાક્યમાં વપરાતા શબ્દ **પદ** કહેવાય છે. અવ્યય અને ઉપસર્ગ પણ પદમાં ગણાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગુજરાતી ભાષામાં અનુનાસિક લખવાનો પ્રચાર નહિ જેવો છે.

૨. પદાન્ત મ્ પછી વર્ગીય વ્યંજન સિવાયનું કોઈ પણ વ્યંજન આવે તો 'મ્' ને સ્થાને અનુસ્વાર થાય છે.

દાખલાઃ—

સમ્ + યમ = સંયમ	સમ્ + શય = સંશય
સમ્ + યોગ = સંયોગ	સમ્ + સ્કાર = સંસ્કાર
સમ્ + રક્ષણ = સંરક્ષણ	સમ્ + સ્કૃત = સંસ્કૃત
સમ્ + લાપ = સંલાપ	સમ્ + સ્થા = સંસ્થા
સમ્ + વાર = સંવાર	સમ્ + હાર = સંહાર

સંસ્કાર, સંસ્કૃત—આમાં મૂળ સમ્ + કાર અને સમ્+કૃત છે; તેમાં કાર ને કૃત (સંસ્કૃત कृ ધાતુ=કરવું, એ ઉપરથી થયા છે.) છે, તેની પૂર્વે શોભાના અર્થમાં સ્ આગમ આવ્યો છે. **આગમ** એટલે શબ્દની પૂર્વે વળગાડેલો વર્ણ.

૩. અનુનાસિક સિવાયના કોઈ પણ વ્યંજનની પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો પહેલા વ્યંજનને ઠેકાણે તેના વર્ગનું ત્રીજું વ્યંજન થાય છે.

દાખલાઃ—

સત્ + આચાર = સદાચાર (સારી વર્તણુક)

સત્ + ગુણ = સદ્ગુણ

સત્ + બુદ્ધિ = સદ્બુદ્ધિ	જગત્ + ગુરુ = જગદ્ગુરુ
જગત્ + ઈશ = જગદીશ	ભગવત્ + ગીતા = ભગવદ્ગીતા

૪. પદને અન્તે ચ્, જ્, કે શ્ આવે તો તેનો ક્ થાય છે; પદને અન્તે ષ્ આવે તો તેનો ટ્ થાય છે.

દાખલાઃ—

વાચ્ + પતિ = વાક્પતિ (વાણીનો પતિ, બૃહસ્પતિ)

વાચ્ + દાન = વાગ્દાન (વાણી વડે કરેલું દાન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્રજ્ (માળા) + ધરા = સ્રગ્ધરા (૧. માળા ધારણ કરનારી; ૨. વૃત્તનું-છન્દનું નામ છે.)

દિશ્ + અંબર = દિક્ + અંબર = દિગંબર (૩. પ્રમાણે; દિશા જેનું વસ્ત્ર છે તે, નગ્ન)

દિશ્ + પાલ = દિક્પાલ

ષષ્ (છ) + રિપુ (શત્રુ) = ષટ્ + રિપુ = ષડ્રિપુ (૩. પ્રમાણે; કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, એ છ આન્તર શત્રુઓ)

ષષ્ + અંગ = ષટ્ + અંગ = ષડ્ + અંગ=ષડંગ (વેદનાં છ અંગ કહેવાય છે, તેમાંનું વ્યાકરણ એક છે.)

ષષ્ + પદ = ષટ્પદ (જેને છ પગ છે, ભ્રમર, ભમરો)

૫. કોઈપણ સ્પર્શ વ્યંજન પછી અનુનાસિક આવે તો તે વ્યંજનને સ્થાને તે વર્ગનું અનુનાસિક વ્યંજન *વિકલ્પે થાય છે. એવે સ્થળે ષ્નો ણ્ થાય છે, અનુનાસિક વર્ણ પ્રત્યયનો હોય તો આ ફેરફાર નિત્ય† થાય છે.

જગત્ + નાયક = જગદ્નાયક (૩. પ્રમાણે) કે જગન્નાયક

ષષ્ + માતુર ('ષષ્'માંના 'અ'ની વૃદ્ધિ થાય છે.) =ષાડ્માતુર –ષાણ્માતુર (કાર્તિકેય)

ઉદ્ + મત્ત = ઉન્નત્ત – ઉન્મત્ત

દિશ્ + મૂઢ = દિક્ + મૂઢ (૪. પ્રમાણે) = દિગ્મૂઢ – દિઙ્મૂઢ

સામાન્ય રીતે ઉપલાં બેમાંનું અનુનાસિકવાળું રૂપ વધારે વપરાય છે.

વાચ્ + મય (પ્રત્યય) = વાક્ + મય (૪. પ્રમાણે)=વાઙ્મય (વાણીનું બનેલું, સાહિત્ય)

તત્ + મય = તન્મય (તેનું બનેલું; તેમાં લીન)

તત્ + માત્ર (પ્રત્યય) = તન્માત્ર (તેજ)

---

* વિકલ્પે = આપણી ઇચ્છા પ્રમાણે; કરવો હોય તો થાય ને ન કરવો હોય તો ન થાય. † નિત્ય = અવશ્ય; કરવોજ પડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'મય' અને 'માત્ર' એ પ્રત્યયો છે. 'મય' વિકારવાચક છે. એનો અર્થ 'બનેલું' થાય છે, 'માત્ર'=જ, ફક્ત.

૬. અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી અઘોષ વ્યંજન આવ્યું હોય તો તે સ્પર્શ વ્યંજનને સ્થાને તેજ વર્ગનું પહેલું વ્યંજન થાય છે.

દાખલાઃ—

વિપદ્+તિ (ક્રિયાવાચક પ્રત્યય છે.)=વિપત્તિ

ઉદ્+પાત=ઉત્પાત (ભયંકર કે અલૌકિક બનાવ)

ઉદ્+પન્ન=ઉત્પન્ન	શરદ્+કાળ=શરત્કાળ
ઉદ્+પદ્+તિ=ઉત્પત્તિ	સંપદ્+તિ=સંપત્તિ
મૃદ્ (માટી)+પિંડ=મૃત્પિંડ	

૭. સ્ કે તવર્ગના કોઈ પણ વર્ણનો યોગ શ્ કે ચવર્ગના કોઈ પણ વર્ણ જોડે થાય તો સ્નો શ્ થાય છે અને તવર્ગના વ્યંજનને બદલે ચવર્ગનું તેને મળતું વ્યંજન (૧ લાને બદલે ૧ લું; ૩ જાને બદલે ૩ જું) થાય છે.

દાખલાઃ—

સત્+ચિત્+આનન્દ=સચ્ચિદાનન્દ (૭. અને ૩. પ્રમાણે)

ભગવત્+ચરણ=ભગવચ્ચરણ

સત્+જન=સદ્+જન (૩. પ્રમાણે)=સજ્જન (દ્ તવર્ગનો ૩ જો છે તેને બદલે ચવર્ગનો ૩ જો જ્ થાય છે).

ઉદ્+ચાલન=ઉત્+ચાલન (૬. પ્રમાણે)=ઉચ્ચાલન (એક પ્રકારનું યાન્ત્રિક બળ)

ઉદ્+ચાર=ઉત્+ચાર (૩. પ્રમાણે)=ઉચ્ચાર

નિસ્+ચય=નિશ્ચય

નિસ્+ચિન્ત ('ચિન્તા' ઉપરથી)=નિશ્ચિન્ત

નિસ્+શ્વાસ=નિશ્શ્વાસ (નિસાસો)

શિરસ્ (માથું)+છત્ર=શિરશ્છત્ર

શનૈસ્ (અવ્યય, ધીમે)+ચર=શનૈશ્ચર (શનિનો ગ્રહ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

पुस्तकालय गुरुकुल कांगड़ी
Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. તવર્ગના કોઈ પણ વ્યંજન પછી લ્ આવે તો તે વ્યંજનને ઠેકાણે લ્ થાય છે.

દાખલાઃ—

તદ્ + લીન = તલ્લીન (તેમાં લીન થયલું; ધ્યાનમાં ગરક થયલું)
ભગવત્ + લીલા = ભગવલ્લીલા
ઉદ્ + લાસ = ઉલ્લાસ (આનન્દ, ક્રીડા)
ઉદ્ + લંઘન = ઉલ્લંઘન
ઉદ્ + લેખ = ઉલ્લેખ (નિર્દેશ; વર્ણન; કહેવું તે)

૯. અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી શ આવ્યો હોય તો શ્નો છ્ થાય છે. સંસ્કૃતમાં આ નિયમ વૈકલ્પિક છે. પરંતુ ગુજરાતીમાં ઘણે ભાગે છકારવાળું રૂપ વપરાય છે.

દાખલાઃ—

ઉદ્ + શ્વાસ = ઉત્ + શ્વાસ (૬. પ્રમાણે) = ઉચ્ + શ્વાસ (૭. પ્રમાણે) = ઉચ્છ્વાસ (ઊંચો શ્વાસ)

સત્ + શીલ = સચ્ + શીલ (૭. પ્રમાણે) = સચ્છીલ (સારો સ્વભાવ)
અધ (અર્ધો) + શેર (ધ માંનો અ લોપાઈ) = અધ્ + શેર = અત્ + શેર (૬. પ્રમાણે) = અચ્ + શેર (૭. પ્રમાણે) = અચ્છેર

ઉદ્ + શૃંખલ (શૃંખલા = સાંકળ, એનું શૃંખલ થયું છે.) = ઉત્ + શૃંખલ = ઉચ્ + શૃંખલ = ઉચ્છૃંખલ (ઉછાંછળું)

૧૦. અનુનાસિક સિવાયના કોઈ પણ સ્પર્શ વ્યંજન પછી હ્ આવે તો હ્ને બદલે તેની પૂર્વ વ્યંજનના સ્થાનનો ચોથો અક્ષર થાય છે.

દાખલાઃ—

તદ્ + હિત = તદ્ધિત (ધાતુ સિવાય અન્ય શબ્દોને લાગતા પ્રત્યય તદ્ધિત કહેવાય છે.)

ઉદ્ + હાર = ઉદ્ધાર

૧૧. છ્ની પૂર્વે હ્રસ્વ હોય તો છ્નો ચ્છ્ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શિર + છત્ર = શિરચ્છત્ર સુ + અછ = સ્વચ્છ*

સંસ્કૃતમાં સ્‌નો ષ્‌ થવાના ઘણા બારીક નિયમ છે, પણ ગુજરાતીમાં નીચેનો નિયમ બસ થશે.

૧૨. સ્‌ની પહેલાં અ કે આ સિવાય કોઈ પણ સ્વર આવે તો બહુધા સ્‌નો ષ્‌ થાય.

દાખલા:—

નિ + સેધ = નિષેધ	વિ + સમ = વિષમ (વસમું)
નિ + સિદ્ધ = નિષિદ્ધ	માતૃ + સ્વસા = માતૃષ્વસા (માસી)
પ્રતિ + સેધ = પ્રતિષેધ	પિતૃ + સ્વસા = પિતૃષ્વસા (ફોઈ)

૧૩. સ્‌ કે તવર્ગનો યોગ ષ્‌ કે ટવર્ગ સાથે થાય તો સ્‌નો ષ્‌ ને તવર્ગને ઠેકાણે તેને મળતો ટવર્ગનો વર્ણ થાય છે.

દાખલા:—

યુધિ + સ્થિર = યુધિષ્ઠિર (સ્‌નો ષ્‌ ૧૨. નિયમ પ્રમાણે થયે થ્‌નો ઠ્‌ થયો છે.)

નિ + સ્નાત = નિષ્ણાત (હોશિયાર; સ્‌નો ષ્‌ થઈ, ન્‌નો ણ્‌ થયો છે.)

તદ્‌ + ટીકા = તત્‌ + ટીકા (૬. નિયમ પ્રમાણે) = તટ્ટીકા (તેની ટીકા)

૧૪. સ્‌ કે ર્‌ ની પછી અઘોષ વ્યંજન (એટલે ક્‌, ખ્‌, પ્‌, ફ્‌; જુઓ પૃ૦ ૨૪ નિ. ૪) આવે તો સ્‌ કે ર્‌ નો વિસર્ગ થાય છે; પણ નમસ્‌ ને તિરસ્‌ના સ્‌નો થતો નથી.

દાખલા:—

પુનર્‌ + કથન = પુનઃકથન	નમસ્‌ + કાર = નમસ્કાર
અન્તર્‌ + કરણ = અન્તઃકરણ	તિરસ્‌ + કાર = તિરસ્કાર

અધસ્‌ + પતન = અધઃપતન (નીચે પડવું, નીચી સ્થિતિમાં આવવું)

પણ

પુનર્‌ + ઉક્તિ = પુનરુક્તિ | પુનર્‌ + વિવાહ = પુનર્વિવાહ

પુનર્‌ + લગ્ન = પુનર્લગ્ન

---

* 'અચ્છ' શબ્દનું મૂળ 'અછ્‌' છે. (न छयति इति अच्छम्–નિર્મળ વસ્તુમાં દૃષ્ટિ પ્રસરે છે = બાધ કરતી નથી. छो = બાધ કરવો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. સ્ કે વિસર્ગની * પૂર્વે અ હોય અને પછી ઘોષ વ્યંજન આવે તો સ્ કે વિસર્ગનો ઉ થાય છે અને તે પૂર્વના અ સાથે મળે છે ત્યારે એ સ્વરને બદલે * પર સ્વરનો ગુણાદેશ ઓ થાય છે.

દાખલાઃ—

મનસ્ + વૃત્તિ = મનોવૃત્તિ	અધસ્ + ગતિ = અધોગતિ (નીચી સ્થિતિ)
મનસ્ + રથ = મનોરથ	મનસ્ + હર = મનોહર
મનસ્ + ભાવ = મનોભાવ	

૨. સ્ કે વિસર્ગની પૂર્વે ઇવર્ણ કે ઉવર્ણ આવ્યો હોય તો તેનો કવર્ગ અને પવર્ગ (એટલે ક્, ખ્, પ્, ફ્; જુઓ પૃ૦ ૨૪ નિ. ૪) પર છતાં ષ્ થાય છે.

દાખલાઃ—

નિસ્ + કપટ = નિષ્કપટ	નિસ્ + પાપ = નિષ્પાપ
નિસ્ + કલંક = નિષ્કલંક	નિસ્ + ફળ = નિષ્ફળ
દુસ્ + કૃતિ = દુષ્કૃતિ	આયુસ્ + કામ (ઇચ્છા) = આયુષ્કામ
દુસ્ + કાળ = દુષ્કાળ	નિસ્ + પ્રયોજન = નિષ્પ્રયોજન
નિસ્ + કારણ = નિષ્કારણ	

૩. (અ) વિસર્ગની પૂર્વે અ કે આ સિવાય કોઈ પણ સ્વર આવે ને પછી સ્વર કે ઘોષ વ્યંજન આવે તો વિસર્ગનો ર્ થાય છે.

(આ) ર્ની પછી ર્ આવે તો એક ર્ ઊડી જાય છે અને તેની પૂર્વનો સ્વર દીર્ઘ થાય છે.

દાખલાઃ—

નિર્ કે નિઃ + અર્થ + ક = નિરર્થક
નિર્ કે નિઃ + લજ્જ ('લજ્જા'નું 'લજ્જ' થયું છે.) = નિર્લજ્જ
નિર્ કે નિઃ + રોગ = નીરોગ; નિર્ કે નિઃ + રન્ધ્ર = નીરન્ધ્ર
નિર્ કે નિઃ + રસ = નીરસ
દુર્ + ગતિ = દુર્ગતિ

---

* પૂર્વે = પહેલાંનો; પર = પછીનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. વિસર્ગની પછી ચ્ કે છ્ આવે તો વિસર્ગનો શ્ થાય છે અને ત્ કે થ્ આવે તો સ્ થાય છે.

દાખલાઃ—

નિઃ + ચેતન ('ચેતના'નું 'ચેતન' થયું છે.) = નિશ્ચેતન

નિઃ + ચિન્ત ('ચિન્તા'નું 'ચિન્ત' થયું છે.) = નિશ્ચિન્ત

નિઃ + ચય = નિશ્ચય	દુઃ + તર = દુસ્તર
નિઃ + તેજ = નિસ્તેજ	દુઃ + ચરિત = દુશ્ચરિત

૫. વિસર્ગની પછી શ્, ષ્, કે સ્ આવે તો વિસર્ગ એમનો એમ રહે છે અથવા તો વિસર્ગનો અનુક્રમે શ્, ષ્, કે સ્ થાય છે.

દાખલાઃ—

નિઃ + શંક = ('શંકા' નું 'શંક' થયું છે.) નિઃશંક કે નિશ્શંક

નિઃ + શેષ = નિઃશેષ કે નિશ્શેષ

નિઃ + સાર = નિઃસાર કે નિસ્સાર

નિઃ + સ્પૃહ= ('સ્પૃહા'નું 'સ્પૃહ' થયું છે) = નિઃસ્પૃહ કે નિસ્સ્પૃહ

પ્રકરણ ૩ જું

પદવિચાર

નામ : પ્રકાર

પદના વિભાગ—પદમાત્રના મુખ્ય બે વિભાગ છે:—વ્યયી અને અવ્યય. જેના રૂપમાં લિંગ, વચન, અને વિભક્તિનો ફેરફાર થાય છે તે વ્યયી પદ છે અને જેના રૂપમાં એવો ફેરફાર થતો નથી તે અવ્યય છે. વ્યયી પદના બે વિભાગ છેઃ—નામ અને ક્રિયાપદ. વાક્યમાં ક્રિયાપદ પ્રધાન પદ છે; કેમકે એ વગર વાક્ય થઇ શકતું નથી. એનો અર્થ વાક્યમાં મુખ્ય છે અને એના અર્થને બીજા વ્યયી પદનો અર્થ નમે છે, માટે એને **નામ** કહે છે. નામ શબ્દ નમ્ = નમવું એ ધાતુ પરથી આવ્યો છે; અર્થાત્, જેનો અર્થ ક્રિયાપદના અર્થને નમે છે, તેને ગૌણ કે આધીન છે, તે નામ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નામનું લક્ષણ—પ્રાણીને, પદાર્થને, ગુણને, કે ક્રિયાને ઓળખવાને માટે જે શબ્દ વપરાય છે તેને **નામ** કહે છે.

દાખલાઃ—મગન, કૃષ્ણા, પાવાગઢ, કન્યાકુમારી, પોપટ, સિંહ, ઘર, લશ્કર, ચોક્ખાઈ, રતાશ, હિંમત, રમત, ગમત, વાચન, લેખન, હાસ્ય, ઇત્યાદિ.

નામના પ્રકાર—નામના મુખ્ય બે પ્રકાર છેઃ—

૧. ઇન્દ્રિયોથી ઓળખી શકાય એવાં પ્રાણી કે પદાર્થનાં નામ; અને ૨. મનથી સમજી શકાય એવા ગુણ કે ક્રિયાનાં નામ. પહેલા પ્રકારનાં નામના બે પ્રકાર છેઃ—સંજ્ઞાવાચક અને ૨. જાતિવાચક; અને બીજા પ્રકારનાં નામ ભાવવાચક નામ કહેવાય છે.

૧. **સંજ્ઞાવાચક નામ**—કેટલાંક નામ એકજ પદાર્થનાં હોય છે. એ નામ આપણે તે પદાર્થોના ગુણો જોઈને આપેલાં નથી, માત્ર આપણી ઇચ્છા પ્રમાણે આપેલાં છે. જેને 'મગન' નામ આપ્યું છે તેને 'છગન' નામ ન આપવાનું કંઈ કારણ હોતું નથી. એકજ પદાર્થને કે *વ્યક્તિને આપણી ઇચ્છાનુસારે આપેલાં આવાં નામ **સંજ્ઞાવાચક** નામ કહેવાય છે. સંજ્ઞા એટલે આપણી ઇચ્છા પ્રમાણે આપેલું નામ.

દાખલાઃ—ગંગા, હિમાલય, સોરાબ, જૉન, અકબર, સૂર્ય, વગેરે.

૨. **જાતિવાચક નામ**—દરેક વ્યક્તિને જુદું નામ આપીએ તો દુનિયામાં અસંખ્ય નામ થાય; કેમકે વ્યક્તિઓ અનન્ત છે. આ કારણથી વ્યક્તિઓના વર્ગ બાંધવામાં આવે છે. જે પદાર્થોમાં સરખા ગુણ જોવામાં આવે છે તેનો એક વર્ગ કરી તેને અમુક નામ આપવામાં આવે છે. દાખલા તરીકે, જે પદાર્થોમાં પ્રાણ (જીવ) જોવામાં આવે છે તેને 'પ્રાણી,' પાંખ જોવામાં આવે છે તેને 'પંખી,' એમ વર્ગો બાંધી નામ આપવામાં આવે છે. એજ પ્રમાણે સરખા ગુણ જોઈ પેટા વર્ગ પણ બાંધવામાં આવે છે; જેમકે પ્રાણીના વર્ગ—ગાય, ઘોડો, બકરો, હરણ, કુતરો, વગેરે;

---

* દરેક છૂટી છૂટી વસ્તુને વ્યક્તિ કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પંખીના વર્ગ–પોપટ, મોર, ચકલો, કાગડો, કબૂતર, વગેરે. આવા વર્ગ બાંધવાનું ધોરણ જાતિ ઉપર છે. અમુક પ્રાણીને 'ગાય' કહેવાનું કારણ એવું છે કે તેમાં કેટલાક સામાન્ય ગુણ રહેલા છે તે તમામ ગાયમાં માલમ પડે છે અને ગાય સિવાય અન્ય પ્રાણીમાં જોવામાં આવતા નથી. ઊંટને 'ઊંટ,' પોપટને 'પોપટ,' ખુરસીને 'ખુરસી,' એમ જે પદાર્થોના વર્ગ બાંધી શકાય છે તે તમામ પદાર્થોને તેનાં પોતાનાં નામ આપવાનું એવુંજ કારણ હોય છે. એ દરેક વર્ગમાં સામાન્ય ગુણો રહેલા છે તે તે વર્ગની તમામ વ્યક્તિમાં જોવામાં આવે છે અને તે વર્ગ સિવાય બીજા વર્ગની કોઈ પણ વ્યક્તિમાં જોવામાં આવતા નથી. આ સામાન્ય ધર્મને સંસ્કૃતમાં જાતિ કહે છે અને એવાં નામ **જાતિવાચક** કહેવાય છે. જાતિવાચક નામ આખા વર્ગને તેમજ તે વર્ગની ગમે તે કોઈ વ્યક્તિને લાગુ પડે છે. 'ગાય' એટલે ગાયનો આખો વર્ગ તેમજ એ વર્ગની ગમે તે વ્યક્તિ. આ પ્રમાણે **જાતિવાચક** નામ એટલે જે નામ આખા વર્ગને તેમજ તે વર્ગની દરેક વ્યક્તિને–દરેક છૂટા પદાર્થને–લાગુ પડે છે તે.

દાખલા:—ગાય, પોપટ, માણસ, પુસ્તક, લાકડું, ઝાડ, વગેરે.

સમૂહવાચક નામ—કેટલાંક નામ આખા સમૂહનેજ લાગુ પડે છે. તે સમૂહની છૂટી વ્યક્તિને લાગુ પડતાં નથી. લશ્કર, કાફલો, વણજાર, ફોજ, સેના, ટોળું, મેદની, પ્રજા, સમૂહ, વગેરે એવાં નામ છે. સમૂહ એટલે સરખા ગુણોવાળી વ્યક્તિઓ એકઠી થયલી તે. આવાં નામને જાતિવાચક ગણવાં યુકત છે. અમુક સમૂહમાં કંઈક ખાસિયત હોય છે તે બીજામાં હોતી નથી. 'લશ્કર' એ સમૂહમાં જે ખાસ સામાન્ય ગુણ જોવામાં આવે છે તે 'કાફલા'માં કે 'વણજાર'માં જોવામાં આવતા નથી. એ સામાન્ય ગુણ તેજ જાતિ; માટે એ પણ જાતિવાચક નામ છે. સમૂહની છૂટી છૂટી વ્યક્તિઓને એ શબ્દ લાગુ પડતો નથી એટલો જાતિવાચક નામ અને સમૂહવાચક નામમાં ફેર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્રવ્યવાચક નામ—ધાતુનાં નામ, અનાજનાં નામ, અને ઘી, ગોળ જેવા પદાર્થનાં નામ આ વર્ગમાં આવે છે. સોનું, રૂપું, સીસું, કલાઈ, તાંબુ, પિત્તળ, લોઢું, કાંસું, જસત, ઘી, ગોળ, ખાંડ, ઘઉં, બાજરી, જુવાર, દાળ, ચોખા, લોટ, ઇત્યાદિ એવાં નામ છે. આ બધાં નામોમાં સમૂહનો અર્થ સમાયલો છે.

આ નામ પણ જાતિવાચક છે. સોનામાં કંઈક એવું રહેલું છે, જે સોનામાંજ છે અને અન્ય ધાતુઓમાં નથી. વળી, ૯૭ ટચનું સોનું, ૧૦૦ ટચનું સોનું, ગેણીનું સોનું, વગેરે જુદી જુદી સોનાની તરેહ છે, તે બધીમાં સોનામાં રહેલો સામાન્ય ગુણ જોવામાં આવે છે. આ કારણથી દ્રવ્યવાચક નામ જાતિવાચક નામના વર્ગમાં આવે છે.

સંજ્ઞાવાચક નામનો જાતિવાચક નામ તરીકે ઉપયોગ—આ કવિ બીજો **કાલિદાસ** દેખાય છે.

તે રાજા બળમાં **ભીમસેન**, ઉદારતામાં કર્ણ, અને સત્યમાં **હરિશ્ચન્દ્ર** છે.

એ **યમ** રાજાને જોઈને સર્વ મનુષ્યો કંપે છે.

ઉપરના દાખલાઓમાં સંજ્ઞાવાચક નામ જાતિવાચક નામ તરીકે વપરાયાં છે. 'કાલિદાસ' એટલે કાલિદાસ કવિ જેવી ઉત્તમ કવિતા કરે એવો કવિ; 'ભીમસેન' એટલે ભીમસેન જેવો જબરો પુરુષ; 'કર્ણ' એટલે કર્ણ જેવો ઉદાર પુરુષ; 'હરિશ્ચન્દ્ર' એટલે હરિશ્ચન્દ્ર જેવો સત્યશીલ, અને 'યમ' એટલે યમ જેવો ક્રૂર પુરુષ. આ વાક્યોમાં સંજ્ઞાવાચક નામ એકજ વ્યક્તિનું નામ નથી; પરંતુ તે પ્રસિદ્ધ વ્યક્તિમાં રહેલા ગુણો જે જે વ્યક્તિમાં છે તે બધી વ્યક્તિઓનું એક સામાન્ય નામ છે; તે બધી વ્યક્તિમાં રહેલી જાતિ એટલે સામાન્ય ગુણને લીધે એ નામ પડેલું છે; માટે એ જાતિવાચક નામ છે. આ પ્રમાણે, જ્યારે સંજ્ઞાવાચક નામ એકજ વ્યક્તિ માટે વપરાતાં નથી, પણ તે વ્યક્તિમાં જે ખાસ ગુણો છે તેવા ગુણો જે જે વ્યક્તિઓમાં હોય તેને માટે વપરાય છે, ત્યારે સંજ્ઞાવાચક રહેતાં નથી, પરંતુ જાતિવાચક બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભાવવાચક નામ—ઇન્દ્રિયોથી ઓળખાય નહિ પણ મનથી સમજાય એવા ગુણ કે ક્રિયાનાં નામ તે ભાવવાચક નામ છે. આપણે રાતા પદાર્થ તપાસી જે ગુણને લીધે એ પદાર્થને રાતા પદાર્થ કહીએ છીએ, તે ગુણનો વિચાર કરીએ છીએ ત્યારે તે ગુણને 'રતાશ' એવું નામ આપીએ છીએ. એજ પ્રમાણે ગુણો અને ક્રિયાને તે જે પદાર્થોમાં રહેલાં છે તેમાંથી છુટાં પાડી નામ આપવામાં આવે છે તે ગુણવાચક કે ક્રિયાવાચક નામ છે અને તે બંનેને અહિં ભાવવાચક નામ કહ્યાં છે. ભાવ એટલે સ્થિતિ, ક્રિયા, સામાન્ય ગુણ.

દાખલાઃ—રતાશ, કાળાશ, મોટાઈ, ન્યૂનતા, નાદાની, ચતુરાઈ, ભજન, કીર્તન, સ્તવન, બુદ્ધિ, ડહાપણ, વગેરે.

ભાવવાચક નામ જાતિવાચક—જેમ સંજ્ઞાવાચક નામ જાતિવાચક બને છે તેમ ભાવવાચક નામ પણ જાતિવાચક તરીકે વપરાય છે.

તમારો **પ્રેમ** જોઈ હું બહુ રાજી થયો.
તમે મારા પર મોટો **ઉપકાર** કર્યો છે.
તેણે મને ઘણી **દયા** બતાવી.
તેણે મારા પર ઘણી **સખ્તાઈ** કરી.

ઉપલા દાખલાઓમાં 'પ્રેમ,' 'ઉપકાર,' 'દયા' અને 'સખ્તાઈ'નો અર્થ પ્રેમનાં ચિહ્ન, ઉપકાર, દયા, ને સખ્તાઈનાં કામ થાય છે. અર્થાત્, આ સ્થળે ભાવવાચક નામ તે ભાવ એટલે ધર્મ કે ક્રિયાનાં વાચક નથી, પણ જુદાં જુદાં કૃત્યો કે ચિહ્નોનાં નામ છે. આ પ્રમાણે એક શબ્દ સમાન ગુણવાળી જુદી જુદી વ્યક્તિને લાગુ પડવાથી જાતિવાચક થાય છે. પ્રેમ, ઉપકાર, દયા, અને સખ્તાઈનાં બધાં કૃત્યોમાં કે ચિહ્નોમાં તે તે ગુણો (પ્રેમાદિ) રહેલા છે. આ કારણથી પ્રેમનાં કૃત્યો, ઉપકારનાં કૃત્યો, દયાનાં કૃત્યો, અને સખ્તાઈનાં કૃત્યોના વર્ગો બંધાય છે; અને દરેક વર્ગની જુદી જુદી વ્યક્તિને તે તે શબ્દો લાગુ પડે છે. તેથી તે જાતિવાચક નામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૪ થું

જાતિવિચાર

જાતિ–જેમ કુદરતમાં પ્રાણિમાત્રમાં નર અને નારી એવી બે જાતિ હોય છે, તેમ ભાષામાં નામને નર, નારી, કે નાન્યતર, એવી ત્રણમાંથી એક જાતિ હોય છે. પદાર્થમાં જાતિનો ભેદ સજીવ પદાર્થમાં એટલે પ્રાણીમાંજ હોય છે, નિર્જીવ પદાર્થમાં હતો નથી. શબ્દમાં જાતિનો ભેદ સજીવ તેમજ નિર્જીવ બધા પદાર્થનાં, ગુણનાં, તેમજ ક્રિયાનાં નામમાં હોય છે.

લિંગ–જાતિને સંસ્કૃતમાં લિંગ કહે છે; નરજાતિને પુંલિંગ; નારીજાતિને સ્ત્રીલિંગ, અને નાન્યતરજાતિને નપુંસકલિંગ કહે છે. લિંગ એટલે ચિહ્ન.

જાતિનો નિર્ણય–અંગ્રેજી ભાષામાં જાતિ નક્કી કરવી સહેલી છે. એ ભાષામાં સજીવ પદાર્થનાં નામજ નર કે નારીજાતિમાં હોય છે. પ્રાણીમાં નરનાં નામ નરજાતિમાં અને નારીનાં નામ નારીજાતિમાં હોય છે. અચેતન પદાર્થનાં નામ નાન્યતરજાતિમાં ગણાય છે. કાનડી ભાષામાં પણ એજ પ્રમાણે છે; પણ સંસ્કૃત અને તે પરથી નીકળેલી દેશી ભાષાઓમાં એવો સરળ નિયમ નથી. પ્રાણીઓમાં પણ બધાંજ પ્રાણીનાં નામ નર કે નારીજાતિમાં હતાં નથી. ઊંટ, ઘુવડ, તીડ, એ નાન્યતરજાતિનાં છે. તેમજ નિર્જીવ પદાર્થનાં નામ પણ નર કે નારીજાતિનાં હોય છે. મહોલ્લો, મોભ, કોટ, હાથ, દિવસ, વાર (સોમવાર વગેરે), વિશ્વાસ, ઇત્યાદિ નરજાતિનાં છે અને શેરી, ઓરડી, દિવાલ, ગરદન, અમાસ, ચતુરાઈ, ઇત્યાદિ નારીજાતિનાં છે. આ પ્રમાણે જાતિ નક્કી કરવી સહેલી નથી; કેમકે તેને માટે સરળ નિયમ નથી. વ્યવહારથી, ભાષાના પ્રયોગથી, અને પુસ્તકો વાંચવાથી, કે કોશ ઉપરથી સંસ્કૃતમાં અને મરાઠી, ગુજરાતી, વગેરે દેશી ભાષામાં નામની જાતિ જાણી શકાય છે. જેમની સ્વભાષા ગુજરાતી નથી તેમને જાતિ નક્કી કરવામાં આ પ્રમાણે ઘણી મુશીબત પડે છે; પરંતુ જેમની માતૃભાષા ગુજરાતી છે તેમને કંઈ હરકત પડતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય નિયમ—સામાન્ય રીતે ઓકારાન્ત નામ નરજાતિનાં, ઈકારાન્ત નારીજાતિનાં, અને ઉકારાન્ત સાનુસ્વાર નાન્યતરજાતિનાં છે.*

દાખલા:—

(૧) છોકરો, ઘોડો, ઓરડો, પાટલો, ઘડો, કુઓ, ખડીઓ, ભો
(૨) છોકરી, ઘોડી, ઓરડી, પાટલી, સાહી
(૩) છોકરૂં, ઘોડું, પરૂં, મુડદું, કુતરૂં, બચ્ચું, જભલું

અપવાદ—પરંતુ આ સામાન્ય નિયમમાં અપવાદ છે. તેના દાખલા નીચે આપ્યા છે:—

(૧) કેટલાંક ઓકારાન્ત નામ નારીજાતિનાં ને કેટલાંક નાન્યતરજાતિનાં છે—

નારીજાતિનાં ઓકારાન્ત નામ–પાટલાઘો, ખો, જળો, છો, વગેરે
નાન્યતરજાતિનાં ઓકારાન્ત નામ–મોં

(૨) કેટલાંક ઈકારાન્ત નામ નરજાતિનાં છે અને કેટલાંક નાન્યતરજાતિનાં છે.

નરજાતિનાં ઈકારાન્ત નામ–હાથી, ઘોબી, સોની, જોશી, વગેરે
નાન્યતરજાતિનાં ઈકારાન્ત નામ–પાણી, ઘી, મોતી, વગેરે

(૩) કેટલાંક ઉકારાન્ત સાનુસ્વાર નામ નરજાતિનાં છે—ઘઉં.

ઉપલા નિયમને અનુસારે જે નામની પહેલાં ઓકારાન્ત વિશેષણ મૂકી શકાય છે તે નરજાતિનાં છે, ઈકારાન્ત વિશેષણ મુકાય છે તે નારીજાતિનાં છે, અને ઉકારાન્ત સાનુસ્વાર વિશેષણ મૂકી શકાય તે નાન્યતરજાતિનાં છે. આજ ઉપરથી, કેવો, કેવી, કેવું, એવાં વિશેષણ જે નામની સાથે વાપરી શકાય તે અનુક્રમે નર, નારી, અને નાન્યતરજાતિનાં છે, એમ બાળકને સમજાવવામાં આવે છે.

---

* આનું કારણ તથા એમાં નીચેના અપવાદો બતાવ્યા છે તેનું કારણ સમજવા વ્યુત્પત્તિના જ્ઞાનની જરૂર છે. તે 'બૃહદ્ વ્યાકરણ'માંથી સમજાશે. જ્યાં ઓ, ઈ, ને ઉં પ્રત્યયના હોય છે ત્યાં અવશ્ય અનુક્રમે નર, નારી, ને નાન્યતરજાતિ હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નરજાતિનાં નામ—મોટો કોટ; ઊંચો વાઘ; ટૂંકો પાઠ; નીચો ઓટલો; નઠારો રસ્તો; તીખો કંદ; વગેરે

નારીજાતિનાં નામ—મોળી ખીર; લાંબી દિવાલ; કાચી કેરી; ખાટી આમલી; પહોળી શેરી; પાકી ઉમર; વગેરે

નાન્યતરજાતિનાં નામ—કડવું ઓસડ; મીઠું લીંબું; સારૂં મકાન; ઘણું દૂધ; થોડું પાણી; ઊનું ઘી; ઠંડું ભોજન; વગેરે

કયા નામની આગળ ઓકારાન્ત વિશેષણ, કયાની આગળ ઈકારાન્ત વિશેષણ, અને કયાની આગળ ઉકારાન્ત સાનુસ્વાર વિશેષણ વપરાય છે, તે ભાષાના જ્ઞાનથી, પ્રયોગ જોવાથી, કે શબ્દકોશથીજ સમજાય છે. અહિં લક્ષમાં રાખવાનું એ છે કે ઓ, ઈ, અને ઉં, એ પ્રત્યયો પ્રાકૃતમાં અનુક્રમે નરજાતિ, નારીજાતિ, અને નાન્યતરજાતિના છે; તેથી એ પ્રત્યયવાળાં નામ પણ એવીજ જાતિનાં છે. તેમજ એ પ્રત્યયવાળાં વિશેષણોથી ગુજરાતીમાં ગમે તે નામની જાતિનો નિર્ણય થઈ શકે છે. અર્થાત્, ઓકારાન્ત વિશેષણ લગાડી શકાય એવાં નામ નરજાતિનાં, ઈકારાન્ત વિશેષણ લગાડી શકાય એવાં નામ નારીજાતિનાં, અને ઉકારાન્ત સાનુસ્વાર વિશેષણ લગાડી શકાય એવાં નામ નાન્યતરજાતિનાં છે.

તત્સમ શબ્દની જાતિ—ગુજરાતી ભાષામાં જે તત્સમ શબ્દ પ્રચાર પામ્યા છે તેની જાતિ બહુધા સંસ્કૃત પ્રમાણે છે.

દાખલાઃ—

નરજાતિનાં નામ—કર્તા, સ્થાપક, લાભ, પતિ વગેરે

નારીજાતિનાં નામ—દાસી, માળા, વધૂ, કર્ત્રી, ધીરતા, વગેરે

નાન્યતરજાતિનાં નામ—વાચક, ગૌરવ, શૌર્ય, ગુરુત્વ, વગેરે

ઉપર દાખલા આપ્યા છે તેમાં જે * પ્રત્યયો છે તે પ્રત્યયોવાળાં તત્સમ નામની જાતિ જેવી સંસ્કૃતમાં હોય છે તેવીજ ગુજરાતીમાં હોય છે; પરંતુ બધા તત્સમ શબ્દની જાતિ ગુજરાતીમાં સરખી નથી.

---

* તદ્ધિત ને કૃત્ પ્રત્યયો વિષે વિવેચન આગળ કર્યું છે; જુઓ પ્રકરણ ૨૨ મું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંસ્કૃતમાં	ગુજરાતીમાં
મિત્ર (નપુંસકમાં)	મિત્ર (નરજાતિમાં)
બાણ (પુંલિંગમાં)	બાણ (નાન્યતરજાતિમાં)
વસ્તુ (નપુંસકમાં)	વસ્તુ (ચીજ, એ અર્થમાં નારીજાતિમાં)
	વસ્તુ (નાટકમાં વર્ણવેલો વિષય, એ અર્થમાં નાન્યતરજાતિમાં)

તદ્ભવ શબ્દ અને તેની જાતિ—સંસ્કૃતમાં જે રૂપમાં શબ્દ છે તેજ રૂપમાં ગુજરાતીમાં પ્રચાર પામેલા શબ્દ તત્સમ શબ્દ કહેવાય છે, એ અગાઉ કહ્યું છે; પરંતુ બધા સંસ્કૃત શબ્દો તેવા ને તેવાજ રૂપમાં ગુજરાતીમાં દાખલ થયા નથી. તેનાં રૂપમાં ફેરફાર થયો છે. એવા શબ્દો તદ્ભવ કહેવાય છે.

સંસ્કૃત શબ્દ	તદ્ભવ ગુજરાતી શબ્દ	સંસ્કૃત શબ્દ	તદ્ભવ ગુજરાતી શબ્દ
જન્મન્	જન્મ	રશ્મિ	રસી
યશસ્	યશ–જશ	મિષ્ટ	મીઠું
દુગ્ધ	દૂધ	શીત કાલ	શીઆળો
કઠિન	કઠણ	ઉષ્ણ કાલ	ઊનાળો
પાનીય	પાણી		

તદ્ભવ શબ્દોની જાતિ મૂળ સંસ્કૃત શબ્દોની જાતિથી ઘણી વાર જુદી હોય છે.

દાખલા:—

સંસ્કૃત શબ્દ	તદ્ભવ શબ્દ
જન્મન્ (નપુંસકમાં)	જન્મ (નરજાતિમાં)
યશસ્ (નપુંસકમાં)	યશ–જશ (નરજાતિમાં)
પક્ષિન્ (પુંલિંગમાં)	પક્ષી (નાન્યતરજાતિમાં)
રશ્મિ (પુંલિંગમાં)	રસી (નારીજાતિમાં)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેટલાક તત્સમ ને તદ્ભવ શબ્દ—કેટલાક તત્સમ ને તદ્ભવ શબ્દ ગુજરાતીમાં બે જાતિમાં વપરાય છેઃ—૧. સંસ્કૃતમાં જે જાતિમાં હોય છે તેમાં; અને ૨. એ શબ્દોના પર્યાય શબ્દો (બહુધા અપભ્રષ્ટ કે વધારે પ્રચાર પામેલા) જે જાતિમાં ગુજરાતીમાં વપરાય છે તેમાં.

સંસ્કૃતમાં	ગુજરાતીમાં
વિધિ (પુંલિંગમાં)	વિધિ (નરજાતિમાં); (નારીજાતિમાં, 'ક્રિયા' નારીજાતિમાં છે તેથી.)
પરિણામ (પુંલિંગમાં)	પરિણામ (નરજાતિમાં); (નાન્યતરજાતિમાં, 'છેવટ' નાન્ય૦માં છે.)
મત (નપુંસકમાં)	મત (નાન્ય૦માં); (નર૦માં, 'વિચાર' નર૦માં છે.)
વયસ્ (નપું૦માં)	વય (નાન્ય૦માં); (નારી૦માં, 'ઉમર' નારીજાતિમાં છે.)
વ્યંજન (નપું૦માં)	વ્યંજન (નાન્ય૦માં); (નર૦માં, 'અક્ષર' નરજાતિમાં છે.)
દૃષ્ટાન્ત (પું૦માં)	દૃષ્ટાન્ત (નર૦માં); (નાન્ય૦માં, 'ઉદાહરણ' નાન્ય૦માં છે.)

આ બે રીતિમાં સંસ્કૃત રીતિ વધારે પ્રચલિત થતી જાય છે.

કેટલાક શબ્દ સર્વ પ્રાન્તોમાં અને કેટલાક શબ્દ ભિન્ન ભિન્ન પ્રાન્તોમાં જુદી જુદી જાતિમાં વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલા:—

નરજાતિમાં અને નારીજાતિમાં—

શોધ, તપાસ, તંબાકુ, વગ, ચા, વખત, ઇત્યાદિ

નરજાતિમાં અને નાન્યતરજાતિમાં—માણસ

નારીજાતિમાં અને નાન્યતરજાતિમાં—

જનોઈ, સોપારી, ગુજરાત, વિલાયત, ઇત્યાદિ

સામાન્ય અર્થમાં નપુંસક—સામાન્ય રીતે વપરાયલા શબ્દ નાન્યતરજાતિમાં આવે છે.

દાખલા:—

હિંદુસ્તાન ઇંગ્લંડથી ઘણું મોટું છે.

ઇંગ્લંડ હિંદુસ્તાનથી વેપારમાં ને કેળવણીમાં ઘણું ચડિયાતું છે.

કાશી ઘણું પવિત્ર છે.

તેને બહુ વેઠવું પડયું.

પરંતુ ઉપલા શબ્દો સાથે 'દેશ,' 'નગર,' 'પીડા,' 'દુ:ખ,' જેવાં નામ વપરાય તો તે શબ્દોની જાતિ પ્રમાણે એ શબ્દોની જાતિ નક્કી થાય છે.

દાખલા:—

હિંદુસ્તાન ઇંગ્લંડ કરતાં ઘણો મોટો દેશ છે.

ઇંગ્લંડ દેશ હિંદુસ્તાનથી વેપારમાં ને કેળવણીમાં ઘણો ચડિયાતો છે.

કાશી નગર ઘણું પવિત્ર છે. તેને બહુ દુ:ખ વેઠવું પડયું.

કાશી નગરી ઘણી પવિત્ર છે. તેને બહુ સંતાપ વેઠવો પડયો.

તેને બહુ પીડા વેઠવી પડી.

નારીજાતિ: જુદા શબ્દોથી—કેટલાંક નામની નારીજાતિ જુદા શબ્દોથી બને છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

નરજાતિ	નારીજાતિ	નરજાતિ	નારીજાતિ
મરદ	બૈરી, ઓરત	સસરો	સાસુ
પુરુષ	સ્ત્રી	બાપ	મા
મોર	ઢેલ	વર	વહુ
ઊંટ	સાંઢણી	પિતા	માતા
બળદ–આખલો	ગાય	પાડો	ભેંસ
નર	માદા		

નારીજાતિ: પ્રત્યયો વડે—ઘણા શબ્દોમાં નરજાતિનાં નામને પ્રત્યયો લગાડવાથી નારીજાતિનાં નામ થાય છે. મુખ્ય પ્રત્યયો નીચે આપ્યા છે.

સંસ્કૃત પ્રત્યય—આ, ઈ, આની (આણી)

દાખલાઃ—

આ—અજ–અજા; કોકિલ–કોકિલા; મૂષિક–મૂષિકા; પ્રથમ-પ્રથમા; મધ્યમ–મધ્યમા ; કનિષ્ઠ–કનિષ્ઠા ; જ્યેષ્ઠ–જ્યેષ્ઠા ; દ્વિતીય–દ્વિતીયા ; તૃતીય–તૃતીયા.

ઈ–નર–નારી ; બ્રાહ્મણ–બ્રાહ્મણી ; રાજા–રાણી (સંસ્કૃત રાજન્–રાજ્ઞી) ; કુમાર–કુમારી ; દેવ–દેવી ; રાક્ષસ–રાક્ષસી ; તરુણ–તરુણી ; નદ–નદી ; ગૌર–ગૌરી ; ચતુર્થ–ચતુર્થી (પંચમી, ષષ્ઠી, સપ્તમી, અષ્ટમી, ઇત્યાદિ) ; મૃગ–મૃગી ; મહિષ–મહિષી ; હંસ–હંસી ; ગોપ–ગોપી ; વાનર–વાનરી ; ભગવત્–ભગવતી (વિનયવતી, કુલવતી, ગુણવતી, ઇત્યાદિ) ; બુદ્ધિમત્–બુદ્ધિમતી (નીતિમતી, શ્રીમતી, ઇત્યાદિ)

આની (આણી)—ઇન્દ્ર–ઇન્દ્રાણી; રુદ્ર–રુદ્રાણી; ક્ષત્રિય–ક્ષત્રિયાણી; ભવ-ભવાની ; બ્રહ્મા (બ્રહ્મન્)–બ્રહ્માણી

ગુજરાતી પ્રત્યય—અણ, એણ, આણી, અણી, ડી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

અણ, એણ–વાણીઓ–વાણીઅણ–વાણીએણ
કોળી–કોળણ–કોળેણ
ધોબી–ધોબણ–ધોબેણ
ધાંચી–ધાંચણ–ધાંચેણ
કણબી–કણબણ–કણબેણ
માળી–માળણ–માળેણ
પટેલ–પટલણ–પટલેણ

એજ પ્રમાણે, સુતારેણ, નાગેણ, કાછીએણ, વાઘેણ, મરેઠેણ, ઇત્યાદિ

આણી—ધણી–ધણીઆણી

ગોર–ગોરાણી	રજપુત–રજપુતાણી
શેઠ–શેઠાણી	જેઠ–જેઠાણી
પટેલ–પટલાણી	દીઅર–દેરાણી
ભટ–ભટાણી	

અણી—પિશાચ–પિશાચણી

ડી (સ્ત્રીત્વવાચક અને ન્યૂનતાવાચક)—હજામ–હજામડી ; ઊંટ–ઊંટડી ; વછેરા–વાછરડી ; ઉંદર–ઉંદરડી ; ચાકર–ચાકરડી ; તબક–તબકડી ; લાડુ–લાડુડી.

પ્રકરણ ૫ મું

વચનવિચાર

વચન અને તેના પ્રકાર—આપણે એક કે અનેક પદાર્થને માટે બોલીએ છીએ. એકને માટે બોલીએ છીએ ત્યારે **એકવચન** અને અનેકને માટે બોલીએ છીએ ત્યારે **બહુવચન** વાપરીએ છીએ. એક એવો અર્થ બતાવનારૂં નામ એકવચનમાં અને એકથી વધારે એવો અર્થ બતાવનારૂં નામ બહુવચનમાં કહેવાય છે. સંસ્કૃતમાં બેને માટે દ્વિવચન છે તેવું ગુજરાતીમાં નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુવચનનો પ્રત્યય—બહુવચનનો પ્રત્યય **ઓ** છે.

દાખલા:—ઘર–ઘરો; પુસ્તક–પુસ્તકો; ચોપડી–ચોપડીઓ

ઓકારાન્ત નામનું બહુવચન—ઓકારાન્ત નામનું બહુવચન '**ઓ**' નો '**આ**' કરવાથી થાય છે. 'આ' કર્યા પછી પણ કેટલીક વખત 'ઓ' પ્રત્યય લગાડાય છે.

દાખલા:—

એકવચન	બહુવચન
છોકરો	છોકરા–છોકરાઓ
ઘોડો	ઘોડા–ઘોડાઓ
બકરો	બકરા–બકરાઓ

ઉકારાન્ત નામનું બહુવચન—ઉકારાન્ત સાનુસ્વાર નપુંસક નામનું બહુવચન 'ઉં' નું 'આં' કરવાથી થાય છે.

દાખલા:—

એકવચન	બહુવચન	એકવચન	બહુવચન
છોકરૂં	છોકરાં	ઘેટું	ઘેટાં
બકરૂં	બકરાં	ઈંડું	ઈંડાં

	એકવચન	બહુવચન
પણ	લીંબુ (સાનુસ્વાર નથી.)	લીંબુઓ
	સાસુ (સાનુસ્વાર નથી ને નપુંસક નથી.)	સાસુઓ

કોઈ વખત 'આ'ની ઉપર પણ 'ઓ' પ્રત્યય લગાડાય છે; જેમકે, છોકરાંઓ, બકરાંઓ, ઘેટાંઓ.

પરંતુ એથી માત્ર પુનરુક્તિ થાય છે, તેથી ઘણી વાર 'આ' કે 'આં'ની ઉપર 'ઓ' લગાડવામાં આવતો નથી; જેમકે,

છોકરો–છોકરા; છોકરૂં–છોકરાં; લુગડું–લુગડાં.

ચરોતરમાં વપરાતું રૂપ—ચરોતરમાં અકારાન્ત નાન્યતરજાતિના નામનું બહુવચન 'આ' પ્રત્યયથી થાય છે; જેમકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘર–ઘરાં; ખેતર–ખેતરાં; ઝાડ–ઝાડાં; બોર–બોરાં; વગેરે.

બહુવચનનો પ્રત્યય નિરર્થક—નામની પૂર્વે બહુવચનના અર્થનું વિશેષણ હોય તો નામને બહુવચનનો પ્રત્યય લગાડવાની જરૂર નથી. પરંતુ કોઈ વખત લગાડાય છે અને કોઈ વખત નથી લગાડાતો, એમ બંને રૂપો વપરાય છે.

દાખલાઃ—સેંકડો માણસ, સેંકડો માણસો; ત્રણ પત્થર, ત્રણ પત્થરો.

માનાર્થક બહુવચન—સન્માનના અર્થમાં એક પદાર્થનું નામ પણ બહુવચનમાં વપરાય છે; જેમકે,

ગુરુજી, હું **આપના-તમારા** ચરણકમળને વન્દન કરૂં છું.

પોતે કામ કરતા નથી ને બીજાને કરવા દેતા નથી.

શેઠ પોતે ઘરમાં નથી, બહાર ગયા છે.

સ્ત્રીઓનાં નામ માનાર્થક બહુવચનમાં વપરાય છે ત્યારે નપુંસક લિંગમાં વપરાય છે; જેમકે,

માજી ઘણાં દયાળુ છે. સાસુજી ઘણાં શાણાં છે.

પ્રેમના અર્થમાં એકવચન—જેમ સન્માન દર્શાવવા બહુવચન વપરાય છે, તેમ પ્રેમ દર્શાવવા એકવચન વપરાય છે; સન્માન કરતાં પ્રેમ કેટલેક સ્થળે અધિક બળવાન્ થાય છે, તેથી ત્યાં એકવચન પ્રયોજાય છે; જેમકે,

હે પ્રભો! દીનદયાળ! મારા પર કૃપા કર. હું તારે શરણે આવ્યો છું.

હે મારી માવડી! હું તારા અગણિત ગુણોનો બદલો કેવી રીતે વાળી શકીશ!

એકવચનમાં વપરાતાં નામ—

(અ) સંજ્ઞાવાચક નામ અને ભાવવાચક નામ હમેશ એકવચનમાં વપરાય છે; પરંતુ તે જાતિવાચક નામ તરીકે વપરાય છે ત્યારે તેને બહુવચન લાગી શકે છે; જેમકે,

હિમાલય—દુનિયામાં મોટામાં મોટો પર્વત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એજ પ્રમાણે, નર્મદા, બીરબલ, બુદ્ધિ, શક્તિ, લેખન, રમત, વગેરે નામ એકવચનમાં વપરાય છે. પરંતુ નીચેનાં જેવાં વાક્યોમાં સંજ્ઞાવાચક અને ભાવવાચક નામ જાતિવાચક બને છે, ત્યારે બહુવચન વાપરી શકાય છે.

ઘણા **ભીમસેન**, **કર્ણ**, કે **હરિશ્ચન્દ્ર** થવા મુશ્કેલ છે.

તેનાં **દુષ્કૃત્યો** કમકમાટ ઉપજાવે એવાં છે.

(આ) સમૂહવાચક નામ સામાન્ય રીતે એકવચનમાં વપરાય છે; પરંતુ ઘણા સમૂહ વિષે વાત કરીએ તો બહુવચનમાં આવે છે; જેમકે,

સામસામાં **લશ્કરો** બહાદુરીથી લડ્યાં.

(ઇ) દ્રવ્યવાચક નામ બહુધા એકવચનમાં આવે છે, કેમકે તેમાં સમૂહનો અર્થ રહેલો છે.

દાખલા:—ઘી, તેલ, પાણી, દૂધ, સોનું, રૂપું;

પરંતુ પ્રકાર બતાવવો હોય તો એવાં નામ બહુવચનમાં આવે છે; જેમકે,

તેણે ઘણી જગાનાં પાણી પીધાં છે.

બહુ જાતનાં તેલ થાય છે.

અનાજનાં નામ બહુવચનમાં—ઘણાં અનાજનાં નામ બહુવચનમાં આવે છે.

દાખલા:—ઘઉં, ચણા, મગ, અડદ, મઠ

પ્રકરણ ૬ઠ્ઠું

વિભક્તિ : અર્થ

વિભક્તિ એટલે શું?—એક બીજા સાથે સંબંધ રાખનારાં પદોમાંથી પૂરો અર્થ નીકળે તો તેનું વાક્ય બને છે. પદોના આવા સંબંધને **અન્વય** કહે છે. નામનો અન્વય બીજા નામની સાથે કે ક્રિયાપદની સાથે હોય છે. એવો અન્વય બતાવવા સારૂ નામને અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદને પ્રત્યય લાગે છે. નામને લાગેલા પ્રત્યય વિભક્તિ કહેવાય છે. આ પ્રમાણે **વિભક્તિ** એટલે નામ કે ક્રિયાપદ જોડે અન્વય દર્શાવવા સારૂ નામને જે પ્રત્યય લાગે છે તે. એ પ્રત્યયો જુદા જુદા અર્થમાં લાગે છે અને જુદી જુદી સંખ્યા બતાવે છે. કર્તા, કર્મ આદિ અર્થોનો વિભાગ–વિવેક થાય છે, એ અર્થો છૂટા છૂટા સમજાય છે, માટે એને વિભક્તિ કહે છે.

વિભક્તિ કેટલી છે?—વિભક્તિ સાત છે; પહેલી, બીજી, ત્રીજી, ચોથી, પાંચમી, છઠ્ઠી, અને સાતમી. એને સંસ્કૃતમાં અનુક્રમે પ્રથમા, દ્વિતીયા, તૃતીયા, ચતુર્થી, પંચમી, ષષ્ઠી, અને સપ્તમી કહે છે.

વિભક્તિના પ્રત્યય—વિભક્તિના પ્રત્યય નીચે પ્રમાણે છે:—

વિભક્તિ	પ્રત્યય
પહેલી	કંઈ નહિ
બીજી	,, કે ને
ત્રીજી	એ
ચોથી	ને
પાંચમી	થી—થકી
છઠ્ઠી	નો—ની—નું
સાતમી	માં, એ

પહેલી ને બીજીના પ્રત્યય નથી તેનું કારણ—સંસ્કૃતમાં દરેક વિભક્તિના દરેક વચનના પ્રત્યય છે. પ્રાકૃતમાં દ્વિવચન નથી, તેમજ ચતુર્થી વિભક્તિ નથી, તેને બદલે ષષ્ઠી વપરાય છે. અપભ્રંશમાં નરજાતિમાં ને નારીજાતિમાં પહેલી ને બીજીના પ્રત્યયો લોપાઈ જાય છે; તેમજ છઠ્ઠીના પ્રત્યયો સર્વ જાતિમાં લોપ પામે છે. આમ ક્રમે ક્રમે વિભક્તિના પ્રત્યયો ઓછા થતા ગયા. આ કારણથી ગુજરાતીમાં પહેલી અને બીજી વિભક્તિના પ્રત્યયો રહ્યા નહિ.

'ચોપડી' અને 'છોકરો' શબ્દનાં રૂપાખ્યાન આગળ આપ્યાં છે, તે પરથી બીજા બધા શબ્દનાં રૂપાખ્યાન સમજાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ચોપડી

	એકવચન	બહુવચન
૧લી.	ચોપડી	ચોપડી—ચોપડીઓ
૨જી.	ચોપડી—ચોપડીને	ચોપડી—ચોપડીઓ ; ચોપડીને—ચોપડીઓને
૩જી.	ચોપડીએ	ચોપડીએ—ચોપડીઓએ
૪થી.	ચોપડીને	ચોપડીને—ચોપડીઓને
૫મી.	ચોપડીથી	ચોપડીથી—ચોપડીઓથી
૬ઠ્ઠી.	*ચોપડીનો—ની—નું	ચોપડીનો—ની—નું ; ચોપડીઓનો—ની—નું
૭મી.	ચોપડીમાં	ચોપડીમાં—ચોપડીઓમાં

છોકરો

	એકવચન	બહુવચન
૧લી.	છોકરો	છોકરા—છોકરાઓ
૨જી.	છોકરા—છોકરાને	છોકરા—છોકરાને ; છોકરાઓ—છોકરાઓને
૩જી.	છોકરાએ—છોકરે	છોકરાએ છોકરાઓએ
૪થી.	છોકરાને	છોકરાને—છોકરાઓને
૫મી.	છોકરાથી—થકી	છોકરાથી—થકી , છોકરાઓથી—થકી
૬ઠ્ઠી.	*છોકરાનો—ની—નું	છોકરાનો—ની—નું ; છોકરાઓનો—ની—નું
૭મી.	છોકરામાં	છોકરામાં—છોકરાઓમાં

* છઠ્ઠી વિભક્તિ વિશેષણવિભક્તિ છે તેથી વિશેષ્યની જાતિ, વચન અને વિભક્તિ પ્રમાણે તેના રૂપમાં ફેરફાર થાય છે. છોકરાનો ગ્રન્થ, છોકરાની ચોપડી, છોકરાનું પુસ્તક, છોકરાના ગ્રન્થો, છોકરાનાં પુસ્તકો, છોકરાને માથે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાંચમીનો 'થકી' અને સાતમીનો 'એ', એ પ્રત્યયો બધાં નામને લગાડી શકાતા નથી. નીચેને જેવે સ્થળે એ પ્રત્યયો લાગે છે:—

એ છોકરા થકી આ કામ થઈ શકવાનું નથી.
તેણે માથે પાઘડી પહેરી છે.
હું ઝાડે ચડું છું.
તે બારીએ ઊભો છે.
તે ઘેર (ઘરે) નથી.

આકારાન્ત અંગ—'છોકરો' શબ્દને વિભક્તિના પ્રત્યયો લગાડતાં તેનું 'છોકરા' રૂપ થયું છે. આ પ્રમાણે ઓકારાન્ત શબ્દનું અંગ આકારાન્ત થાય છે. પ્રત્યય લગાડતાં શબ્દનું જે રૂપ થાય છે તે રૂપને તે પ્રત્યય પહેલાંનું **અંગ** કહે છે. જે શબ્દને છેડે 'ઉં' હોય છે તેને વિભક્તિના પ્રત્યય લગાડતાં 'ઉં'નો એકવચનમાં 'આ' અને બહુવચનમાં 'આં' થાય છે.

દાખલા:—પેંડાને (એકવચન); પેંડાંને (બહુવચન)
છોકરાને ('છોકરૂં'નું એકવચન)
છોકરાંને ('છોકરૂં'નું બહુવચન)

કારકવિભક્તિ અને વિશેષણવિભક્તિ—છઠ્ઠી વિભક્તિનો અન્વય અન્ય નામની સાથે હોય છે અને તેનો અર્થ વિશેષણના જેવો છે. 'વનનું જાનવર' એટલે 'વન્ય કે વગડાઉ જાનવર'. આમાં 'વનનું'નો અન્વય 'જાનવર' સાથે છે અને એનો અર્થ 'વન્ય' કે 'વગડાઉ' છે, અર્થાત્, વિશેષણ જેવો છે. આ કારણથી છઠ્ઠી વિભક્તિ **વિશેષણવિભક્તિ** કહેવાય છે. છઠ્ઠી સિવાય બીજી બધી વિભકિતનો અન્વય ક્રિયાપદ સાથે હોય છે, માટે તે વિભક્તિઓ **કારકવિભક્તિ** કહેવાય છે. 'કારક' એટલે ક્રિયાની સાથે સંબંધ.

વિભક્તિના અર્થ—વિભક્તિના અર્થ નીચે પ્રમાણે છે:—

પહેલી વિભક્તિ—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. **નામાર્થે**—'હું ચોપડી લખું છું' ને 'મેં ચોપડી લખી,' એ બંને વાકયોમાં લખનાર એકજ છે, કર્તા એકજ છે; છતાં, એક વાક્યમાં કર્તા પહેલી વિભક્તિમાં ને બીજામાં ત્રીજી વિભક્તિમાં છે એનું શું કારણ? એનું કારણ સમજવા 'લખું છું' ને 'લખી'એ ક્રિયાપદોનો શો અર્થ છે તેનો વિચાર કરવો જોઈએ. 'લખું છું'માં કર્તાનો અર્થ આવી જાય છે, માટે એનો પ્રયોગ કર્તરિ છે—એ કર્તાના અર્થમાં છે એમ કહેવાય છે. 'લખી'માં કર્મનો અર્થ આવી જાય છે, માટે એનો પ્રયોગ કર્મણિ છે–એ કર્મના અર્થમાં છે એમ કહેવાય છે. 'લખું છું'માં કર્તાનો અર્થ સમાયો છે અને 'લખી'માં એ અર્થ સમાયો નથી. ક્રિયાપદમાં જે અર્થ આવી ગયો હોય તેજ અર્થ વિભક્તિના પ્રત્યય વડે ફરી બતાવવાની જરૂર રહેતી નથી. 'લખી' માં કર્તાનો અર્થ નથી, તેથી એ અર્થ વિભકિતના પ્રત્યય વડે કહેવો પડે છે. આ પ્રમાણે 'મેં ચોપડી લખી' એમ 'મેં' ત્રીજી વિભક્તિમાં કર્તાના અર્થમાં વપરાય છે; કર્તાની વિભક્તિ ત્રીજી છે, તે એ વાકયમાં વપરાય છે; કારણ કે ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં હોવાથી કર્તાનો અર્થ તેમાં સમાયલો નથી અને કર્તાનો અર્થ ક્રિયાપદના રૂપથી કહેવાયલો ન હોવાથી વિભક્તિના પ્રત્યય વડે કહેવાય છે. 'હું ચોપડા લખું છું,' એમાં ક્રિયાપદમાં કર્તાનો અર્થ સમાયલો છે. કર્તાનો અર્થ ક્રિયાપદ કહે છે તેથી તે ફરી કહેવાની જરૂર રહેતી નથી. આ કારણથી કર્તાની વિભક્તિ એટલે ત્રીજી વિભક્તિ વપરાતી નથી અને આપણે 'મેં ચોપડી લખું છું' એમ કહેતા નથી. 'હું ચોપડી લખું છું' એમાં 'હું' કર્તા છે તોપણ કર્તાની વિભક્તિમાં એટલે ત્રીજી વિભક્તિમાં નથી. 'હું' એ પહેલી વિભક્તિ કર્તાના અર્થમાં નથી, કર્તા છે તોપણ તેનો અર્થ કર્તાનો નથી, એ ખુલ્લું છે; કેમકે કર્તાનો અર્થ હોય તો કર્તાની વિભક્તિ એટલે ત્રીજી વિભક્તિ આવે. ત્યારે અહિં પહેલી વિભક્તિનો અર્થ શો છે? નામનો જે અર્થ છે તેજ અર્થ પહેલી વિભક્તિ કહે છે, એથી વિશેષ કંઈ કહેતી નથી. આ પ્રમાણે પહેલી વિભક્તિ **નામાર્થે** વપરાય છે. નામનું મૂળ સ્વરૂપ **પ્રાતિપદિક** કહેવાય છે; પહેલી વિભક્તિ **પ્રાતિપદિકાર્થે** વપરાઈ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે એમ પણ કહેવાય છે. આ પ્રમાણે પહેલી વિભક્તિ **પ્રાતિપદિકાર્થે** કે **નામાર્થે** વપરાય છે.

પહેલી વિભકિત કર્તા હોય છે ત્યારે તે કર્તાનો અર્થ ક્રિયાપદના રૂપથી કહેવાયલો હોવાથી તે કર્તા **અભિહિત** કર્તા કહેવાય છે. ક્રિયાપદે એ કર્તાનો અર્થ કહ્યો છે, માટે એ અભિહિત કર્તા છે. 'અભિહિત' એટલે કહેવાયલો. 'હું ચોપડી લખું છું,' એમાં 'હું' એ અભિહિત કર્તાના અર્થમાં પહેલીમાં છે એમ પણ કહી શકાય છે. સારાંશ એ છે કે અહિં પહેલી વિભકિત કર્તા છે, પણ કર્તાનો અર્થ ક્રિયાપદે કહ્યો છે તેથી તે અભિહિત કર્તા છે, તેને કહેવાનો અર્થ રહ્યો નથી, તે મૂળ નામના કે પ્રાતિપદિકના અર્થમાં છે.

૨. **સંબોધન**—પહેલી વિભકિતનો બીજો અર્થ સંબોધન છે, કોઈને બોલાવી કંઈ પણ કહેવા અભિમુખ કરવો તે સંબોધન કહેવાય છે. એ અર્થમાં પહેલી વિભક્તિ વપરાય છે.

હે રામ! મારૂં રક્ષણ કર–એમાં 'રામ' એ સંબોધન છે. એનો છેલ્લો સ્વર પ્લુત છે. હે રામ ૩.

કેટલાક વૈયાકરણો સાતને બદલે આઠ વિભકિત આપી સંબોધનને આઠમી વિભકિત ગણે છે. પરંતુ એ પ્રથમાનો એક અર્થ છે એમજ પ્રસિદ્ધ વૈયાકરણ ભગવાન્ પાણિનિ માને છે, અને એમજ લેવું યુકત છે.

૩. **વિધેયવાચક પ્રથમા**—થવું, હોવું, બનવું, દેખાવું, જણાવું, વગેરે અપૂર્ણક્રિયાવાચક છે. એવાં ક્રિયાપદને યોગે પ્રથમા વિભકિત વપરાય છે, તે વિધેય હોવાથી **વિધેયવાચક** છે.

દાખલા:—

દિલ્હી સુંદર **શહેર** છે.

તે મોટો **વેપારી** થયો છે–બન્યો છે.

તે ડાહ્યો **પુરૂષ** દેખાતો–જણાતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. **પરિમાણ**—

તેણે બે **કળશીઆ** પાણી પીધું (કળશીઆના પરિમાણનું, કળશીઆમાં માએ એટલું)

તે બ્રાહ્મણને એક **વાડકો** ચોખા આપ (વાડકામાં માએ એટલા).

આ સ્થળે 'કળશીઆ' અને 'વાડકો' લક્ષ્યાર્થમાં છે, વાચ્યાર્થમાં નથી (પ્રકરણ ૩૦મું જુઓ).

બીજી વિભક્તિ—

૧. **કર્મ**—કર્મ એ બીજી વિભક્તિનો અર્થ છે. 'હું ચોપડી લખું છું.' અને 'હું છોકરાને બોલાવું છું,' એમાં 'ચોપડી' અને 'છોકરાને' એ બંને કર્મ છે અને એ બંને સ્થળે બીજી વિભક્તિ કર્માર્થે છે. પહેલા દાખલામાં અપ્રત્યય દ્વિતીયા છે અને બીજામાં સપ્રત્યય દ્વિતીયા છે. ઘણે ભાગે નિર્જીવ પદાર્થનાં નામ કર્મ તરીકે અપ્રત્યય દ્વિતીયામાં અને સજીવ પદાર્થનાં નામ કર્મ તરીકે સપ્રત્યય દ્વિતીયામાં આવે છે; જેમકે,

હું દૂધ દોહું છું.	હું પાણી પીઉં છું.
હું કાગળ લખું છું.	હું ચોપડી વાંચું છું.

હું તે છોકરાને પાઠ શિખવું છું.
હું તેને બોલાવું છું.
તે અમને મારે છે.

પરંતુ નિર્જીવ પદાર્થનાં નામ પણ કેટલીક વાર સપ્રત્યય દ્વિતીયામાં આવે છે; જેમકે,

લોકોએ **પાણી** કે **પાણીને** સ્વચ્છ કરીને પીવું જોઈએ.

રોગ ચાલતો હોય ત્યારે આપણે **પાણી** કે **પાણીને** ઉકાળીને પીવું.

અભિહિત કર્મ—કર્મણિ પ્રયોગમાં ક્રિયાપદથી કર્મનો અર્થ કહેવાયલો હોય છે. કર્મ ક્રિયાપદથી અભિહિત (કહેવાયલું) હોવાથી, વિભક્તિના પ્રત્યય વડે તેને ફરી કહેવાની જરૂર નથી. આ કારણથી કર્મણિ પ્રયોગમાં કર્મ પહેલી વિભક્તિમાં નામાર્થે આવે છે. સંસ્કૃતમાં હમેશ એજ પ્રમાણે થાય છે; પરંતુ ગુજરાતીમાં કેટલેક સ્થળે કર્મણિ પ્રયોગમાં સપ્રત્યય દ્વિતીયા વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

મેં તે **પુસ્તક** વાંચ્યું (નામાર્થે પ્રથમા, અભિહિત કર્મ છે).

મેં **છોકરાને** બોલાવ્યો (સપ્રત્યય દ્વિતીયા).

મેં તે **છોકરાને** રોકયો (સપ્રત્યય દ્વિતીયા).

તેણે **તેને** માર્યો (સપ્રત્યય દ્વિતીયા).

હું તે **પુસ્તક** વાંચું છું (કર્મ, અપ્રત્યય દ્વિતીયા, ક્રિયાપદમાં કર્મનો **અર્થ** નથી, ક્રિયાપદથી કર્મનો **અર્થ** કહેવાયો નથી; માટે અનભિહિત કર્મ કહેવાય છે).

દ્વિકર્મક ક્રિયાપદ—કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોય છે, એક **પ્રધાન** કર્મ અને બીજું **ગૌણ** કર્મ. જે કર્મ ક્રિયાપદની સાથે વધારે નિકટનો સંબંધ ધરાવે છે તે મુખ્ય કર્મ કે પ્રધાન કર્મ અને બીજું ગૌણ કર્મ કહેવાય છે. ક્રિયાપદને વિષે 'શું' એવો પ્રશ્ન પૂછવાથી જે ઉત્તર આવે તે પ્રધાન કર્મ અને 'કોને' એવો પ્રશ્ન પૂછવાથી જે ઉત્તર આવે તે ગૌણ કર્મ હોય છે.

દાખલાઃ—

શિક્ષક **તેને પાઠ** શિખવે છે ('પાઠ'—પ્રધાન કર્મ; 'તેને'—ગૌણ કર્મ).

હું **તમને પ્રશ્ન** પૂછું છું ('પ્રશ્ન'—પ્રધાન કર્મ; 'તમને'—ગૌણ કર્મ).

હું **તેને વાત** કહું છું ('વાત'—પ્રધાન કર્મ; 'તેને'—ગૌણ કર્મ).

હું **તેને** મારો **મિત્ર** ગણું છું—સમજું છું—જાણું—વિચારૂં છું—ધારૂં છું—કલ્પું છું ('મિત્ર'—પ્રધાન કર્મ; 'તેને'—ગૌણ કર્મ).

રાજાએ **તેને પ્રધાન** બનાવ્યો ('પ્રધાન'—પ્રધાન કર્મ; 'તેને'—ગૌણ કર્મ).

આવાં ક્રિયાપદ દ્વિકર્મક છે. કર્મણિ પ્રયોગમાં આ બે કર્મોમાંના પ્રધાન કર્મનો **અર્થ** ક્રિયાપદમાં સમાયલો હોય છે, તેથી તે કર્મવાચક પદ પ્રથમા વિભક્તિમાં નામાર્થે આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલા:—

શિક્ષકે તેને પાઠ શિખવ્યો ('પાઠ' અભિહિત કર્મ છે, માટે નામાર્થે પ્રથમામાં છે અને 'તેને' એ દ્વિતીયામાં કર્માર્થે છે).

શિક્ષકથી તેને પાઠ શિખવાતો નથી ('પાઠ' અભિહિત કર્મ, નામાર્થે પ્રથમા).

મેં તેમને પ્રશ્ન પૂછ્યો.

મારાથી તેમને પ્રશ્ન પુછાયો નહિ.

મેં તેમને વાત કહી.

મારાથી તેમને વાત કહેવાઈ નહિ.

૨. **ગત્યર્થ ક્રિયાપદનું કર્મ**—'જવું' એવો અર્થ જે ક્રિયાપદનો થાય તે ગત્યર્થક ક્રિયાપદ કહેવાય છે. એવાં ક્રિયાપદને યોગે જે સ્થળે ગતિ થાય છે તે સ્થળવાચક નામ બીજી વિભક્તિમાં આવે છે; જેમકે,

હું **ગામ** જાઉં છું.

મેં તેને **મુંબઈ** મોકલ્યો છે.

૩. **મર્યાદાવાચક**—કાળ કે સ્થળની મર્યાદા બતાવનારા શબ્દો બીજી વિભક્તિમાં આવે છે. એવા શબ્દો પછી 'સુધી,' 'લગણ,' 'પર્યન્ત,' એવા શબ્દ મૂકી શકાય છે; જેમકે,

તે ચાર **કોસ** ચાલ્યો (કોસ સુધી–સ્થળની મર્યાદા બતાવે છે).

તેણે આખો **દહાડો** ઊંઘ્યા કર્યું (આખા દહાડા લગણ–કાળની મર્યાદા બતાવે છે).

નદી ૪૦૦ **માઈલ** લાંબી છે (માઈલ લગણ–સુધી–સ્થળની મર્યાદા બતાવે છે).

કાળ કે સ્થળની આ મર્યાદાને ક્રિયાની સાથે અત્યન્ત સંયોગ એટલે ઘણો નિકટ સંબંધ હોવાથી આને અત્યન્તસંયોગવાચક દ્વિતીયા કહે છે. જ્યાં 'સુધી' અવ્યય વાપરી શકાય ત્યાં મર્યાદાનો અર્થ છે એમ સમજવું.

જ્યાં આવી મર્યાદાનો અર્થ હોતો નથી, ત્યાં નામાર્થે પ્રથમા સમજવી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

અહિંથી ગામ ચાર **ગાઉ** દૂર છે.

કાર્તિકીથી માગશરી પુનેમને **મહીનો** છે.

અહિં 'ગાઉ' અને 'મહીનો' એ અત્યન્તસંયોગવાચક નથી, કાળની કે સ્થળની મર્યાદા બતાવતા નથી, માટે બીજી વિભક્તિમાં નથી. એ બંને સ્થળે પહેલી વિભક્તિ છે અને તે નામાર્થે છે.

પહેલી અને બીજી—

સાકર રૂપીઆની પાંચ **શેર** મળે છે (પહેલી. 'શેર' એટલે 'શેર વજનવાળા.' 'સાકર' ની સાથે સમાનાર્થક છે.)

તે પાંચ **શેર** સાકર વેચાતી લે છે (બીજી. શેર–શેર વજનવાળી. 'સાકર'ની સાથે 'શેર' સમાનાર્થક છે; અનભિહિત કર્મ છે, માટે કર્માર્થે દ્વિતીયા છે).

તેણે પાંચ **શેર** સાકર વેચાતી લીધી (પહેલી. અભિહિત કર્મ છે—ક્રિયાપદથી કર્મ અભિહિત છે. માટે 'સાકર' નામાર્થે પ્રથમામાં છે, તેની સાથે 'શેર' સામાનાર્થક છે, તેથી નામાર્થે પહેલી છે).

આ બનાત છ **વાર** છે (પહેલી. 'વાર' એટલે 'વાર માપવાળા.' 'બનાત'ની સાથે સમાનાર્થક છે).

હું છ **વાર** બનાત દરજીને આપું છું (બીજી. અનભિહિત કર્મ છે; માટે કર્માર્થે દ્વિતીયા. ('બનાત' સાથે સમાનાર્થક છે).

મેં છ **વાર** બનાત દરજીને આપી (પહેલી. અભિહિત કર્મ છે. માટે 'બનાત' નામાર્થે પ્રથમામાં છે અને 'વાર' તેની સાથે સમાનાર્થ (વાર=વાર માપવાળી) હોવાથી તે પણ નામાર્થે પ્રથમામાં છે).

અહિંથી રણ ચાર **ગાઉ** છે (પહેલી, નામાર્થે).

અહિંથી ચાર **ગાઉ** રણ છે (બીજી, મર્યાદાવાચક; 'ચાર ગાઉ'= ચાર ગાઉ સુધી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ત્રીજી વિભક્તિ—

૧. **કર્તાર્થે અને કરણાર્થે**—કર્તા અને કરણ એ ત્રીજી વિભક્તિના મુખ્ય અર્થ છે; જેમકે,

રાજાએ શત્રુને **તલવારે** કાપી નાંખ્યો.

ઉપલા વાક્યમાં 'રાજાએ' એ કર્તૃવાચક તૃતીયા અને 'તલવારે' એ કરણવાચક તૃતીયા છે. કરણ એટલે જે વડે કામ કરાય તે, કામ કરવાનું સાધન. ક્રિયા કરવામાં ઘણું ઉપયોગી સાધન તે કરણ છે.

તું **અધર્મે** ને **દુરાચારે** વર્તે છે (અધર્મની અને દુરાચારની રીતે).

તે રૂડી **પેરે–રીતે** રાજ્ય ચલાવે છે.

ઉપલાં બે વાક્યોમાં તૃતીયા કરણવાચક છે. અધર્મ અને દુરાચાર એ વર્તવાનું સાધન છે અને રીત એ રાજ ચલાવવાનું સાધન છે.

૨. **હેતુવાચક**—

ગરમીએ મારૂં માથું દૂખે છે.

હેતુ એટલે કારણ. ગરમી એ માથું દૂખવાનું કારણ છે, માટે હેતુ કહેવાય છે..

૩. **વિકારી અંગના અર્થમાં**—

તે **આંખે** આંધળો છે, **કાને** બહેરો છે, **પગે** લુલો છે, અને **હાથે** ઠુંઠો છે.

આમાં આંખ, કાન, પગ, અને હાથ, એ વિકારી–રોગિષ્ઠ અંગ છે.

૪. **ગમ્યમાન ક્રિયાના કરણને અર્થે**—

કેટલેક સ્થળે ક્રિયા ગમ્યમાન એટલે કહેલી નહિ, પણ સમજી લેવાની હોય છે. એવી ગમ્યમાન ક્રિયાનું જે કરણ હોય તે ત્રીજી વિભક્તિમાં વપરાય છે.

તે સ્વભાવે નરમ છે (નરમ છે એમ સ્વભાવે જણાય છે. 'જણાય છે' એ ગમ્યમાન ક્રિયા છે અને સ્વભાવ તેનું કરણ છે).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે **નામે** નરસિંહ છે (નરસિંહ છે એમ નામ વડે જણાય છે–સમજાય છે).

તે **ગોત્રે** ગાર્ગ્ય છે (ગાર્ગ્ય છે એમ ગોત્ર વડે સમજાય છે).

બદામનો મગજ બાર **આને** શેર મળે છે (બાર આના વડે શેર લઈ શકાય એ ભાવે મળે છે).

આ પ્રમાણે ભાવ બતાવનાર શબ્દ ત્રીજી વિભકિતમાં આવે છે અને **તે** વસ્તુતઃ ગમ્યમાન ક્રિયાનું કરણ છે.

શ્રીખંડમાં **મણે** સોળ શેર ખાંડ નંખાય છે (શ્રીખંડને મણીકા વડે માપીને–જોખીને, અર્થાત્, મણ શ્રીખંડે).

૫. **ફળવાચક**—ફળવાચક ક્રિયાને યોગે કાળવાચક પદ ત્રીજીમાં આવે છે.

ઘણે **વર્ષે** તેનું કામ પાર પડ્યું
તે એક **મહીને** તે ગામ પહોંચ્યો.

૬. **'સાથે'ના અર્થને યોગે—**

તે ચોધાર **આંસુએ** રોય છે (આંસુ સાથે–આંસુ પાડી).

તેણે શરમાયલે **મોંએ** ગુનો કબૂલ્યો (શરમાયલા મોંની સાથે, શરમાયલું મોં કરી).

ચોથી વિભક્તિ—

૧. સંપ્રદાનના અર્થમાં—ચોથી વિભક્તિનો મુખ્ય અર્થ સંપ્રદાન છે. દાન કરવાની એટલે કંઈ આપવાની ક્રિયાનું જે ગૌણ કર્મ તે **સંપ્રદાન** કહેવાય છે. **અર્થાત્**, જેને ઉદ્દેશીને કંઈ દાન કરવામાં આવે તે સંપ્રદાન છે. અહિં 'આપવું' એનો અર્થ 'આપી દેવું' લેવાનો નથી. 'સોંપવું' એ અર્થનો પણ એમાં સમાવેશ કરવાનો છે.

દાખલાઃ—

રાજા **બ્રાહ્મણોને** ગાય આપે છે.
તે **ધોબીને** લુગડાં ધોવા આપે છે.
તે મારી **વાતને** કાન દેતો નથી.
તેણે કેળવણી માટે પોતાનો પુત્ર **મને** સોંપ્યો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. **દ્વિકર્મક ધાતુનું ગૌણ કર્મ**—દ્વિકર્મક ધાતુના ગૌણ કર્મને સંપ્રદાન કહી શકાય અને તેને ચોથી વિભક્તિમાં પણ લઈ શકાય. સંસ્કૃતમાં એ કર્મ બીજીમાં તેમજ ચોથીમાં વપરાય છે; જેમકે,

મેં **મિત્રને** પત્ર લખ્યો—મોકલ્યો.

તેણે **મને** પ્રશ્ન પૂછ્યો.

૩. **તાદર્થ્યે**—'માટે'ના અર્થમાં ચોથી વિભક્તિ વપરાય છે. 'તેને અર્થે-તેને માટે' એવો 'તાદર્થ્યે'નો અર્થ છે; જેમકે,

તેને **રમવાને** બોલાવો. (રમવાને માટે, 'રમવું' એ સામાન્ય કૃદન્તની ચતુર્થી).

તે હવા **ખાવા** મહાબળેશ્વર જાય છે (ખાવા માટે).

૪.-ને ગમવું, ફાવવું, લાગવું, થવું, જેવા અર્થના ધાતુને યોગે—આવા અર્થના ધાતુને યોગે ચોથી વિભક્તિ વપરાય છે. એ પણ સંપ્રદાનજ ગણાય છે; જેમકે,

આ પદાર્થ **તેને** ગમતો નથી—રુચતો નથી—ફાવતો નથી—ઠીક લાગતો નથી.

તેને ઊંઘ આવી નહિ (ઉત્પન્ન ન થઈ).

તેને બહુ આનન્દ થયો.

૫. **કર્તાના અર્થમાં**—

આજ સાંજે **મારે** ગામ જવું છે.

કાલે **તેને** મુંબઈ જવું છે.

૬. **છટ્ઠીના અર્થમાં**—

દાખલાઃ—

તેને બે પુત્ર છે (તેના બે પુત્ર છે, એવો અર્થ છે).

આ **શહેરને** ફરતો કોટ છે.

તે **ધિક્કારને** પાત્ર છે—(ધિક્કારનું પાત્ર).

આ **તમને** ઉચિત—યોગ્ય—લાયક નથી (તમારી લાયકાત બતાવનારું).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે **શત્રુને** તાબે—આધીન—વશ થયો.

આવું સુખ તો **દેવને** પણ દુર્લભ છે.

સર્વ પ્રકારની અનુકૂળતા **તેને** સુલભ છે.

તેને લગતી બાબત મારા જાણવામાં નથી.

તે **સહુને** લાડકો અને **પ્રજાને** મનભાવતો છે.

આજ પ્રમાણે અન્ય વિશેષણોને યોગે ચતુર્થી ષષ્ઠીના અર્થમાં વપરાય છે.

પાંચમી વિભક્તિ—

૧. **અપાદાન**—અપાદાન એટલે જે કોઈ પદાર્થથી છૂટા પડવું તે પદાર્થ. અપાદાનવાચક નામ પાંચમી વિભક્તિમાં આવે છે, એ પાંચમીનો મુખ્ય અર્થ છે; જેમકે,

હું **ગામથી** ચાર વાગે નીકળ્યો.

૨. **અપાદાનનો બહોળો અર્થ**-થી કંટાળવું, વિરમવું, અટકવું, બીવું, રક્ષવું, જન્મવું, શીખવું, વારવું, ચડિયાતા થવું—આ ઠેકાણે પાંચમી વપરાય છે.. અહિં પણ અપાદાનનોજ અર્થ છે. અહિં 'છૂટા પડવું' એટલે 'મનનું પાછું હઠવું—ફરવું' સમજવું.

તે **અભ્યાસથી** કંટાળ્યો છે—થાકી ગયો છે (અભ્યાસથી તેનું મન છૂટયું છે—દૂર છે).

મેં તેને **એટલેથી** વિરમવાનું-અટકવાનું કહ્યું (મન ખેંચી લેવાનું).

તે **ભૂતથી** બીતો નથી (મન પાછું હઠાવતો નથી).

મેં તેને **શત્રુથી** રક્ષ્યો—બચાવ્યો (તેનું મન શત્રુથી છૂટું થાય એમ કર્યું).

હું મારા પૂજ્ય **ગુરુથી** આ જ્ઞાન પામ્યો છું (ગુરુએ મને જ્ઞાન આપ્યું, એટલે એ જ્ઞાન જાણે ગુરુથી છૂટું પડયું હોય એમ થયું).

આ પુસ્તક **તેથી** વધારે ખુબીદાર છે (એક વસ્તુને બીજી સાથે સરખાવતાં તે તેની બરાબર ન હોય તો મન તેથી આવું જાય છે.)

તે **સર્વથી** ઉત્કૃષ્ટ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ **તેનાથી** બમણું—ચારગણું—અર્ધું છે.

૩. **હેતુના અર્થમાં**—

ટાઢથી તેનું શરીર કંપે છે.

સંસ્કૃતની પેઠે ગુજરાતીમાં પણ હેતુવાચક શબ્દ ત્રીજી કે પાંચમી વિભક્તિમાં આવે છે; જેમકે,

ટાઢે—ટાઢથી—તેનું શરીર ધ્રૂજે છે.

૪. **અન્ય, ભિન્ન, દૂર, જેવા અર્થના શબ્દોને યોગે**--

તે કારણ **આથી** જુદું છે.

તળાવ **ગામથી** દૂર છે.

૫. **આરંભના અર્થમાં**—

તે **મહીનાથી** તાવે તરફડે છે (મહીનો થયાં, મહીનાથી આરંભીને).

માથાથી નખ સુધી તેને શરીરે પુષ્કળ વાળ છે.

અથથી ઇતિ સુધી મેં તે વાત સાંભળી.

૬. **ત્રીજીના મુખ્ય અર્થોમાં**—

કર્તા—**તેનાથી** પાઠ વંચાતો નથી.

કરણ—તેણે **ચપ્પુથી** કલમ ઘડી.

છઠ્ઠી વિભક્તિ—

૧. **સંબંધના અર્થમાં**—કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અને અધિકરણ, * એ છ કારક છે; કેમકે એ બધાંનો સંબંધ ક્રિયા સાથે છે. કર્તા એ ક્રિયાનો કરનાર છે; કર્મ એ ક્રિયાનું ફળ જેને લાગુ પડે છે તે છે; કરણ એ ક્રિયા કરવાનું સાધન છે; સંપ્રદાન એ દાનની ક્રિયાનું ગૌણ કર્મ છે; જેનાથી ખરેખરું કે માનસિક છૂટા પડવાનું થાય છે તે અપાદાન છે; કર્તા કે કર્મની મારફત ક્રિયાનું સ્થાન તે અધિકરણ છે—આ પ્રમાણે કર્તા, કર્મ, વગેરે ક્રિયા સાથે જોડાયલાં છે, તેથી **કારક** કહેવાય છે. એ છ કારક સિવાયના અન્ય સંબંધના અર્થમાં છઠ્ઠી વિભક્તિ વપરાય છે. એ સંબંધ અનેક જાતનો હોય છે, તે નીચેના દાખલાઓ પરથી સમજાશે.

* આનો અર્થ સાતમીના અર્થમાં બરાબર સમજાશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

રાજાનો નોકર (શેઠ અને ચાકરનો સંબંધ બતાવે છે).

શરીરનું અંગ } આખી વસ્તુ અને તેના ભાગની વચ્ચેનો
ઝાડની ડાળી } સંબંધ

ગુરુનો શિષ્ય (શિક્ષક અને શિષ્યનો સંબંધ)

રાજાનો મહેલ (માલિક અને તેની માલકીની ચીજ વચ્ચેનો સંબંધ)

સોનાનું કડું (મૂળ વસ્તુ અને તેનું જે બનેલું; તેની વચ્ચેનો સંબંધ)

સૂરજનું અજવાળું (સૂરજે ઉત્પન્ન કરેલું; ઉત્પન્ન કરનાર અને ઉત્પન્ન કરેલી વસ્તુ વચ્ચેનો સંબંધ)

તેલનો મણીકો (પાત્ર અને તેમાં ભરેલું હોય તે વચ્ચેનો સંબંધ)

વડનું ઝાડ (વડ અને ઝાડ એકજ પદાર્થ છે, એવો સમાન અર્થનો સંબંધ)

૨. **ત્રીજીના અર્થમાં—**

(અ) **કર્તાના અર્થમાં—**

રાજાનો માનીતો (રાજાએ માનેલો)

રાજાની કૃપા (રાજાએ બતાવેલી કૃપા)

મરકીનો ત્રાસ (મરકીએ કરેલો ત્રાસ)

દુઃખનો માર્યો (દુઃખે મારેલો)

હાથનાં કર્યાં હૈયે વાગ્યાં (હાથને અહિં કરનાર ગણ્યો છે, સાધન નહિ).

આને સંસ્કૃતમાં **કર્તરી ષષ્ઠી** કહી છે. 'કર્તરિ' એટલે 'કર્તાના અર્થમાં.'

(આ) **કરણના અર્થમાં—**

તે **ન્યાતનો** વાણીઓ છે (ન્યાતે. ન્યાત વડે વાણીઓ છે એમ સમજાય છે. અગાઉ સમજાવ્યું છે તેમ 'ન્યાત' એ ગમ્યમાન ક્રિયાનું કરણ છે).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે **જાતનો** હિંદુ છે.

આ માણસ **કાનનો** કાચો છે.

તે **મનનો** મેલો, **મગજનો** કડક, ને **છાતીનો** આઘો છે.

આ પુરુષ **હૈયાનો** ફૂટેલો છે.

૩. બીજીના અર્થમાં—

કર્મના અર્થમાં—

તે **શિષ્યની** શિક્ષા યોગ્ય છે. (શિષ્યને કરેલી શિક્ષા; 'શિષ્ય' એ શિક્ષાનો ખમનાર છે, માટે કર્મ છે).

આને સંસ્કૃતમાં **કર્મણિ ષષ્ઠી** કહી છે. 'કર્મણિ' એટલે 'કર્મના અર્થમાં.'

૪. પાંચમીના અર્થમાં—

આરંભના અર્થમાં—

હું સવારનો તમારી વાટ જોઉં છું (સવારથી માંડીને).

તે ક્યારનો માંદો છે? (ક્યારથી?)

૫. સાતમીના અર્થમાં—

અધિકરણના (સ્થળના) અર્થમાં—

તે **રાતનો** જાગે છે અને **દિવસનો** ઊંઘે છે (રાતે; દિવસે).

૬. નામયોગીના સંબંધમાં—નામયોગી અવ્યયો વિભક્તિના અર્થમાં હોય છે તેને યોગે છઠ્ઠી વિભક્તિ વપરાય છે કે સમજી લેવાની હોય છે.

દાખલા:—**ઘરની** પાસે; **ગામની** કને; **તેની** આગળ-ઉપર-નીચે-પાછળ-પૂઠે-જોડે-સાથે-અંદર-મધ્યે-વચ્ચે, વગેરે.

'ને' પ્રત્યય—છઠ્ઠી વિભક્તિ વિશેષણવિભક્તિ છે તેથી 'એ' પ્રત્યયવાળા શબ્દ ત્રીજી કે સાતમી વિભક્તિના નામ સાથે વપરાય છે ત્યારે તેમજ એ પ્રત્યયના અર્થના નામયોગીની સાથે વપરાય છે ત્યારે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છઠ્ઠી વિભક્તિનો 'ને' પ્રત્યય વપરાય છે, તેમાં છઠ્ઠી ઉપરાંત ત્રીજી કે સાતમી વિભક્તિનો પ્રત્યય **અને** **અર્થ** રહેલો છે.

દાખલા:—

તેને માથે બહુ ભાર છે (છઠ્ઠી સાથે સાતમી).
સુખને અર્થે તેણે બહુ ફાંફાં માર્યાં. (છઠ્ઠી **સાથે** સાતમી).
તે **બળને** યોગે મોટે સાદે બોલ્યો (છઠ્ઠી સાથે ત્રીજી).
સીતા **વાલ્મીકિને** આશ્રમે પહોંચ્યાં (છઠ્ઠી **સાથે** સાતમી).
તેણે **આંખને** અણસારે ના કહી (છઠ્ઠી સાથે ત્રીજી).
આ મકાન **જુમા મસીદને** નામે ઓળખાય છે (છઠ્ઠી સાથે ત્રીજી).
તેના **બાપને મુઆને** ચાર વર્ષ થયાં (માત્ર છઠ્ઠીનો **અર્થ** છે).
***તેને** ગામથી **નીકળ્યાને** કલાક થયો (માત્ર છઠ્ઠી).
તેને માટે–કાજે–વાસ્તે–સારૂ (માત્ર છઠ્ઠી–'તેને કાજે'માં છઠ્ઠી સાથે સાતમી છે એ સ્પષ્ટ છે).

મારે વડે—**મારા** વડે
તેને વડે—**તેના** વડે } માત્ર છઠ્ઠી
તારે વડે—**તારા** વડે

તેને લગતું આ કામ છે (માત્ર છઠ્ઠી).

સાતમી વિભક્તિ—

અધિકરણના અર્થમાં—અધિકરણ એટલે સ્થળ. કર્તા કે કર્મની મારફત ક્રિયાનો આધાર તે અધિકરણ છે.

દાખલા:—

ઘણા ધનાઢ્ય લોકો આ **નગરમાં** વસે છે.

આમાં 'નગર' એ વસવાની ક્રિયાનો કર્તાની મારફત આધાર છે. 'લોકો' એ કર્તા છે અને 'નગર' એ લોકોને વસવાનું સ્થાન છે; આ પ્રમાણે કર્તૃદ્વારા 'નગર' એ વસવાની ક્રિયાનું સ્થાન છે.

---

*'તેના ગામથી' એ સરળ ને શુદ્ધ રચના છે. પણ 'તેને ગામથી' નો પણ પ્રચાર છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે આટલા બધા ચોખા આ **તપેલામાં** રાંધી શકશો નહિ.

આ વાક્યમાં 'ચોખા' રાંધવાની ક્રિયાનું કર્મ છે અને 'તપેલું' ચોખાનું આધારસ્થાન છે. આ પ્રમાણે કર્મદ્વારા 'તપેલું' એ રાંધવાની ક્રિયાનું સ્થાન છે.

ખેતરમાં બાજરી ઊગે છે.

તેણે **માથે** પાઘડી પહેરી છે.

'દુર્યોધન શૌર્ય ને બુદ્ધિ વડે સ્વતન્ત્ર રાજ્ય **કરવે** યોગ્ય હતો' (નર્મગદ્ય, પૃ. ૧૮૩).

'એ' પ્રત્યય ત્રીજીનો તેમજ સાતમીનો છે; કરણનો અર્થ હોય તો ત્રીજી અને અધિકરણનો અર્થ હોય તો સાતમી લેવી; જેમકે,

આ **ડાળીએ** બહુ પાંદડાં છે (સાતમી).

તે વાંદરૂં **ડાળીએ ડાળીએ** તે ઝાડને **ટોચે** ચડ્યું ('ડાળીએ' ત્રીજી; 'ટોચે' સાતમી).

૨. ચતુર, ઉત્સુક, તત્પર, એવા અર્થના શબ્દને યોગે–

દાખલાઃ—

તે પુરુષ **કળામાં** પ્રવીણ છે.

તે પોતાના **કામમાં** ઘણો ઉત્સુક છે–તત્પર છે.

૩. ગત્યર્થક ધાતુને યોગે— જવું, આવવું, પહોંચવું, એવા ગત્યર્થક ધાતુને યોગે સાતમી પણ વપરાય છે. અગાઉ બીજી વિભકિત વપરાય છે એમ કહ્યું છે.

દાખલાઃ—

તે ઘેર (ઘરે) જાય છે (સાતમી).

તે આજે સાંજે **ગામ** જવાનો છે (બીજી).

એટલામાં તેઓ કણ્વ ઋષિને **આશ્રમે** પહોંચ્યા.

તેઓ પોતપોતાનાં **ઘરમાં** ગયાં.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેઓ પોતપોતાને **ઠેકાણે** ગયાં.

આખરે, તેઓ શત્રુને **શરણે** આવ્યા.

સાંજે તેઓ પોતાને **શિબિરે**–છાવણીએ ગયા.

'ત્રીસેક વર્ષની વયે **અયોધ્યે** આવ્યા પછી (તે) ગર્ભવંતી થઈ' (નર્મગદ્ય, પૃ૦ ૧૭૮).

૪. **નિર્ધારણના અર્થમાં**—આખા વર્ગમાંથી એક પદાર્થને છૂટો પાડી એમાં અમુક ગુણ સર્વથી વધારે છે એમ કહેવું તેને **નિર્ધારણ** કહે છે. નિર્ધારણના અર્થમાં વર્ગસૂચક નામ સાતમીમાં આવે છે; જેમકે,

તે ગુણે કરીને **મનુષ્યોમાં** શ્રેષ્ઠ છે.

નારાયણ સર્વ **શિષ્યોમાં** હોશિયાર છે.

૫. **સતિસપ્તમીના અર્થમાં**—सत् એ સંસ્કૃતમાં अस् 'હોવું' એ ધાતુનો વર્તમાન કૃદન્ત છે અને તેની સાતમીનું એકવચન सति થાય છે. સંસ્કૃતમાં જ્યાં સપ્તમીની સાથે એકવચનમાં सति એવું રૂપ વાપર્યું હોય કે વાપરી શકાય ત્યાં સપ્તમી सतिसप्तमी કહેવાય છે. દ્વિવચન કે બહુવચનમાં સપ્તમી વિભક્તિ હોય ત્યાં सत्‌નું દ્વિવચન કે બહુવચનનું રૂપ વપરાય છે; પરંતુ એકવચનના सति રૂપ ઉપરથી વિભક્તિનું નામ सतिसप्तमी પડ્યું છે. सतिનું અપભ્રંશ રૂપ 'છતે', 'છતાં', છે. જ્યાં 'છતે' કે 'છતાં' રૂપ વાપર્યું હોય કે વાપરી શકાય ત્યાં સતિસપ્તમી સમજવી.

દાખલાઃ—

જતે દહાડે તે હોશિયાર થયો (દહાડે જતે છતે). 'જેમ જેમ દહાડા ગયા તેમ' એવો અર્થ છે.

સમય જતાં, દિવસ જતાં તે સર્વ કળામાં પ્રવીણ થયો (સમય જતે છતે, દિવસે જતે છતે).

યુદ્ધ થયે ઘણો સંહાર થયો.

'ગરમ **લોહી વહેતે** મરવું બહેતર છે.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તે **યોદ્ધો છતે** કોમળ હૃદયનો હતો' (નર્મ૦, પૃ૦ ૧૮૩).

ઉપલા દાખલાઓમાં 'સમય', 'દિવસ', 'યુદ્ધ', 'લોહી', અને 'યોદ્ધો', એ શબ્દોમાં ગુજરાતીમાં સાતમી વિભક્તિનો પ્રત્યય લોપાઈ ગયો છે. એ પદોને સતિસપ્તમીમાં ગણવાં અને સપ્તમીનો પ્રત્યય લોપ પામ્યો છે એમ નોંધ કરવી.

૬. ત્રીજીના અર્થમાં—

કરણાર્થે—

આ ઘર એક હજાર **રૂપીઆમાં** સમું કરી શકાશે.
સો **રૂપીઆમાં** માસિક ખર્ચ ચાલશે નહિ.

ઉપલાં વાક્યના અર્થમાં અને 'એક હજાર **રૂપીએ** સમું કરી શકાશે', અને 'સો **રૂપીએ** માસિક ખર્ચ ચાલશે નહિ', એ ત્રીજી વિભક્તિવાળા વાક્યના અર્થમાં સહેજ ફેર છે તે સ્પષ્ટ છે.

બેત્રણ વિભક્તિ એકઠી—ઘણી વાર બેત્રણ વિભક્તિના પ્રત્યયો એકઠા થાય છે.

દાખલાઃ—

૧. તે **અગાસીએથી** પડી ગયો (સાતમી સાથે પાંચમી).

૨. **તેનામાંથી** ભાગ પડાવવા એ ઠીક નથી (છઠ્ઠી સાથે સાતમી સાથે પાંચમી).

૩. **તેનાથી** દાખલો ગણાશે નહિ.

ઉપલા ત્રીજા વાકયમાં છઠ્ઠી સાથે પાંચમીનો પ્રત્યય દેખાય છે, પરંતુ એમાં છઠ્ઠીનો અર્થ નથી અને 'તેથી' એવું શુદ્ધ પાંચમીનું રૂપ કવચિતજ વપરાય છે. એજ પ્રમાણે '**મારાથી** આ કામ થશે નહિ,' '**તેનામાં** અક્કલ બહુ ઓછી જણાય છે,' એ વાક્યોમાં 'મારાથી' અને 'તેનામાં' એને અનુક્રમે શુદ્ધ પાંચમી અને સાતમીમાંજ ગણવાં યુકત છે; કેમકે એમાં છઠ્ઠીનો અર્થ જણાતો નથી અને 'હુંથી' ને 'તેમાં' એ રૂપો એવે સ્થળે કવચિતજ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિભક્તિ ગમ્યમાન—કેટલીક વાર વિભક્તિનો પ્રત્યય આપેલો હતો નથી; પણ ગમ્યમાન એટલે સમજી લેવાનો હોય છે. કવિતામાં એવું વિશેષ હોય છે; પરંતુ ગદ્યમાં પણ કવચિત્ હોય છે.

દાખલા:—

તેને **મન** (મને–મનમાં) તો કંઈ નથી.

સરદાર શત્રુને હસ્તક (હસ્તકે–હાથમાં) ગયો.

પ્રકરણ ૭ મું

સર્વનામ: પ્રકારાદિ

સર્વનામનું લક્ષણ—એકનું એક નામ **વારંવાર** વાક્યમાં આવવાથી કર્ણને કઠોર લાગે છે; આ કઠોરતા **અટકાવવાને માટે** નામને ઠેકાણે જે શબ્દ મૂકવામાં આવે છે તેને **સર્વનામ** કહે છે.

રાજા વજીર સાથે શત્રુ વિષે વાત કરતાં પોતાને માટે 'હું'ને બદલે હમેશ 'રાજા' શબ્દ વાપરે, વજીરને માટે 'તમે'ને બદલે 'વજીર' શબ્દ વાપરે, અને શત્રુને માટે 'તે'ને બદલે 'શત્રુ' શબ્દ વાપરે તો વાક્ય ઘણું કઢંગું અને અપ્રિય લાગે. આ કારણથી બધા બોલનારા પોતાને માટે 'હું'નાં, જે બધાંની સાથે તેઓ વાત કરે છે તેમને માટે 'તું'નાં, અને જે બધાંને વિષે તેઓ વાત કરે છે તેમને માટે 'તે'નાં રૂપો વાપરે છે. એજ પ્રમાણે અન્ય નામોને માટે પણ તેનાં તે નામો વારંવાર વાપરવાને બદલે અન્ય શબ્દો વપરાય છે. નામને બદલે વપરાતા આ બધા શબ્દોને સર્વનામ કહે છે.

સર્વનામના પ્રકાર—સર્વનામના નીચે પ્રમાણે વિભાગ થાય છે–

૧. પુરુષવાચક; ૨. દર્શક; ૩. સાપેક્ષ; ૪. પ્રશ્નાર્થ; ૫. સ્વવાચક; ૬. અન્યોન્યવાચક; ૭. અનિશ્ચિત.

૧. **પુરુષવાચક**—પુરુષ ત્રણ છે, પહેલો, બીજો, ને ત્રીજો. બોલનાર તે પહેલો પુરુષ, જેની સાથે તે બોલે છે તે બીજો પુરુષ, અને જેને વિષે તે વાત કરે છે તે ત્રીજો પુરુષ કહેવાય છે. 'હું' એ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલો પુરુષ, 'તું' એ બીજો પુરુષ, અને 'તે' એ ત્રીજો પુરુષ છે. એ ત્રણે પુરુષનાં રૂપ નીચે પ્રમાણે છે—

	હું		તું	
	એકવચન	બહુવચન	એકવચન	બહુવચન
૧લી.	હું	અમે*	તું	તમે*
૨જી.	મને††	અમને	તને ††	તમને
૩જી.	મેં, મારે	અમે, અમારે	તેં, તારે	તમે, તમારે
૪થી.	મને, †† મારે	અમને, અમારે	તને, †† તારે	તમને, તમારે
૫મી.	મારાથી ‡‡	અમારાથી	તારાથી ‡‡	તમારાથી
૬ઠ્ઠી.	મારો-રી-રૂં	અમારો-રી-રૂં	તારો-રી-રૂં	તમારો-રી-રૂં
૭મી.	મારામાં §§	અમારામાં	તારામાં §§	તમારામાં

અમે, અમો, આપણે—'**અમે**'માં બોલનાર પોતાને અને બીજાને દાખલ કરે છે; '**આપણે**'માં બોલનાર અને જેની સાથે તે વાત કરે છે તે, એ બે સમાયલા છે. 'આપણે'નું રૂપાખ્યાન નીચે આપ્યું છે.

અમો, તમો—એ રૂપો માનાર્થક છે. મોટાઈ બતાવવા બોલનાર પોતાને અને બીજાને માટે '**અમો**' વાપરે છે.

** અમો, તમો, એ રૂપો પણ માનાર્થે વપરાય છે. અંગો ઉપરથી પણ બધી વિભક્તિઓ થાય છે; જેમકે-અમોને, તમોને; અમોએ, તમોએ; અમોથી, તમોથી; અમોમાં, તમોમાં.

†† હુંને-મજને-મુજને; તુંને-તજને-તુજને-આ રૂપો કવિતામાં અને કેટલાક પ્રાન્તોમાં વપરાય છે.

‡‡ હુંથી-મજથી-મુજથી; તુંથી-તજથી-તુજથી-એ રૂપો કવિતામાં અને કેટલાક પ્રાન્તોમાં વપરાય છે.

§§ હુંમાં-મજમાં-મુજમાં; તુંમાં-તજમાં-તુજમાં-એ રૂપો કવિતામાં અને કેટલાક પ્રાન્તોમાં વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અમે—લેખકો એકવચનના અર્થમાં પોતાને માટે '**અમે**' વાપરે છે.

મારે, અમારે, તારે, તમારે—એ ત્રીજી, ચોથી, ને છઠ્ઠીનાં રૂપો છે. જ્યાં જે વિભક્તિ યોગ્ય હોય ત્યાં તે લેવી.

દાખલાઃ—

તારે આમ કરવું ન જોઈએ (ત્રીજી, કર્તાના અર્થમાં).
તેણે આમ કરવું ન જોઈએ.
મારે ગામ જવું છે (ચોથી, કર્તાના અર્થમાં).
તેને ગામ જવું છે.
અમારે એનું કામ નથી (ચોથી-છઠ્ઠીના અર્થમાં).
તેમને એનું કામ નથી.
તમારે શિર જવાબદારી છે (છઠ્ઠી સાથે સાતમી).
તેમને શિર જવાબદારી છે.
આ કામ **મારે** લગતું નથી (છઠ્ઠી).
આ કામ તેને લગતું નથી.

મારે, અમારે, તારે, તમારે—આ રૂપોને અમુક સ્થળે કઈ વિભક્તિમાં લેવાં તે તેને બદલે 'તે' સર્વનામનું કયું રૂપ વપરાય છે તે જોવાથી તરત સમજાશે. ઉપલાં વાક્યોમાં 'તે' નાં રૂપો વાપરી બતાવ્યાં છે.

તું, તમે—'તું' એ એકવચનનું રૂપ એકના અર્થમાં વપરાય છે તે ઉપરાંત વહાલના તેમજ તિરસ્કારના અર્થમાં વપરાય છે. ઈશ્વરને, માતાને, અને બાળકને માટે તુંકાર વહાલના અર્થમાં વપરાય છે.

એકવચનનો અર્થ હોય તોપણ સામાન્ય સભ્યતાની ખાતર 'તું'-ને બદલે 'તમે' રૂપ વપરાય છે.

આપ—'આપ' શબ્દ બીજા પુરુષના બહુવચન તરીકે માનાર્થે વપરાય છે. એનાં રૂપ નીચે આપ્યાં છે.

	તે		આપણ
	એકવચન	બહુવચન	બહુવચન
૧લી.	તે	તેઓ	આપણે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨જી.	તે, તેને	તેઓને, તેમને	આપણને
૩જી.	તેણે	તેઓએ, તેમણે	આપણે
૪થી.	તેને	તેઓને, તેમને	આપણને આપણે
૫મી.	તેથી, તેનાથી	તેઓથી, તેઓનાથી, તેમનાથી,	આપણાથી
૬ઠ્ઠી.	તેનો–ની–નું	તેઓનો–ની–નું, તેમનો–ની–નું	આપણો–ણી–ણું
૭મી.	તેમાં, તેનામાં	તેઓમાં, તેઓનામાં, તેમનામાં	આપણામાં

આપ

	બહુવચન		બહુવચન
૧લી.	આપ	૫મી.	આપથી
૨જી.	આપને	૬ઠ્ઠી.	આપનો–ની–નું
૩જી.	આપે	૭મી.	આપમાં
૪થી.	આપને		

એમ કરવાથી આપણે **આપણને** છેતરીએ છીએ (બીજી).
આપણે આજે સાંજે મુંબઈ જવાના છીએ (પહેલી, નામાર્થે).
આપણે મુંબઈ જવું છે (ચોથી, કર્તાના અર્થમાં).
આપણે સાચું બોલવું જોઈએ (ત્રીજી, કર્તાના અર્થમાં).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આપણે-આપણને એની સાથે શી નીસબત છે?

(ચોથી-છઠ્ઠીના અર્થમાં)

દર્શક સર્વનામ—દૂરના કે પાસેના પદાર્થ દર્શાવવા માટે જે શબ્દ નામને બદલે વપરાય છે તે **દર્શક સર્વનામ** કહેવાય છે.

આ, એ, તે, પેલું,*—એ દર્શક સર્વનામ છે.

પાસેના કે પ્રત્યક્ષ (નજર આગળના) પદાર્થના નામને માટે 'આ' કે 'એ' અને દૂરના કે પરોક્ષ (નજર બહારના) પદાર્થના નામ માટે 'પેલું' વપરાય છે. 'એ' કરતાં 'આ' વધારે નજીકના પદાર્થના નામને માટે વપરાય છે.

'હું', 'તું', 'તે', 'આપ', 'આપણે', 'આ', અને 'એ'-આ સર્વનામોનાં ત્રણે જાતિમાં સરખાં રૂપ છે, 'તેણી' રૂપ સ્ત્રીલિંગમાં કવચિત્ વપરાય છે; પરંતુ તે શિષ્ટ મનાતું નથી. 'તેણી' રૂપનો વિશેષ પ્રયોગ પારસી લોકોમાં છે. કવચિત્ કવિતામાં પણ તેનો પ્રયોગ જણાય છે.

'એ' અને 'આ'નાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છે—

એ

	એકવચન	બહુવચન
૧લી.	એ	એઓ ('એઉ' કવચિત્ વપરાય છે).
૨જી.	એ, એને	એઓને, એમને
૩જી.	એણે	એઓએ, એમણે
૪થી.	એને	એઓને, એમને
૫મી.	એથી, એનાથી	એઓથી, એઓનાથી, એમનાથી
૬ઠ્ઠી.	એનો-ની-નું	એઓનો-ની-નું, એમનો-ની-નું
૭મી.	એમાં, એનામાં	એઓમાં, એઓનામાં, એમનામાં

---

* કાઠિયાવાડમાં 'ઓલ્યું' વપરાય છે, તે દર્શક સર્વનામ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ

	એકવચન	બહુવચન
૧લી.	આ	આ*
૨જી.	આ, આને	આમને
૩જી.	આણે	આમણે
૪થી.	આને	આમને
૫મી.	આથી, આનાથી	આમનાથી
૬ઠ્ઠી.	આનો–ની–નું	આમનો–ની–નું
૭મી.	આમાં	આમનામાં

સાપેક્ષ સર્વનામ—જે સર્વનામને બીજા શબ્દની અપેક્ષા રહે છે, એટલે જેની પછી બીજો કોઈ શબ્દ વાપરવોજ પડે છે તે **સાપેક્ષ** સર્વનામ કહેવાય છે. 'સાપેક્ષ'='સ' ('સહ'=સાથે) અને 'અપેક્ષા', તેની પછી અવશ્ય કોઈ શબ્દ વાપરવો પડે એવી આકાંક્ષા. 'જે' શબ્દ વાપરીએ એટલે એની પછી અવશ્ય 'તે' વાપરવોજ જોઈએ, 'જે'ને 'તે'ની અપેક્ષા, આકાંક્ષા રહે છે; માટે 'જે' સાપેક્ષ સર્વનામ છે. એ ત્રણે લિંગમાં સરખું છે. એનાં રૂપ નીચે આપ્યાં છે.

જે

	એક૦	બહુ૦		એક૦	બહુ૦
૧લી.	જે	જેઓ	૫મી.	જેથી,	જેઓથી,
૨જી.	જે, જેને	જેઓને,		જેનાથી	જેઓનાથી,
		જેમને			જેમનાથી
૩જી.	જેણે	જેઓએ,	૬ઠ્ઠી.	જેનો–ની–નું	જેઓનો–ની–નું,
		જેમણે			જેમનો–ની–નું
૪થી.	જેને	જેઓને,	૭મી.	જેમાં,	જેઓમાં,
		જેમને		જેનામાં	જેઓનામાં,
					જેમનામાં

---

*આઓ, આઓને, આઓએ, આઓને, આઓથી–આઓનાથી, આઓનો, આઓમાં–આઓનામાં–આવાં રૂપો પણ કવચિત્ વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બહુવચનના અર્થમાં એકવચન—ત્રીજા પુરુષનું સર્વનામ, દર્શક સર્વનામ, અને સાપેક્ષ સર્વનામ, એનાં એકવચનનાં રૂપ ઘણી વાર બહુવચનના **અર્થ**માં વપરાય છે. સામાન્ય રીતે 'તે', 'એ', 'જે', 'આ' નાં બ૦વ૦નાં રૂપો પ્રાણિવાચક શબ્દ માટે વાપરવાં ઇષ્ટ છે; પદાર્થવાચક શબ્દ માટે એ૦વ૦નાં રૂપજ બહુધા બ૦વ૦માં વપરાય છે.

ટેબલ પરની **ચોપડીઓ** તમે લીધી છે? ના, મેં **તે** જોઈ નથી.

જેમાંથી અનિષ્ટ ફળ થાય એવાં **કાર્ય** કદી કરવાં નહિ.

સંબંધી સર્વનામ—'જે' શબ્દને 'તે'ની સાથે અને 'તે'ને 'જે'ની સાથે સંબંધ છે. **સંબંધ** હમેશ બે પદાર્થમાં હોય છે. આ કારણથી 'જે' ને 'તે' એ બે સર્વનામ એક બીજાનાં **સંબંધી** સર્વનામ છે. 'જે'નું **સંબંધી** 'તે' અને 'તે'નું 'જે' છે. **'તે'** ત્રણે જાતિમાં સરખું છે. એનાં રૂપ ત્રીજા પુરુષના સર્વનામ 'તે'નાં જેવાં થાય છે.

પ્રશ્નાર્થક સર્વનામ—પ્રશ્ન પૂછવામાં જે સર્વનામો વપરાય છે તે **પ્રશ્નાર્થક** કહેવાય છે.

કોણ, શું, કયું—એ પ્રશ્નાર્થક સર્વનામ છે.

'કોણ' એ સામાન્ય રીતે સજીવ પદાર્થને માટે એટલે પ્રાણીને માટે વપરાય છે અને 'શું' એ નિર્જીવ પદાર્થને માટે વપરાય છે.

કોણ આવ્યું છે? આ કામ **કોણે** કર્યું? બારણું **કોણે** ઠોક્યું? છબી **કોણે** ચીતરી છે? તમે **શું** બોલો છો? તે **શું** વાંચે છે–લખે છે?

પરંતુ કવિતામાં 'કોણ' નિર્જીવ પદાર્થને માટે પણ વપરાય છે.

દાખલાઃ—

'કોણ દેશનો રાજ કહાવે, કયમ પરણ્યો દમયંતી;
તે નારીને નળે કેમ છાંડી, કાં મૂકી ભમયંતી'.
(નળાખ્યાન, કડવું ૨જું)

'નળ કહે હો મહામુનિ, તે કન્યાનું કોણ નામ,
કોણ રાયની દીકરી, ને **કોણ** તેનું ગામ.'
(નળા૦, કડવું ૩જું)

'કોણ'નું ત્રણે જાતિમાં સરખું રૂપ છે. 'શું', અને 'કયું' એ જાતિભેદ પ્રમાણે 'શો', 'શી', 'શું', અને 'કયો', 'કઈ', અને 'કયું', રૂપ ધારણ કરે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોણ અને કયું—અમુક વર્ગની કોઈક વ્યક્તિએ કંઈ કામ કર્યું છે, એવી આપણી ખાતરી હોય, પરંતુ તે કઈ વ્યક્તિએ કર્યું છે તેની ખબર ન હોય ત્યારે પ્રશ્ન પૂછવામાં 'કયું' વપરાય છે અને તે વર્ગની કોઇ વ્યક્તિએ તે કામ કર્યું છે એની પણ ખાતરી ન હોય ત્યારે કોણ' વપરાય છે; જેમકે, શિક્ષક વર્ગના શિષ્યને પૂછે છે—

આ કાચ **કોણે** ભાંગ્યો? (તમારામાંના કોઈએ કે કોઈ બીજાએ? કોણે?)

આ કાચ **કયાએ**—**કયા** શિષ્યે ભાંગ્યો? (કોઈપણ શિષ્યે ભાંગ્યો છે તેની ખાતરી છે, કયા શિષ્યે, તેટલુંજ જાણવાનું છે).

'કોણ'નાં રૂપ નીચે પ્રમાણે છે—

કોણ

એક૦ તથા બહુ૦		એક૦ તથા બહુ૦	
૧લી.	કોણ	૫મી.	કોનાથી
૨જી.	કોને*	૬ઠ્ઠી.	કોનો–ની–નું
૩જી.	કોણે	૭મી.	કોનામાં
૪થી.	કોને		

'શું'નાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છે—

શું નર૦, નાન્યતર૦

	એકવચન	બહુવચન
૧લી.	શો–શું	શા–શાં
૨જી.	શો–શું; શાને–શેને	શા–શાં; શાને–શેને–શાંને
૩જી.	શાણે–શેણે	શાણે–શેણે–શાંણે
૪થી.	શાને–શેને	શાને–શેને–શાંને
૫મી.	શાથી–શેથી	શાથી–શેથી–શાંથી
૬ઠ્ઠી.	શાનો–ની–નું; શેનો–ની–નું	શાનો–ની–નું; શેનો–ની–નું; શાંનો–ની–નું

*કોણને, કોણનાથી–કોણથી, કોણનો, કોણનામાં–કોણમાં—એવાં રૂપ ક્વાચત્ વપરાય છે; તેમજ 'કે' પ્રકૃતિને પ્રત્યયો લગાડીને કેને, કેણે, કેનાથી, કેનો, કેનામાં–એવાં રૂપ પણ કવચિત્ વપરાય છે. પણ એ પ્રયોગ શિષ્ટ ગણાતો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭મી. શામાં–શેમાં શામાં–શેમાં–શાંમાં.

'શું'ની નારીજાતિ 'શી' છે.

દાખલાઃ—

૧લી. શો ગ્રન્થ છે? શી ચોપડી છે? શું પુસ્તક છે? શા ગ્રન્થો છે? શી ચોપડીઓ છે? શાં પુસ્તકો છે?

૨જી. તે શો–શા ઉત્તર દે છે? શી વાત–વાતો વાંચે છે? શું–શાં કારણ આપે છે?

નારીજાતિનું 'શી' રૂપ બદલાતું નથી.

'**કયો**'નું બહુવચન '**કયા**' અને '**કયું**' નું '**કયાં**' થાય છે. 'શી'ની પેઠે 'કઈ'એ નારીજાતિના રૂપમાં વચન કે વિભક્તિને લીધે ફેરફાર થતો નથી.

'કયો' અને 'કયું'નાં રૂપ નીચે આપ્યાં છે.

	કયો		**કયું**	
	એ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	બ૦ વ૦
૧લી.	કયો	કયા	કયું	કયાં
૨જી.	કયો—કયાને	કયા—કયાને, કયાઓને	કયું—કયાને	કયાં—કયાંને
૩જી.	કયાએ	કયાએ—કયા-ઓએ	કયાએ	કયાંએ
૪થી.	કયાને	કયાને—કયા-ઓને	કયાને	કયાંને
૫મી.	કયાથી	કયાથી—કયા-ઓથી	કયાથી	કયાંથી
૬ઠ્ઠી.	કયાનો—ની–નું	કયાનો—ની—નું, કયાઓનો—ની—નું	કયાનો—ની—નું	કયાંનો ની—નું
૭મી.	કયામાં	કયામાં, કયાઓમાં	કયામાં	કયાંમાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વવાચક સર્વનામ—'પોતે' એ અર્થમાં જે સર્વનામ વપરાય છે તે **સ્વવાચક** સર્વનામ કહેવાય છે. 'સ્વ'=પોતે.

'પોતે' એ સ્વવાચક સર્વનામ છે.

મેં **પોતે** આ કામ કર્યું છે.

તમે **પોતે** તેને ફટવ્યો છે.

તેણે **પોતે** તેનો ગુનો પકડ્યો છે.

આ પ્રમાણે 'પોતે' ત્રણે પુરુષનાં સર્વનામની સાથે વપરાય છે અને એવાં વાક્યોમાં નક્કીપણાનો અર્થ આવે છે કે ભાર દઈ ને કહેવામાં આવે છે. 'પોતે' એકલું પણ વપરાય છે.

પોતે ઘરમાં નથી, બહાર ગયા છે.

આમાં 'પોતે' માનાર્થે વપરાયું છે અને ત્રીજા પુરુષમાં છે.

'પોતે' ત્રણે જાતિમાં ને બંને વચનમાં સમાન રૂપ ધારણ કરે છે. એનાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છે—

પોતે

૧લી.	પોતે	૫મી.	પોતાથી, પોતાનાથી
૨જી.	પોતાને	૬ઠ્ઠી.	પોતાનો—ની—નું
૩જી.	પોતે	૭મી.	પોતામાં, પોતાનામાં
૪થી.	પોતાને		

અન્યોન્યવાચક સર્વનામ—'અન્યોન્ય' એટલે પરસ્પર. એવા અર્થનાં સર્વનામ **અન્યોન્યવાચક** સર્વનામ કહેવાય છે.

'અન્યોન્ય', 'પરસ્પર', 'એકબીજું'—એ અન્યોન્યવાચક સર્વનામ છે; જેમકે,

આપણે **અન્યોન્યને–પરસ્પરને–એકબીજાને** મદદ કરવી, એ આપણો ધર્મ છે (અન્યે અન્યને, પરે પરને, એકે બીજાને–એવો અર્થ છે).

'અન્યોન્ય' શબ્દ 'અન્ય' અને 'અન્ય'નો બનેલો છે. 'અન્યાન્ય' ને બદલે 'અન્યોન્ય' થયું છે. સંધિ અપવાદરૂપ છે. પહેલા 'અન્ય'નો અર્થ એક અને બીજા 'અન્ય'નો અર્થ બીજો થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પરસ્પર'માં બે 'પર' શબ્દ છે. પહેલા 'પર'નો અર્થ એક અને બીજા 'પર'નો અર્થ બીજો થાય છે.

આપણે અન્યોન્ય પર પ્રેમ રાખવો જોઈએ—'અન્યે અન્ય પર'—'એકે બીજા પર' એવો અર્થ છે.

અનિશ્ચિત સર્વનામ—જે સર્વનામમાંથી નિશ્ચિત એટલે નક્કી, ચોક્કસ પદાર્થ સમજાતો નથી, પણ અનિશ્ચિત એટલે અચોક્કસ પદાર્થનો અર્થ નીકળે છે તે **અનિશ્ચિત** સર્વનામ કહેવાય છે.

કોઈ, કંઈ, હરકોઈ, કોઈક, કંઈક, હરેક, દરેક, પ્રત્યેક, અમુક, ફલાણો–ણી–ણું, સર્વ, સહુ (સૌ), બધું, અન્ય, ઇતર, બીજું, કેટલુંક—આ **અનિશ્ચિત** સર્વનામ છે.

'**કોઈને** રાજા થવાની, **કોઈ ને** શ્રીમન્ત થવાની, **કોઈ ને** વિદ્વાન્ થવાની, અને **કોઈને બીજી** બાબતોની વાસના થાય છે' (૭મી ચોપડી, પાઠ ૨૫મો).

'ઇચ્છાશક્તિ એ મનની **સૌથી** મહાન શકિત છે' (૭મી ચોપડી, પાઠ ૨૫મો).

વિશેષણરૂપ સર્વનામ—ઘણાંક સર્વનામ વિશેષણ તરીકે વપરાય છે, તેને **વિશેષણરૂપ સર્વનામ** કહી શકાય. 'કોઈને **બીજી** બાબતોની વાસના થાય છે', એમાં 'બીજી' વિશેષણરૂપ સર્વનામ છે.

દાખલાઃ—

કોઈ પણ કાર્ય બુદ્ધિ વગર થઈ શકતું નથી.

'**અમુક** કામ કરવા ન કરવાની પસંદગી કરવી, અથવા નિશ્ચય કરવો **એ** શકિત મનુષ્યમાં છે, **બીજાં** પ્રાણીમાં નથી' (૭મી ચોપડી, પાઠ ૨૫મો).

'**જે** નિયમથી ફળ પૃથ્વી પર પડે છે, **તે** નિયમથી **બીજા** ગ્રહો અને ચન્દ્રો આકાશમાં પોતપોતાના ગતિમાર્ગમાં ફરે છે' (૭મી ચોપડી, પાઠ ૨૧મો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કેટલીક વાર બદલો કરવા **જેવી** વધારાની ચીજ પોતાની પાસે હોય નહિ, તો કેટલીક વાર **જે** જણસ વડે બદલો કરવા ઇચ્છે, તે સામા ધણીને નકામી હોવાથી બદલો થઈ શકે નહિ' (૭મી ચોપડી, પાઠ ૧૦ મો).

પ્રકરણ ૮ મું

વિશેષણ : પ્રકારાદિ

વિશેષણ અને વિશેષ્ય—નામના અર્થમાં ગુણનો કે સંખ્યાનો વિશેષ અર્થ બતાવનાર શબ્દ **વિશેષણ** કહેવાય છે અને તેના સંબંધમાં નામ **વિશેષ્ય** કહેવાય છે; જેમકે, 'ચતુર પુરુષ' એમાં 'ચતુર' **વિશેષણ** અને 'પુરુષ' **વિશેષ્ય** છે; અને 'આઠ વાર' એમાં 'આઠ' **વિશેષણ** અને 'વાર' **વિશેષ્ય** છે.

પ્રકાર—વિશેષણના પ્રકાર તેના સ્વરૂપ ઉપરથી અને અર્થ ઉપરથી, એમ બે રીતે થઈ શકે છે.

સ્વરૂપ પ્રમાણે તેના **વિકારી** અને **અવિકારી** એવા બે ભાગ છે. જેનાં રૂપમાં જાતિ અને વચનના ફેરફારને લીધે ફેરફાર થાય છે, તે **વિકારી** અને ફેરફાર નથી થતો તે **અવિકારી** કહેવાય છે. 'વિકાર' એટલે ફેરફાર; 'વિકારી'=ફેરફારવાળું; 'અવિકારી'=ફેરફાર વિનાનું.

વિકારી વિશેષણના દાખલાઃ—

સારો-રી-રું; નઠારો-રી-રું; મીઠો-ઠી-ઠું; સુંવાળો-ળી-ળું; નજીવો-વી-વું; મોટું, જુદું, ભરેલું, ગુણવાળું, આખું, વગેરે.

અવિકારી વિશેષણના દાખલાઃ—

કઠોર, કઠણ, સુકુમાર, સામાન્ય, વિશેષ, બારીક, ફત્તેહમંદ, નિયમસર, સુંદર, વગેરે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અર્થ પ્રમાણે વિશેષણના **ગુણવાચક**, **ક્રિયાવાચક**, અને **સંખ્યાવાચક**, એવા વિભાગ થાય છે.

ગુણવાચક વિશેષણ ગુણ બતાવે છે. એના દાખલા નીચે આપ્યા છે—

સાધુ, ચપળ, બુદ્ધિમાન્, હોશિયાર, મીઠું, કુમળું, સુંવાળું, વગેરે.

એમાંનાં કેટલાંક વિકારી અને કેટલાંક અવિકારી છે.

ક્રિયાવાચક વિશેષણ ક્રિયા બતાવે છે; જેમકે, ફરતું, દોડતું, બેઠેલું, બેસવાનું, બેસનારૂં, ગયું, વગેરે.

એ બધાં વિકારી છે.

સંખ્યાવાચક વિશેષણ સંખ્યા બતાવે છે. કેટલાંક અનિશ્ચિત સંખ્યા બતાવે છે અને કેટલાંક નિશ્ચિત સંખ્યા બતાવે છે.

નિશ્ચિતસંખ્યાવાચક—એક, ચાર, દસ, પંદરમું, અર્ધું, દોઢું

અનિશ્ચિતસંખ્યાવાચક—ઘણું, થોડું, કેટલુંક

નિશ્ચિતસંખ્યાવાચક વિશેષણ બે પ્રકારનાં છે—**સંખ્યાક્રમવાચક** અને **સંખ્યાક્રમપૂરક**.

સંખ્યાક્રમવાચક સંખ્યાનો ક્રમ બતાવે છે.

દાખલા:—એક, બે, ત્રણ, ચાર, ઇત્યાદિ

સંખ્યાક્રમપૂરક સંખ્યાનો ક્રમ પૂરનારાં છે.

દાખલા:—પહેલું, બીજું, ત્રીજું, ચોથું, ઇત્યાદિ

સંખ્યાક્રમવાચક અવિકારી અને **સંખ્યાક્રમપૂરક** વિકારી છે.

સંખ્યાંશવાચક વિશેષણ—આ સિવાય, પા, અર્ધું, પોણું, દોઢ, અઢી, સવા, વગેરે સંખ્યાંશવાચક વિશેષણ છે. એ સંખ્યાનો અંશ એટલે ભાગ બતાવે છે, માટે **સંખ્યાંશવાચક** કહેવાય છે.

સંખ્યાવૃત્તિવાચક વિશેષણ—કેટલાંક સંખ્યાવાચક વિશેષણ ગુણ કે આવૃત્તિ એટલે કેટલા ગણું છે તે બતાવે છે. એવાં વિશેષણ **સંખ્યાવૃત્તિવાચક** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—એકવડું, બેવડું, ત્રેવડું, વગેરે; તથા બમણું, ત્રગણું–ત્રમણું, ચારગણું, વગેરે.

સંખ્યાસમૂહવાચક—કેટલાક સંખ્યાવાચક શબ્દમાં સમૂહનો અર્થ રહેલો છે. એવા શબ્દો **સંખ્યાસમૂહવાચક** કહેવાય છે. એ નામ તરીકે વપરાય છે.

દાખલાઃ—બેલું, તરી, ચોક, પંચું, છક–છક્કું, સત્તું–સાતું, અટ્ઠું–આઠું, નવું, દસકો, દાયકો, કુંડી–કોડી, સૈકું; સંસ્કૃત શબ્દો–પંચક, સપ્તક, અષ્ટક, દશક, શતક.

અનુવાદ્ય અને વિધેય—ઉપરના દરેક પ્રકારના વિશેષણના અનુવાદ્ય અને વિધેય એવા બે વિભાગ છે. કહેલી બાબત ફરી કહેવી તેનું નામ **અનુવાદ. અનુવાદ્ય** વિશેષણથી જાણીતીજ હકીકત ફરી કહેવામાં આવે છે, નવી વાત જાણવામાં આવતી નથી. **વિધેય** વિશેષણથી નવી હકીકતનું વિધાન કરવામાં આવે છે, એટલે નવી હકીકત કહેવામાં આવે છે. **અનુવાદ્ય** વિશેષણ નામની પૂર્વે મુકાય છે અને **વિધેય** વિશેષણ ક્રિયાપદની પૂર્વે આવે છે. વાક્યપૃથક્કરણમાં જેને વિધેય કહીએ છીએ તેનો, **વિધેય** વિશેષણ અંશ હોય છે; જેમકે,

તે **સુંદર** પુસ્તક મને **અતિપ્રિય** છે.

આ વાક્યમાં ‘સુંદર’ **અનુવાદ્ય** વિશેષણ છે. પુસ્તકની સુંદરતા એ જાણીતી વાત છે, નવી કહેલી નથી. ‘સુંદર’ શબ્દથી એ જાણીતી વાતનો અનુવાદ કર્યો છે, **માટે** એ **અનુવાદ્ય** વિશેષણ છે. ‘અતિપ્રિય’ એ **વિધેય** વિશેષણ છે. અતિપ્રિયપણાનું વિધાન કર્યું છે, એ નવી હકીકત કહી છે. વાક્યપૃથક્કરણમાં ‘અતિપ્રિય છે’ એ વિધેય છે, એટલે ‘અતિપ્રિય’ એ વિધેયનો અંશ છે. આ કારણથી ‘અતિપ્રિય’ એ **વિધેય** વિશેષણ છે.

વિશેષણનાં રૂપાખ્યાન—સંસ્કૃતમાં વિશેષણ અને વિશેષ્ય બંને એકજ જાતિ, એકજ વચન, અને એકજ વિભક્તિમાં હોય છે. વિશેષણ વિશેષ્યની સાથે અન્વય પામે છે તેથી વિશેષ્યનાં જાતિ, વચન, અને વિભક્તિ લે છે. ગુજરાતીમાં અવિકારી વિશેષણનાં રૂપમાં તો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કોઈ પણ પ્રકારનો ફેરફાર થતો નથી. વિકારી વિશેષણનાં રૂપમાં ફેરફાર થાય છે.

જાતિનો ફેરફાર—પ્રથમ, જાતિનો ફેરફાર વિચારીએ. **વિકારી** વિશેષણ વિશેષ્યની જાતિ પ્રમાણે ફેરફાર પામે છે.

દાખલા:—સારો છોકરો, સારી છોકરી, સારૂં છોકરૂં; કોરો કાગળ, ઉઘાડું પુસ્તક, ટૂંકો દાખલો, સુંવાળી ચામડી.

બુદ્ધિમત્, ગુણવત્, જેવા સંસ્કૃત શબ્દો એજ રૂપમાં સ્ત્રીલિંગના વિશેષ્યની સાથે વપરાય છે; પરંતુ કેટલાક લેખકો તેનું સ્ત્રીલિંગનું રૂપ વાપરે છે.

દાખલા:—

બુદ્ધિમાન્ સ્ત્રી કે બુદ્ધિમતી સ્ત્રી; ગુણવાન્ કે ગુણવતી નારી; વિદ્વાન્ કે વિદુષી પત્ની.

વચનનો ફેરફાર—બહુવચનમાં **વિકારી** વિશેષણના છેડાના સ્વરનો નરજાતિમાં 'આ' અને નાન્યતરજાતિમાં 'આં' થાય છે, નારીજાતિમાં વિશેષણના રૂપમાં વચનને લીધે ફેરફાર થતો નથી.

દાખલા:—સારા છોકરાઓ, સારી છોકરીઓ, સારાં છોકરાં. કડવાં ફળ; મીઠાં બોર; ડાહ્યા માણસો; શાણી સ્ત્રીઓ.

વિભક્તિનો ફેરફાર—સામાન્ય રીતે, વિશેષણને વિશેષ્યની વિભક્તિના પ્રત્યય લાગતા નથી; પરંતુ નરજાતિમાં ને નાન્યતરજાતિમાં **વિકારી** વિશેષણના છેડાના સ્વરનો 'એ' થાય છે અને નાન્યતર-જાતિના બહુવચનમાં 'આં' થાય છે.

દાખલા:—સારા છોકરાને આ શોભતું નથી; ડાહ્યાં બાળકોની આવી વર્તણુક હતી નથી; આ મોટાં બોરોમાં મિઠાશ નથી.

એ૦ વ૦	બ૦ વ૦
સારા છોકરાને	સારા છોકરાઓને
ડાહ્યા બાળકે	ડાહ્યા બાળકોએ
નાના પુસ્તકમાં	નાનાં પુસ્તકોમાં
ઊંચા ઝાડની છાયા	ઊંચાં ઝાડોની છાયા

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ' પ્રત્યય—જ્યારે વિશેષ્યને ત્રીજી કે સાતમીનો 'એ' પ્રત્યય લાગે છે ત્યારે **વિકારી** વિશેષણને પણ તે પ્રત્યય લાગે છે; જેમકે,

ઉઘાડે પગે ચાલવું સારૂં નથી.

નાને માથે મોટી પાઘડી શોભતી નથી.

તુલનાવાચક રૂપ—સંસ્કૃતમાં વિશેષણના સામાન્ય અંગ ઉપરથી તુલનાવાચક અંગ બને છે. એમાં અધિકતા અને શ્રેષ્ઠતાનો અર્થ રહેલો છે. 'તર' કે 'ઈયસ્' પ્રત્યય લગાડવાથી અધિકતાવાચક રૂપ બને છે અને 'તમ' કે 'ઇષ્ઠ' પ્રત્યય લગાડવાથી શ્રેષ્ઠતાવાચક રૂપ બને છે.

દાખલા:—

મૂળ વિશેષણ	અધિકતાવાચક રૂપ	શ્રેષ્ઠતાવાચક રૂપ
લઘુ	લઘુતર (વધારે નાનું-હલકું)	લઘુતમ (સહુથી વધારે નાનું-હલકું)
ગુરુ	ગુરુતર	ગુરુતમ

સંસ્કૃતમાં નામ, અવ્યય, અને ક્રિયાપદને પણ 'તર' અને 'તમ' પ્રત્યયો લાગે છે. ગુજરાતીમાં 'ઉત્તમ' શબ્દ વપરાય છે તે તત્સમ શબ્દ છે અને 'ઉદ્' ઉપસર્ગને 'તમ' પ્રત્યય લાગવાથી થયો છે.

'**લઘુતમ** સાધારણ ભાજ્ય' અને '**ગુરુતમ** સાધારણ ભાજક' ગુજરાતીમાં વપરાય છે.

મૂળ વિશે૦	અધિકતાવાચક રૂપ	શ્રેષ્ઠતાવાચક રૂપ
લઘુ	લઘીયસ્ (વધારે હલકું)	લઘિષ્ઠ (સહુથી નાનું-વધારે નાનું-હલકું)

'ઈયસ્' કરતાં 'ઇષ્ઠ' પ્રત્યયવાળું રૂપ ગુજરાતીમાં વધારે વપરાય છે. એ પ્રત્યય લગાડતા પહેલાં 'વત્,' 'ઇન્,' 'વિન્,' જેવા સ્વામિત્વ-વાચક પ્રત્યયો ('વાળું'ના અર્થના પ્રત્યયો) લોપ પામે છે.

લક્ષમાં રાખવું કે પ્રત્યય 'ઇષ્ટ' નથી, પણ 'ઇષ્ઠ' છે.

ગુજરાતીમાં નીચેના 'ઇષ્ઠ' પ્રત્યયાન્ત શબ્દો સાધારણ છે—

જ્યેષ્ઠ, શ્રેષ્ઠ, કનિષ્ટ, વરિષ્ઠ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સ્વાદિષ્ઠ, લોભિષ્ઠ ('લોભિન્'–'લોભવત' પરથી), પાપિષ્ઠ, બલિષ્ઠ ('બલવત્' કે 'બલિન્,' ઉપરથી), તેજિષ્ઠ ('તેજસ્વિન્' ઉપરથી), વસિષ્ઠ ('વસુવત્' ઉપરથી).

એનાથી **બલવત્તર** કારણ હાથ લાગતું નથી ('બલવત્તર'=વધારે બળવાન્).

ગુજરાતીમાં અધિકતાવાચક અને શ્રેષ્ઠતાવાચક રૂપો હમેશ વપરાતાં નથી. અધિકતાનો ને શ્રેષ્ઠતાનો અર્થ નીચે પ્રમાણે દર્શાવાય છે—

આ ઘર **કરતાં** પેલું ઘર ઊંચું (કે **વધારે ઊંચું**) છે.

આ મહોલ્લામાં તે ઘર **સહુ**થી ઊંચું (કે **ઊંચામાં ઊંચું**) છે.

સર્વનામનો વિશેષણ તરીકે પ્રયોગ—સર્વનામ વિશેષણ તરીકે વપરાય છે એ વાત સર્વનામના પ્રકરણમાં કહી છે.

'જે', 'એ', કે 'આ', 'તે', અને 'કે' (સંસ્કૃત किम्='શું' ઉપરથી) અંગ ઉપરથી નીચેનાં વિશેષણો બને છે.

જે—જેવડું, જેટલું, જેવું.
એ—એવડું, એટલું, એવું.
આ—આવડું, આટલું, આવું.
તે—તેવડું, તેટલું, તેવું.
કે—કેવડું, કેટલું, કેવું.

પ્રકરણ ૯ મું

ક્રિયાપદઃ પ્રકાર

ક્રિયાપદ એટલે શું? ક્રિયા એટલે કામ. ક્રિયાવાચક પદ તે ક્રિયાપદ. 'શું કરે છે?' એમ પ્રશ્ન પૂછવાથી ક્રિયાપદનો અર્થ સમજાય છે. 'છોકરો ચોપડી વાંચે છે' એમાં 'છોકરા'ને વિષે 'શું કરે છે' એવો પ્રશ્ન પૂછવાથી શો જવાબ આવશે? છોકરો શું કરે છે? વાંચે છે–વાંચવાનું કામ કરે છે. ઉત્પત્તિથી તે ક્ષય સુધી વસ્તુમાત્રની ક્રિયાના ૭ વિકાર છેઃ–૧. ઉત્પન્ન થાય છે; ૨. છે (સ્વરૂપ ધારણ કરે છે); ૩. વિપરિણામ પામે છે–તેમાં ફેરફાર થાય છે; ૪. વધે છે; ૫. ક્ષીણ થાય છે; અને

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. વિનાશ પામે છે. આ ઉપરથી સમજાશે કે 'છે', 'હોય છે', એ પણ ક્રિયા છે. પણ અહિં કરવાનું શું છે? 'ઈશ્વર છે' એમાં ઈશ્વરને વિષે 'શું કરે છે' એવો પ્રશ્ન પૂછી શકાશે? હા. 'ઈશ્વર છે' એટલે ઈશ્વર સ્વરૂપ ધારણ કરે છે. જે વસ્તુ હોય છે તે તેની વર્તમાન હયાતીની સ્થિતિ ધારણ કરવાનું કામ કરે છે. આ પ્રમાણે 'છે', 'હોય છે', એવાં સ્થિતિવાચક પદો પણ ક્રિયા બતાવે છે, માટે ક્રિયાપદ છે. સ્થિતિ એ પણ એક પ્રકારની ક્રિયા છે. ક્રિયાને ભાવના કે વ્યાપાર પણ કહે છે.

અકર્મક અને સકર્મક—દરેક ક્રિયાપદને કર્તા તો હોવોજ જોઈએ, કેમકે કરનાર વગર ક્રિયા એની મેળે થઈ શકતી નથી. ક્રિયાનો કરનાર તે કર્તા. ક્રિયા કર્તામાંજ રહેલી છે. 'દેવદત્ત રાંધે છે', એમાં દેવદત્ત કર્તા છે અને રાંધવાની ક્રિયા એનામાં રહેલી છે, રાંધવાની ક્રિયાનો એ આશ્રય છે. 'રાંધે છે' એમાં ધાતુને લાગેલો પ્રત્યય કર્તાનો અર્થ બતાવે છે. કેટલાંક ક્રિયાપદને કર્મ હોય છે અને કેટલાંકને નથી હોતું. જેને કર્મ હોય છે તે **સકર્મક** અને નથી હોતું તે **અકર્મક** ક્રિયાપદ કહેવાય છે. 'સકર્મક' અને 'અકર્મક' એ બંને શબ્દો બહુવ્રીહિ સમાસ છે અને એ બંનેને છેડે 'ક' પ્રત્યય છે. 'સ' એટલે સાથે અને 'અ' એટલે નહિ.

કર્મ એટલે શું?—કેટલાંક ક્રિયાપદ એવાં હોય છે કે ક્રિયાનો અર્થ પૂરો કરવા તેની પછી કેટલાક શબ્દ અવશ્ય વાપરવાજ પડે છે. 'હું પુસ્તક લખું છું', એવે સ્થળે 'હું લખું છું' એટલું કહેવાથી ક્રિયાનો અર્થ અધુરો રહે છે. શું લખું છું, એ જાણવાની અપેક્ષા રહે છે અને તે અપેક્ષા 'પુસ્તક' શબ્દ વાપરવાથી દૂર થાય છે. અહિં કોઈ એવી શંકા કરે કે 'ક્યાં લખું છું', 'શા માટે લખું છું', 'કેવી રીતે લખું છું', 'ક્યારે લખું છું', એ બધી અપેક્ષા પણ 'હું ચોપડી લખું છું' એટલું કહેવાથી પુરાતી નથી; તો એ શંકા યુક્ત નથી. ખરી વાત છે કે એ અપેક્ષાઓ પુરાઈ નથી; પરંતુ એ અપેક્ષાઓ 'શું લખું છું' એ અપેક્ષા જેવી નથી. જ્યાંસુધી 'પુસ્તક' શબ્દ વપરાતો નથી ત્યાંસુધી ક્રિયાનો અર્થજ અધુરો છે, માટે એ અર્થ પૂરો કરવાની

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જરૂર સર્વથી વધારે અગત્યની છે. બીજી બધી અપેક્ષાઓ એવી નથી. તે બધીથી ક્રિયાના અર્થમાં વધારો થાય છે; પરંતુ તે વગર પણ ક્રિયાનો અર્થ તો પૂર્ણજ છે. આ પ્રમાણે ક્રિયાનો અર્થ પૂરો કરનાર શબ્દ તે કર્મ. પરંતુ કર્મનું આવું લક્ષણ કરવાથી દોષ આવશે. 'તે બુદ્ધિમાન્ પુરુષ દેખાય છે' એ વાક્યમાં 'દેખાય છે' ક્રિયાપદનો અર્થ 'પુરુષ' વગર પૂરો થતો નથી, પણ 'પુરુષ' એ કર્મ નથી; પરંતુ કર્તાને વિષે વધારે હકીકત આપનાર શબ્દ છે અને 'તે'ની સમાન વિભક્તિમાં છે. આ પ્રમાણે 'છે,' 'થાય છે,' 'જણાય છે,' 'દેખાય છે,' વગેરે અપૂર્ણક્રિયાવાચક ક્રિયાપદોની પહેલાં ક્રિયાપૂરક શબ્દ આવે છે તે કંઈ હમેશ કર્મ હતાં નથી; માટે ક્રિયાનો અર્થ પૂરો કરનાર પદ તે કર્મ એ બરાબર નથી. ત્યારે કર્મ એટલે શું? જે ક્રિયાનો અર્થ પૂરો કરે છે અને જેમાં ક્રિયાનું ફળ રહેલું છે તે કર્મ. ફળ એટલે ક્રિયા કરવાથી જે ઉત્પન્ન થાય તે. રાંધવાથી અન્નમાં આવેલી પોચાશ, લખવાથી થયલું લખાણ, વાંચવાથી થયલું વંચાવાનું, ખાવાથી થયલું ખવાવાનું–એમ કોઈ પણ ક્રિયાથી જે ઉત્પન્ન થાય છે તે ફળ કહેવાય છે અને એ ફળ જેમાં રહે છે તે કર્મ. 'દેવદત્ત ચોખા રાંધે છે', એમાં ધાતુમાંથી બે અર્થ નીકળે છે, રાંધવાની ક્રિયા અને તે ક્રિયાથી થયલું ફળ. રાંધવાની ક્રિયા દેવદત્તમાં રહેલી છે, દેવદત્ત જે કર્તા છે તે ક્રિયાનો આશ્રય છે. રાંધવાની ક્રિયાથી રંધાવાનું અથવા પોચાશ એ ફળ થયું છે. રંધાવાનું શેમાં રહેલું છે? પોચાશ શેમાં રહેલી છે? ચોખામાં. ત્યારે ચોખા એ ફળનો આશ્રય છે. જે ફળનો આશ્રય છે તે કર્મ. ચોખા શબ્દ વગર ક્રિયાનો અર્થ અધુરો છે. 'ચોખા' એ અધુરો અર્થ પૂરો કરે છે અને ક્રિયાએ જે ફળ ઉત્પન્ન કર્યું છે–રાંધવાની ક્રિયાથી જે રંધાવાનું કે પોચાશ થઈ છે–તે ચોખામાં રહેલી છે, તેનો આશ્રય ચોખા છે; કેમકે રાંધવાથી ચોખામાં પોચાશ આવેલી છે. આ પ્રમાણે ક્રિયાનો આશ્રય કર્તા અને ફળનો આશ્રય કર્મ છે.

અકર્મક અને સકર્મકમાં ભેદ—જ્યારે ક્રિયા અને ફળ બંનેનો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આશ્રય એક હોય છે ત્યારે ક્રિયાપદ અકર્મક છે અને બંનેના આશ્રય જુદા હોય છે ત્યારે ક્રિયાપદ સકર્મક છે. 'પાંદડું ભૂમિ પર પડે છે,' એમાં પડવાની ક્રિયા પાંદડામાં રહેલી છે અને પડવાની ક્રિયાથી થયલું ફળ–ડાળીથી છૂટું થવું, ફાટી જવું, વગેરે, અથવા પડવાનું–એ પણ પાંદડામાંજ રહેલું છે. આ કારણથી ક્રિયાપદ અકર્મક છે. 'કોણ પડે છે' એમ પ્રશ્ન પૂછવાથી કર્તા અને 'શું પડે છે' એમ પ્રશ્ન પૂછવાથી ક્રિયાનું ફળ શેમાં રહેલું છે તે જણાય છે. બંનેનો ઉત્તર એક આવે છે. ક્રિયાનો અને ફળનો, બંનેનો આશ્રય એકજ છે, માટે ક્રિયાપદ અકર્મક છે. 'છોકરો કાગળ લખે છે' એમાં લખવાની ક્રિયાનો આશ્રય 'છોકરો' છે અને એ ક્રિયાથી થયલું ફળ–કલમથી સાહી વડે કરેલું નિશાન, અથવા લખાણ–કાગળમાં રહેલું છે. ક્રિયા અને ફળના આશ્રય જુદા હોવાથી ક્રિયાપદ **સકર્મક** છે.

દ્વિકર્મક ક્રિયાપદ—કેટલાંક ક્રિયાપદને બે કર્મ હોય છે.

દાખલા:—

હરિલાલ **છોકરાને વાત** કહે છે.
ગુરુ **શિષ્યને પાઠ** શિખવે છે–ઉપદેશે છે.
મગન **મિત્રને ચિત્ર** દર્શાવે છે–બતાવે છે.
તેણે **મને** તે મહોલ્લામાં જવાનો **માર્ગ** પૂછ્યો.
દૂતે **રાજાને વૃત્તાન્ત** સંભળાવ્યો.

ઉપલા દાખલા **દ્વિકર્મક** ક્રિયાપદના છે. એમાં 'વાત', 'પાઠ,' 'ચિત્ર,' 'માર્ગ,' અને 'વૃત્તાન્ત', એ મુખ્ય કર્મ છે; કેમકે એ વગર ક્રિયાનો અર્થ છેક અધુરો રહે છે. એને **પ્રધાન કર્મ** કહે છે. 'છોકરાને,' 'શિષ્યને,' 'મિત્રને,' 'મને,' અને 'રાજાને,' એ પેટા કર્મ છે. એને **ગૌણ કર્મ** કહે છે. કર્મ ફળનો આશ્રય છે એમ કહ્યું છે, તે આશ્રય **પ્રધાન કર્મ** છે, **ગૌણ કર્મ** નથી.

ઉપલા વાક્યોમાંનાં છેલ્લાં બે વાક્યોમાં ક્રિયાપદ કર્મણિ પ્રયોગમાં છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદમાં પ્રધાન કર્મનો અર્થ સમાયો છે, પ્રધાન કર્મ અભિહિત છે તેથી નામાર્થે પ્રથમા વિભક્તિમાં છે.

સકર્મક ક્રિયાપદનો અકર્મક તરીકે પ્રયોગ—'નારાયણ વાંચે છે,' 'નારાયણ લખે છે,' એમાં બોલનારની ઇચ્છા કર્મ વાપરવાની નથી, તેથી સકર્મક ક્રિયાપદનો અકર્મક તરીકે પ્રયોગ થયો છે. 'નારાયણ શું કરે છે?' 'વાંચે છે' કે 'લખે છે' એટલો ઉત્તર પણ બસ થાય. આ પ્રમાણે વિવક્ષાથી એટલે બોલનારની ઇચ્છાથી સકર્મક ક્રિયાપદ અકર્મક તરીકે વપરાય છે.

અપૂર્ણક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ—કેટલાંક અકર્મક ક્રિયાપદ એવાં છે કે તેની પછી તેનો અર્થ પૂરો કરનાર શબ્દો આવવાજ જોઈએ, તે ન આવે તો તેનો અર્થ અધુરો રહે.

થવું, હોવું, દેખાવું, જણાવું, નીવડવું, બનવું—એ **અર્થનાં** ક્રિયાપદો **અપૂર્ણક્રિયાવાચક** છે.

દાખલા :—

દિવસે દિવસે તે વધારે વધારે **હોશિયાર** થયો.
આગળ જતાં તે શહેરમાં એક **આગેવાન નર** થયો.
ગુણો એ પૂજાને **પાત્ર** છે, વય નથી.
તે એક **બાહોશ પુરુષ** દેખાય છે.
સામે કિનારેથી શહેર ઘણું **રમણીય** જણાય છે.
પાછલા વરસાદથી વર્ષ **આબાદ** નીવડ્યું.
હવે તે ઘણો **હોશિયાર** બન્યો છે.

ઉપલાં વાક્યોમાં જે શબ્દો મોટા છાપ્યા છે તે શબ્દો વાપર્યા વિના ક્રિયાપદનો અર્થ અધુરો રહે છે.

અપૂર્ણક્રિયાવાચક સકર્મક ક્રિયાપદ—કેટલાંક સકર્મક ક્રિયાપદ એવાં છે કે તેની પછી કર્મ ઉપરાંત કેટલાક શબ્દો વાપરીએ ત્યારેજ તેનો અર્થ પૂરો થાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

આવી વર્તણુકથી પુત્રે પિતાને ઘણો **ગુસ્સે** કર્યો-**ક્રોધી** બનાવ્યો.

રાજાએ તેને **પ્રધાનપદે** નીમ્યો-**સેનાપતિ** બનાવ્યો-નીમ્યો.

ગ્રન્થકર્તાએ તેનું જીવન ઘણું **કાળું** ચીતર્યું છે-વર્ણવ્યું છે-આલેખ્યું છે.

ગ્રન્થકર્તાએ તેના જીવનનું ચિત્ર ઘણું **કાળું** દોર્યું છે-કાઢ્યું છે-આંક્યું છે.

મેં તેને **મૂર્ખ** કહ્યો-ગણ્યો-ધાર્યો-માન્યો-કલ્પ્યો-વિચાર્યો.

સાહાય્યકારક ક્રિયાપદ—મૂળ ક્રિયાપદને મદદગાર તરીકે જે ક્રિયાપદ વપરાય છે તે **સાહાય્યકારક** ક્રિયાપદ કહેવાય છે. 'સાહાય્ય' એટલે 'મદદ'. ગુજરાતીમાં 'સહાય કરવી'નો અર્થ 'મદદ કરવી' થાય છે. આ પ્રમાણે ગુજરાતીમાં 'સહાય' શબ્દ મદદના અર્થમાં વપરાય છે. પરંતુ સંસ્કૃતમાં 'સહાય'નો અર્થ 'મદદગાર' થાય છે અને 'સાહાય્ય' કે 'સાહ્ય' શબ્દ મદદના અર્થમાં વપરાય છે.

ક્રિયાપદના ટૂંકામાં ટૂંકાં રૂપને **ધાતુ** કે **મૂળ** કહે છે. સામાન્ય રીતે આજ્ઞાર્થનું બીજા પુરુષનું એકવચનનું રૂપ એવું ટૂંકાંમાં ટૂંકું રૂપ છે. લખ, જા, બેસ, ઊઠ, એ ધાતુ છે. 'લખે'માં 'એ' પ્રત્યય છે તે કાઢી નાંખતાં 'લખ' ધાતુ આવે છે. તેમ 'છે' ને 'હોય' ('હોએ') માંથી એવો પ્રત્યય કાઢી નાંખતાં 'છ' ને 'હો' ધાતુ નીકળે છે.

'છ' કે 'હો' ધાતુ પરથી થયલાં ક્રિયાપદનાં રૂપ સાહાય્યકારક ક્રિયાપદ તરીકે વપરાય છે. મુખ્ય ધાતુનાં ક્રિયાપદ કે કૃદન્તની સાથે 'છ' અને 'હો' ધાતુનાં રૂપ વપરાય છે અને કાળ અને અર્થનાં જુદાં જુદાં રૂપ બનાવવામાં મુખ્ય ક્રિયાપદને મદદ કરે છે; માટે 'છ' અને 'હો' ધાતુ પરથી બનેલાં એવાં ક્રિયાપદ સાહાય્યકારક ક્રિયાપદ કહેવાય છે.

દાખલાઃ—

લખું છું—લખતો હોઉં.

લખ્યું છે—લખ્યું હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખેલું છે—લખેલું **હોય.**
લખ્યું **હતું**—લખ્યું **હોત (હત).**
લખેલું **હતું**—લખેલું **હોત (હત).**
લખતો **હતો**—લખતો **હોત (હત).**
લખવાનો છે—લખવાનો **હોય.**
લખવાનો **હતો**—લખવાનો **હોત (હત).**
લખવું છે—લખવું **હોય.**
લખવું **હતું**—લખવું **હોત (હત).**

ઉપલા દાખલામાં વધારે મોટાં છાપેલાં ક્રિયાપદ સાહાય્ય-કારક છે.

સંયુક્ત ક્રિયાપદ—બે ક્રિયાપદ સાથે આવી બન્નેના ભેગા અર્થથી જુદોજ અર્થ ઉત્પન્ન કરે તો તેનું **સંયુક્ત ક્રિયાપદ** બને છે.

તેને કાગળ **લખી દે.**
ભાત **ખાઈ જા.**
પ્યાલામાંનું દૂધ **પી જા.**
કચરો રસ્તામાં **ફેંકી દે—નાંખી દે.**
દાખલો જલદી **કરી નાંખ—કાઢ.**
તું તારૂં કામ **કરી લે.**
મેં મારા મિત્ર પાસે દાખલો **શીખી લીધો.**
તેને ગામ ગયાને ઘણા દિવસ **થવા આવ્યા.**
આ વિષે વિશેષ હકીકત હવે પછીના પ્રકરણમાં આવશે.

ભાવકર્તૃક ક્રિયાપદ—કેટલાંક ક્રિયાપદના અર્થમાં તેનો કર્તા સમાયલો હોય છે. ભાવ એટલે ક્રિયાપદમાંથી નીકળતો અર્થ તેનો કર્તા હોય છે. એવાં ક્રિયાપદ **ભાવકર્તૃક** કહેવાય છે. 'ભાવકર્તૃક' એ બહુવ્રીહિ સમાસ છે. 'ભાવ છે કર્તા જેનો' એવો એ શબ્દનો અર્થ છે. 'ક' એ પ્રત્યય છે. 'સકર્મક' અને 'અકર્મક' શબ્દમાં જેવો 'ક' પ્રત્યય છે, તેવોજ 'ભાવકર્તૃક'માં 'ક' પ્રત્યય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

મારે ને તેને **બનતું નથી** (બનવાનું થતું નથી. 'બનવાનું' એ ભાવ છે ને કર્તા છે. કર્તાનો અર્થ ક્રિયાપદમાં સમાયલો છે).

આજ બહુ **ધામે** છે—કઠે છે (ધામ થાય છે, કઠારો થાય છે. 'ધામ' ને 'કઠારો' એ ભાવ છે અને કર્તા છે. એ ભાવનો અર્થ ક્રિયાપદમાં સમાયલો છે).

મને અહિં **ગમતું નથી–ફાવતું નથી–ગોઠતું નથી–રુચતું નથી** (ગમવાનું થતું નથી–ગમત પડતી નથી, એમ ગમવાનું, ફાવવાનું, ગોઠવાનું, રુચવાનું, એ ભાવ કર્તા છે).

મારા પેટમાં બહુ દૂખે છે (દુઃખ થાય છે).

પ્રકરણ ૧૦ મું

કાળ અને અર્થ

કાળ એટલે શું ?—વર્તમાન, ભૂત, અને ભવિષ્ય, એ ત્રણમાંથી ગમે તે કોઈ પણ કાળમાં ક્રિયા થાય છે અને જે કાળમાં અમુક ક્રિયા થાય છે તે કાળ ક્રિયાનો **કાળ** કહેવાય છે. 'વર્તમાન' એટલે ચાલુ; 'ભૂત' એટલે ગયલો; અને 'ભવિષ્ય' એટલે આવનારો. **વર્તમાન, ભૂત** અને **ભવિષ્ય**–એ ત્રણ મુખ્ય કાળ છે. 'આવ' ધાતુ પરથી 'આવે' એ વર્તમાનકાળ, 'આવ્યું,' 'આવતું,' 'આવેલું,' એ ભૂતકાળ, અને 'આવશે' એ ભવિષ્યકાળ છે.

'આવ' ધાતુ પરથી ત્રણે મુખ્ય કાળનાં રૂપ નીચે આપ્યાં છે—

'આવ' ધાતુ, વર્તમાનકાળ

	એકવચન	બહુવચન
૧ લો પુ૦	હું આવું.	અમે આવીએ.
૨ જો પુ૦	તું આવે.	તમે આવો.
૩ જો પુ૦	તે આવે.	તેઓ આવે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભૂતકાળનાં ત્રણ રૂપ છે—'આવ્યું,' 'આવેલું,' 'આવતું,' એ ત્રણમાં 'આવ્યું,' 'આવેલું,' એ બે રૂપોમાં 'આવ્યું' પાસેનો ભૂતકાળ અને 'આવેલું' એ આઘેનો ભૂતકાળ બતાવે છે. 'આવતું' રૂપમાં નિયમિતપણાનો અર્થ રહેલો છે. આ કારણથી 'આવ્યું' એને અદ્યતન (આજનો–પાસેનો) ભૂતકાળ, 'આવેલું' એને અનદ્યતન (આજનો નહિ–આઘેનો) ભૂતકાળ, અને 'આવતું' એને નિયમિત ભૂતકાળ કહી શકાય. 'આવ્યું'ને પ્રથમ ભૂતકાળ અને 'આવેલું'ને દ્વિતીય ભૂતકાળ કહ્યા છે.

ત્રણે રૂપાખ્યાન નીચે આપ્યાં છે—

'આવ' ધાતુ

પ્રથમ ભૂતકાળ

	એકવચન	બહુવચન
૧ લો પુ૦	હું આવ્યો.	અમે આવ્યા.
૨ જો પુ૦	તું આવ્યો.	તમે આવ્યા.
૩ જો પુ૦	તે આવ્યો.	તેઓ આવ્યા.

દ્વિતીય ભૂતકાળ

	એકવચન	બહુવચન
૧ લો પુ૦	હું આવેલો.	અમે આવેલા.
૨ જો પુ૦	તું આવેલો.	તમે આવેલા.
૩ જો પુ૦	તે આવેલો.	તેઓ આવેલા.

નિયમિત ભૂતકાળ

	એકવચન	બહુવચન
૧ લો પુ૦	હું આવતો.	અમે આવતા.
૨ જો પુ૦	તું આવતો.	તમે આવતા.
૩ જો પુ૦	તે આવતો.	તેઓ આવતા.

'આવ' ધાતુ

ભવિષ્યકાળ

	એકવચન	બહુવચન
૧ લો પુ૦	હું આવીશ.	અમે આવીશું.
૨ જો પુ૦	તું આવીશ–આવશે.	તમે આવશો.
૩ જો પુ૦	તે આવશે.	તેઓ આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

શુદ્ધ રૂપ—ઉપર બતાવેલાં ત્રણ કાળનાં રૂપોમાં સાહાય્યકારક ક્રિયાપદ નથી, માટે **શુદ્ધ રૂપ** કહેવાય છે.

વર્તમાનકાળના અર્થ—'આવે' એ શુદ્ધ રૂપ છે અને 'આવે છે' એ મિશ્ર રૂપ છે. શુદ્ધ રૂપ કરતાં મિશ્ર રૂપનો પ્રચાર ભાષામાં વિશેષ છે. શુદ્ધ રૂપ ગદ્ય કરતાં પદ્યમાં વધારે વપરાય છે. ગદ્યમાં વપરાય છે ત્યારે તેના અર્થ નીચે પ્રમાણે છે—

૧. મિશ્ર રૂપના અર્થમાં—

ખાડો **ખોદે** તે **પડે** (જે ખાડો ખોદે છે તે પડે છે).

વાવે તેવું **લણે** (જેવું વાવે તેવું લણે છે).

૨. પ્રશ્નાર્થ વાક્યમાં અનુજ્ઞાના અર્થમાં—

તે **આવે** કે **જાય**?

હું દાખલો **ગણું** કે પાઠ **વાંચું**?

'અનુજ્ઞા' એટલે રજા. સંસ્કૃતમાં આવા અર્થમાં આજ્ઞાર્થનું રૂપ વપરાય છે.

૩. મિશ્ર વાક્યમાં સંકેત ને પરિણામના અર્થમાં—

આમ **કરૂં** તો તમને અને તેમ **કરૂં** તો એમને ખોટું **લાગે**.

'જો આમ કરૂં તો તમને ખોટું લાગે' એ મિશ્ર વાક્ય છે; એમાં 'કરૂં' સંકેતનો-શરતનો અર્થ બતાવે છે અને 'લાગે' પરિણામનો અર્થ બતાવે છે. એજ પ્રમાણે 'જો તેમ કરૂં તો એમને ખોટું લાગે' એ મિશ્ર વાક્યમાં 'કરૂં' સંકેતવાચક અને 'લાગે' પરિણામવાચક છે.

કહો તો **વાંચું** ને **કહો** તો **લખું**.

૪. ગૌણ વાક્યમાં—

'હું **કહું** તે માણસો પાસે મારો ઇન્સાફ કરાવો એવી મારી અરજ છે' (૬ ઠ્ઠી, પાઠ ૮ મો).

'તું **કહે** તે માણસોને બોલાવીને તેમની પાસે તારો ન્યાય કરાવીશું' (૬ ઠ્ઠી, પાઠ ૮ મો).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તેનાં છોકરાંછૈઆં ભુખે **ટળવળે** એવું છેક ન કરવું'

(૬ઠ્ઠી, પાઠ ૮મો).

'ખરા ભકતોએ ઘણી વાર પ્રભુ પાસે દુઃખ માંગ્યાં છે, તે એટલા માટે કે દુઃખમાં પ્રભુનું વધારે સ્મરણ **થાય**' ('થઇ શકે,' 'શકવું' એવો અર્થ છે. ૭મી ચો૦, પા૦ ૧૨મો).

૫. ભૂતકાળના અર્થમાં—

રોજ વહેલો **ઊઠું**, સંધ્યા **કરૂં**, તે પછી વાંચવા **બેસું**, તે ત્રણ કલાક લાગલગટ **વાંચું**, એમ મેં એક વરસ નિયમિત રીતે ઉદ્યમ કર્યો.

'તેણે રૂડી રીતે રાજ્ય ચલાવવા માંડ્યું, પણ તેનો જીવ ઉદાસ **રહે**' ('રહે'=રહેતો; નર્મગદ્ય, પૃ૦ ૧૮૦).

'પછી તેને મુક્કીએ, લાતે, ને ઉંચકી ઉંચકી નીચે નાંખીને બહુ માર માર્યો, પણ તે રાક્ષસ **મરે** નહિ' ('મુઓ નહિ'; નર્મ૦, પૃ૦ ૧૪૬).

૬. આશીર્વાદના અર્થમાં—

પ્રભુ તમારૂં કલ્યાણ **કરે**!

ઈશ્વર તેને દીર્ઘાયુષ્ય **આપે** ને સુખી **કરે**!

સંસ્કૃતમાં આ અર્થમાં આજ્ઞાર્થ કે આશીર્વાદાર્થ રૂપ વપરાય છે.

ઉપર કહ્યા પ્રમાણે કવિતામાં શુદ્ધ વર્તમાન કાળના રૂપનો પ્રચાર ગદ્ય કરતાં વિશેષ છે. તેમાં નીચેના અર્થોમાં એ રૂપ માલમ પડે છે—

૧. મિશ્ર રૂપના અર્થમાં—

'પ્રભુનું પૂજન કરતી વેળા, કાયા તારી **કંપે**;
ગંજીફા સોગટાં કૂટતાં, આઠ પહોર નવ **જંપે**'.

(૬ઠ્ઠી, પા૦ ૯મો)

જટા **ધરે** વડ વૃક્ષ, પતંગ નિજ **બાળે** કાયા;
જળચર જળમાં **ના'ય**, ધ્યાન ધરવા બગ **ધાયા**.'

(૬ઠ્ઠી, પા૦ ૨૧મો)

'પ્રાકૃત કથા પદબંધ **કરૂં** હું સુધન્વાનું આખ્યાન.'

(સુધન્વા-આખ્યાન, ૧લું કડવું)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. ગૌણ વાકયમાં—

'અમારૂં એક તમો સાંભળો, જે કહું કથા વૃતાંત.'

(સુધન્વા–આ૦, ક૦ ૮મું)

'જેમ સાગર બે આવી **મળે** અથવા પર્વત બે **આફળે**;
તેમ સેના બે આવી મળી, જેમ આકાશ અવની બે ભળી.'

(સુ૦ આ૦, ક૦ ૧૪મું)

૩. ભૂતકાળના અર્થમાં—

'સેના રાઘવની હવે ઝોકી, ઉઠાડી રાવણની ચોકી;
પાડ્યા કાંગરા કોટા કોટ, **કૂદે** વાનર ને **મૂકે** દોટ.
પુંછ **પછાડે**, **વાજે** ગાલ, **રૂએ** રાક્ષસી, **બીહે** બાળ;
જે હાથે **ચઢે** તેને **ત્રાડે**, છજા ઝરુખા તોડી **પાડે**,
તરુવર બહુ **નાંખે** પાષાણ, લંકામાંહે પડ્યું ભંગાણ.'

(રણયજ્ઞ, કડ૦ ૨જું)

'તે દંભી સાધુ થઈને **વરતે**, વળી હંસધ્વજને **વાહાય**;
નાના ધર્મના મત **દેખાડે**, તે સાચું **માને** રાય.'

(સુધન્વા–આ૦, કડ૦ ૩જું)

૪. ભવિષ્યકાળના અર્થમાં—

'જે દિવસે તમે સત્ય મૂકશો, સાંભળજો તમો રાય;
તે દિવસે અમો નહિ **રહિયે**, સત સત થઈશું વિદાય.'

(સુધન્વા–આ૦, કડ૦ ૩જું)

૫. 'શકવું'ના અર્થમાં—

'પ્રભુ તને પ્રસન્ન તે કેમ **થાએ**'? (૬ઠ્ઠી, પા૦ ૯મો)

'મનાએ સત્સંગે પવીતર કબીરા ભગતમાં,
પ્રજાની વૃદ્ધિએ, નિત અમર કે'**વાય** નવ કાં'? (૬ ઠ્ઠી, પા૦ ૨૮મો)

'નવ નીર **બોળે**, નવ હીમ **ગાળે**, ન **છેદાય** શસ્ત્રે, નવ અગ્નિ **બાળે**,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પેસે સપ્ત પાતાળ, આકાશ ઊડે, ઇન્દ્રજિત બેઠો એવે રથ રૂડે.'
(રણયજ્ઞ, કડ૦ ૧૨ મું)

પ્રાર્થના, આશીર્વાદ, અને 'શકવું'ના અર્થમાં તેમજ મિશ્ર વાક્યમાં આ રૂપ આજ્ઞાર્થનું છે અને સંસ્કૃતમાં એ અર્થોમાં આજ્ઞાર્થ કે વિધ્યર્થ પ્રયોજાય છે.

પ્રથમ ભૂતકાળના અર્થ—

૧. ભૂતકાળના અમુક સમયને લગતી હકીકત બતાવે છે.

જ્યારે હું તેમને મળવા **ગયો**, ત્યારે તે ઘરમાં ન **હતા.**

કાલે રાત્રે નવ વાગે હું મારૂં કામ પૂરૂં **કરી રહ્યો.**

અમુક **સમય** બતાવનારો શબ્દ ઉક્ત ન હોય, પણ સમજી લેવાનો હોય, ત્યારે પણ એ કાળ વપરાય છે; જેમકે,

'લંકાપતિ રાવણે **કીધું** સીતાજીનું હરણ,
સુગ્રીવ સાથે મૈત્રી **કીધી, મળ્યા** વાનર પદ્મ અઢાર,
સમુદ્ર પાજ **બાંધી** શ્રીરામે, સેના **ઉતારી** પાર.'
(રણયજ્ઞ, કડ૦ ૧લું)

૨. પાસેના ભવિષ્યકાળના અર્થમાં—

આ હું **આવ્યો**, તમે જાઓ.

બોલ્યા તો **માર્યા ગયા** જાણજો.

દ્વિતીય ભૂતકાળના અર્થ—

આ રૂપ કવચિત્ વપરાય છે. કાઠિયાવાડમાં 'આવેલું,' 'લખેલું,' એવાં રૂપોને બદલે 'આવેલ,' 'લખેલ,' એવાં રૂપો વપરાય છે. સામાન્ય રીતે પ્રથમ ભૂતકાળના કરતાં દૂરના ભૂતકાળનો અર્થ એ રૂપમાંથી નીકળે છે.

દાખલા:—

મેં તેને કાગળ **લખેલો**, પણ તે તેને પહોંચ્યો જણાતો નથી.

હું કાલે રાત્રે તેને મળવા **ગયલો**, પણ મેળાપ **થયલો** નહિ. (નિશ્ચયનો અર્થ રહેલો છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'વલ્લભાચાર્યનો જન્મ સંવત્ ૧૫૩૫માં **થયલો** એટલે તેના માર્ગનો નરસિંહ નહિજ.' (નર્મગદ્ય, પૃ૦ ૪૧)

ઘણી વાર 'ગયું,' 'ગયલું,' એ બંને રૂપોના અર્થમાં ભેદ જણાતો નથી, એવી રીતે એનો પ્રયોગ થાય છે.

નિયમિત ભૂતકાળના અર્થ—

નિયમિત ક્રિયા બતાવે છે.

તે રોજ નિશાળે **જતો**, પાઠમાં ધ્યાન **આપતો**, અને ગુરુનો ઉપદેશ માથે **ચઢાવતો.**

'તુંપેં પાટણ! દયા ધરંતી એ **સુચવતી,**

ભલે કાળની ગતિ મનુજકૃતિને **બુઝવતી.'** (૭મી ચો૦, પા૦ ૩૨ મો)

'વન **ફરતો**, રુદન **કરતો**, **જોતો** આવ્યાની વાટ.'

(૭મી ચો૦, પા૦ ૨૮મો)

કોઈ વાર તે મારી સાથે અતિપ્રેમથી સંભાષણ **કરતો** અને કોઈ વાર મારા પ્રત્યે અત્યન્ત અનાદર **દર્શાવતો.** (અહિં 'કોઈ વાર' એ શબ્દોથી અનિયમિત ક્રિયાનો અર્થ આવ્યો છે).

ભવિષ્યકાળના અર્થ—ભવિષ્યકાળ આવતા વખતમાં બનવાની ક્રિયા બતાવે છે. તેમાં સંકેત, આશા, અને વચનનો પણ અર્થ સમાયલો છે.

દાખલાઃ—

હું **જઈશ** ત્યારે તમને **બોલાવીશ.**

થોડા દિવસમાં વરસાદ **વરસશે** નહિ તો દુકાળ **પડશે.**

'જવાનો' 'આવવાનો' એવાં રૂપો ભવિષ્યકાળના અર્થમાં કવચિત્ વપરાય છે, પરંતુ એ પ્રયોગ ઘણોજ કવચિત્ જોવામાં આવે છે અને એમાં ગ્રામ્યતાનો સહેજ ભાસ છે; જેમકે,

તે કાલે નક્કી **આવવાનો.**

હું તો **જવાનો.** (આ રૂપમાં કોઈ વાર નક્કીપણાનો પણ અર્થ હોય છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રિયાપદના અર્થ—જેમ ક્રિયાપદનાં કાળનાં રૂપો જુદાં હોય છે તેમ અર્થનાં પણ હોય છે. અર્થના પ્રકાર નીચે પ્રમાણે છે—

(૧) સ્વાર્થ; (૨) આજ્ઞાર્થ; (૩) વિધ્યર્થ; (૪) સંકેતાર્થ; (૫) ક્રિયાતિપત્ત્યર્થ.

સ્વાર્થ—મૂળ ક્રિયાપદનો–ધાતુનો ને કાળનો–જે અર્થ હોય તેજ હોય, નવો નહિ, ત્યારે ક્રિયાપદ **સ્વાર્થ**માં છે એમ કહેવાય છે. સ્વાર્થ ('સ્વ'–પોતાનો)=પોતાનો અર્થ. પ્રશ્નના અર્થનો પણ સ્વાર્થમાંજ સમાવેશ થાય છે.

દાખલાઃ—હું જાઉં છું.
તે ગયો.
તમે જશો.
તમો જશો ?

આજ્ઞાર્થ—'લખ' ધાતુ ઉપરથી 'લખ,' 'લખો,' 'લખજે,' 'લખજો,' એ આજ્ઞાર્થનાં રૂપ છે. એ રૂપમાં મુખ્ય અર્થ આજ્ઞાનો અને બોધનો રહેલો છે; પરંતુ ક્વચિત્ આશીર્વાદનો અર્થ પણ છે.

દાખલાઃ—આરંભથી ધ્યાન દઈને **વાંચ** (આજ્ઞા).
જીવો ને સુખી **રહો** (આશીર્વાદ).
પ્રભુ તમને દીર્ઘ આયુષ્ય **અર્પે** ને સુખી **રાખે** (ઇચ્છા, પ્રાર્થના, આશીર્વાદ).
ત્યાં **જજે**, તેને **મળજે**, અને મારો સંદેશો **કહેજે** (આજ્ઞા).
'પીએ તો પ્રેમનો પ્યાલો, પ્રભુશ્રીનો ભરી **પીજે**' (ઉપદેશ).
'કટુ વાણી સૂણે જો તું, મીઠી વાણી સદા **કહેજે**,
પરાઈ મૂર્ખતા કાજે, મુખે ના ઝેર તું **લેજે**.'
(૭મી ચો૦, પા૦ ૪૪મો)

આ વસિયતનામાથી હું એમ ઠરાવું છું કે મારો પુત્ર તમારી મિલ્કતની નીચે મુજબ વ્યવસ્થા **કરે** ('કરવી'ના અર્થમાં 'કરવી' રૂપ વધારે ચોકસ ને સ્પષ્ટ રીતે આજ્ઞા દર્શાવે છે).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તારૂં અદીઠ કર—કાળું કર. ઈશ્વર તારૂં અનિષ્ટ કરે.	શાપ
મારી પાસે **આવોની.** અહિં **બેસોની.**	પ્રાર્થના કે વીનવણી

ફરી તારૂં મોં **બતાવતો** ના (નિષેધ, આજ્ઞા).

જોજો, દોડશો મા (ઉપદેશ, નિષેધ, આજ્ઞા).

'કર' ધાતુ, આજ્ઞાર્થ

	એકવચન	બહુવચન
૧ લો પુ૦	હું કરૂં	અમે કરીએ
૨ જો પુ૦	તું કર—કરજે—કરની	તમે કરો--કરજો--કરોની
૩ જો પુ૦	તે કરે	તેઓ કરે

આજ્ઞા વર્તમાનકાળમાંજ થઈ શકે છે. એ **અર્થમાં** બહુધા બીજા પુરુષનાંજ રૂપ વપરાય છે. કવચિત્ પહેલા ને ત્રીજા પુરુષમાં પણ આજ્ઞાર્થ વપરાય છે; જેમકે,

શી આજ્ઞા છે? **બેસું** કે **જાઉં** ?

ઈશ્વર તેને સુખી **કરે** !

તેઓ ચિર કાળ સુખમાં **રહે** !

વિધ્યર્થ—લખવું, 'ઉઠવું,' 'બેસવું,' એવાં રૂપાં વિધ્યર્થનાં રૂપો છે. એમાં વિધિનો—શાસ્ત્રની આજ્ઞા, પ્રેરણા, ફરજનો—મુખ્ય અર્થ છે. આજ્ઞા અને ઉપદેશનો **અર્થ** પણ છે.

દાખલાઃ—

વિદ્યાર્થીએ નિત્ય વહેલાં ઊઠવું અને દાતણપાણી કરી વાંચવા **બેસવું.**

'ધન ન આવશે સાથ આપણી, **ધીરવું** ધર્મને પાપને હણી.
ગરવ હોય જો કીર્તિ આણવા, ન દઈ ધૂર્તને દીન **પાળવા**'.
(૬ઠી ચો૦, પા૦ ૫૦મો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'જા' ધાતુ, વિધ્યર્થ

એકવચન	બહુવચન
૧ લો પુ૦ મારે જવું.	અમારે જવું.
૨ જો પુ૦ તારે જવું.	તમારે જવું.
૩ જો પુ૦ તેણે જવું.	તેમણે જવું.

અકર્મક ક્રિયાપદનું વિધ્યર્થ રૂપ ભાવે પ્રયોગમાં અને સકર્મક ક્રિયાપદનું વિધ્યર્થ રૂપ કર્મણિ પ્રયોગમાં હોય છે. ભાવે પ્રયોગમાં તેનું એકજ રૂપ 'જવું,' 'બેસવું,' 'ઉઠવું,' જેવું થાય છે. કર્મણિ પ્રયોગમાં કર્મ પ્રમાણે જાતિ ને વચનમાં ફેરફાર થાય છે.

દાખલાઃ—મારે ચોપડી **લખવી**, ગ્રન્થ **લખવો**, પુસ્તક **લખવું**.

મારે ચોપડીઓ **લખવી**, ગ્રન્થો **લખવા**, પુસ્તકો **લખવાં**.

સંકેતાર્થ—વર્તમાન, ભૂત, અને ભવિષ્યકાળનાં જે રૂપો થાય છે તેજ રૂપોમાં સંકેતનો—શરતનો કે સંદેહનો અર્થ હોય તો તે રૂપો **સંકેતાર્થમાં** કહેવાય છે.

દાખલાઃ—

માબાપનું કહ્યું નહિ **કરો** તો દુઃખી થશો.

જે કોઈ કામ **કરે** તેને હરકત કરવી નહિ.

'જો તેણે આપણું આપેલું **ખાધું** તો તે પોતાને આપણો મેમાન થયો સમજશે.' (૭મી ચો૦, પા૦ ૧૮મો).

'શત સંવત્સર તૂંબડી, જળમાં ડબકાં **ખાય**,
આન્તર ધોયા વિણ કદી, કટુતાઈ નવ **જાય**.'

(મનહરકાવ્ય, પદ ૮મું)

ક્રિયાતિપત્ત્યર્થ—ક્રિયાની અતિપત્તિ એટલે નિષ્ફળતાનો અર્થ જે રૂપમાં હોય છે તે ક્રિયાપદનું રૂપ **ક્રિયાતિપત્ત્યર્થ**માં કહેવાય છે. 'કરત,' 'લખત,' 'જાત,' 'બનત,' 'થાત,' એ એવાં રૂપ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલા:—

સુવૃષ્ટિ **થાત** તો દુકાળ ન **આવત** (પરંતુ, સુવૃષ્ટિ થઈ નહિ તેથી દુકાળ આવ્યો, એવો અર્થ એમાંથી નીકળે છે.) ક્રિયાની અતિપત્તિનો-નિષ્ફળતાનો અર્થ નીકળવાથી ક્રિયાતિપત્ત્યર્થ કહેવાય છે.

'તું જો ખરો ક્ષત્રી **હોત** તો **ભાગત** નહિ.' (નર્મગદ્ય, પૃ૦ ૧૭૭)

આ અર્થ ભૂતકાળના રૂપમાંજ રહ્યો છે. બધા પુરુષ અને વચનમાં એનું એક સરખુંજ રૂપ થાય છે.

પ્રકરણ ૧૧ મું

ક્રિયાપદ: મિશ્રકાળ

મિશ્રકાળ—પાછલા પ્રકરણમાં શુદ્ધકાળ અને અર્થ વિષે વિવેચન કર્યું છે. શુદ્ધકાળો કરતાં મિશ્રકાળોનો પ્રચાર ભાષામાં વિશેષ છે. એ મિશ્રકાળો મુખ્ય ક્રિયાપદની સાથે 'હો' કે 'છ' ધાતુનાં રૂપ વાપરવાથી થાય છે. આ કારણથી 'હો' કે 'છ' ધાતુનાં રૂપ સાહાય્યકારક ક્રિયાપદનાં રૂપ કહેવાય છે.

વર્તમાન, ભૂત, અને ભવિષ્યકાળનાં મિશ્ર રૂપ નીચે પ્રમાણે થાય છે—

	'આવ' ધાતુનું ૩જો પુ૦ એ૦ વ૦
અપૂર્ણ વર્તમાન	તે આવે છે.
પ્રથમ પૂર્ણ વર્તમાન	તે આવ્યો છે.
દ્વિતીય પૂર્ણ વર્તમાન	તે આવેલો છે.
ઇચ્છાવાચક વર્તમાન	તે આવનાર છે, આવવાનો છે; તેને આવવું છે.
અપૂર્ણ ભૂત	તે આવતો હતો.
પ્રથમ પૂર્ણ ભૂત	તે આવ્યો હતો.
દ્વિતીય પૂર્ણ ભૂત	તે આવેલો હતો.
ઇચ્છાવાચક ભૂત	તે આવનાર હતો, આવવાનો હતો; તેને આવવું હતું.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય રીતે ઉપલા કાળોના અર્થ નીચે પ્રમાણે છે—

અપૂર્ણ વર્તમાન—'આવે છે' એ રૂપમાં 'આવે' એ મુખ્ય ક્રિયાપદના વર્તમાનકાળનું રૂપ છે અને 'છે' એ સાહાય્યકારક ક્રિયાપદના વર્તમાનકાળનું રૂપ છે.

આ પ્રમાણે અપૂર્ણ વર્તમાનનું રૂપ બે વર્તમાનકાળનાં રૂપોનું બનેલું છે. એને અપૂર્ણ વર્તમાનનું રૂપ શા માટે કહ્યું છે? 'આવે છે' એ રૂપના મુખ્ય અર્થ બે છે. કોઈ માણસ રોજ આવતો હોય તો આપણે 'તે આવે છે' એવું રૂપ વાપરીએ છીએ; તેમજ તે આવવાની ક્રિયા કરતો હોય, રસ્તામાં આવતો દેખાતો હોય, ત્યારે આપણે 'આવે છે' રૂપ વાપરીએ છીએ. બંને અર્થમાં ક્રિયા પૂર્ણ થઈ નથી, ચાલુજ છે, માટે એ રૂપને અપૂર્ણ વર્તમાન કહ્યું છે.

અપૂર્ણ ભૂત—જેમ 'આવે છે' એ અપૂર્ણ વર્તમાનનું રૂપ છે, તેમ 'આવતો હતો' એ એનેજ મળતું ભૂતકાળનું રૂપ છે. એમાં પણ બે અર્થ છે—ભૂતકાળમાં ક્રિયાનું રોજ થવું કે અમુક વખતે ક્રિયાનું ચાલુ હોવું. બંને અર્થમાં ક્રિયા અપૂર્ણ છે. 'આવતો' એ મુખ્ય ધાતુનું વર્તમાન કૃદન્તનું રૂપ છે અને 'હતો' એ સાહાય્યકારક ધાતુનું ભૂતકાળનું રૂપ છે. આ પ્રમાણે એ રૂપ બનેલું છે.

ઇચ્છાવાચક વર્તમાન—'આવનાર છે,' 'આવવાનો છે,' 'આવવું છે,' એ રૂપોમાં ઇચ્છાનો અર્થ રહેલો છે. 'તે મારી સાથે ગામ આવવાનો છે' એટલે મારી સાથે ગામ આવવાની તેની ઇચ્છા છે. આ કારણથી એ રૂપ ઇચ્છાવાચક વર્તમાનકાળનું રૂપ છે. આવવાની ક્રિયા ભવિષ્ય છે, થવાની છે. 'આવવું છે' એ રૂપમાં વિધિનો પણ અર્થ છે. પહેલાં બે રૂપો મુખ્ય ક્રિયાપદના ભવિષ્ય કૃદન્ત અને સાહાય્યકારક ક્રિયાપદના વર્તમાનકાળનાં બનેલાં છે અને ત્રીજું રૂપ મુખ્ય ક્રિયાપદના સામાન્ય કૃદન્ત અને સાહાય્યકારક ક્રિયાપદના વર્તમાનકાળનું બનેલું છે.

આવનાર છે–આવવાનો છે=આવીશ એવી તેની ઇચ્છા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઇચ્છાવાચક ભૂત—'આવનાર હતો,' 'આવવાનો હતો,' 'આવવું હતું,' એ રૂપોમાં પણ ઇચ્છાનો અર્થ છે. 'આવનાર છે,' 'આવવાનો છે,' એમાં ઇચ્છા વર્તમાનકાળની છે, તેમ 'આવનાર હતો,' 'આવવાનો હતો,' એમાં ઇચ્છા ભૂતકાળની છે. આવવાની ક્રિયા બંને રૂપમાં ભવિષ્ય—થવાની છે.

તે આવનાર હતો–આવવાનો હતો=આવીશ એવી તેની ઇચ્છા હતી.

મારે આવવું હતું=મને કોઈની આજ્ઞા હતી કે મારી ઇચ્છા હતી. આ રૂપમાં ઇચ્છાનો કે વિધિનો અર્થ રહેલો છે.

પહેલાં બે રૂપ મુખ્ય ક્રિયાપદના ભવિષ્ય કૃદન્ત અને સાહાય્યકારક ક્રિયાપદના ભૂતકાળનાં બનેલાં છે અને ત્રીજું રૂપ મુખ્ય ક્રિયાપદના સામાન્ય કૃદન્ત અને સાહાય્યકારક ક્રિયાપદના ભૂતકાળનું બનેલું છે.

પ્રથમ પૂર્ણ વર્તમાન ને દ્વિતીય પૂર્ણ વર્તમાન—'આવ્યો છે,' 'આવેલો છે,' એ રૂપના મુખ્ય અર્થ બે છે. આવવાની ક્રિયા હાલ તરતજ બની ગઈ છે અને એ ભૂતકાળની ક્રિયાની અસર ચાલુ છે. ક્રિયા પૂર્ણ થઈ છે અને તેનો સંબંધ વર્તમાનકાળમાં છે, માટે એને પૂર્ણ વર્તમાનકાળ કહ્યો છે. ભૂતકાળમાં થયલી ક્રિયાની વર્તમાન સ્થિતિ એવો અર્થ એ રૂપમાંથી નીકળે છે.* સામાન્ય રીતે 'આવ્યો છે' કરતાં 'આવેલો છે'–માંથી દૂરના ભૂતકાળનો અર્થ નીકળે છે. મુખ્ય ક્રિયાપદના ભૂત કૃદન્ત અને સાહાય્યકારક ક્રિયાપદના વર્તમાનકાળનું એ રૂપ બને છે.†

પ્રથમ પૂર્ણ ભૂત ને દ્વિતીય પૂર્ણ ભૂત—'આવ્યો હતો' અને 'આવેલો હતો' એ બંને રૂપોથી આવવાની ક્રિયા પૂર્ણ થઈ ગઈ છે

---

*આ કારણથી એને **ભૂતવર્તમાન**કાળ કહી શકાય. તરતનાજ, પાસેનાજ ભૂતકાળમાં ક્રિયા થઈ ગઈ છે, તેથી એને **આસન્નભૂત**કાળ પણ કહી શકાય. 'આસન્ન' એટલે પાસેનો.

† 'આવ્યો છે'ના કરતાં 'આવેલો છે' એ પાછલા ભૂતકાળની ક્રિયા બતાવે છે, માટે 'આવ્યો છે'ને **અદ્યતન** (આજનો, પાસેનો) **ભૂતવર્તમાન** અને 'આવેલો છે'ને **અનદ્યતન** (આજનો નહિ, દૂરનો) **ભૂતવર્તમાન** કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એમ સમજાય છે તેથી બંને પૂર્ણ ભૂતકાળનાં રૂપ છે. *બંને રૂપો મુખ્ય ક્રિયાપદના ભૂત કૃદન્ત અને સાહાય્યકારક ક્રિયાપદના ભૂતકાળનાં બનેલાં છે.

મિશ્રકાળનાં રૂપાખ્યાન નીચે પ્રમાણે છે—

'આવ' ધાતુ

અપૂર્ણ વર્તમાનકાળ

	સ્વાર્થ		સંકેતાર્થ-સંશયાર્થ	
	એ૦ વ૦	બ૦ વ૦	એ૦ વ૦	બ૦ વ૦
૧ લો પુ૦	હું આવું છું.	અમે આવીએ છીએ.	હું આવતો હોઉં-હોઈશ (હઈશ).	અમે આવતા હોઈએ-હોઈશું (હઈશું).
૨ જો પુ૦	તું આવે છે.	તમે આવો છો.	તું આવતો હોય-હશે.	તમે આવતા હો-હશો.
૩ જો પુ૦	તે આવે છે.	તેઓ આવે છે.	તે આવતો હોય-હશે.	તેઓ આવતા હોય-હશે.

ઇચ્છાવાચક વર્તમાનકાળ

સ્વાર્થ

૧ લો પુ૦	હું આવનાર-આવવાનો છું.	અમે આવનાર-આવવાના છીએ.
૨ જો પુ૦	તું આવનાર-આવવાનો છે.	તમે આવનાર-આવવાના છો.
૩ જો પુ૦	તે આવનાર-આવવાનો છે.	તેઓ આવનાર-આવવાના છે.

*'આવ્યો હતો' કરતાં 'આવેલો હતો' એ પાછલા ભૂતકાળની ક્રિયા બતાવે છે, માટે 'આવ્યો હતો' ને **અદ્યતન** (આજનો, પાસેનો) પૂર્ણ ભૂતકાળ અને 'આવેલો હતો' ને **અનદ્યતન** (આજનો નહિ, દૂરનો) પૂર્ણ ભૂતકાળ કહી શકાય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સંકેતાર્થ

૧ લો પુ૦ હું આવનાર–આવવાનો હોઉં –હોઈશ (હઈશ).	અમે આવનાર–આવવાના હોઈએ–હોઈશું (હઈશું).
૨ જો પુ૦ તું આવનાર–આવવાનો હોય –હશે.	તમે આવનાર–આવવાના હો–હશો.
૩ જો પુ૦ તે આવનાર–આવવાનો હોય –હશે.	તેઓ આવનાર–આવવાના હોય –હશે.

મારે–તારે–તેને આવવું (સ્વાર્થ) અને મારે–તારે–તેને આવવું હોય–હશે (સંકેતાર્થ). બહુવચનનાં રૂપમાં ફેર નથી. એ રૂપમાં ઇચ્છા ઉપરાંત વિધિનો અર્થ સમાયલો છે.

પ્રથમ પૂર્ણ વર્તમાનકાળ

	સ્વાર્થ		સંકેતાર્થ	
૧ લો પુ૦	હું આવ્યો છું.	અમે આવ્યા છીએ.	હું આવ્યો હોઉં–હોઈશ (હઈશ).	અમે આવ્યા હોઈશું (હઈશું).
૨ જો પુ૦	તું આવ્યો છે.	તમે આવ્યા છો.	તું આવ્યો હોય–હશે–હોઈશ (હઈશ).	તમે આવ્યા હો–હશો.
૩ જો પુ૦	તે આવ્યો છે.	તેઓ આવ્યા છે.	તે આવ્યો હોય–હશે.	તેઓ આવ્યા હોય–હશે.

દ્વિતીય પૂર્ણ વર્તમાનકાળ

સ્વાર્થ

૩ જો પુ૦ તે આવેલો છે. તેઓ આવેલા છે.

સંકેતાર્થ

૩ જો પુ૦ તે આવેલો હોય–હશે. તેઓ આવેલા હોય–હશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ પૂર્ણ ભૂતકાળ

	સ્વાર્થ		સંકેતાર્થ	
૧ લો પુ૦	હું આવ્યો હતો.	અમે આવ્યા હતા.	હું આવ્યો હોત (હત).	અમે આવ્યા હોત.
૨ જો પુ૦	તું આવ્યો હતો.	તમે આવ્યા હતા.	તું આવ્યો હોત.	તમે આવ્યા હોત.
૩ જો પુ૦	તે આવ્યો હતો.	તેઓ આવ્યા હતા.	તે આવ્યો હોત.	તેઓ આવ્યા હોત.

દ્વિતીય પૂર્ણ ભૂતકાળ

	સ્વાર્થ		સંકેતાર્થ	
૩ જો પુ૦	તે આવેલો હતો.	તેઓ આવેલા હતા.	તે આવેલો હોત.	તેઓ આવેલા હોત.

અપૂર્ણ ભૂતકાળ

	સ્વાર્થ		સંકેતાર્થ	
૧ લો પુ૦	હું આવતો હતો.	અમે આવતા હતા.	હું આવતો હોત.	અમે આવતા હોત.
૨ જો પુ૦	તું આવતો હતો.	તમે આવતા હતા.	તું આવતો હોત.	તમે આવતા હોત.
૩ જો પુ૦	તે આવતો હતો.	તેઓ આવતા હતા.	તે આવતો હોત.	તેઓ આવતા હોત.

ઇચ્છાવાચક ભૂતકાળ

સ્વાર્થ

૩ જો પુ૦ તે આવનાર–આવવાનો હતો. તેઓ આવનાર–આવવાના હતા.

સંકેતાર્થ (ક્રિયાતિપત્ત્યર્થ)

૩ જો પુ૦ તે આવનાર–આવવાનો હોત. તેઓ આવનાર–આવવાના હોત.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારે-તારે-તેને આવવું હતું (સ્વાર્થે) અને મારે-તારે-તેને આવવું હોત (ક્રિયાતિપત્ત્યર્થે). બહુવચનનાં રૂપમાં ફેર નથી. એ રૂપોમાં ઇચ્છા ઉપરાંત વિધિનો અર્થ સમાયલો છે.

વિધ્યર્થનાં મિશ્ર રૂપ ઉપર બતાવ્યા પ્રમાણે ઇચ્છાવાચક રૂપમાં આવી ગયાં છે:—આવવું છે—હોય—હતું—હોત.

આજ્ઞાર્થનાં મિશ્ર રૂપ થતાં નથી.

અપૂર્ણ વર્તમાનકાળના અર્થ—

૧. **નિયમિત ક્રિયા**—દરરોજ નિયમિત રીતે થતી ક્રિયા બતાવે છે.

તે રોજ પ્રાતઃકાળે વહેલો ઊઠે છે અને સ્નાનસંધ્યાથી ફારક થઇ અભ્યાસ કરવા બેસે છે.

૨. **ચાલુ ક્રિયા**—કેટલોક વખત થયાં ક્રિયા ચાલુ છે એમ બતાવે છે.

તે પાંચ દિવસ થયાં સવારે ઘેર આવે છે.

૩. **સાર્વત્રિક નીતિવચન**—સર્વ કાળે લાગુ પડે એવાં નીતિવચન એ કાળમાં વપરાય છે.

જેવું વાવે છે તેવું લણે છે; જેવું કરે છે તેવું પામે છે.

જે સત્ય વચન બોલે છે તે પાળે છે તેના પર ઈશ્વર પ્રસન્ન રહે છે

વિદ્યા સર્વત્ર માન પામે છે.

૪. **ટેવ**—ટેવ બતાવે છે.

તે તપખીર સૂંઘે છે—બીડી પીએ છે—તંબાકુ ખાય છે.

૫ **પાસેની ભવિષ્યની ક્રિયા** બતાવે છે—

હું કાલે મુંબઇ જાઉં છું.

૬. **પ્રાચીન ઉક્તિ**—પૂર્વના ગ્રન્થકારોનાં વચન કહેવામાં એ કાળ વપરાય છે.

કાલિદાસ કહે છે કે મધુર આકૃતિને શું શોભાવતું નથી?

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૭. **પ્રત્યક્ષ ઐતિહાસિક વૃત્તાન્ત**—ઐતિહાસિક વૃત્તાન્ત પ્રત્યક્ષ બનતો વર્ણવવો હોય ત્યારે એ કાળ વપરાય છે.

છેવટે રામ ક્રોધ કરી શસ્ત્ર વડે રાવણનાં દસે માથાં કાપી નાંખે છે. રાવણ મરણ પામે છે, અને સર્વત્ર જયજયકાર થાય છે.

પ્રથમ પૂર્ણ વર્તમાન અને દ્વિતીય પૂર્ણ વર્તમાન-કાળના અર્થ—

૧. **ક્રિયા પૂર્ણ અને અસર ચાલતી**—ક્રિયા ભૂતકાળમાં પૂર્ણ થઈ હોય અને તેની અસર વર્તમાનકાળમાં ચાલુ હોય ત્યારે આ કાળ વપરાય છે. ભૂતકાળની ક્રિયાની વર્તમાન સ્થિતિ એવો એ કાળનો અર્થ છે.

'આજ લગી હું એમ જાણતી જે વ્રજમાં કૃષ્ણ પુરુષ છે એક;
વૃંદાવન વસી હજી પુરુષ **રહ્યા છો** તેમાં ધન્ય તમારો વિવેક.'
(૭મી ચો૦, પાઠ ૮મો)

'એ વિચારો તેણે ઉપર કહેલા ધર્મવિચાર નામના ગ્રન્થમાં **દર્શાવ્યા છે.**' (૭મી ચો૦, પાઠ ૧૩મો)

'આ સિવાય ધર્મવિચાર નામનો ગ્રન્થ તેમ નાનાં મોટાં બીજાં લખાણ તેમણે **લખેલાં** છે તેમાં......' (૭મી ચો૦, પાઠ ૧૩મો)

૨ **તરત પૂરી થયલી ક્રિયા**—પાસેના ભૂતકાળમાં ક્રિયા પૂર્ણ થઈ હોય ને તેને વિષે વર્તમાનકાળમાં કહ્યું હોય ત્યારે પણ એ કાળ વપરાય છે.

મેં કાલે પત્ર **લખ્યો** છે.

અપૂર્ણ ભૂતના અર્થ—'આવતો હતો' આ રૂપમાં ક્રિયા પૂર્ણ થઈ નથી, અપૂર્ણ છે, ચાલુ છે, એવો તેમજ નિયમિત થતી ક્રિયાનો અર્થ છે.

હું કાગળ **લખતો હતો** એવામાં મારું ધ્યાન તે તરફ ગયું.

તે દરરોજ સાંજે મારી સાથે ફરવા **આવતો હતો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રથમ પૂર્ણ ભૂત અને દ્વિતીય પૂર્ણ ભૂતનો અર્થ–'આવ્યો' એ શુદ્ધ પ્રથમ ભૂતકાળમાં ક્રિયા અમુક સમયે બની એવો અર્થ રહેલો છે; પરંતુ 'આવ્યો હતો' અને 'આવેલો હતો,' એ રૂપોમાં અમુક સમયના સંકોચના અર્થ નથી. એ બે રૂપના અર્થમાં બહુ ફેર નથી. 'આવ્યો હતો' કરતાં 'આવેલો હતો' એ કંઈક પૂર્વ સમયમાં ક્રિયા થઈ છે એમ બતાવે છે.

'ઘણી ચિન્તાથી તેના ગાલ બેસી **ગએલા હતા,** તથા સર્વાંગે નિમાળા સફેદ થઈ **ગયા હતા;** તોપણ તેની આંખમાંથી જુસ્સો હજી મરી **ગએલો ન હતો.**' (૭મી ચો૦, પા૦ ૬ઠ્ઠો).

ઈચ્છાવાચક વર્તમાન અને ઇચ્છાવાચક ભૂતકાળ—'આવવાનો છે,' 'આવવાનો હતો'—આ રૂપોમાં ભવિષ્યકાળમાં થવાની ક્રિયાનો વિચાર વર્તમાન અને ભૂતકાળ સાથે જોડાયલો છે. એમાં સામાન્ય રીતે ઇચ્છાનો અર્થ રહેલો છે. કોઈ વખત માત્ર ભવિષ્યકાળનોજ અર્થ હોય છે.

હું તમારી સાથે ફરવા **આવવાનો** છું (ફરવા આવવાનો મારો ઇરાદો છે).

હું તમારી સાથે ફરવા **આવવાનો હતો;** પરંતુ કામમાં રોકાઈ જવાથી આવી શક્યો નહિ (ઇરાદો સફળ ન થયો એવો અર્થ નીકળે છે).

'આ દુનીઆમાં આવી આપણે શું શું **કરવાનું** છે અને મરણ પછી આપણે ક્યાં **જવાનું** છે એ સર્વ બાબતો આપણે ધર્મ થકી જાણી શકીએ છીએ.' (૭મી ચો૦, પા૦ ૧૨મો)

ઉપલા વાક્યમાં ભવિષ્યકાળનોજ અર્થ છે, ઇચ્છાનો અર્થ નથી.

મારે આવવું છે—હતું, એમાં વિધિનો કે ઇચ્છાનો અર્થ રહેલો છે એ ઉપર દર્શાવ્યું છે. 'મારે આવવું છે' એટલે આવવાની મારી ફરજ છે, કે મને કોઈની આજ્ઞા થઈ છે, કે મારી ઇચ્છા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સાહાય્યકારક 'શક' ધાતુ—'હો' ને 'છ' ધાતુની પેઠે 'શક' પણ સાહાય્યકારક ધાતુ છે.

તે જેવું કામ **કરી શકે** છે તેવું મારાથી થતું નથી.

ઉપલા વાક્યમાં 'કરી શકે છે'માં મુખ્ય ક્રિયા કરવાની છે, તેમાં 'શક' ધાતુના સાથે વાપરેલા રૂપથી 'શકવા'નો અર્થ આવે છે. 'શક' ધાતુનું રૂપ વાપરવાથી મુખ્ય ક્રિયાપદમાં વિધ્યર્થનો અર્થ આવે છે. 'કરે' એ શુદ્ધ વર્તમાનકાળના રૂપમાં 'કરી શકે' એવો 'શકવા'નો અર્થ રહેલો છે ને તે એક પ્રકારનો વિધ્યર્થ છે.

નથી—'નથી' એ સંસ્કૃત 'नास्ति' (न अस्ति) નું અપભ્રંશ રૂપ છે; એટલે એમાં 'છે નહિ' એવો અર્થ છે. આ પ્રમાણે એ નિષેધવાચક સાહાય્યકારક ક્રિયાપદ છે.

તે પોતાનું કામ કાળજીપૂર્વક કરતો નથી.

ઉપલા વાક્યમાં 'કરતો નથી' એ 'કરે છે'નું નિષેધવાચક રૂપ છે, તેથી નિષેધવાચક અપૂર્ણ વર્તમાનકાળમાં છે.

'આવ' ધાતુ પરથી શુદ્ધ અને મિશ્રકાળો તથા અર્થો નીચે પ્રમાણે છે—

'આવ' ધાતુ: શુદ્ધ અને મિશ્રકાળો

વર્તમાનકાળ

૧. શુદ્ધ વર્તમાન—તે આવે.
૨. અપૂર્ણ વર્તમાન—તે આવે છે.
૩. પ્રથમ પૂર્ણ વર્તમાન—તે આવ્યો છે.
૪. દ્વિતીય પૂર્ણ વર્તમાન—તે આવેલો છે.
૫. ઇચ્છાવાચક વર્તમાન—તે આવનાર છે-આવવાનો છે; તેને આવવું છે.

ભૂતકાળ

૧. શુદ્ધ {
પ્રથમ ભૂત—તે આવ્યો.
દ્વિતીય ભૂત—તે આવેલો.
નિયમિત ભૂત—તે આવતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. પ્રથમ પૂર્ણ ભૂત—તે આવ્યો હતો.

૩. દ્વિતીય પૂર્ણ ભૂત—તે આવેલો હતો.

૪. અપૂર્ણ ભૂત—તે આવતો હતો.

૫. ઇચ્છાવાચક ભૂત—તે આવનાર હતો–આવવાનો હતો;
તેને આવવું હતું.

ભવિષ્યકાળ

શુદ્ધ ભવિષ્યકાળ—તે આવશે.

'આવ' ધાતુ: કાળ અને અર્થ

(મિશ્ર ભવિષ્યકાળ)—તે આવવાનો છે–આવવાનો હતો.

શુદ્ધ વર્તમાન—

સ્વાર્થ—તે આવે.

આજ્ઞાર્થ—તું આવ–આવજે; તે આવે; હું આવું.

વિધ્યર્થ—તેણે આવવું.

સંકેતાર્થ—તે આવે.

પ્રથમ ભૂત—

સ્વાર્થ—તે આવ્યો.

સંકેતાર્થ—તે આવ્યો.

દ્વિતીય ભૂત—

સ્વાર્થ—તે આવેલો.

સંકેતાર્થ—તે આવેલો.

નિયમિત ભૂત—

સ્વાર્થ—તે આવતો.

સંકેતાર્થ (ક્રિયાતિપત્ત્યર્થ)—તે આવત.

ભવિષ્યકાળ—

સ્વાર્થ—તે આવશે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અપૂર્ણ વર્તમાન—

સ્વાર્થ—તે આવે છે.

સંકેતાર્થ—તે આવતો હોય—આવતો હશે.

પ્રથમ પૂર્ણ વર્તમાન—

સ્વાર્થ—તે આવ્યો છે.

સંકેતાર્થ—તે આવ્યો હોય-હશે.

દ્વિતીય પૂર્ણ વર્તમાન—

સ્વાર્થ—તે આવેલો છે.

સંકેતાર્થ—તે આવેલો હોય-હશે.

ઇચ્છાવાચક વર્તમાન

સ્વાર્થ—તે આવનાર-આવવાનો છે; તેને આવવું છે.

સંકેતાર્થ—તે આવનાર-આવવાનો હોય-હશે; તેને આવવું હોય-હશે.

અપૂર્ણ ભૂત—

સ્વાર્થ—તે આવતો હતો.

સંકેતાર્થ (ક્રિયાતિપત્ત્યર્થ)—તે આવતો હોત-હત.

પ્રથમ પૂર્ણ ભૂત—

સ્વાર્થ—તે આવ્યો હતો.

સંકેતાર્થ (ક્રિયાતિપત્ત્યર્થ)—તે આવતો હોત-હત.

દ્વિતીય પૂર્ણ ભૂત—

સ્વાર્થ—તે આવેલો હતો.

સંકેતાર્થ (ક્રિયાતિપત્ત્યર્થ)—તે આવેલો હોત-હત.

ઇચ્છાવાચક ભૂત—

સ્વાર્થ—તે આવનાર-આવવાનો હતો; તેને આવવું હતું.

સંકેતાર્થ—તે આવનાર-આવવાનો હોત-હત; તેને આવવું હોત (હત).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૧૨ મું

ધાતુ—મૂળ અને સાધિત

ધાતુ: પ્રકાર—ક્રિયાપદનાં ટૂંકામાં ટૂંકાં રૂપને ધાતુ કહે છે એ અગાઉ કહ્યું છે. 'કરે'નું એવું રૂપ 'કર,' 'જાય'નું 'જા,' 'હોય'નું 'હો', અને 'છે'નું 'છ' છે. એ રૂપો બહુધા **આજ્ઞાર્થ**નાં બીજા પુરુષનાં એકવચનનાં રૂપ છે. આ બધા **મૂળ ધાતુ** છે. ધાતુ ઉપરથી બીજા ધાતુ બને છે તે **સાધિત ધાતુ** કહેવાય છે.

સાધિત ધાતુ બનાવવાની રીત—સાધિત ધાતુ જુદી જુદી રીતે બને છે; તે નીચે પ્રમાણે છે—

૧. મૂળ ધાતુનો આદિ 'અ' દીર્ઘ થવાથી–

મૂળ ધાતુ	સાધિત ધાતુ–પ્રયોજક	મૂળ ધાતુ	સાધિત ધાતુ–પ્રયોજક
ચર	ચાર	દબ	દાબ
ઝર	ઝાર	પડ	પાડ
ઠર	ઠાર	બળ	બાળ
તપ	તાપ	મર	માર
તર	તાર	વળ	વાળ
		ઉકળ	ઉકાળ

ઉપર આપેલા મૂળ ધાતુ અકર્મક છે અને તે પરથી થયલા સાધિત ધાતુ સકર્મક બને છે. એમાં પ્રયોજવાનો એટલે પ્રેરવાનો અર્થ છે; જેમકે,

દૂધ ઉકળે છે.

તે દૂધ ઉકાળે છે (ઉકળે એમ પ્રેરણા કરે છે).

ફળ પડે છે.

છોકરો ફળ પાડે છે (પડે એમ કરે છે).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. મૂળ ધાતુના સ્વરમાં ફેરફાર થવાથી–

'અ'નો 'એ' કે 'ઓ' થવાથી–

મૂળ ધાતુ	સાધિત ધાતુ
ઉછર	ઉછેર
ભળ	ભેળ
ઢળ	ઢોળ

'ઇ'નો 'આ' અને 'ઊ'નો 'ઓ' થવાથી—

પી	પા	
છૂટ	છોડ	'ટ્'નો 'ડ્' થયો છે.
તૂટ	તોડ	
ફૂટ	ફોડ	

આમાં પણ મૂળ ધાતુ અકર્મક છે અને સાધિત ધાતુ પ્રયોજક છે. મૂળ ધાતુમાંથી 'અમુક કામ કરવાનો' અને સાધિત ધાતુમાંથી 'અમુક કામ કરાવવાનો' અર્થ નીકળે છે.

૩. મૂળ ધાતુને 'આવ' પ્રત્યય લાગવાથી પ્રયોજક કે પ્રેરક ધાતુ બને છે, તેમાં તે ક્રિયા બીજા પાસે કરાવવાનો અર્થ ખુલ્લો છે.

મૂળ ધાતુ	સાધિત ધાતુ (પ્રયોજક)
કર	કરાવ
લખ	લખાવ
ભડક	ભડકાવ
રોપ	રોપાવ

૪. મૂળ ધાતુને 'અવ' પ્રત્યય લાગે છે અને તેના આદિ 'અ'નો 'એ' થાય છે.

મૂળ ધાતુ	સાધિત ધાતુ
ફર	ફેરવ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભળ	ભેળવ
મળ	મેળવ
હળ	હેળવ

૫. મૂળ ધાતુ પરથી બનેલા સાધિત ધાતુને 'આવ' પ્રત્યય લગાડવાથી 'પ્રયોજક' રૂપ બને છે; તેમાંથી તે ક્રિયા બીજાને પ્રયોજીને (પ્રેરીને) કરાવવાનો અર્થ નીકળે છે.

મૂળ ધાતુ	સાધિત ધાતુ	પ્રયોજક (પુનઃસાધિત)
તપ	તાપ	તપાવ
તર	તાર	તરાવ
પડ	પાડ	પડાવ
બળ	બાળ	બળાવ
મર	માર	મરાવ
છૂટ	છોડ	છોડાવ–છોડવ
તૂટ	તોડ	તોડાવ
ફૂટ	ફોડ	ફોડાવ

'આવ' પ્રત્યય લગાડતાં ઘણે સ્થળે આદિ સ્વર હ્રસ્વ થાય છે.

મૂળ	સાધિત કે પ્રયોજક	મૂળ	સાધત કે પ્રયોજક
આંક	અંકાવ	વાપર	વપરાવ
નાંખ	નંખાવ	સાંભળ	સંભળાવ
પાડ	પડાવ	હાંક	હંકાવ
બાંધ	બંધાવ	શીખ	શિખવ ('અવ' લાગે છે).
માંજ	મંજાવ	ઊગ	ઉગાવ–ઉગાડ
માર	મરાવ	મૂક	મુકાવ
વાંચ	વંચાવ		

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. મૂળ ધાતુને 'આડ' કે 'વાડ' પ્રત્યય અને પાછો 'આવ' લગાડવાથી–

મૂળ ધાતુ	સાધિત ધાતુ	
ખા	ખવાડ–ખવડાવ	(ઉપાન્ત્ય સ્વર હ્રસ્વ થાય છે.)
ગા	ગવાડ–ગવડાવ	(,, ,,)
ન્હા	ન્હવાડ–ન્હવડાવ	(,, ,,)
પી	પિવાડ–પિવડાવ	(,, ,,)
બી	બિવાડ–બિવડાવ	(,, ,,)
સીવ	સિવાડ–સિવડાવ	(,, ,,)
સૂ	સુવાડ–સુવડાવ	(,, ,,)
કહે	કહેવાડ–કહેવડાવ	(,, ,,)
જો	જોવાડ–જોવડાવ	(,, ,,)
લે	લેવાડ–લેવડાવ	(,, ,,)
બેસ	બેસાડ–બેસડાવ–બેસાડાવ	(વિકલ્પે હ્રસ્વ થાય છે.)
રમ	રમાડ–રમાડાવ	(હ્રસ્વ થતો નથી.)

૭. પ્રત્યય લાગી બનેલા પ્રયોજક ધાતુને ફરી પ્રત્યય લગાડવાથી—

મૂળ	પ્રયોજક	પુનઃપ્રયોજક
કર	કરાવ	કરાવરાવ
રમ	રમાડ	રમાવડાવ
ચાલ	ચલાવ	ચલાવરાવ
નાંખ	નંખાવ	નંખાવરાવ
બોલ	બોલાવ	બોલાવરાવ
લખ	લખાવ	લખાવરાવ

નામધાતુ—નામ કે વિશેષણ પરથી સંસ્કૃતમાં ધાતુ બને છે તે **નામધાતુ** કહેવાય છે. ગુજરાતીમાં એવા ધાતુ કવચિતજ બને છે. થોડાક દાખલા જોવામાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ક્રોધ—ક્રોધાયમાન (નામધાતુ 'ક્રોધાય'ને 'માન' પ્રત્યય લાગી બનેલો વર્તમાન કૃદન્ત)

ટૂંકું—ટૂંકવ

લાંબું—લંબાવ

ધૂમ—ધૂમાય

'અગર ધૂપ આગળ **ધૂમાય**, વાજિત્રમાં ઘણા હરિગુણ ગાય.'

(સુધન્વા—આ૦, કડ૦ ૨ જું)

ઉજડ-ઉજાડ

'કરે એકઠાં વ્યોમ સુધા, **ઉજાડે** ચૌદ લોક રે;

કહે કૃષ્ણ કપટ વિના એને, જીત્યાની આશા ફોક રે.'

(અભિમન્યુ—આ૦, કડ૦ ૭મું)

શોભાયમાન—'શોભા' પરથી નામધાતુ 'શોભાય' બને છે તેનો વર્તમાન કૃદન્ત.

અન્ય સાધિત ધાતુ—સંસ્કૃતમાં પ્રયોજક ધાતુ સિવાય બીજા પ્રકારના પણ સાધિત ધાતુ બને છે. ઇચ્છાવાચક ધાતુ અને ક્રિયાનું વારંવાર થવું એવો અર્થ બતાવનારા ધાતુ સંસ્કૃતમાં વપરાય છે, તે મૂળ ધાતુ પરથી બનેલા સાધિત ધાતુ હોય છે. ગુજરાતીમાં એવા ધાતુ વપરાતા નથી, પરંતુ એવા ધાતુનાં અંગ પરથી બનેલાં કેટલાંક નામ અને વિશેષણ વપરાય છે. થોડાક દાખલા નીચે આપ્યા છે—

સંસ્કૃત સાધિત ધાતુ	ગુજરાતીમાં વપરાતા શબ્દો
જિજ્ઞાસ ('જ્ઞા'=જાણવું પરથી —જાણવાની ઇચ્છા કરવી)	જિજ્ઞાસા (જાણવાની ઇચ્છા) જિજ્ઞાસુ (જાણવા ઇચ્છાનાર)
પિપાસ ('પા'=પીવું પરથી —પીવાની ઇચ્છા કરવી)	પિપાસા (પીવાની ઇચ્છા) પિપાસુ (પીવા ઇચ્છનાર)
શુશ્રૂષ ('શ્રુ'=સાંભળવું પરથી- સાંભળવાની ઇચ્છા કરવી)	શુશ્રૂષા (સાંભળવાની ઇચ્છા- સેવા; સાંભળવાની ઇચ્છા વિના સેવા થઈ શકતી નથી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મુમૂર્ષ ('મૃ'=મરવું પરથી—મરવાની તૈયારીમાં હોવું)	મુમૂર્ષુ (મરવા ઇચ્છનાર)
દ્દીપ્ય ('દીપ'=પ્રકાશવું પરથી—અતિશય પ્રકાશવું, વારંવાર પ્રકાશવું)	દેદીપ્યમાન (વર્તમાન કૃદન્ત, અત્યન્ત પ્રકાશમાન)
જાજ્વલ્ય ('જ્વલ્'=પ્રકાશવું પરથી-અતિશય કે વારંવાર પ્રકાશવું	જાજ્વલ્યમાન (વર્તમાન કૃદન્ત, અત્યન્ત પ્રકાશમાન)

સાધિત ધાતુઃ કાળ અને અર્થ—જેટલાં કાળ અને અર્થનાં
૩૫ મૂળ ધાતુ પરથી બને છે તેટલાંજ સાધિત ધાતુ પરથી બને છે.

મૂળ ધાતુ લખ	સાધિત ધાતુ લખાવ

શુદ્ધ વર્તમાન

સ્વાર્થ-તે લખે.	તે લખાવે.
આજ્ઞાર્થ-તું લખ-લખજે; તે લખે; હું લખું.	તું લખાવ-લખાવજે; તે લખાવે; હું લખાવું.
વિધ્યર્થ—તેણે લખવું. (કર્મણિ)	તેણે લખાવવું. (કર્મણિ)
સંકેતાર્થ—તે લખે.	તે લખાવે.

અપૂર્ણ વર્તમાન

સ્વાર્થ—તે લખે છે.	તે લખાવે છે.
સંકેતાર્થ—તે લખતો હોય-હશે.	તે લખાવતો હોય-હશે.

પ્રથમ પૂર્ણ વર્તમાન

સ્વાર્થ—તેણે લખ્યું છે. (કર્મણિ)	તેણે લખાવ્યું છે. (કર્મણિ)
સંકેતાર્થ—તેણે લખ્યું હોય—હશે. (કર્મણિ)	તેણે લખાવ્યું હોય—હશે. (કર્મણિ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વિતીય પૂર્ણ વર્તમાન

સ્વાર્થ—તેણે લખેલું છે. (કર્મણિ) — તેણે લખાવેલું છે. (કર્મણિ)

સંકેતાર્થ—તેણે લખેલું હોય–હશે. (કર્મણિ) — તેણે લખાવેલું હોય–હશે. (કર્મણિ)

ઇચ્છાવાચક વર્તમાન

સ્વાર્થ—તે લખનાર–લખવાનો છે; તેને લખવું છે. — તે લખાવનાર–લખાવવાનો છે; તેને લખાવવું છે.

સંકેતાર્થ—તે લખનાર–લખવાનો હોય–હશે; તેને લખવું હોય–હશે. — તે લખાવનાર–લખાવવાનો હોય–હશે; તેને લખાવવું હોય–હશે.

સ્વાર્થ અને સંકેતાર્થમાં છેલ્લું રૂપ કર્મણિ છે.

પ્રથમ ભૂત

સ્વાર્થ—તેણે લખ્યું. (કર્મણિ) — તેણે લખાવ્યું. (કર્મણિ)

સંકેતાર્થ— " " — " "

દ્વિતીય ભૂત

સ્વાર્થ—તેણે લખેલું. (કર્મણિ) — તેણે લખાવેલું. (કર્મણિ)

સંકેતાર્થ— " " — " "

નિયમિત ભૂત

સ્વાર્થ–તે લખતો. — તે લખાવતો.

સંકેતાર્થ (ક્રિયાતિ૦)—તે લખત. — તે લખાવત.

પ્રથમ પૂર્ણ ભૂત

સ્વાર્થ—તેણે લખ્યું હતું. (કર્મણિ) — તેણે લખાવ્યું હતું. (કર્મણિ)

સંકેતાર્થ (ક્રિયા૦)—તેણે લખ્યું હોત–હત. (કર્મણિ) — તેણે લખાવ્યું હોત–હત. (કર્મણિ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દ્વિતીય પૂર્ણ ભૂત

સ્વાર્થ—તેણે લખેલું હતું. (કર્મણિ)	તેણે લખાવેલું હતું. (કર્મણિ)
સંકેતાર્થ—તેણે લખેલું હોત-હત. (કર્મણિ)	તેણે લખાવેલું હોત-હત. (કર્મણિ)

અપૂર્ણ ભૂત

સ્વાર્થ—તે લખતો હતો.	તે લખાવતો હતો.
સંકેતાર્થ (ક્રિયાતિ૰)—તે લખતો હોત-હત.	તે લખાવતો હોત-હત.

ઇચ્છાવાચક ભૂત

સ્વાર્થ—તે લખનાર-લખવાનો હતો; તેને લખવું હતું.	તે લખાવનાર-લખાવવાનો હતો; તેને લખાવવું હતું.
સંકેતાર્થ-તે લખનાર-લખવાનો હોત-હત; તેને લખવું હોત—હત.	તે લખાવનાર-લખાવવાનો હોત-હત; તેને લખાવવું હોત—હત.

સ્વાર્થ અને સંકેતાર્થમાં છેલ્લું રૂપ કર્મણિ છે.

ભવિષ્યકાળ

સ્વાર્થ-તે લખશે.	તે લખાવશે.

ક્રિયાપદ સકર્મક હોય તો સામાન્ય રીતે તેના પરથી પ્રથમ પૂર્ણ વર્તમાન, દ્વિતીય પૂર્ણ વર્તમાન, પ્રથમ ભૂત, દ્વિતીય ભૂત, પ્રથમ પૂર્ણ ભૂત, અને દ્વિતીય પૂર્ણ ભૂત, તથા વિધ્યર્થનાં રૂપો કર્મણિ બને છે. પ્રયોજક ધાતુ સકર્મક થાય છે, એટલે તેનાં પણ ઉપલાં રૂપ કર્મણિજ થાય છે.

પ્રકરણ ૧૩ મું

કૃદન્ત: પ્રકારાદિ

કૃદન્ત—જે ક્રિયાવાચક પદ ક્રિયાપદની પેઠે અર્થ પૂરો કરી વાક્ય બનાવતાં નથી તે **કૃદન્ત** કહેવાય છે. ધાતુને જે પ્રત્યય લાગી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે પરથી નામ અને વિશેષણ બને છે તે પ્રત્યયને સંસ્કૃત વ્યાકરણમાં કૃત્ પ્રત્યય કહ્યા છે અને એ પ્રત્યય જેને અન્તે હોય તે કૃદન્ત કહેવાય છે. 'કૃદન્ત' શબ્દ બહુવ્રીહિ સમાસ છે; 'કૃત્ પ્રત્યય છે અન્તે જેને' એવો એનો અર્થ છે.

કૃદન્ત અને કાળ—ક્રિયા જુદા જુદા કાળમાં બને છે તે પરથી જેમ ક્રિયાપદ કાળવાચક છે તેમ કૃદન્ત પણ કાળવાચક છે.

કૃદન્ત: પ્રકાર—કૃદન્તના પ્રકાર નીચે પ્રમાણે છે—

'આવ' અને 'લખ' ધાતુ પરથી કૃદન્તો

વર્તમાન કૃદન્ત—

આવતો–તી–તું લખતો–તી–તું

ભૂત કૃદન્ત—

પ્રથમ (અદ્યતન)–આવ્યો–વી–વ્યું લખ્યો–ખી–ખ્યું (કર્મણિ)

દ્વિતીય (અનદ્યતન)–આવેલો–લી–લું લખેલો–લી–લું (કર્મણિ)

ભવિષ્ય કૃદન્ત—

આવવાનો–ની–નું, લખવાનો–ની–નું,

આવનારો–રી–રું, લખનારો–રી–રું,

કે કે

આવનાર લખનાર

અવ્યયરૂપ ભૂતકૃદન્ત–આવી–આવીને લખી–લખીને

સામાન્ય કૃદન્ત—આવવું (નામ) લખવો–વી–વું (કર્મણિ) (નામ)

(હેત્વર્થક)—આવવા–આવવાને લખવા–લખવાને

(ચોથી વિ૦, અવ્યય) (ચોથી વિ૦, અવ્યય)

મૂળ ધાતુ પરથી જેવા કૃદન્ત થાય છે તેવા સાધિત ધાતુ પરથી પણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'લખાવ' ('લખ' ધાતુનું પ્રયોજકઅંગ) ધાતુ પરથી કૃદન્તો

વર્તમાન કૃદન્ત—લખાવતો-તી-તું

ભૂત કૃદન્ત—

પ્રથમ (અદ્યતન)—લખાવ્યો-વી-વ્યું (કર્મણિ)

દ્વિતીય (અદ્યતન)—લખાવેલો-લી-લું (કર્મણિ)

ભવિષ્ય કૃદન્ત—લખાવવાનો-ની-નું,
લખાવનારો-રી-રૂં,
કે
લખાવનાર

અવ્યયરૂપ ભૂત કૃદન્ત—લખાવી-લખાવીને

સામાન્ય કૃદન્ત—લખાવવો-વી-વું (કર્મણિ) (નામ)

(હેત્વર્થક—લખાવવા-લખાવવાને (ચોથી વિ૦, અવ્યય)

'લખ' ધાતુ-કર્મણિ કૃદન્તો

વર્તમાન કૃદન્ત—લખાતો-તી-તું

ભૂત કૃદન્ત—

પ્રથમ (અનદ્યતન)—લખ્યો-લખી-લખ્યું,
લખાયો-યી-(ઈ)-યું

દ્વિતીય (અનદ્યતન)—લખેલો-લી-લું,
લખાયલો-લી-લું

ભવિષ્ય કૃદન્ત—લખાવાનો-ની-નું,
લખાનારો-રી-રૂં,
કે લખાનાર

અવ્યયરૂપ ભૂત કૃ૦—લખાઈ-લખાઈને

સામાન્ય કૃદન્ત—લખાવો-વી-વું (નામ)
લખવો-વી-વું (નામ)

(હેત્વર્થક)—લખાવા-વાને (ચોથી વિ૦, અવ્યય)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખાવ ('લખ' પરથી સાધિત ધાતુ, પ્રયોજક): કર્મણિ કૃદન્તો

વર્તમાન કૃદન્ત—લખાવાતો–તી–તું.

ભૂત કૃદન્ત—

પ્રથમ (અદ્યતન)—લખાવાયો–યી (ઈ)–યું.

દ્વિતીય (અનદ્યતન)—લખાવાયલો–લી–લું.

ભવિષ્ય કૃદન્ત—લખાવાવાનો–ની–નું,

લખાવાનારો–રી–રૂં, (ક્વચિતજ વપરાય છે.)

કે લખાવાનાર (ક્વચિતજ વપરાય છે.)

અવ્યયરૂપ ભૂત કૃદન્ત—લખાવાઈ–ઈને (અવ્યય)

સામાન્ય કૃદન્ત—લખાવાવો–વી–વું (નામ)

(હેત્વર્થક)—લખાવાવા–વાને (અવ્યય)

વર્તમાન, ભૂત, અને ભવિષ્ય કૃદન્ત—આ કૃદન્તો સામાન્ય રીતે વિશેષણ તરીકે વપરાય છે.

'શાન્ત રાત્રિસમયમાં તેમની ઘોર **બોલતી** સંભળાઈ.' (૭મી ચો૦, પાઠ ૨૨ મો).

'એક એવો સમય પણ આવશે કે જ્યારે રજપુતો **શોધ્યા** જડશે નહિ.' (કર્મણિ, પ્રથમ ભૂત).

'ઘાસ અને ચીથરૂં એ કાચો માલ છે. અને કાગળ તેમાંથી **બનાવેલો** માલ છે.' (૭મી ચો૦, પા૦ ૨૩ મો, પ્રયોજક કર્મણિ, દ્વિતીય ભૂત).

'તેનો (વીર કવિતાનો) ઉદ્દેશ સદ્ગુણ **વધારવાનો** છે.' (નર્મગદ્ય, પૃ૦ ૪૦, પ્રયોજક ભવિષ્ય કૃ૦).

'એવી સઘળી ચીજો આપણને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સુખ **આપનારી** હોઈ ઉપયોગી છે.' (૭મી ચો૦, પા૦ ૪થો).

ચાલતો વખત ગુમાવો ના.

બળતું ઘર શ્રીકૃષ્ણાર્પણ કરવું એ ધર્મ કેવો!

ગાજ્યો મેઘ વરસે નહિ. (કર્તરિ ભૂત).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લખ્યા લેખ મટે નહિ. (કર્મણિ ભૂત).

બાંધી મૂઠી લાખની. (કર્મણિ ભૂત).

હું તમારો કાચા સૂતરનો **બાંધેલો** છું.

આ તો **સૂતેલા** સિંહને જગાડવા જેવું છે.

સંઘરેલો સાપ પણ કામનો છે. (કર્મણિ દ્વિતીય ભૂત.)

દુઃખ **દેનાર** સ્ત્રી–**દેનારી** સ્ત્રી શાપરૂપ છે.

નહિ મામા કરતાં **કહેણા**–કહેવાના મામા સારા.

એજ કૃદન્તો નામ તરીકે પણ વપરાય છે.

દાખલાઃ—

આંગળાં **આપતાં** (આપતે સતે) પોંચાને વળગે.

બકરૂં **કાઢતાં** (કાઢતે સતે) ઊંટ પેસે.

તેને **વાંચતાં** આવડતું નથી.

હાથનાં **કર્યાં** હૈયે વાગ્યાં.

ન **બોલ્યામાં** નવ ગુણ.

દાઝ્યા પર ડામ ને **પડ્યા** પર પાટું.

ધોનાર ત્યાં **પાનાર** નહિ.

'ખરૂં **જોતાં** (જોતે સતે, વર્ત૦ કૃ૦, સતિસપ્તમી) એ ખરચ પૈસા આપી માલ ખરીદ **કર્યા** બરાબર છે'. (કર્યાની બરાબર, ૭મી ચો૦, પા૦ ૩૦મો).

'તે ઘણાં **ખાવામાં આવેથી** ઘણીખરી વાર નઠારાં પરિણામ નીપજે છે.' (૭મી ચો૦, પા૦ ૩૧મો; સંયુક્ત ક્રિયા કર્મણિ, 'આવ્યેથી–આવ્યાથી,' પંચમી).

'તેણે પ્રથમ પોતાની સત્તા બરાબર **બેસાડવાનું** મનમાં લીધું.' (પ્રયોજક ભવિષ્ય કૃ૦, નામ, 'લીધું'નું અભિહિત કર્મ; પ્ર૦ વિભક્તિ. ૭મી ચો૦, પા૦ ૨૯ મો.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એ કર સરકાર કે મ્યુનિસિપાલિટી તે પદાર્થો **વાપરનાર** પાસેથી વસુલ ન કરતાં તે **વેચનારા** વેપારીઓ કનેથી લે છે.' ('વાપરનાર' નામ; 'વેચનારા' વિ૦; ૭મી ચો૦, પા૦ ૩૦મો)

અવ્યયરૂપ ભૂત કૃદન્ત—'લખી-લખીને', 'કરી-કરીને', એ અવ્યયરૂપ ભૂત કૃદન્ત છે. એ ભૂતકાળની ક્રિયા બતાવે છે અને અવ્યય છે—એના રૂપમાં લિંગ, વચન, કે વિભક્તિને લગતો ફેરફાર થતો નથી.

પૂર્વકાલવાચક—એ અવ્યયરૂપ કૃદન્ત પૂર્વકાલવાચક છે. વાક્યમાં ક્રિયાપદ જે ક્રિયા બતાવે છે તેની પૂર્વે થયલી ક્રિયા એ કૃદન્ત બતાવે છે.

દાખલા:—

આપણે દરરોજ કામ **કરીને** આરામ લેવો જોઈએ. (અહિં 'કરવા'ની ક્રિયા 'આરામ લેવા'ની પહેલાં થઈ છે.)

કૃદન્ત પૂર્વકાલવાચક હોવાથી એનો કર્તા અને ક્રિયાપદનો કર્તા એકજ હોવો જોઈએ.

દાખલા:—

'એવી સઘળી ચીજો આપણને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સુખ આપનારી **હોઈ** ઉપયોગી છે.

આમાં 'ચીજો' 'હોઈ'નો કર્તા છે ને 'છે'નો પણ કર્તા છે. 'હોઈ' અને 'છે' એ બેમાં 'હોઈ' પૂર્વકાલવાચક છે—ઉપયોગી હોવાની ક્રિયાની પૂર્વે થયલી ક્રિયા બતાવે છે.

આ કારણથી નીચેનું વાક્ય બરાબર શુદ્ધ નથી એમ કહી શકાય—

એવી ચીજો આપણને સુખ આપનારી હોઈ આપણા દિવસ આનંદમાં જાય છે.

આમાં 'હોઈ' અને 'જાય છે' ના કર્તા એક નથી. આવે ઠેકાણે 'હોઈ'ને બદલે 'હોવાથી' રૂપ શુદ્ધ છે. આ શૈલી હાલ કેટલાક લેખકો વાપરતા થયા છે. એ અંગ્રેજી શૈલીનું અનુકરણ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સામાન્ય કૃદન્ત—એ કૃદન્ત નામ તરીકે વપરાય છે. 'કરવું,' 'લખવું,' 'જાણવું,' વગેરે એ કૃદન્તના દાખલા છે. એ ક્રિયા ત્રણે કાળને લાગુ પડે છે તેથી એને **સામાન્ય કૃદન્ત** કહે છે. એ ક્રિયાવાચક નામ છે અને ભાવવાચક નામના પ્રકારમાં આવે છે.

કહેવું સહેલું છે, પણ કરવું ઘણું મુશ્કેલ છે.

જો જો, **હસવાનું** ખસવું ન થઈ જાય.

ગામમાં **પેસવાનાં** સાંસાં ને પટેલને ઘેર ઊનાં પાણી.

'કારખાનું કાઢી મોટા પાયા પર કોઈ પણ ધંધો **ચલાવવાથી** લાભ થાય છે.' (૭મી ચો૦, પા૦ ૨૩મો; પ્રયોજક ધાતુ પરથી સામાન્ય કૃ૦, ક્રિયાવાચક નામ, પાંચમીનું એકવચન, 'થાય છે' ક્રિયાપદ સાથે હેતુનો સંબંધ ધરાવે છે.)

'બાબિલનની સત્તા ફરીને **જામવા** લાગી.' (૭મી ચો૦, પા૦ ૨૬ મો, 'લાગી' નું કર્મ)

'તેના પર ગુસ્સે થઈ **મારવાને** બદલે તેણે કહ્યું'—(૭મી ચો૦, પા૦ ૨૧ મો; છટ્ઠી વિભક્તિ સાથે સાતમી).

'પારકાનો માલ લઈ તેના પૈસા ન **આપવા** તેના જેવું છે.' (૭મી ચો૦, પા૦ ૩૦મો; છટ્ઠી વિભક્તિ, 'તેના' સાથે સમાન વિભક્તિમાં).

'પોતીકી સંભાળ કરવા સારૂ બીજો આદમી **રાખવો** પડત અને તેને નાણું **આપવું** પડત.' (૭મી ચો૦, પા૦ ૩૦ મો; કર્મણિ સામાન્ય કૃદન્ત, પહેલી વિભક્તિ, 'પડત'નો કર્તા.)

'એ આપીએ છીએ તેથી **લુટાવાનો, ઠગાવાનો,** કે **માર્યા જવાનો** આપણને ભો નથી.' (૭મી ચો૦,પા૦ ૩૦મો; પહેલાં બે કર્મણિ સામાન્ય કૃદન્ત છે; ત્રીજું 'માર્યા જવાનો' સંયુક્ત ક્રિયાપદનો સામાન્ય કૃ૦ છે, કર્મણિ અર્થ છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એણી પેરે તે સર્વે માતુનીએ કુંવરને માંડ્યું **વહાવું;**
કોઈ પ્રેમદાએ દૂધ પાયું, કોઈએ આપ્યું **ખાવું.'**

(પ્રેમા૦ ચન્દ્રહાસ–આ૦, કડ૦ ૩જું)

હેત્વર્થક સામાન્ય કૃદન્ત—સામાન્ય કૃદન્ત ચોથી વિભક્તિમાં હોઈ હેતુ બતાવે છે. તેનો આ ઉપયોગ અવ્યય જેવો છે.

તેની પાસે **પહેરવાને** લુગડાં નથી. (પહેરવાને માટે, ચોથી વિ૦).

મારે તેને **શોધવા** ક્યાં જવું ?

'જેને દત્તક કરવો તેને **શોધવા** ક્યાં **જવો** '? (૭મી ચો૦, પાઠ૦ ૨૨મો; 'શોધવા જવો,' સંયુક્ત ક્રિયાપદ).

કૃદન્ત કર્તા ને કર્મ—કૃદન્ત પણ ક્રિયાપદની પેઠે ક્રિયા બતાવે છે. એ ક્રિયા સકર્મક હોય ત્યારે કૃદન્તને પણ કર્મ હોય છે.

'રાગ **ગાવો** અઘરો છે, પણ કવિતાને તેની રચના પ્રમાણે નીકળતા ઢાળમાં **વાંચવી** એ સહેલું છે.' (નર્મગદ્ય–'કવિ અને કવિતા')

ઉપલા વાક્યમાં 'ગાવો' ને 'વાંચવી' બંને સામાન્ય કૃદન્ત છે; ક્રિયાવાચક નામ છે અને 'છે' ક્રિયાપદના કર્તા છે. બંનેના કર્તા 'આપણે' કે 'કોઈ માણસે' સમજી લેવાના છે. 'રાગ' એ 'ગાવો'નું અને 'કવિતાને' એ 'વાંચવી' નું કર્મ છે. બંને કૃદન્તો કર્મણિ છે.

વાંચવી **સહેલી** છે.

વાંચવી એ **સહેલું** છે.

ઉપલાં બે વાક્યમાંના બીજામાં 'એ' સાથે 'વાંચવી' સમાન વિભક્તિમાં છે. 'એ'=એ કામ સામાન્ય રીતે—કોઈ પણ નામ વિના—વપરાયું છે, માટે નાન્યતર જાતિમાં છે.

ઉપસંહાર—ઉપરના દાખલાઓ પરથી સમજાયું હશે કે કૃદન્ત નામ, વિશેષણ, અને અવ્યય તરીકે વપરાય છે.

દાખલાઃ—

દોડતો ઘોડો (વિશે૦)
તે **દોડતાં** શીખે છે. (નામ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે **દોડતાં દોડતાં** પડી ગયો. (અવ્યય; નામ, સતિસપ્તમી 'દોડતે સતે')

મારું **કહ્યું** તમે માન્યું નહિ. (નામ)

તેને **ગયે** ઘણા મહીના થયા. (નામ; 'ગયાને'; છઠ્ઠી વિ૦ ના અર્થમાં સાતમી)

બેઠાં બેઠાં કામ કરવાથી તેને સાંધવા થયો છે. અવ્યય; નામની સતિસપ્તમી)

કહ્યાં કામ કરશે નહિ. (વિશે૦)

માગ્યા કરતાં મરવું સારું. ('માગ્યા' નામ, છઠ્ઠી વિ૦; 'કરતાં મૂળ કૃદન્ત, નામયોગી અવ્યય; 'મરવું' સામાન્ય કૃ૦, નામ, 'છે'નો કર્તા)

મારે **કહેવાનું** કંઈ રહ્યું નથી. (નામ, ભવિષ્ય કૃ૦)

પ્રકરણ ૧૪ મું

સંયુક્ત ક્રિયાપદ

સંયુક્ત ક્રિયાપદનું લક્ષણ—બે ક્રિયાપદો ભેગાં થઈ તેમાંથી એક ભેગો અર્થ નીકળે તે **સંયુક્ત ક્રિયાપદ**, એ આગલા પ્રકરણમાં કહી ગયા. તેમજ એવાં ક્રિયાપદના કેટલાક દાખલા પણ ત્યાં આપેલા છે. આ પ્રકરણમાં એ વિષે વિસ્તારપૂર્વક વિચાર કરેલો છે.

'નાંખ' અને 'કાઢ'—એ બે ક્રિયાપદો અન્ય ક્રિયાપદોની સાથે વાપરવાથી તેમાં ત્વરાથી ને પૂર્ણતાથી કામ કરવાનો અર્થ આવે છે.

આટલો કાગળ **લખી કાઢ—લખી નાંખ.**

લખી કાઢ-લખવાનું કામ જલદી સમાપ્ત કર. (લખીને એ કામને તારી પાસેથી કાઢ, અર્થાત્, ત્વરાથી કામ પૂરું કર.)

લખી નાંખ—એમાં પણ કાર્ય જલદી કરવાનો અર્થ રહેલો છે. (લખીને નાંખ-આઘું કર-લખીને એ કામમાંથી જલદી ફારક થા.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દે—તું એને જવાબ **લખી દેજે.** લખી દેજે—લખી તારા કર્તવ્ય-માંથી મુક્ત થજે. લખવાનું તારૂં કામ છે તે કરી તેમાંથી ફારક થજે. પરિણામ જે થવાનું હોય તે થાઓ, મેં મારી ફરજ બજાવી છે, એવો અર્થ એમાં રહેલો છે. લખી તારી ફરજનું દાન દે—તારી ફરજ અદા કર.

મને મારે સુઈ રહેવા દે.

તેને તેનું કામ કરવા દે.

આવે સ્થળે 'દે' મુખ્ય ક્રિયાપદ બને છે. એનો અર્થ 'રજા-આપવી' એવો છે. આ સંયુક્ત ક્રિયાપદ નથી. 'રહેવા' ને 'કરવા' સામાન્ય કૃ૦, ક્રિયાવાચક નામ છે, 'દે' નાં કર્મ છે.

લખી કાઢ, લખી નાંખ, લખી દે—એમાં મુખ્ય ક્રિયા લખવાની છે; 'કાઢ,' 'નાંખ,' 'દે,' એ એ મુખ્ય રૂપ ક્રિયાપદના **અર્થ**માં ત્વરાનો, સંપૂર્ણતાનો **અર્થ** લાવે છે. મુખ્ય રૂપ ક્રિયાવાચક કૃદન્ત, અવ્યયરૂપ ભૂત કૃદન્ત છે ને પૂર્વ ક્રિયા બતાવે છે.

જા—આંખ મીચીને સ્વાદનો વિચાર કર્યા વિના ઓસડ પી જા.

પી જા—પીને એનો વિચાર મનમાંથી કાઢી નાંખ. અર્થાત્, એમાં જલદી કાર્ય કરવાનો **અર્થ** સમાયલો છે. મુખ્ય ક્રિયા 'પીવાની' છે; **'જા'** તેમાં સંપૂર્ણતાનો ને ત્વરાનો અર્થ લાવે છે.

લે—તને ન આવડતું હોય તો અન્યની પાસે **શીખી લે.**

શીખી લે—શીખીને મનમાં લે—તારૂં પોતાનું કર. શીખવું એ આપણો ધર્મ છે અને તે જેમ બને તેમ જલદી બજાવવો જોઈએ. ધર્મ કરવામાં વિલંબ ન કરવો, આથી આવાં સંયુક્ત ક્રિયાપદમાં ત્વરાનો અર્થ કંઈક રહેલો છે. મુખ્ય ક્રિયા 'શીખવાની' છે.

આવ—તેને ગયે ઘણા દિવસ **થવા આવ્યા** છે. વહાણું **વાવા આવ્યું** છે. 'થવા આવ્યા છે'=થવાની તૈયારી છે; થયા નથી, પણ થવાની બહુ વાર નથી. થવાની સમીપ આવ્યા છે. 'વાવા આવ્યું છે'=વાવાની તૈયારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

થયા છે, થવા આવ્યા છે—'થયા છે' એ રૂપ ક્રિયા પરિપૂર્ણ થઈ છે એમ બતાવે છે. 'થવા આવ્યા છે' એ રૂપ ક્રિયા પરિપૂર્ણ થઈ નથી, પણ થવાની તૈયારી છે એમ બતાવે છે. આમાં મુખ્ય ક્રિયા 'થવાની' છે. 'થવું' એ સામાન્ય કૃદન્ત છે. થવા આવ્યા છે=થવાની પાસે આવ્યા છે, થવાની તૈયારી છે.

જા અને આવ—આ ક્રિયાપદો મુખ્ય ક્રિયાપદના વર્તમાન કૃદન્ત સાથે વપરાય છે ત્યારે તેના અર્થમાં ચાલુ ક્રિયાનો અર્થ લાવે છે.

થતું આવ્યું છે તે થશે.

આ રિવાજ ઘણાં વર્ષથી **ચાલતો આવ્યો** છે. ઘણા વખતથી ક્રિયા ચાલુ છે એવો એમાં અર્થ છે.

હું ઠપકો દઉં છું ત્યારે **હસતો જાય** છે.

તે નિશાળની સ્થિતિ દિવસે દિવસે **બગડતી જાય** છે.

તમારા કામમાં દહાડે દહાડે સુધારો **થતો જાય** છે તે જોઈ મને આનન્દ થાય છે.

ઉપલાં વાક્યોમાં ચાલુ ક્રિયાનો અર્થ સમાયલો છે. એમાં મુખ્ય ક્રિયાપદનો વર્તમાન કૃદન્ત વપરાયો છે.

તમારે તમારે કામ **કર્યાં જવું**. અર્થાત્ પરિણામનો કે અન્ય વિચાર ન કરવો.

તમારે ખરી જુબાની **આપી આવવી.**

'આપવી'—'આપી આવવી'—એના અર્થમાં સહેજ ફેર છે. 'આપી આવવી'માં ક્રિયાની સંપૂર્ણતાનો અર્થ કંઈક વધારે ખુલ્લો રહેલો છે.

આવ—આ ધાતુ મુખ્ય ક્રિયાપદના સામાન્ય કૃદન્ત સાથે વપરાય છે ત્યારે કર્મણિ થાય છે.

'એ કર તેની કનેથીજ **લેવામાં આવે છે.**' (૭મી ચો૦, પા૦ ૩૦મો; 'લેવાય છે,' કર્મણિ છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ટ્રિનિટિની પાઠશાળામાં તેને ફેલોની માનવંતી પદવી **આપવામાં આવી.**' (૭મી ચો૦, પા૦ ૨૧ મો; 'અપાઈ').

કર—'જા' ની પેઠે આ ધાતુ પણ મુખ્ય ક્રિયાપદ સાથે આવી ચાલુ ક્રિયાનો અર્થ બતાવે છે.

તમારે તમારે કામ **કર્યા કરવું–કર્યા જવું.**

ઘણાં વર્ષથી એવોજ કારભાર **ચાલ્યાં કરે છે–ચાલ્યો જાય છે.**

મનની સાથે તનને કસરત **આપ્યાં કરવી.**

પડ, પાડ—પડવામાં ને પાડવામાં ઉતાવળનો ને એકાએક ક્રિયા થવાનો અર્થ રહેલો છે; આથી જે મુખ્ય ક્રિયાપદની સાથે તે વપરાય છે તેના અર્થમાં એકાએક અને ઓચિંતા થવાનો અર્થ આવે છે.

ભાઈ, અહિં આવી તારી વહાલી માતાને કોટે **વળગી પડ.**

એક સરખી ગતિથી તેણે તેને **પકડી પાડયો.**

રહે, ચૂક—આ ધાતુથી મુખ્ય ધાતુની ક્રિયામાં સંપૂર્ણતાનો અર્થ આવે છે. 'રહે' ધાતુ અમુક સ્થિતિ બતાવે છે. કામ પૂરૂં કરી અમુક સ્થિતિમાં રહેવું એવો અર્થ એનાથી બનેલા સંયુક્ત ક્રિયાપદમાંથી નીકળે છે. 'ચૂક' ધાતુમાં ચ્યુતિનો–પડવાનો અર્થ છે. 'ગણતાં ચૂક્યો'—ચ્યુતિ થઈ, પડયો, ભૂલ કીધી, બરાબર ગણી શકાયું નહિ.

દાખલા :—

તમારે **બેસી રહેવું** જોઈતું નથી. (સંયુક્ત ક્રિયાવાચક સામાન્ય કૃ૦ છે, 'જોઈતું નથી'નું અભિહિત કર્મ છે. 'તમારે' કર્તા છે; 'જોઈતું નથી' = જરૂરનું નથી.)

હું ભાષણ **કરી રહ્યો** ન હતો, **કરી ચૂક્યો** ન હતો, એટલામાં તેણે મને અટકાવ્યો. (સંયુક્ત ક્રિયાવાચક ભૂત કૃ૦ છે, વિશેષણ, 'હું' વિશેષ્ય છે; અથવા 'કરી રહ્યો ન હતો,' 'કરી ચૂક્યો ન હતો'–સંયુકત ક્રિયાપદ, નિષેધવાચક, પ્રથમ પૂર્ણ ભૂતકાળ).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કરી ચૂકવા'માં કરીને તે સ્થિતિમાંથી નીકળી બીજી સ્થિતિમાં જવાનો અર્થ રહેલો છે.

કરવું—અગાઉ કહ્યું છે તે પ્રમાણે દરેક ક્રિયાનો અર્થ 'કંઈક કરવું' એવો થાય છે. 'વાંચવું = વાંચવાનું કરવું; 'લખવું' = લખવાનું કરવું. આ કારણથી સંસ્કૃતમાં ને ગુજરાતીમાં ક્રિયાપદ વપરાય છે, તેને બદલે નામ કે વિશેષણ અને તેની સાથે 'કરવું' વપરાય છે.

દાખલા:—આચરવું–આચરણ કરવું.
વિચારવું–વિચાર કરવો.
આરંભવું–આરંભ કરવો, શરૂ કરવું.
વરવું–પસંદ કરવું.

આ પ્રમાણે ક્રિયાપદ વપરાય છે કે તેને બદલે નામ કે વિશેષણની સાથે 'કરવું' વાપરી શકાય છે. ક્રિયાપદનું કર્મ બહુધા નામની સાથે અન્વય પામી છઠ્ઠી વિભક્તિમાં આવે છે; જેમકે,

પાઠ આરંભવો; પાઠનો આરંભ કરવો.
તે બાબત વિચારવી; તે બાબતનો વિચાર કરવો.
કન્યા વરવી; કન્યા પસંદ કરવી.
શત્રુને જીતવો; શત્રુને વશ કરવો–તાબે કરવો.

ઉપલા દાખલાઓમાં ક્રિયાપદને ઠેકાણે નામ કે વિશેષણ અને 'કરવું' વપરાયાં છે.

આવે સ્થળે જેમ પદો વપરાય છે તેમજ તેનો પદચ્છેદ થઇ શકે છે. પદો ભેગાં કરી પદચ્છેદ કરવાની જરૂર નથી. પરંતુ કેટલેક ઠેકાણે પદો ભેગાં કરી પદચ્છેદ કરવો પડે છે.

દાખલા:—

તેનાથી દુ:ખીનાં સંકટો **નિવારણ કરાતાં નથી** ('સંકટોનું નિવારણ કરાતું નથી' એમ હોય તો પદો જુદાં લેવાય).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મારાથી તેનું મન **રંજન કરાતું નથી** ('મનનું રંજન કરાતું નથી' હોય તો પદો જુદાં લેવાય).

તે રાજસિંહ નામ **ધારણ કરી** ગાદી પર બેઠો.

ભીષ્મનો રથ તેણે **ચૂર્ણ કર્યો**. ('ચૂર્ણ'નો અર્થ 'ચૂર્ણ થયલો,' 'ચૂર્ણીભૂત' લઈએ તો પદચ્છેદ જુદો કરાય.)

ભીમે તેને **પૂરો કીધો** ('પૂરો'ને કૃદન્ત વિશે૦ લઈ શકાય).

માંડ—લાગ—

તેણે પાઠ લખવા **માંડયો** છે.

તે પાઠ લખવા **લાગ્યો** છે.

ઉપલાં વાક્યોમાં સંયુક્ત ક્રિયાપદ લેવાની જરૂર નથી. 'માંડવું' ને 'લાગવું'નો અર્થ 'શરૂ કરવું' છે અને તેજ અર્થ રહે છે. એ અર્થ જતો રહેતો નથી, તેમજ એ ક્રિયાપદો ગૌણ પણ નથી, મુખ્યજ છે. ઉપલાં વાક્યોમાં 'માંડ્યો છે' ને 'લાગ્યો છે' એ બંને સકર્મક ક્રિયાપદ છે; અને 'લખવા' એ સામાન્ય કૃદન્ત ક્રિયાવાચક નામ છે અને 'માંડ્યો છે' ને 'લાગ્યો છે' એ ક્રિયાપદોનું કર્મ છે. 'લખવા'માં ધાતુ સકર્મક હોવાથી 'પાઠ' એ કૃદન્તનું કર્મ છે.

પ્રકરણ ૧૫ મું

પ્રયોગ

પ્રયોગ એટલે શું? કર્તરિ પ્રયોગ—ક્રિયાપદ ધાતુ અને પ્રત્યયોનું બનેલું છે. વ્યાપાર (ક્રિયા) અને એ વ્યાપારે (ક્રિયાએ) ઉપજાવેલું ફળ એ બે ધાતુના અર્થ છે. ક્રિયા અને ફળ એ બંને એકજ આશ્રયમાં રહેલાં હોય છે ત્યારે ક્રિયાપદ અકર્મક છે અને જુદા જુદામાં રહેલાં હોય છે ત્યારે ક્રિયાપદ સકર્મક છે. 'છોકરો બેસે છે,' એમાં 'બેસ' ધાતુ છે. બેસવાની ક્રિયા અને તે ક્રિયાથી થતું ફળ,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(બેસવાનું કે આરામ) એ બે ધાતુના અર્થ છે. એ બંને 'છોકરા'માં રહેલાં છે. એ બંનેનો આશ્રય એક છે, માટે ક્રિયાપદ અકર્મક છે. 'કુંભાર ઘડો ઘડે છે,' એમાં 'ઘડ' ધાતુ છે. ઘડાવાની ક્રિયા અને તે ક્રિયાથી થતું ફળ અમુક આકાર (કે ઘડાવાનું), એ બે ધાતુના અર્થ છે. ઘડવાની ક્રિયા 'કુંભાર'માં રહેલી છે અને એ ક્રિયાએ ઉપજાવેલું ફળ (ઘડાવાનું કે આકાર) 'ઘડા'માં રહેલું છે. ક્રિયા અને ફળના આશ્રય ભિન્ન હોવાથી ક્રિયાપદ સકર્મક છે.

અત્યારસુધી આપણે ધાતુના અર્થ તપાસ્યા. ધાતુને જે પ્રત્યય લાગે છે તેના પણ અર્થ છે. 'બેસું,' 'બેઠો,' 'બેસશે,' એમાં 'બેસ' ધાતુને જે પ્રત્યયો લાગ્યા છે તે કર્તાના અર્થમાં છે. 'બેસું,' 'બેઠો,' 'બેસશે,' એ કહેવાથી બેસનારનો અર્થ સમજાય છે; માટે ક્રિયાપદનો કર્તાના અર્થમાં પ્રયોગ-વપરાશ છે. ક્રિયાપદમાંથી કર્તાનો અર્થ નીકળે છે, તેથી ક્રિયાપદ **કર્તરિ**-કર્તાના અર્થમાં છે, એમ કહેવાય છે. 'કર્તરિ' એ સંસ્કૃત રૂપ છે અને 'કર્તૃ' શબ્દનું સાતમીનું એકવચન છે. વળી એ રૂપોમાંથી કર્તા વાચ્ય છે-કર્તાનો અર્થ નીકળે છે-માટે એ રૂપો **કર્તૃવાચ્ય** કહેવાય છે. 'કર્તૃવાચ્ય' એ બહુવ્રીહિ સમાસ છે. કર્તા છે વાચ્ય-મુખ્ય અર્થ-જેનો તે કર્તૃવાચ્ય. 'બેસું છું,' 'બેસે છે,' 'બેસો છો,' 'બેઠો છે,' 'બેઠી છે,' 'બેઠું છે,' 'બેઠા છે,' 'બેઠાં છે,' 'બેસનાર છે,' 'બેસવાનો છે,' 'બેસવાના છે,' વગેરે મિશ્રકાળનાં રૂપો પણ કર્તરિ કે કર્તૃવાચ્ય છે. આને ક્રિયાપદનો **કર્તરિ પ્રયોગ** કહે છે.

કર્મણિ પ્રયોગ—લખ્યો, કર્યું, ઘડી, લખવું, વંચાય, હરાયું, મરાશે, કપાવાનું—

લખ્યો હતો, કર્યું હોય, ઘડી છે, વંચાય છે, હરાયું હતું, મરાવાનું હશે, કપાવાનું છે—

ઉપલાં રૂપો વિચારશો તો જણાશે કે તેમાંથી કર્મનો અર્થ નીકળે છે. 'લખ્યો' એમાં લખનારનો અર્થ નીકળતો નથી, પણ જે કંઈ-કાગળ વગેરે-લખ્યું હોય તે લખાનારનો અર્થ નીકળે છે. 'કર્યું' રૂપ કાને પડે છે એટલે 'કરે છે' રૂપથી જેમ કર્તાનો-કરનારનો અર્થ મનમાં આવે છે તેમ કર્તાનો અર્થ મનમાં આવતો નથી, પણ જે કંઈ કામ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્યું હોય છે તેનો—કરવાની ક્રિયા જેને લાગુ પડે છે તેનો—અર્થાત્ કર્મનો અર્થ મનમાં આવે છે. આજ પ્રમાણે સમજાશે કે ઉપલાં બધાં રૂપોમાંથી કર્મનો અર્થ નીકળે છે માટે એ **કર્મણિ**–કર્મના અર્થમાં–કહેવાય છે. 'કર્મણિ' એ સંસ્કૃત રૂપ 'કર્મન્' શબ્દનું સાતમીનું એકવચન છે. એ રૂપોને **કર્મવાચ્ય** પણ કહે છે. 'કર્મવાચ્ય' એ બહુવ્રીહિ સમાસ છે અને કર્મ છે વાચ્ય–મુખ્ય અર્થ–જેનો એવો એનો અર્થ છે. આવાં ક્રિયાપદો કર્મણિ કે કર્મવાચ્ય છે અને ક્રિયાપદનો **કર્મણિ પ્રયોગ** કહેવાય છે.

અકર્મક ક્રિયાપદના પ્રયોગ—અકર્મક ક્રિયાપદને કર્મ હોતું નથી, તેથી તેનો કર્તરિજ પ્રયોગ થાય છે, કર્મણિ નહિ. આગળ જતાં સમજાશે કે એ ક્રિયાપદનો એક બીજો પ્રયોગ છે—ભાવે.

સકર્મક ક્રિયાપદના પ્રયોગ—સકર્મક ક્રિયાપદના કર્તરિ ને કર્મણિ, બંને પ્રયોગ હોય છે.

કર્તરિ પ્રયોગ

અકર્મક–છોકરો ઊંઘે છે.

કર્તરિ પ્રયોગ	કર્મણિ પ્રયોગ
સકર્મક–છોકરો કલમ ઘડે છે.	છોકરાએ કલમ ઘડાવી–ઘડી.
	છોકરાથી કલમ ઘડાય છે.
	—ઘડાઈ—ઘડાવાની—
	ઘડાયલી—ઘડાવવી.

ભાવે પ્રયોગ—આ બે પ્રયોગ સિવાય એક ત્રીજો પ્રયોગ છે. 'જવું,' 'બેસવું,' 'જવાય,' 'બેસાય,' 'જવાય છે,' 'બેસાય છે,' 'જવાયું,' 'બેસાયું'—ઇત્યાદિ રૂપોમાંથી કર્તાનો બોધ થતો નથી, પણ ભાવનો એટલે ક્રિયાનો બોધ થાય છે. 'જવું'=જવાનું કરવું. 'જવાય છે'= જવાનું થાય છે. આવે સ્થળે ક્રિયાપદ **ભાવે**—ભાવના અર્થમાં—છે. 'ભાવે' રૂપ સંસ્કૃત છે ને 'ભાવ' શબ્દની સાતમીનું એકવચન છે. એ રૂપો **'ભાવવાચ્ય'** પણ કહેવાય છે. 'ભાવવાચ્ય' એ બહુવ્રીહિ સમાસ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

છે. ભાવ છે વાચ્ય-મુખ્ય **અર્થ**—જેનો એવો એનો અર્થ છે. આ ક્રિયાપદનો **ભાવે પ્રયોગ** છે.

અકર્મક ક્રિયાપદના પ્રયોગ : કર્તરિ અને ભાવે—અકર્મક ક્રિયાપદના બે અર્થમાં પ્રયોગ થાય છે—કર્તરિ અને ભાવે.

કર્તરિ	ભાવે
હું જાઉં છું.	મારાથી જવાય છે.
હું ગામ જઈશ.	મારે ગામ જવાનું છે.
હું ગામ જવાનો છું.	મારે ગામ જવું છે.
હું ગામ જનાર છું.	
હું ગામ ગયો.	

'મારાથી જવાય છે, આ ભાવે પ્રયોગમાં કર્તા પાંચમી વિભક્તિમાં આવે છે. આ પાંચમી વિભક્તિ ત્રીજીના **અર્થમાં** છે, કેમકે એ કર્તૃવાચક છે. 'જવાય છે,' 'કરાય છે,' 'લખાય છે,' આવાં રૂપોમાં શક્તિનો અર્થ રહેલો છે. 'જવાય છે'=જઈ શકાય છે; 'કરાય છે'= કરી શકાય છે; વગેરે.

એ રૂપો ધાતુને 'આય' પ્રત્યય લગાડવાથી થાય છે.

મારે જવું છે,' એ વિધ્યર્થ રૂપ છે. એમાં કર્તા ચોથી વિભક્તિ-માં આવે છે.

'મારે જવાનું છે,' આ ઇચ્છાવાચક વર્તમાનકાળનું રૂપ છે. એવા વાક્યમાં પણ કર્તા ચોથી વિભક્તિમાં આવે છે.

'જવું છે' અને 'જવાનું છે' એ બંને રૂપોમાંથી કર્તાનો બોધ થતો નથી, પણ ભાવનો–ક્રિયાનો બોધ થાય છે. 'જવું છે'=જવાનું કરવું છે; 'જવાનું છે'=જવું થવાનું છે.

સકર્મક ક્રિયાપદઃ પ્રયોગ—સકર્મક ક્રિયાપદના બે પ્રયોગ છે, કર્તરિ ને કર્મણિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્તરિ	કર્મણિ
હું ચોપડી લખું છું.	મારાથી ચોપડી લખાય છે.
હું ચોપડી લખતો.	મેં ચોપડી લખી–લખેલી.
	મારાથી ચોપડી લખાઈ–લખાયલી.
હું ચોપડી લખીશ.	મારાથી ચોપડી લખાશે.

સામાન્ય રીતે કર્મણિ પ્રયોગ ઉપર દર્શાવ્યા પ્રમાણે ધાતુને 'આય' લગાડવાથી થાય છે. એવા રૂપનો પ્રયોગ હોય છે ત્યારે કર્તા પાંચમી વિભક્તિમાં આવે છે. એ પાંચમી વિભક્તિ કર્તૃવાચક હોવાથી ત્રીજીના અર્થમાં છે. ચરોતરમાં એવે સ્થળે ત્રીજી વિભક્તિ પણ વપરાય છે; જેમકે 'મેં કેમ કરાય, જવાય, વગેરે.' કવિતામાં પણ કવચિત્ એવે સ્થળે ત્રીજી વિભક્તિનો પ્રયોગ જોવામાં આવે છે.

દાખલા :—

'એ શોભા મેં કેમ કહેવાયે, કદી શંકર પૂછે વાત,
કહેનાર શેષ સરખા હારે, ત્યાં પામરની કોણ જાત.
એ સખી.'
(નરસિંહ મહેતા—'હિંડોળો,' પદ ૫૩)

'આવ્યા ઇન્દ્રે અહિંયાં અવાય નહીં, ત્યાં તેં કેમ પેસાય?'
(પ્રેમાનન્દ 'અભિમન્યુ–આ૦,' કડ૦ ૪૫)

'ત્યારે કર્ણે નાઠો રથ મૂકીને તેણે નવ સહેવાઈ ચોટ.'
(પ્રેમા૦ 'અભિમન્યુ–આ૦,' કડ૦ ૪૦)

'ભૂપ કહે જો કદાપી જીવે તો, આપણે નહીં જીવાય.'
(પ્રેમા૦ 'અભિ૦–આ૦, કડ૦ ૫૩)

'મારાથી અન્યાય થયો છે'—'થા' ધાતુ અકર્મક છે; પરંતુ આવે સ્થળે સકર્મક તરીકે વપરાય છે. 'થયો છે' = નિષ્પન્ન કરાયો છે; ઉત્પન્ન કરાયો છે; કરાયો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કહે ભ્રાત મુજને દંડ દીજે, મેં થયો છે અન્યાય.'
(પ્રેમા૦ 'સુધન્વા-આ૦,' કડ૦ ૮)

મેં ચોપડી લખી', 'મારાથી ચોપડી લખાઈ'—આ બંને કર્મણિ રૂપ છે. બંનેનો અર્થ સરખો છે. 'લખાઈ' માંથી શક્તિનો અર્થ નીકળે છે. બંનેમાં ક્રિયા કર્મણિ છે. 'લખી' એ રૂપ સંસ્કૃત ભૂત કૃદન્ત ઉપરથી નીકળ્યું છે અને સકર્મક ક્રિયાપદનો ભૂત કૃદન્ત કર્મણિજ છે. પહેલા રૂપમાં કર્તા ત્રીજી વિભક્તિમાં અને બીજા રૂપમાં ત્રીજીના અર્થમાં પાંચમીમાં છે.

સકર્મક કર્મણિ પ્રયોગ—સકર્મક ક્રિયાપદનું ભૂતકાળનું રૂપ સામાન્ય રીતે કર્મણિ છે; પરંતુ કેટલાંક ક્રિયાપદનાં મૂળ ધાતુનાં રૂપો અપવાદરૂપ છે.

દાખલા:—

હું પાઠ **શીખ્યો-ભણ્યો-સમજ્યો.**	રાજા ઘણું દુઃખ **પામ્યો.**
હું વાણી **વદ્યો-બોલ્યો-ઉચર્યો.**	તે મને **મળ્યો** નહિ.
તે વાસણ **લાવ્યો.**	તે તેનું કર્તવ્ય **ભૂલ્યો-ચૂક્યો-વીસર્યો.**
તે પેટીને **અડક્યો.**	તે લડાઈ **જીત્યો** કે **હાર્યો.**

ક્રિયાનાથ—કર્તરિ પ્રયોગમાં ધાતુને લાગેલા પ્રત્યયોમાંથી કર્તાનો બોધ થાય છે, તેથી કર્તાની સાથે ક્રિયાપદનો જાતિ, વચન, અને પુરુષમાં અન્વય થાય છે; અર્થાત્, કર્તા પ્રમાણે ક્રિયાપદના રૂપમાં જાતિ, વચન, અને પુરુષને લગતો ફેરફાર થાય છે. આ કારણથી કર્તા ક્રિયાનાથ કહેવાય છે. એ પ્રમાણે કર્મણિ પ્રયોગમાં ધાતુને લાગેલા પ્રત્યયોમાંથી કર્મનો અર્થ નીકળે છે, તેથી કર્મ ક્રિયાનાથ છે, એટલે કર્મની જાતિ, વચન, ને પુરુષ પ્રમાણે ક્રિયાપદના રૂપમાં ફેરફાર થાય છે. ભાવે પ્રયોગમાં ભાવ ક્રિયાનાથ છે. ભાવ એ હમેશ નાન્યતર જાતિના એકવચનમાં હોય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હું કામ કરૂં છું.	અમે કામ કરીયે છીએ.
તું કામ કરીશ–કરશે.	તમે કામ કરશો.
તે કામ કરવાનો છે.	તેઓ કામ કરવાના છે.

ઉપલા દાખલા કર્તરિ પ્રયોગના છે. એમાં ક્રિયાપદનો અન્વય કર્તાના રૂપની સાથે જાતિ, વચન, અને પુરુષમાં છે.

મેં ચોપડી લખી.	મેં પુસ્તક લખ્યું.
મેં ગ્રન્થ લખ્યો.	મેં પુસ્તકો લખ્યાં.
મારે ગ્રન્થ લખવો છે—લખવાનો છે.	મારે ચોપડી લખવી છે—લખવાની છે.
મેં ગ્રન્થો લખ્યા.	મેં પુસ્તકો લખ્યાં.
મારાથી ચોપડી લખાઈ.	મારાથી પુસ્તક લખાયું.
મારાથી ગ્રન્થ લખાયો.	મારાથી પુસ્તકો લખાયાં.
મારાથી ગ્રન્થ લખાવાનો છે.	મારાથી પુસ્તક લખાવાનું છે.

આ બધા કર્મણિ પ્રયોગના દાખલા છે. એમાં ક્રિયાપદનો અન્વય જાતિ, વચન, અને પુરુષમાં કર્મ સાથે છે. બધા દાખલામાં કર્મ ત્રીજા પુરુષમાં છે.

તેણે **મને** માર્યો. તેનાથી હું મરાયો.	ક્રિયાનાથ, કર્મ બોલનાર પુરુષ છે.
તેણે **તને** મારી. તેનાથી તું મરાઈ.	જેની સાથે વાત કરે છે તે સ્ત્રી કર્મ· ક્રિયાનાથ છે.
મેં **તેને** માર્યું. મારાથી **તે** મરાયું.	તે=તે છોકરૂં, નપું. 'તેને,' 'તે' ક્રિયા-નાથ કર્મ છે.

ઉપલા દાખલાઓમાં કર્મ જુદા જુદા પુરુષમાં હોવાથી ક્રિયાપદ પણ જુદા જુદા પુરુષોમાં છે.

મારે ઊઠવું છે.
તેનાથી ચઢાતું નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ભાવે પ્રયોગના દાખલા છે. એમાં ભાવ ક્રિયાનાથ છે, તેથી ક્રિયાપદ નાન્યતર જાતિના એકવચનમાં છે.

સાધિત ધાતુ : પ્રયોગ—જેમ મૂળ ધાતુને કર્તરિ, કર્મણિ, ને ભાવે પ્રત્યયો લાગે છે, તેમ સાધિત ધાતુને-પ્રયોજક ધાતુને પણ લાગે છે. પ્રયોજક ધાતુ સકર્મક હોય છે, તેથી તેનાં કર્તરિ અને કર્મણિ રૂપો થાય છે.

પ્રયોજક કર્તરિ પ્રયોગ

હું તેની પાસે પુસ્તક **લખાવું** છું.

તે તમારી પાસે ઘણું કામ **કરાવે** છે.

તું ઘણાં ઝાડ **કપાવે** છે; રોજ એટલાં બધાં **કપાવશે** તો તે માંદો પડશે.

પ્રયોજક કર્મણિ પ્રયોગ

મારાથી તેની પાસે પુસ્તક **લખાવાય** છે.

તેનાથી તમારી પાસે ઘણું કામ **કરાવાય** છે.

તારાથી તેની પાસે ઘણાં ઝાડ **કપાવાય** છે; રોજ એટલાં બધાં **કપાવાશે** તો તે માંદો પડશે.

પ્રયોજક કર્મણિ ને ભાવે પ્રયોગ

મારાથી તેને (પુરુષને) મરાવાયો નહિ. મારાથી તેને (સ્ત્રીને) મરાવાઈ નહિ. મારાથી તેમને (છોકરાંને) મરાવાયાં નહિ.	કર્મણિ
મારાથી તેને (પુરુષને) મરાવાયું નહિ. મારાથી તેને (સ્ત્રીને) મરાવાયું નહિ. મારાથી તેમને (છોકરાંને) મરાવાયું નહિ.	મરાવવાનું બન્યું નહિ. ભાવે

આવવું, જવું–સંયુક્ત ક્રિયાપદના પ્રકરણમાં કહ્યું છે તેમ આ ક્રિયાપદો જે મુખ્ય ક્રિયાપદો સાથે વપરાય છે તેને કર્મણિ બનાવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેને બહુ દુ:ખ **દેવામાં આવ્યું**. (દેવાયું, કર્મણિ)

'તેનો કૌરવે તાપ **સહ્યો** નવ જાય.' (પ્રેમા૦–'અભિમન્યુ–આ૦,' કડ૦ ૪૩મું; કર્મણિ, સહેવાય)

'શું કહું જનમેજય રાજા, મુખે વાત નવ **જાય વદી**.' (પ્રેમા૦—'અભિ૦—આ૦,' કડ૦ ૫૨મું, કર્મણિ)

'સહ્યો' ને 'વદી' એ બંને રૂપો જાતે કર્મણિ છે ('સહેવાયો,' 'વદાઈ'). તેની સાથે 'જાય' આવવાથી શક્યતાનો અર્થ આવ્યો છે. 'સહ્યો નવ જાય'–સહેવાય નહિ; સહી શકાય નહિ. 'નવ જાય વદી'–વદાય નહિ; વદી શકાય નહિ.

કૃદન્તઃ કર્તરિ ને કર્મણિ—ક્રિયાપદની પેઠે કૃદન્ત પણ કર્તરિ ને કર્મણિ છે.

'લખ' ધાતુ

વર્તમાન કૃદન્ત—લખતો–તી–તું–(કર્તરિ)
–લખાતો–તી–તું (કર્મણિ)

ચોપડી **લખતો લખતો** હું ગાવા લાગ્યો.

ચોપડી **લખાતાં લખાતાં** અધુરી રહી.

ભૂત કૃદન્ત—લખ્યું (કર્મણિ)
લખેલું („)

મારૂં **લખ્યું** તમને પસંદ પડતું નથી.

ભવિષ્ય કૃદન્ત—લખવાનું (કર્મણિ)

લખવાનું કંઈ રહ્યું નથી.

અવ્યયરૂપ ભૂત કૃદન્ત—

હું તેની સાથે મૈત્રી **બાંધી** સુખી થયો નહિ (કર્તરિ).

તેની સાથે મૈત્રી **બંધાઈને** લાંબો વખત ચાલી નહિ. (કર્મણિ).

સામાન્ય કૃદન્ત—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લૂટવાનું કામ (કર્તરિ)
લુટાવાનો ભો.(કર્મણિ)

કરાય છે, કરાતું નથી—આ બંને કર્મણિ રૂપ છે. ગુજરાતીમાં ધાતુને 'આય' પ્રત્યય લાગી થયલાં કર્મણિ રૂપ વાપરવાનો પ્રચાર કંઈક ઓછો છે. નકાર સાથે એ રૂપ વિશેષ વપરાય છે. 'મેં ચોપડી લખી,' ને 'મારાથી ચોપડી લખાઈ,' એ બંને કર્મણિ રૂપ છે. અને બંનેનો અર્થ લગભગ એક છે; પરંતુ 'મેં ચોપડી લખી' એવું રૂપ વધારે વપરાય છે. વિધિવાક્ય (હકારવાળાં વાક્ય) કરતાં નિષેધવાક્યમાં (નકારવાળાં વાક્યમાં) એ રૂપ કંઈક વધારે વપરાય છે. 'કરાતું નથી' એમાં કેટલેક ઠેકાણે શકયતાનો અર્થ રહેલો છે; 'કરી શકાતું નથી' એવો અર્થ છે, પણ શકયતાનો અર્થ સર્વત્ર રહેલો હતો નથી; જેમકે

'શૂરવીરોનાં પરાક્રમો ગાનારા ભાટ લોકોનાં વીરરસ કાવ્યો સ્થળે સ્થળે **સંભાળાતાં હતાં.**' (૭મી ચો૦, પા૦ ૩૮મો)

અહિં 'સંભાળાતાં હતાં' એ કર્મણિ રૂપમાં શકયતાનો અર્થ નથી.

દ્વિકર્મક ધાતુ : કર્મણિ રૂપ—દ્વિકર્મક ધાતુનાં કર્મણિ રૂપમાં ક્રિયાપદ પ્રધાન કર્મના અર્થનો બોધ કરે છે. આ કારણથી એ કર્મ પ્રથમા વિભક્તિમાં આવે છે. ગૌણ કર્મ બીજી વિભક્તિમાં રહે છે.

કર્તરિ	કર્મણિ
ગુરુને શિષ્ય પ્રશ્ન પૂછે છે	ગુરુથી શિષ્યને પ્રશ્ન પુછાય છે.

('શિષ્યને' ગૌણ કર્મ અને 'પ્રશ્ન' પ્રધાન કર્મ છે.)

ગુરુ શિષ્યને વાર્તા કહે છે.	ગુરુથી શિષ્યને વાર્તા કહેવાય છે.

મૂળ રચના : પ્રયોજક રચના—મૂળ ધાતુ પરથી પ્રયોજક ધાતુ થાય ત્યારે બંને ધાતુની કર્તરિ ને કર્મણિ રચનામાં કેવો ફેરફાર થાય છે તે નીચેના દાખલા પરથી સમજાશે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મૂળ રચના	પ્રયોજક રચના
હું કામ કરું છું. (કર્તરિ)	**પિતા** મારી પાસે (મારાથી) કામ કરાવે છે. (કર્તરિ)

પિતા મને કામ કરવાને પ્રયોજે છે (ઉશ્કેરે છે) તેથી 'પિતા'ને પ્રયોજક કે **હેતુ કર્તા** કહે છે. મૂળ રચનાનો કર્તા પ્રયોજક રચનામાં પંચમીમાં આવે છે અને તે **પ્રયોજ્ય** (ઉશ્કેરાયલો) કહેવાય છે; કેમકે એને પ્રયોજવામાં–ઉશ્કેરવામાં આવે છે. 'મારાથી' એ **પ્રયોજ્ય** છે.

મૂળ રચના	પ્રયોજક રચના
મેં કામ કીધું. (કર્મણિ)	પિતાએ મારી પાસે (મારાથી) કામ કરાવ્યું. (કર્મણિ)
મારાથી કામ કરાયું. (કર્મણિ)	પિતાથી મારી પાસે કામ કરાવાયું. (કર્મણિ)
મારે આસને બેસવું છે. (ભાવે)	પિતાએ મને આસને બેસાડવો છે. (કર્મણિ)
મેં રાક્ષસને માર્યો નહિ. (કર્મણિ)	તેનાથી મારી પાસે રાક્ષસને મરાવાયો નહિ. (કર્મણિ)
	તેનાથી મારી પાસે રાક્ષસને મરાવાયું નહિ. (ભાવે)

૭મી ચોપડીમાંથી થોડાક પ્રયોગના દાખલા આપી પ્રકરણ સમાપ્ત કરવામાં આવે છે—

'સાધારણ માણસોમાં એમ **ગણાય** છે કે જે અધિકારે ચઢે તે હાથ નીચેના માણસો ઉપર અમલ અને દોર **ચલાવે**, ત્યારેજ તેનો અધિકાર સફળ **થયો ગણાય**.' (પા૦ ૯)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ગણાય છે—ભાવે; ગણાય છે=ગણના થાય છે. 'એમ' એ 'જે અધિકારે......ગણાય' એ ગણનાનો અર્થ સમજાવે છે;

અથવા, બીજી રીતે,

ગણાય છે-કર્મણિ ('એમ'='જે અધિકારે......ગણાય' એ કર્મ પ્રથમામાં છે; 'માણસોમાં' એ કર્તા છે.)

ચઢે—કર્તરિ.

ચલાવે—પ્રયોજક કર્તરિ.

થયો—કર્તરિ, ભૂતકૃદન્ત ('થયો એમ ગણાય' હોય તો 'થયો' એ ક્રિયાપદ કર્તરિ પ્રયોગમાં થાય.)

ગણાય—કર્મણિ ('તેનો અધિકાર સફળ થયો' એ કર્મ છે; 'લોકોથી,' 'સર્વથી,' કે 'આપણાથી,' એ કર્તા અધ્યાહૃત છે.)

'એવે પ્રસંગે સમજુ બાળકોએ માબાપને મિઠાશથી સમજણ **પાડવી** ને તેમની ભૂલ **થાય** તો **વેઠી લેવી.**' (પા૦ ૯)

પાડવી—કર્મણિ, 'બાળકોએ' કર્તા, 'સમજણ' કર્મ પ્રથમામાં.

થાય—કર્તરિ, કર્તા 'ભૂલ,' સંકેતાર્થ.

વેઠી લેવી—કર્મણિ, 'બાળકોએ' કર્તા, 'તે'=ભૂલ, કર્મ પ્રથમામાં, સંયુક્ત ક્રિયાપદ.

'આજકાલ લોકોનું લક્ષ પૈસા **મેળવવા** તરફ વધારે **દોરાએલું છે**, તેથી અતિથિનો સત્કાર **જોઈએ** તેવો **કરવામાં આવતો નથી.**' (પા૦ ૧૮)

મેળવવા—સામાન્ય કૃદન્ત, કર્તરિ ('મેળવવા' કર્મણિ ૩૫)

દોરાએલું છે—કર્મણિ, 'લક્ષ' કર્મ.

જોઈએ—કર્મણિ; 'અપેક્ષિત છે,' 'જરૂરનો છે,' એવો અર્થ છે. યુજ્યતેનો અપભ્રંશ છે. 'સત્કાર' કર્મ છે. 'તેમણે' કર્તા અધ્યાહૃત છે.

કરવામાં આવતો નથી—કર્મણિ; 'કરાતો નથી,' એવો અર્થ છે. સંયુક્ત ક્રિયાપદ, નિષેધવાચક, 'સત્કાર' કર્મ; 'તેઓથી' (લોકોથી) કર્તા અધ્યાહૃત છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'એમ **છતાં** પણ તેમાં **ઉતરેલા** શબ્દ અસ્પષ્ટ **થતા નથી.** વળી એજ ચૂડી પરથી એ સંસ્કારો **ઘસી નાખી** નવા **ઉતારાય છે.** મોટી મંડળી ચૂડીમાં **ઉતારેલાં** ગાયનો કે ભાષણો સ્પષ્ટ **સાંભળી શકે** એવી ગોઠવણવાળાં યંત્રો **કરવામાં આવ્યાં છે.**' (પા૰ ૩૭મો)

છતાં—વર્તમાન કૃદન્ત, કર્તરિ, સતિસપ્તમી.

ઉતરેલા—દ્વિતીય (અનદ્યતન) ભૂતકૃદન્ત, કર્મણિ.

થતા નથી—કર્તરિ પ્રયોગ, ક્રિયાપદ.

ઘસી નાખી—સંયુક્તક્રિયાવાચક અવ્યયરૂપ ભૂતકૃદન્ત, કર્મણિ.

ઉતારાય છે—ક્રિયાપદ, પ્રયોજક કર્મણિ; 'સંસ્કારો' કર્મ; કર્તા 'બનાવનારાઓથી' અધ્યાહૃત છે.

ઉતારેલાં—દ્વિતીય (અનદ્યતન) ભૂતકૃદન્ત, કર્મણિ.

સાંભળી શકે—કર્તરિ; 'મંડળી' કર્તા, 'ગાયનો' ને 'ભાષણો' કર્મ, પ્રથમામાં. 'શક' ધાતુ સાહાય્યકારક છે ને તેથી એક પ્રકારનું વિધ્યર્થ-રૂપ બને છે.

કરવામાં આવ્યાં છે—સંયુક્ત ક્રિયાપદ, કર્મણિ; 'કરાયાં છે' એવો અર્થ છે. 'યંત્રો' કર્મ છે, કર્તા 'બનાવનારાઓથી' અધ્યાહૃત છે.

પ્રકરણ ૧૬ મું

અવ્યય: પ્રકાર

વ્યયી પદ અને અવ્યય—અત્યાર સુધી આપણે વ્યયી પદ વિષે એટલે જે પદોનાં રૂપમાં લિંગ, વચન, અને વિભક્તિએ કરીને વ્યય (ફેરફાર) થાય છે તે પદોને વિષે વિચાર કર્યો. હવે અવ્યય વિષે વિચાર કરીએ.

અવ્યય—જે પદોનાં રૂપમાં લિંગાદિને લીધે ફેરફાર થતો નથી તે **અવ્યય** કહેવાય છે.

અવ્યય એ પદ છે—સંસ્કૃતમાં અવ્યયને વિભક્તિના પ્રત્યયો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવીને લોપ પામ્યા છે એમ માનવામાં આવે છે. જેને વિભકિત કે કાળના પ્રત્યયો આવ્યા હોય છે તેને સંસ્કૃતમાં પદ કહે છે. અવ્યયને વિભકિતના પ્રત્યયો આવી લોપાયા છે તેથી તે પણ પદ છે. અવ્યયનું લક્ષણ નીચે પ્રમાણે અપાય છે—

જે ત્રણે લિંગમાં અને સર્વ વિભકિતઓમાં સરખું રૂપ ધારણ કરે છે અને જેના રૂપમાં વચનને લગતો ફેરફાર થતો નથી તે અવ્યય છે. 'અવ્યય' શબ્દ બહુવ્રીહિ સમાસ છે; નથી વ્યય-ફેરફાર જેના રૂપમાં તે અવ્યય.

અવ્યય અને વિભક્તિના પ્રત્યય—અવ્યયને વિભકિત નથી આવતી એવો સામાન્ય નિયમ છે; પરંતુ સંસ્કૃતમાં પણ કવચિત્ પંચમી અને સપ્તમી વિભક્તિના પ્રત્યયો લાગે છે. એજ પ્રમાણે ગુજરાતીમાં પણ કોઈ વખત પ્રત્યયો લાગે છે—

અવ્યય	વિભકત્યન્ત રૂપ
ઉપર	ઉપરનું, ઉપરથી, ઉપરનાથી.
માંહે	માંહેનું, માંહેથી, માંહેનાથી.
બહાર	બહારનું, બહારથી, બહારનાથી.
અહિં	અહિંઆં, અહિંથી, અહિંનું.
એકંદર	એકંદરે.
ત્યારે	ત્યારથી, ત્યારનો.

પ્રકાર—(૧) ક્રિયાવિશેષણ—કેટલાંક અવ્યય ક્રિયાપદની સાથે સંબંધ રાખે છે.

તે **જલદી** ચાલ્યો ગયો.

આખરે, તે **નજ** આવ્યો.

તમે **કાલે અહિં** આવ્યા નહિ. **આજ કયારે** આવશો?

આ અવ્યય ક્રિયાનાં વિશેષણ હોવાથી **ક્રિયાવિશેષણ** અવ્યય કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૨) **નામયોગી**—કેટલાંક નામ કે સર્વનામની સાથે જોડાયલાં હોય છે. તેનો પણ સંબંધ ક્રિયાપદ સાથે હોય છે, પણ ક્રિયાવિશેષણની પેઠે ક્રિયાપદની સાથે તે વપરાતાં નથી. એ અવ્યય વિભક્તિના પ્રત્યયની ગરજ સારે છે. પ્રત્યયને ઠેકાણે આરંભમાં એવા શબ્દ વપરાતા. કેટલેક ઠેકાણે ઘસાઈ જઈ તેનાજ વિભક્તિના પ્રત્યય બન્યા છે.

મારે **માટે** મુંબઈથી પુસ્તકો લેતા આવજો.

'માટે'માં ચોથી વિભક્તિનો અર્થ છે. 'મારે માટે' એનો સંબંધ 'લેતા આવજો' સાથે છે.

અગાસી **ઉપર** ઊભો રહી તે વરઘોડો જુએ છે.

'ઉપર' સપ્તમીના અર્થમાં છે. 'અગાસી ઉપર'નો સંબંધ 'ઊભો રહી' સાથે છે.

નામની સાથે જોડાયલાં હોવાથી આવાં અવ્યય નામયોગી કહેવાય છે.

(૩) **ઉભયાન્વયી**—કેટલાંક અવ્યય બે શબ્દ કે વાક્યની વચ્ચે સંબંધ બતાવે છે. જે અવ્યયો શબ્દો વચ્ચે સંબંધ બતાવે છે તે પણ ખરૂં જોતાં વાકયોજ વચ્ચે સંબંધ બતાવે છે. વળી વાક્યમાં ક્રિયાપદ પ્રધાન છે, તેથી વાક્યમાંથી ક્રિયાનોજ અર્થ નીકળે છે, એટલે વસ્તુતઃ એ અવ્યયો પણ બે ક્રિયાની વચ્ચેનો સંબંધ બતાવે છે.

રામ **અને** લક્ષ્મણ સીતા સાથે વનમાં ગયા.

આષાઢ માસ ગયો; **પણ** વરસાદનું ટીપુંએ પડયું નથી.

'રામ' અને 'લક્ષ્મણ' એ બે શબ્દોને 'અને' જોડે છે. 'પણ' 'આષાઢ માસ ગયો' અને 'વરસાદનું ટીપુંએ પડયું નથી' એ બે વાકયો વચ્ચે સંબંધ બતાવે છે. 'અને' બે શબ્દો વચ્ચે સંબંધ બતાવે છે એમ કહ્યું છે; પરંતુ ખરૂં જોતાં એ પણ બે વાકયો વચ્ચે સંબંધ દર્શાવે છે—'રામ સીતા સાથે વનમાં ગયા' તથા 'લક્ષ્મણ સીતા સાથે વનમાં ગયા' એ બે વાકયોને 'અને' જોડે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બે શબ્દો કે વાકયો વચ્ચે અન્વય—સંબંધ બતાવે છે, માટે આ અવ્યય **ઉભયાન્વયી** અવ્યય કહેવાય છે, 'ઉભય' એટલે બે અને 'અન્વય' એટલે સંબંધ. 'ઈ' પ્રત્યય 'વાળો' ના અર્થમાં છે.

(૪) **કેવળપ્રયોગી**—કેટલાંક અવ્યય એવાં છે કે તેનો સંબંધ વાક્યના કોઈ પણ પદ સાથે હતો નથી. તે હર્ષ, શોક, આશ્ચર્ય, વગેરે આવેશનો ઉદ્‌ગાર-બહાર નીકળી આવવું, તે બતાવે છે.

અરેરે ! હું કેવો અભાગીઓ છું !
ધિક્ ! આવું કામ કરતાં શરમ પણ ન આવી !
ઓહો ! કેવું સુંદર રૂપ છે !

આ અવ્યયોનો વાક્યમાં કેવળ પ્રયોગ છે-એ વાકયમાં વપરાયાં છે એટલુંજ-એનો અન્વય વાકયનાં કોઈ પણ પદ જોડે નથી; માટે એ **કેવળપ્રયોગી** અવ્યય કહેવાય છે. કેવળપ્રયોગી એટલે જેનો માત્ર પ્રયોગજ છે એવાં.

(૫) **પૂર્વગ અને ઉપસર્ગ**—વળી કેટલાંક અવ્યય શબ્દોની પૂર્વે આવી તેના અર્થમાં ફેરફાર કરે છે.

અધર્મ, **અણ**બનાવ, **અન**ર્થ, **ના**પસંદ—આમ શબ્દોની પૂર્વે આવેલા અવ્યય **પૂર્વગ** (પૂર્વે—શબ્દની પહેલાં ગયલાં) કહેવાય છે.

કેટલાંક અવ્યય ધાતુની પૂર્વે આવી તેના અર્થમાં ફેરફાર કરે છે.

અનુસરવું, **પરિ**હરવું, **અવ**તરવું, **આ**ગમન, **વિ**ક્રય, **પરિ**ણામ—આ પ્રમાણે ધાતુની કે ધાતુથી નિષ્પન્ન થયલા શબ્દોની પૂર્વે આવેલા પૂર્વગ **ઉપસર્ગ** કહેવાય છે. બધા પૂર્વગ ઉપસર્ગ નથી. જેને સંસ્કૃત વ્યાકરણમાં ઉપસર્ગ કહ્યા છે તેજ ઉપસર્ગ છે.

પ્રકરણ ૧૭ મું

ક્રિયાવિશેષણ અવ્યય

પ્રકાર—ક્રિયાવિશેષણ અવ્યય ક્રિયાના અર્થમાં વિશેષ બતાવે છે. ક્રિયા થઈ છે કે નથી થઈ અને થઈ તો ક્યારે થઈ છે, ક્યાં થઈ છે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કેવી રીતે થઈ છે, અને શા માટે થઈ છે, એ બધા ક્રિયાના પ્રકાર ક્રિયાવિશેષણ અવ્યય દર્શાવે છે. આ પ્રમાણે એના પ્રથમ બે વિભાગ થાય છે—વિધિવાચક અને નિષેધવાચક. વિધિવાચક ક્રિયાનું વિધાન એટલે થવું બતાવે છે અને નિષેધવાચક ક્રિયાનો નિષેધ બતાવે છે, અર્થાત્, ક્રિયા નથી થઈ એમ બતાવે છે. વિધિમાં શુદ્ધ વિધિ હોય કે વધારે સ્પષ્ટતાથી ક્રિયાનો સ્વીકાર કર્યો હોય. શુદ્ધવિધિવાચકના મુખ્ય ચાર પ્રકાર છે. ઉપર દર્શાવ્યા પ્રમાણે ક્રિયા અમુક સમયે કે સ્થળે થાય છે અને અમુક રીતે કે હેતુથી થાય છે. આ ચાર વિભાગ કાળવાચક, સ્થળવાચક, રીતિવાચક, અને હેતુવાચક છે. એ ઉપરાંત બીજા પણ નાના પ્રકારો થઈ શકે છે. કેટલાંક ક્રિયાના થવાનો સંશય બતાવે છે તે સંશયવાચક કહેવાય છે; કેટલાંક નિશ્ચય બતાવે છે તે નિશ્ચયવાચક કહેવાય છે. વળી ક્રમ, સંખ્યા, કે પરિમાણ, અને અનુકરણનો અર્થ બતાવનારાં પણ અવ્યય હોય છે. આથી એકંદર નીચે પ્રમાણે વિભાગ થાય છે.



CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કાળવાચક—એ અવ્યય વખત બતાવે છે; જેમકે,

ત્યારે, ક્યારે, હમણાં, હમેશ, સદા, સર્વદા, નિત્ય, તુરત, હવે, હાલ, હોણ, પહોર, પરાર, રોજ, વગેરે

દાખલા:—**ત્યારે** તે ઘરમાં હશે ?

તે **કયારે** સૂએ છે ?

તે **રોજ** ઈશ્વરનું ધ્યાન ધરે છે.

પહોર જેવો વરસાદ થયો હતો તેવો **હોણ** થયો નથી.

સ્થળવાચક—એ અવ્યય ઠેકાણું બતાવે છે; જેમકે,

ત્યાં, તેમ, ક્યાં, કેમ, અહિં, આમ, એમ, સર્વત્ર, ઉપર, ઊંચે, નીચે, હેઠળ, હેઠે, આઘે, છેટે, દૂર, પાસે, નજીક, લગોલગ, આગળ, પાછળ, વગેરે

દાખલા:—

તે **તેમ** ગયો ને હું **આમ** આવ્યો.

આગળ શું છે ને **પાછળ** શું છે તેનો વિચાર કર્યાં વિના તે આંખ મીચીને કામ કર્યો જાય છે.

તે **કેમ** (કઈ દિશાએ) ગયો છે ?

રીતિવાચક—એ અવ્યય રીત બતાવે છે; જેમકે,

આમ, એમ, તેમ, એકદમ, અકસ્માત્, ઠીક, વગેરે

તમે મને **અકસ્માત્** (ધારી ન શકાય એવી રીતે) મળી ગયા.

હેતુવાચક—એ અવ્યય હેતુ બતાવે છે.

કાલે **કેમ** (શા માટે) આવ્યા ન હતા ?

સંશયનિશ્ચયવાચક—એમાં કેટલાંક અવ્યય સંશયવાચક છે, કેટલાંક આવશ્યકતાવાચક છે, કેટલાંક નિશ્ચયવાચક છે, ને કેટલાંક સંભાવનાવાચક છે.

સંશયવાચક—કદાચ, કદી, કદાચિત્, ઘણુંકરીને, વગેરે

તે **કદાચ** માંદો હોય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઘણુંકરીને તેનો વિચાર વેપાર કરી ગુજરાન કરવાનો છે.

આવશ્યકતાવાચક—આવશ્ય, નક્કી, જ, જરૂર, બેશક, વગેરે

તે **અવશ્ય** આ કામ પાર પાડશે.

નિશ્ચયવાચક—ખચીત, ખરે, ખરેખાત, ખરેખર, વગેરે

તે **ખરેખર** બહુ ભોળા સ્વભાવનો છે.

સંભાવનાવાચક—સંશયથી કંઈ વિશેષ અને નિશ્ચયથી ઓછી મનની સ્થિતિ તે સંભાવના. કંઈક કારણસર અમુક વસ્તુને અમુક વસ્તુ ધારી લેવી તે સંભાવના. કેટલાંક અવ્યય એવી સંભાવના બતાવે છે. 'શકે' ને 'જાણે' એ બે શબ્દો મૂળ ક્રિયાપદ છે. 'શકે' એટલે 'શઙ્કે'–મને શક છે; હું ધારૂં છું; 'જાણે' અને 'રખે' એ પણ ક્રિયાપદ છે; પરંતુ એ ત્રણે સંભાવનાના અર્થમાં ક્રિયાવિશેષણ અવ્યય તરીકે વપરાય છે.

જાણે, શકે, રખે, જેમ, શું—

'મુખ કમળ કન્યાનું ઝળકે, સામો ચન્દ્ર બીજો **જાણે** ચળકે.'

('નળાખ્યાન,' કડ૦ ૧૯મું)

'ઉભે અમિનિધિ કિરણ પ્રકટ્યાં, કળા થઈ પ્રકાશ,
જ્યોતે જ્યોતથી સ્તંભ પ્રકટયો, **શું** એથી રહ્યો આકાશ.'

('નળાખ્યાન,' કડ૦ ૧૫મું)

'**શકે** નેત્ર ખેત્ર મોહનું ડોડાળાં અંબૂજ,
ભ્રુવશરાસન દૃષ્ટિશર, હાવભાવ બે ભૂજ.'

('નળાખ્યાન,' કડ૦ ૧૫મું)

'હરિ ખોળી લો રે મૂઢ, ગૂઢ અહમેવ મૂકી;
સંસાર ગયો સર્વે દુઃખે, **રખે** ચાલતા રે ચૂકી.'

(પ્રેમા૦ 'ચન્દ્રહાસ–આ૦,' કડ૦ ૯મું)

રીતિવાચક અને સંશયનિશ્ચયવાચક—રીતિવાચક અવ્યય ક્રિયા કરવાની રીત બતાવે છે. સંશયનિશ્ચયવાચક અવ્યય ક્રિયા કરવામાં મનની સ્થિતિ—સંશયની, નિશ્ચયની, કે અતિદૃઢતાની—બતાવે છે.

ક્રમવાચક—એ અવ્યય ક્રિયાનો ક્રમ બતાવે છે.

પ્રથમ તો, પહેલાં તો, પછી, છેવટે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પહેલાં તો તમારે ગુરુની આજ્ઞા માનવી જોઈતી હતી, **પછી** નમ્ર શબ્દે તમારો બચાવ આપવો જોઈતો હતો, અને **છેવટે** તેમનો નિર્ણય માથે ચઢાવવો હતો.

સંખ્યાવાચક—એ અવ્યય ક્રિયાની સંખ્યા—ક્રિયા કેટલી વાર થઈ છે તે—બતાવે છે.

વારંવાર, એક વાર, અનેક વાર, બહુ વાર—આ શબ્દસમુદાય ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે. છૂટાં પદો લઈએ તો 'એક' વિશેષણ અને 'વાર' નામ અધિકરણના અર્થમાં છે.

તમને **વારંવાર** કહ્યું, પણ તમારા મનમાં ઊતરતુંજ નથી.

પરિમાણવાચક—એ અવ્યય ક્રિયાનું પરિમાણ—થોડે કે ઘણે અંશે થવું—બતાવે છે.

જરા, લગીર, લગરીક, ઘણુંખરું, બહુ, અતિશય, અત્યન્ત, વગેરે

તે **બહુ** તપી ગયો છે. તેને **જરા** શાન્ત થવા કહો.

અનુકરણવાચક—કોઈ પ્રાણીના શબ્દ કે પદાર્થના અફળાવાથી થતા અવાજ ઉપરથી તેનું અનુકરણ કરતા—મળતા આવતા—જે શબ્દ ભાષામાં બને છે તે અનુકરણવાચક શબ્દ છે. એવા કેટલાક શબ્દ અવ્યય છે અને ક્રિયાપદનાં વિશેષણ હોવાથી ક્રિયાવિશેષણ કહેવાય છે.

ધમધમ, ખડખડ, ટપટપ, બકબક, ફડફડ, વગેરે

તે **ધમધમ** ચાલતો જાય છે.

હું તેનું **ટપટપ** બોલવું સાંભળી **ખડખડ** હસી પડ્યો.

સ્વીકારવાચક—ક્રિયા થઈ હોય કે ન થઈ હોય. થઈ હોય તો તેનો વિધિ અને ન થઈ હોય તો તેનો નિષેધ કહેવાય છે. પરંતુ ક્રિયા થઈ હોય ને તે વકતાએ ખુલ્લા શબ્દમાં કબૂલ કર્યું હોય તો તે વિધિનો સ્વીકાર કર્યો કહેવાય છે. કેટલાંક અવ્યય એવો સ્વીકાર બતાવે છે.

ઠીક, હા, ભલે, વારુ.

ભલે, એમાં કંઈ મારે વાંધો નથી. ('તમે ભલે એમ કરો,' એમાં 'ભલે' એ 'કરો' ક્રિયાપદનું વિશેષણ છે; બોલનારે સામા માણસની ક્રિયા સ્વીકારી છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભલે પધાર્યા; આજ આપણે ઘણે દિવસે મળ્યા. (તમારૂં પધારવું આનન્દ સાથે સ્વીકારૂં છું.)

ઠીક, તમારી મરજી હોય તેમ કરો. (તમારૂં કરવું હું સ્વીકારૂં છું—તેમાં વાંધો લેતો નથી.)

નિષેધવાચક—એ અવ્યયો ક્રિયાનો નકાર બતાવે છે. જેટલા વિધિવાચકના ભેદ થાય છે તેટલાજ નિષેધવાચકના ભેદ થાય છે.

દાખલાઃ—ના, નહિ, મા

તમારે કદી પણ જૂઠું બોલવું **નહિ**.

વડીલોની આજ્ઞા કદી પણ લોપશો **મા**.

પ્રશ્નવાચક—આવો નવો ભેદ કરવાની જરૂર નથી. પ્રશ્ન વિધિના રૂપમાં હોય કે નિષેધના રૂપમાં હોય. વળી તે કાળ, સ્થળ, વગેરેનોજ અર્થ બતાવે છે.

દાખલા :—ક્યારે, ક્યાં, કેમ, કે, વગેરે

હું **ક્યારે** એ વાતની ના કહું છું?

તમે **કેમ** આ દુઃખ સહન કરી શકશો?

તમે ફરવા આવશો **કે**? (તમારા આવવાનો સંશય છે તેથી પ્રશ્ન ઉત્પન્ન થયો છે.)

જ, એ, પણ, તો—આ શબ્દો વાક્યમાં જુદા જુદા શબ્દો સાથે વપરાય છે ત્યારે તેના અર્થમાં ફેરફાર કરે છે.

તેંજ આ કાગળ ફાડ્યો છે (બીજાએ નહિ).

તેં **આજ** કાગળ ફાડ્યો છે (બીજો નહિ.)

તેં આ **કાગળજ** ફાડ્યો છે (બીજું કંઈ—ચોપડી વગેરે ફાડ્યું નથી.)

તેં આ કાગળ ફાડ્યો **છેજ** (એમાં શક નથી.)

એજ પ્રમાણે 'એ' ('પણ'ના અર્થમાં) કે 'પણ'ને જુદાં જુદાં પદ સાથે વાપરવાથી પણ અર્થ ફરે છે.

તેંએ આ કાગળ ફાડ્યો છે.
તેં **પણ** આ કાગળ ફાડ્યો છે. } બીજાએ કાગળ ફાડ્યો છે તેમ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેં **આએ** કાગળ ફાડ્યો છે. તેં આ પણ કાગળ ફાડ્યો છે.	{ બીજો કાગળ ફાડ્યો છે તેમ }
તેં આ કાગળે ફાડ્યો છે. તેં આ કાગળ પણ ફાડ્યો છે.	{ ચોપડી કે બીજું કંઈ ફાડ્યું છે તેમ }
તેં આ કાગળ ફાડ્યોએ છે. તેં આ કાગળ ફાડ્યો પણ છે.	{ સાહીવાળો કર્યો છે, તેની સાથે ફાડ્યો પણ છે. }

તેં તો આ કાગળ નથી ફાડ્યો ને? (બીજાએ ફાડ્યો હોય તેની વાત તે જાણે.)

તેં **આ તો** કાગળ નથી ફાડ્યોને? (બીજો ફાડ્યો હશે તો ફિકર નહિ)

તેં આ **કાગળ તો** નથી ફાડ્યોને? (બીજું ફાડ્યું હશે તો ખેર.)

તેં આ કાગળ **ફાડ્યો તો** નથીને? (ડાઘા પાડ્યા હોય તો હશે.)

હશે, ખેર—આ અવ્યયો સ્વીકારવાચકમાં મૂકી શકાય.

હશે, તેં તો આ કામ નથી કર્યું ને?

ખેર, વાગ્યું તો નથી ને?

બીજાએ આ કામ કર્યું હોય તો તે હું સ્વીકારી લઉં છું, તેથી મારા મનને અતિખેદ થતો નથી, એવો અર્થ છે. એજ પ્રમાણે 'ખેર, કાચ ભાગ્યો તો હશે, નુકસાન થયું તો હશે, તે હું સ્વીકારી લઉં છું, તેથી મને ખેદ નથી.' 'તું પડ્યો તો નથી ને? તેથી મને ખેદ થાત,' એવો અર્થ છે. આ કારણથી એ બંને અવ્યયોને સ્વીકારવાચક અવ્યયના પ્રકારમાં મૂકી શકાય.

'જ,' 'એ,' 'પણ,' ને 'તો,' એ ગમે તે પદની સાથે—નામ, સર્વનામ, કે ક્રિયાપદની સાથે—વપરાય છે, તોપણ એનો સંબંધ ક્રિયાપદ સાથે પણ છે.

તેંજ આ કાગળ ફાડ્યો—આ કાગળ ફાડવાની બાબતમાં તું એકલો છે, ફાડનાર તું છે, બીજો નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેં **આજ** કાગળ ફાડ્યો—તેં ફાડવાની ક્રિયા કરી, તે આ કાગળને લાગુ પડી છે, બીજાને નહિ.

એજ પ્રમાણે બધાં વાક્યો સમજાવી શકાય.

બીજાં ક્રિયાવિશેષણ અવ્યય કરતાં એ અવ્યયોમાં એટલું વિશેષ છે કે એ ક્રિયાનાં વિશેષણ છે, તે ઉપરાંત ગમે તે પદની સાથે આવી વાક્યની ક્રિયાનો તેજ પદ સાથે સંબંધ છે અને બીજાં પદ સાથે સંબંધ નથી એમ બતાવે છે.

પ્રકારો અંગ્રેજી વ્યાકરણને અનુસારે—અવ્યયના પ્રકારો અંગ્રેજી વ્યાકરણને અનુસરીનેજ દેશી ભાષાઓમાં પાડેલા છે; સંસ્કૃતમાં અવ્યયના પ્રકાર પાડ્યા નથી. અંગ્રેજી ભાષાના વ્યાકરણમાં 'જ', 'એ' (પણ), 'પણ', 'તો' એને ક્રિયાવિશેષણ અવ્યયજ ગણ્યાં છે.

સર્વનામ પરથી થયલાં અવ્યય—સર્વનામ પરથી નીચેનાં અવ્યયો બને છે—

દર્શક—અહિં, અત્યારે, અહિંથી, અહિંયાં, એમ

પ્રશ્નાર્થક—કહિં, ક્યારે, કહિંથી, ક્યાં, કેમ

સાપેક્ષ—જહિં, જ્યારે, જ્યાંથી, જ્યાં, જેમ

વિશેષણ ક્રિયાવિશેષણ તરીકે—ઘણાં વિશેષણ ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે.

દાખલા:—

તે મને **ઘણું** દમે છે—પુષ્કળ, **અતિશય**, **બહુ** સંતાપે છે.

તે **કંઈક** તપી ગયેલો જણાયો.

તે રણછોડજીને **બરાબર** નીચો વળીને નમ્યો.

તેનો આત્મા એથી પણ **વિશેષ-વધારે** દુઃખાયો.

અવ્યય બીજા પદચ્છેદ તરીકે—કેટલીક વાર ક્રિયાવિશેષણ અવ્યય નામ અને વિશેષણ તરીકે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

જા, જઈને **એમ** કહે કે હું સહેજ મોડો આવીશ. (નામ)

માર્ગમાં તેને એક મોટો **અકસ્માત્** થયો. (નામ)

'ત્યાં મધ્યમ સ્થિતિના લોકોની **હંમેશની** રીત ખરચાળ થઈ છે.' (૭મી ચો૦, ૧૮ મો પાઠ)

અહિંના લોકો **ત્યાંના** લોકો જેવા ઉદ્યમી નથી.

હંમેશની, અહિંના, ત્યાંના—આને છઠ્ઠી વિભક્તિનાં નામ કે છઠ્ઠી વિભક્તિ વિશેષણવિભક્તિ છે તેથી વિશેષણ તરીકે ગણી શકાય.

શબ્દસમુદાય ક્રિયાવિશેષણ અવ્યય તરીકે—એ શબ્દો એકઠા થઈ એક અર્થ ઉત્પન્ન કરે છે. આવા શબ્દોનો પદચ્છેદ ભેગો લઈ શકાય.

દાખલા:—ઘણું કરીને, મુખ્યત્વે કરીને, જ્યાંસુધી, ત્યાંસુધી, અત્યારસુધી, ક્યાંસુધી.

સમાસ—દરરોજ, અહોનિશ, હરહમેશ, ગુસ્સાભેર, જોસ્સાભેર; વણબોલે, વગરવિચારે, યથાવિધિ, પ્રતિદિન, અનુદિન, વગેરે

પ્રકરણ ૧૮ મું

નામયોગી

નામયોગી અવ્યય—જે અવ્યય નામ કે સર્વનામની સાથે જોડાયલાં હોય છે અને વિભક્તિના પ્રત્યયની ગરજ સારે છે તે **નામયોગી** અવ્યય કહેવાય છે. જે નામ કે સર્વનામની સાથે એ અવ્યય જોડાયલાં હોય છે તે નામ કે સર્વનામ ને એ અવ્યયનો બનેલો શબ્દસમુદાય ક્રિયાવિશેષણની પેઠે ક્રિયાપદની સાથે સંબંધ રાખે છે.

ચોથી વિભક્તિના અર્થનાં—

માટે, સારૂ, વાસ્તે, કાજે (કાર્યે–'કાર્ય' શબ્દની સાતમીનું એકવચન)

ખાતર, 'અર્થે' ('અર્થ'ની સાતમીનું એકવચન)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'કાજે' ને 'અર્થે' મૂળ નામ છે અને તેનો સાતમીના એક-વચનમાં ઉપયોગ નામયોગી અવ્યય જેવો છે.

માબાપ છોકરાંને માટે કેટલું બધું દુઃખ વેઠે છે!

બીજી વિભક્તિના અર્થનાં—

સુધી, પર્યન્ત, લગી, લગણ

તે ગામના દરવાજા **સુધી** પહોંચ્યો નહિ એટલામાં તેને એક મોટો અકસ્માત્ નડયો.

ત્રીજી વિભક્તિનાં અર્થના—

વડે, વતી, મારફતે, રૂએ ('મારફત' અને 'રૂ' નું સાતમીનું એકવચન), મેળે, કરીને, લીધે, (આ બે રૂપ ધાતુ ઉપરથી થયાં છે.)

ચપ્પુ **વડે** કલમ ઘડતાં તેનો હાથ કપાયો.

ટાઢે **કરીને**–ટાઢને **લીધે** તેનું અંગ કંપે છે.

મેં મારી **મેળે** આ કામ કર્યું. (મેળે=પંડે; પણ 'મેળ' 'પંડ' ના અર્થમાં વપરાતો નથી,)

સાતમીના અર્થનાં—

અંદર, મધ્યે, માંહે, વચ્ચે, પર, ઉપર, વિષે, પ્રમાણે

વનની **અંદર** એક મોટું સરોવર હતું.

અર્થ પ્રમાણે વિભાગ—અર્થ પ્રમાણે નામયોગી અવ્યયના નીચે પ્રમાણે વિભાગ થાય છે—

સ્થળવાચક—

ઉપર, નીચે, અગાડી, આગળ, પછાડી, પાછળ, પડખે, પાસે, સન્મુખ, સમીપ, જોડે, કને, સાથે, લગી, સુધી, લગણ, અંદર, બહાર, આસપાસ, તળે, વગેરે

કાળવાચક—

અગાઉ, અગાડી, પહેલાં, પૂર્વે, પછી, પછાડી, બાદ, પાછળ, સુધી, વગેરે

અન્યસંબંધવાચક—બાકીનાં બીજાં નામયોગી અવ્યય આ વિભાગમાં આવશે; જેમકે–કરીને, પેઠે, તરીકે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કરતાં—અંગ્રેજીમાં આ અવ્યયને ઉભયાન્વયી ગણ્યું છે; પણ ગુજરાતીમાં એનો પ્રયોગ નામયોગી જેવો છે; જેમકે,

ભરૂચ **કરતાં** નડીઆદ નાનો કસ્બો છે.

તમારા **કરતાં** તે વધારે ચાલાક છે.

નામયોગીનો પ્રયોગ—જે નામ કે સર્વનામ જોડે નામયોગી જોડાયલાં હોય છે તેને છઠ્ઠી વિભક્તિનો પ્રત્યય લાગેલો હોય છે કે તે સમજી લેવાનો હોય છે.

દાખલા :—

શહેર **પાસે** એક સરોવર છે. (શહેરની પાસે)

તે પા કલાક **પહેલાં** આવ્યો હતો. (કલાકની પહેલાં)

તે ચાર દિવસ **સુધી** માંદો રહ્યો.

છેલ્લા વાક્યમાં 'સુધી' અવ્યય મર્યાદાવાચક છે. એ અવ્યય વાપર્યાં વગર પણ 'દિવસ' એ શબ્દ મર્યાદાવાચક દ્વિતીયા વિભકિતમાં છે. એ કારણથી 'સુધી'ની પહેલાં છઠ્ઠી વિભકિત વાપરી શકાતી નથી.

શહેરની **આસપાસ** સુંદર કોટ છે.

તેને **લીધે**–**કાજે**–**અર્થે** મારે બહુ ખમવું પડ્યું.

'કાજે'–'અર્થે' એ સપ્તમીનાં રૂપ છે તેથી એને યોગે છઠ્ઠી વિભકિતનો 'ને' પ્રત્યય લાગે છે; જેમકે 'તેને લીધે.'

કરીને—એની પહેલાં નામ કે સર્વનામને ત્રીજી વિભકિત લાગે છે. એ 'કર' ધાતુનું રૂપ છે ને નામયોગી અવ્યય તરીકે વપરાય છે.

એ એને પાપે **કરીને** પિડાય છે.

'ગતે **કરીને** પવન સરિખો, ગંભીરતાએ સમુદ્ર.'

(પ્રેમા૦ 'ચન્દ્ર૦–આખ્યા૦', કડ૦ ૨૨ મું)

વિના, વગર—આ નામયોગી અવ્યય નામની કે સર્વનામની પછી વપરાય છે ત્યારે તે નામ કે સર્વનામને છઠ્ઠી વિભક્તિ લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમારા **વિના** મને ગોઠતું નથી.

'તમ **વિના** ત્રૈલોક્યમાં નથી મારે કોય.'

(પ્રેમા૦ 'ચન્દ્ર૦–આખ્યા૦–' કડ૦ ૫મું)

પણ એ અવ્યયો જ્યારે નામની પહેલાં વપરાય છે ત્યારે સંસ્કૃતની પેઠે એને યોગે તૃતીયા વિભક્તિ વપરાય છે.

વિના કારણે; **વગર** વિચાર્યે.

'વિના'ને બદલે કવિતામાં 'વણ' વપરાય છે.

'**વણ** કહે સર્વે લહું.' (નરસિંહ–મ૦ 'ચાતુરી,' પદ ૧૦મું)

'**વણ** છેતરે સ્વર્ગે કેમ જશું'? (તુલસી–'ધ્રુવાખ્યાન')

વણ કહે—કહ્યા વિના; 'કહે'=કહ્યે; ભૂત કૃદન્ત, નામ તરીકે વપરાયું છે, ત્રીજી વિભક્તિ.

'વિના કારણે,' 'વગર વિચાર્યે,' 'વણ કહે,' જેવો દરેક આખો શબ્દસમુદાય ભેગો ક્રિયાવિશેષણ અવ્યય જેવો છે.

પ્રકરણ ૧૯ મું

ઉભયાન્વયી

ઉભયાન્વયી—જે અવ્યય બે વાક્યોને જોડે છે તે ઉભયાન્વયી અવ્યય કહેવાય છે. શબ્દોને જોડતાં દેખાય છે ત્યાં પણ વસ્તુતઃ વાક્યોનીજ વચ્ચે અન્વય–એક પ્રકારનો સંબંધ–દર્શાવે છે. એ સંબંધ જુદી જુદી રીતનો હોઈ શકે, તેથી એના પ્રકાર નીચે પ્રમાણે થઈ શકે છે.

પ્રકારઃ—

(૧) **સમુચ્ચયવાચક**—એ અવ્યય સમુચ્ચય એટલે એકઠાપણું બતાવે છે.

ને, અને, તથા

(૨) **વિકલ્પવાચક**—એ અવ્યય આમ કે આમ એવી બે પક્ષમાંના એક વિષે ઇચ્છા બતાવે છે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વા, અથવા, કિંવા, યા તો, કાં તો, કે, અગર

આ પુસ્તક લો કે પેલું લો.

મારૂં કામ કરશો કે નહિ?

(૩) **વિરોધવાચક**—એ અવ્યય વિરોધ એટલે ઉલટાપણું બતાવે છે.

પણ, પરંતુ, તોપણ

(૪) **કારણવાચક કે પરિણામવાચક**—એ અવ્યય કારણ કે તેથી થતું પરિણામ બતાવે છે.

કારણ કે, કેમકે, માટે, તો, ત્યારે, નહિકર, નહિ તો

આમ હતું **તો** (**ત્યારે**) એ કામ માથે લેવું નહોતું.

(૫) **સંકેતવાચક**—એ અવ્યય સંકેત એટલે શરત બતાવે છે

જો, તો, જોકે, તોપણ, અગરજો

આમાં, 'જો,' 'જોકે,' 'અગરજો,' એ સાપેક્ષ સંકેતવાચક છે; કેમકે એની પછી 'તો,' 'તોપણ'ની અપેક્ષા રહે છે.

(૬) **સંબંધવાચક**—એ અવ્યય સંબંધ બતાવે છે.

જ્યારે, ત્યારે, જ્યાં, ત્યાં, જેમ, તેમ

આમાં 'જ્યારે,' 'જ્યાં,' ને 'જેમ,' એ સાપેક્ષ* છે; કેમકે એની પછી 'ત્યારે,' 'ત્યાં,' ને 'તેમ,' એ શબ્દોની અપેક્ષા રહે છે.

(૭) **સ્વરૂપબોધક**—આ અવ્યય, પૂર્વે જે કહ્યું હોય છે તેનું સ્વરૂપ દર્શાવે છે–તેનો અર્થ સમજાવે છે–માટે **સ્વરૂપબોધક** કહેવાય છે.

એટલે, અર્થાત્ (અર્થ શબ્દની પાંચમીનું એકવચન)

(૮) કેટલાંક અવ્યય† અપેક્ષા પૂરનારા વાક્યના આરંભમાં આવે છે અને પ્રધાન ગૌણ વાક્ય સાથે જોડે છે.

---

* અંગ્રેજીમાં 'જ્યારે,' 'જેમ,' ને 'જ્યાં,' એ અવ્યયોને અમુક પ્રકારના ક્રિયાવિશેષણમાં મૂક્યાં છે ને તે વર્ગને ઉભયાન્વયી-ક્રિયાવિશેષણ (સંયોજક ક્રિયાવિશેષણ) કહ્યો છે. પરંતુ 'જો'ને ઉભયાન્વયી ગણ્યો છે તેમ 'જ્યારે,' 'જેમ,' ને 'જ્યાં' ને પણ ઉભયાન્વયીજ ગણવાં યુક્ત છે.

† એને 'અપેક્ષાપૂરક વાક્યારંભક' કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બીજું લખવા કારણ એ છે જે તમારો પત્ર ઘણા દિવસથી આવ્યો નથી તેથી ફિકર થાય છે.

'એ' એટલે શું? 'જે તમારો પત્ર...થાય છે' એ વાક્ય એ ('એ' એટલે શું–એ) અપેક્ષા પૂરી કરે છે. એવા વાક્યના આરંભમાં 'જે' હોવાથી એને અપેક્ષાપૂરક વાક્યનો આરંભક શબ્દ કહે છે.

તે મકાન એવું તો સુંદર છે કે તેને વારેવારે જોવાનું મન થાય છે.

'એવું સુંદર' એટલે 'કેવું સુંદર?' એ અપેક્ષા 'કે તેને...થાય છે' એ વાક્ય પૂરે છે; માટે એ અપેક્ષાપૂરક વાક્ય છે અને એના આરંભમાં 'કે' હોવાથી તે અપેક્ષાપૂરક વાક્યનું આરંભક કહેવાય છે.

'કારણ કે,' 'માટે,' વગેરે અવ્યયો પણ પ્રધાન અને ગૌણ વાક્યો વચ્ચેનો સંબંધ બતાવે છે; પરંતુ તે અપેક્ષાપૂરક વાક્યના આરંભમાં નથી હોતાં, માટે તેને જુદા વર્ગમાં મૂકયાં છે.

પ્રકરણ ૨૦ મું

કેવળપ્રયોગી

કેવળપ્રયોગી—જે અવ્યય વાક્યના કોઈ પણ શબ્દ સાથે અન્વય પામતાં નથી અને જે કોઈક બળવાન્ લાગણી દર્શાવે છે તે **કેવળપ્રયોગી** અવ્યય કહેવાય છે.

એના પ્રકાર અનેક થઈ શકે; કેમકે લાગણીઓ અનેક છે; પરંતુ મુખ્ય પ્રકાર નીચે પ્રમાણે છે—

(૧) **હર્ષવાચક**—એ અવ્યય હર્ષના ઉભરાથી નીકળી આવેલા શબ્દ છે.

વાહ! વાહવા! શાબાસ! હાસ!

(૨) **દુઃખવાચક**—એ અવ્યય દુઃખની લાગણીનો ઉદ્ગાર બતાવે છે.

અરેરે શિવ શિવ! હાય હાયરે! અરે રામ! ઓ બાપરે! ઓ મા રે!

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) **આશ્ચર્યવાચક**—એ અવ્યય વિસ્મયથી નીકળી આવતા શબ્દ છે.

અહો! ઓહો! અધધધ! અહાહા!

(૪) **ધિક્કારવાચક**—એ અવ્યય ધિક્કાર બતાવે છે.

છી છી! થૂ થૂ! ધિક્! છટ! છિટ! ફટ! હટ!

(૫) **ક્રોધવાચક**—એ અવ્યય ક્રોધના આવેશના ઉદ્ગારરૂપ છે.

ચૂપ! ચપ!

(૬) **વિનયવાચક**—વિનયના ઉભરાથી નીકળી આવતાં અવ્યય એ વર્ગમાં આવે છે.

જી! જી સાહેબ! સાહેબ! મહારાજ!

(૭) **સંબોધનવાચક**—દૂરથી બોલાવવામાં જે અવ્યય વપરાય છે તે એવાં છે.

હે (ગમન)! એ! ઓ! અરે ઓ! અલ્યા!

(૮) **કલ્યાણવાચક**—એ અવ્યય કલ્યાણ બતાવે છે.

સ્વસ્તિ!

ઉપરના દાખલાઓમાં 'બાપ,' 'મા,' 'મહારાજ,' 'સાહેબ,' એ નામ અવ્યય તરીકે વપરાયાં છે.

ઉદ્ગારરૂપ વાકય— આખું વાક્ય પણ આશ્ચર્ય, હર્ષ, શોક, વગેરે મનના આવેશ બતાવે છે.

આ ઘરની ખરી બલિહારી છે! શી એ એની રમણીયતા! કેવી એની ઉત્તમ રચના! બધા ભાગો વચ્ચે કેવું ઉત્તમ પ્રમાણ!

કેવળપ્રયોગી અવ્યય નામ તરીકે—કોઈ વખત કેવળપ્રયોગી અવ્યય નામ તરીકે વપરાય છે. તેવે સ્થળે તે કેવળપ્રયોગી રહેતાં નથી; કેમકે કેવળપ્રયોગી અવ્યયને તો વાકયમાં કોઈ પણ પદ સાથે અન્વય હતો નથી.

શાબાસ છે તેમને!

ધિક્ છે તેને!

'એ રાજ્યને માથે ધિક્ક પડો, સ્વજન માર્યાંનું શિર પાપ.'

(પ્રેમા૦ 'ચન્દ્ર૦-આ૦,' ૧લું કડ૦)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૧ મું

પૂર્વગ

પૂર્વગ અને ઉપસર્ગ—કેટલાંક અવ્યય નામની, ધાતુની, કે ધાતુથી નિષ્પન્ન થયલા શબ્દની પૂર્વે આવે છે, તે **પૂર્વગ** કહેવાય છે. એમાંનાં જે ધાતુ કે ધાતુથી વ્યુત્પન્ન થયલા શબ્દ સાથે જોડાયલાં હોય છે, તે **ઉપસર્ગ** કહેવાય છે. 'ઉપસર્ગ' શબ્દ 'ઉપ' એટલે પાસે અને 'સર્ગ' (**સૃજ્**-સર્જવું, ઉત્પન્ન કરવું) એ ઉપરથી આવ્યો છે. ક્રિયાવાચક શબ્દની પાસે જેનો ઉચ્ચાર થાય, જે ધાતુની સાથે જોડાયલા હોય તે ઉપસર્ગ.

સંસ્કૃત વ્યાકરણમાં ઉપસર્ગ ગણ્યા છે, તે અવ્યયોની યાદી નીચે આપી છેઃ—

પ્ર, પરા, અપ, સમ્, અનુ, અવ, નિસ્ (નિર્), દુસ્ (દુર્), વિ, આ, નિ, અધિ, અપિ, અતિ, સુ, ઉદ્, અભિ, પ્રતિ, પરિ, અને ઉપ—આ પ્રમાણે ૨૦ ઉપસર્ગ છે.

ઉપસર્ગના અર્થ—ઉપસર્ગના અનેક અર્થ છે, તેમાંના મુખ્ય નીચે દર્શાવ્યા છે.

પ્ર.—૧. આગળ

પ્રસ્થાન (અપભ્રંશ-પસ્તાનું), પ્રયાણ (આગળ જવું તે)

૨. પ્રકૃષ્ટ-ઘણું

પ્રકાશ (ઘણું શોભવું તે), પ્રયત્ન, પ્રભાવ (ઘણી શક્તિ હોવી તે), પ્રવાદ (ઘણો વાદ), પ્રખ્યાત (ઘણી ખ્યાતિ પામેલું), પ્રકમ્પ, પ્રકોપ, પ્રમત્ત (ઘણું માતેલું)

૩. ઉત્પત્તિ

પ્રપૌત્ર (પૌત્રનો પુત્ર); પ્રપિતામહ (પિતામહનો પિતા)

પરા—૧. સામું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પરાજય (સામો જય, સામા પક્ષનો જય; હાર); પરાવર્તન (કિરણોનું 'પરાવર્તન' સામું ફરવું તે)

૨. તરફ

પરાક્રમ (તરફ જઈ બળ બતાવવું તે)

અપ—૧. ખરાબ

અપશબ્દ, અપલક્ષણ, અપપાઠ (ખોટો પાઠ), અપકર્મ, અપસિદ્ધાન્ત (ખોટો સિદ્ધાન્ત), અપકીર્તિ, અપમાન, અપશકુન

૨. દૂર

અપહરણ (દૂર લઈ જવું તે), અપનયન, અપસરણ

૩. અપગત–જતું રહેલું, અપાંગ (ખોડવાળું, અપંગ)

સમ્—૧. સાથે

સંગમ, સંબંધ, સંવાદ (સાથે બોલવું તે), સંભાષણ

૨. સમ્યક્, પુષ્કળ

સંતાપ, સંતોષ (પુષ્કળ તુષ્ટ થવું, હરખાવું તે), સંન્યાસ (તદ્દન તજી દેવું તે)

૩. ઐક્યવાચક

સંવાદ (મળતા આવવું તે)

તેની વાણી અને વિચાર વચ્ચે **સંવાદ** નથી.

અનુ—૧. પાછળ

અનુગમન, અનુચર, અનુસાર, અનુસરવું, અનુરૂપ, અનુજ (પાછળ જન્મલો, નાનો ભાઈ)

૨. સામ્યવાચક, સરખું, મળતું

અનુકરણ (સરખું, મળતું કરવું તે, નકલ કરવી તે), અનુકૂળ (કૂળ–કિનારો, જે કિનારે હોઈએ તે કિનારે, ફાવતું)

અવ—૧. નીચે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અવતરવું, અવતાર, અવનતિ ('ઉન્નતિ'થી ઉલટો શબ્દ), અવરોહ (સ્વરનો અવરોહ—નીચે જવું તે)

૨. ખરાબ, ઉલટું.

અવકૃપા, અવગુણ, અવક્રિયા (નઠારી અસર; સંસ્કૃતમાં એ અર્થ નથી), અવગતિ (મરણ પછી નઠારી સ્થિતિ; સંસ્કૃતમાં એ અર્થ નથી).

નિસ્, નિર્—સ્વર અને ઘોષ વ્યંજન પર છતાં નિસ્'નું 'નિર્', થાય છે. બહાર

નિર્ગત (બહાર ગયલું), નિષ્ક્રાન્ત (બહાર નીકળેલું), નિર્ગુણ, નિષ્કારણ, નિરાકાર, નિર્ભય, નિર્જન, નિષ્કામ (નિષ્કામ ભકિત), નિષ્ફળ, નીરોગી, નીરસ, નિર્લજ્જ, નિઃસાર, નિઃસ્પૃહ, નિષ્પ્રપંચ.

દુસ્, દુર્—દુષ્ટ

દુર્ગુણ, દુરાચાર, દુર્જન, દુર્નીતિ, દુર્નિવાર (દુઃખે કરીને નિવારાય, અટકાવાય એવું), દુર્બલ, દુર્બુદ્ધિ, દુ:સહ (દુઃખે કરીને સહેવાય એવું), દુસ્તર, દુષ્પ્રપંચ, દુઃશાસન (દુષ્ટ છે શાસન—અધિકાર, અમલ) જેનો એવું).

વિ—૧. વિશેષ

વિનાશ, વિખ્યાત, વિવિધ (વિશિષ્ટ છે વિધા-પ્રકાર જેના એવું, ઘણા પ્રકારનું-તરેહનું), વિકરાલ (વિશેષ કરાલ-ભયાનક), વિજ્ઞાન, વિલક્ષણ (અનેક લક્ષણવાળું), વિલાસ (વિશેષ લાસ-આનન્દ), વિવાદ, વિવરણ (વિશેષ ખુલ્લું કરવું તે, સ્પષ્ટીકરણ), વિવેચન, વિવેક (વિશેષ જુદું પાડવાની, ખરૂં ખોટું જાણવાની શકિત).

'વિક્રાળ' અશુદ્ધ છે.

૨. અભાવવાચક, વિગત, જતું રહેલું, ઉલટો અર્થ બતાવે છે.

વિયોગ, વિધવા (વિગત છે ધવ-સ્વામી જેનો એવી સ્ત્રી), વિરક્ત, વિક્રય (ક્રય-ખરીદી; વિક્રય-વેચાણ), વિસ્મરણ, વિજન, વિફળ, વિમળ.

આ—૧. આસપાસ, ચારે તરફ, પુષ્કળ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આચ્છાદન (ચારે તરફ ઢાંકણ), આકંપિત (પુષ્કળ કંપેલું)

૨. મર્યાદાવાચક.

આબાલવૃદ્ધ (બાળકથી વૃદ્ધપર્યન્ત)

૩. ઉલટો અર્થ બતાવે છે.

ગમન—જવું તે; આગમન–આવવું તે

દાન—આપવું તે; આદાન—લેવું તે

નયન—લઈ જવું તે; આનયન–આણવું તે

૪. થોડું

આકંપિત (થોડું કંપેલું)

૫. ઊંચું

આરોહણ (ઊંચે ઊગવું તે), આરોહ (સ્વરનો આરોહ–ઊંચે જવું તે)

નિ—૧. નીચે

નિપાત (૧. નીચે પડવું; ૨. અવ્યય)

૨. નિતરામ્–પુષ્કળ

નિયમ, નિગ્રહ (ઇન્દ્રિયનિગ્રહ–ઇન્દ્રિયોનો કબજો)

અધિ—ઉપર

અધિપતિ, અધીશ, અધિકાર, અધિવેશન, અધિરોહણ (રાજ્યાધિરોહણ), અધ્યક્ષ

અપિ—ઉપર

અપિધાન, પિધાન (ઢાંકણ, વસ્ત્ર)

'અપિ' અને 'અવ'નો 'અ' વિકલ્પે લોપાય છે; જેમકે, અપિધાન-પિધાન; અવગાહ–વગાહ; અવકાશ–વકાશ

અતિ—૧. અત્યન્ત

અતિસ્નેહ, અતિહર્ષ, અત્યાનન્દ, અતિક્રોધ, અતિગહન, અતિક્રૂર, અતિવૃષ્ટિ

૨. પેલી તરફ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અતીન્દ્રિય (ઇન્દ્રિયોના માર્ગની પેલી તરફ, ઇન્દ્રિયોને અગોચર)

સુ—સારૂં, સહેલાઈથી, ઘણું

સુગમ, સુલભ, સુજન, સુદિન, સુપ્રભાત, સુકેશી, સુદીર્ઘ (અતિ-દીર્ઘ), સુધન્વા (સારૂં છે ધનુષ્ જેનું), સુવાસિની (સ્વામી જીવતો હોય એવી સ્ત્રી, સૌભાગ્યવંતી), સુવિનીત, સુહૃદ્

ઉદ્—૧. ઊંચું

ઉચ્છ્વાસ, ઉત્પતન, ઉત્તેજન, ઉત્પ્રેક્ષા, ઉડ્ડયન, ઉત્તમ

૨. ઉલટું

ઉન્માર્ગગામી, ઉત્પથચારી

અભિ—૧. તરફ, પાસે

અભિગમન, અભિશાપ, અભિષેક, અભિમુખ, અભિનન્દન, અભિવંદન

૨. અતિશય

અભિનવ, અભિતાપ, અભિમન્યુ, (અભિવૃદ્ધ–અતિશય વધેલો છે મન્યુ–ક્રોધ જેનો)

પ્રતિ—૧. ઉલટું

પ્રતિવચન, પ્રતિપક્ષ, પ્રતિશબ્દ, પ્રત્યુપકાર, પ્રતિબિંબ

૨. તરફ

પ્રતિધાવન, પ્રતિગમન, પ્રત્યુદ્ગમન (આવકાર આપવા સામા જવું તે)

પરિ—૧. ચારે તરફ

પર્યટન, પરિધિ (ઘેરાવો), પરિકર (કમ્મરપટો), પરિક્રમણ, પરીક્ષા (ચારે તરફ જોવું તે, બારીક અવલોકન કરવું તે)

૨. પુષ્કળ

પરિ (રી) હાસ, પરિતોષ, પરિપૂરણ; પરિશીલન, પરિસમાપ્તિ

ઉપ—૧. પાસે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપગમન, ઉપનયન, (ગુરુ પાસે દીક્ષા-ઉપદેશ-શિક્ષણ માટે લઈ જવું તે).

૨. નાનું

ઉપગ્રહ, ઉપવાક્ય, ઉપનેત્ર (ચશ્મા), ઉપગુરુ, ઉપાધ્યક્ષ, ઉપમાતા, ઉપવન, ઉપેન્દ્ર (ઇન્દ્રના નાના ભાઈ, વિષ્ણુનું નામ છે).

ઉપસર્ગથી અર્થમાં ફેરફાર—ઉપસર્ગથી ધાતુના અર્થમાં અત્યન્ત ફેરફાર થઈ જાય છે.

હૃ—હરવું, એ પરથી નીચેના શબ્દો જુદા જુદા ઉપસર્ગ સાથે બનેલા છે, તેના અર્થ તદ્દન જુદા છે—

પ્રહાર, સંહાર, વિહાર, આહાર, નિહાર (ઝાકળ), ઉપહાર (બખ્શિશ), પ્રતિહાર-પ્રતીહાર (છડીદાર), ઉદ્ધાર

ઉપસર્ગ સિવાયના પૂર્વગો—ઉપરના સિવાય નીચેના સંસ્કૃત પૂર્વગો ગુજરાતીમાં વપરાય છે, પણ તે ઉપસર્ગ કહેવાતા નથી—

અ કે અન્, આવિસ્, શ્રત્, તિરસ્, કુ, અમા

અ કે અન્—સ્વરાદિ શબ્દોની પૂર્વે અન્ અને વ્યંજનાદિ શબ્દોની પૂર્વે અ આવે છે.

અ—અધર્મ, અન્યાય, અવ્યય, અલૌકિક (લોકમાં ન જોવામાં આવે એવું, અસાધારણ), અપૂર્વ (પૂર્વે ન જોયલું એવું), અયોગ્ય

અન્—અનર્થ, અનપરાધી, અનાદિ, અનન્ત, અનુચિત, અનેક, અનાર્ય, અનૃણી (ઋણી-દેવાદાર નહિ તે)

આવિસ્—પ્રકટ, ખુલ્લું, સંસ્કૃત કૃ અને ભૂ ધાતુની પૂર્વે આવે છે.

આવિર્ભૂત (પ્રકટ થયલું), આવિષ્કરણ (પ્રકટ કરવું તે).

શ્રત્—ધા ધાતુની પૂર્વેજ આવે છે.

શ્રદ્ધા (વિશ્વાસ), શ્રાદ્ધ (વિશ્વાસથી થયલી પિતૃઓની ધર્મક્રિયા).

તિરસ્—કૃ, ધા, ને ભૂ ની પૂર્વે વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તિરસ્કાર, તિરોધાન (અન્તર્ધાન), તિરોભૂત-તિરોહિત (અદૃશ્ય)

કુ—ખરાબ

કુકર્મ, કુવાસના, કુતર્ક, કુપાત્ર, કુવાક્ય

(કા થાય છે)—કાપુરુષ (બાયલો પુરુષ)

(અપભ્રંશ ક થાય છે)—કધાન (કુધાન્ય), કજાત, કવેળા, કમોત, કવખત

અમા—સાથે

અમાત્ય (રાજા સાથે રહેનાર, પ્રધાન), અમાવાસ્યા (સૂર્ય અને ચન્દ્ર જે તિથિએ સાથે—એક કક્ષામાં—આવ્યા હોય એ તિથિ)

ફારસી અને અરબી પૂર્વગો—અગત્યના ફારસી અને અરબી પૂર્વગો નીચે આપ્યા છે:—

ના, બે, બિન અને લા. આમાં 'બિન' ઉર્દૂ છે અને સં૰ વિના ઉપરથી આવ્યો છે; 'લા' એ અરબી છે. એ પૂર્વગો નામ કે વિશેષણની પૂર્વે આવી અભાવવાચક વિશેષણ બનાવે છે; જેમકે,

નાઉમેદ, નાચાર (ચાર=ઉપાય; નિરુપાય), નાહક્ક, નાદાર (નિર્ધન), નાપાક, નાવારસ, નામુરાદ, નાલાયક, નાદાન;

બેઆબરૂ, બેશક, બેવકૂફ, બેશુમાર, બેહદ, બેઈમાન, બેઅદબ;

બિના=વિના—લાચાર, લાઇલાજ; 'લાચાર'માં 'લા' અરબી અને 'ચાર' ફારસી છે. એવા બે ભાષાના મિશ્રણથી થયલા ભાષાસંકરો ઘણા છે. શુદ્ધ શબ્દ 'નાચાર' છે.

પ્રકરણ ૨૨ મું

તદ્ધિત અને કૃત્પ્રત્યયો

તદ્ધિતપ્રત્યય—નામ, સર્વનામ, વિશેષણ, કે અવ્યયને જે પ્રત્યય લાગે છે તે **તદ્ધિત** પ્રત્યય કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'તદ્ધિત' શબ્દ 'તદ્'+'હિત'નો બનેલો છે. 'તદ્' એટલે તે=જેને અન્તે વિભક્તિના પ્રત્યય છે એવું પદ. તેને માટે હિત (લાયક) તે તદ્ધિત. વિભક્ત્યન્ત પદનેજ તદ્ધિતના પ્રત્યયો લાગે છે.

ગુજરાતીમાં કેટલાક સંસ્કૃત, કેટલાક ગુજરાતી, અને કેટલાક ફારસી અને અરબી પ્રત્યયો લાગી શબ્દો બનેલા છે. તેમાંથી મુખ્ય પ્રત્યયો નીચે આપ્યા છેઃ--

સંસ્કૃત તદ્ધિત પ્રત્યયો

૧. અપત્યવાચક (અપત્ય=છોકરૂં)

૧. अ—રાવણ (રવણનો દીકરો); રાઘવ (રઘુના કુળનો દીકરો); પાર્વતી (પર્વતની–હિમાલયની પુત્રી; વધારામાં નારીજાતિનો ई પ્રત્યય લાગ્યો છે); જાનકી (જનકની તનયા); પાંડવ ('પાંડુ' ઉપરથી); યાદવ (યદુના પુત્ર)

૨. इ—દાશરથિ (દશરથનો પુત્ર, રામ)

૨. અભ્યાસ કરનાર કે જાણનારના અર્થમાં

૧. अ—વૈયાકરણ ('વ્યાકરણ' ઉપરથી; વ્યાકરણનો અભ્યાસ કરનાર કે જાણનાર)

વ્યાકરણ=વિ+આ+કરણ; એમાં 'ઇ'ની વૃદ્ધિ 'ઐ' થઈ અને 'આ–'ની પહેલાં 'ય્' આગમ આવ્યો; એ રીતે 'વૈયાકરણ' શબ્દ થયો છે.

૨. इक—નૈયાયિક ('ન્યાય' ઉપરથી; ન્યાયનો અભ્યાસ કરનાર કે જાણનાર); તાર્કિક (તર્કનો અભ્યાસ કરનાર કે જાણનાર); પૌરાણિક ('પુરાણ' ઉપરથી; પુરાણનો અભ્યાસ કરનાર કે જાણનાર)

૩. 'ત્યાં (પ્રકૃતિમાંથી જે અર્થ નીકળે છે ત્યાં) થયલું' એ અર્થમાં

૧. य—દન્ત્ય (દાંતમાં થયલું, દાંતમાંથી ઉચ્ચારાતું, ત્, થ્, વગેરે વર્ણો); ઓષ્ઠ્ય; કણ્ઠ્ય; તાલવ્ય ('તાલુ' પરથી); મૂર્ધન્ય; પ્રાચ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

('પ્રાચ્'=* પૂર્વ દિશા, એ ઉપરથી; પૂર્વ દિશામાં થયલું, પૂર્વ દિશાને લગતું); ઉદીચ્ય ('ઉદચ્'=ઉત્તર, એ ઉપરથી; ઉત્તરમાં થયલું, ઉત્તરને લગતું)

૨. **त्य**—દાક્ષિણાત્ય ('દક્ષિણા' અ૦ = દક્ષિણ, તે ઉપરથી; આદિ સ્વરની વૃદ્ધિ થઈ છે. દક્ષિણને લગતું); પાશ્ચાત્ય ('પશ્ચાત્' અ૦ = પાછળ, પશ્ચિમ; પશ્ચિમને લગતું); પૌરસ્ત્ય ('પુરસ્' અ૦ = પૂર્વ, એ ઉપરથી; પૂર્વને લગતું)

પાશ્ચિમાત્ય અને પૌર્વાત્ય—આ શબ્દો અશુદ્ધ છે. સંસ્કૃતમાં શબ્દો ગમે તેમ બનાવાતા નથી.

૩. **म**—આદિમ ('આદિ' પરથી; આરંભમાં આવેલું, પહેલું); મધ્યમ (મધ્યમાં રહેલું); અગ્રિમ (અગ્રે આવેલું; અન્ત્ય 'અ'નો 'ઇ' થયો છે.)

૪. 'તેને લગતું-તેના સંબંધી' એ અર્થમાં

૧. **इक**—માનસિક (મનસ્ = મન ઉપરથી, મનને લગતું), શારીરિક (શરીરસંબંધી), ભાવિક, ધાર્મિક, દૈનિક (દિનને-દિવસને લગતું; પૃથ્વીની દૈનિક ગતિ), માસિક, વાર્ષિક, સ્વાભાવિક, પ્રામાણિક, વ્યાવહારિક.

---

* દિશાનાં નામો ધર્મક્રિયા સાથે સંબંધ ધરાવે છે. સૂર્યની સન્મુખ રહી તે તરફ મોં રાખી ધર્મક્રિયા કરવામાં આવે છે. એ દિશા પોતાની પૂર્વે છે—**આગળ** છે—માટે **પૂર્વ** દિશા કહેવાય છે. એની **પાછલી** દિશા તે **પશ્ચિમ** દિશા કહેવાય છે (પશ્ચાત્—પાછળ થયલી). **દક્ષિણ** એટલે જમણું. પૂર્વ દિશા તરફ મુખ હોય ત્યારે જમણા હાથ પર જે દિશા છે તે **દક્ષિણ** દિશા. '**ઉત્તર**' શબ્દ 'ઉદ્' એ ઉપસર્ગને 'તર' પ્રત્યય લાગી થયો છે. હિંદુસ્તાનની ઊંચે—ઉત્તરે હિમાલય નામનો ઘણો **ઊંચો** પર્વત આવેલો છે તે પરથી એ દિશાનું નામ '**ઉત્તર**' પડ્યું છે. વચલા ખૂણાનાં નામ પણ દેવોનાં નામ પરથી પડ્યાં છેઃ—**આગ્નેયી** દિશા (અગ્નિકોણ, 'અગ્નિ' પરથી), **નૈર્ઋતી** (નૈર્ઋતકોણ, 'નૈર્ઋત'—નાશનો દેવ ઉપરથી), **વાયવી** (વાયવ્ય કોણ, 'વાયુ' ઉપરથી), અને **ઐશાની** (ઈશાનકોણ, ઈશાન = શિવ, એ ઉપરથી).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાસ્તવિક ('વસ્તુ' ઉપરથી; વસ્તુને અનુસરતું, ખરૂં). આ શબ્દમાં ઉપલા શબ્દોમાં થાય છે તેમ અન્ત્ય સ્વર લોપાતો નથી, પણ તેનો ગુણ 'ઓ' થઈ 'ઓ' નો 'અવ્' થાય છે.

આ પ્રમાણે સાધારણ રીતે 'ઈક' પ્રત્યય પહેલાં આદિ સ્વરની વૃદ્ધિ થાય છે; પરંતુ નીચેના શબ્દોમાં 'ઈક' ને 'ક' પ્રત્યય જુદા છે, તેથી તેમાં વૃદ્ધિ થતી નથી.

* રસિક ('રસ' ઉપરથી; ૧. રસને જાણનાર; ૨. રસથી ભરેલું); પથિક ('પથિન્–માર્ગ, એ ઉપરથી; રસ્તે જનાર; ધનિક ('ધન' ઉપરથી, ધન જેની પાસે છે તે, ધનવાન્)

દેશના નામ ઉપરથી

૧. अ—વૈદર્ભી (વિદર્ભ દેશનો રાજા વિદર્ભ કે વૈદર્ભ, તેની પુત્રી વૈદર્ભી; વિદર્ભ+અ; આદિ સ્વરની વૃદ્ધિ ને અન્ત્ય સ્વરનો લોપ થઈ વૈદર્ભ; વૈદર્ભ+ઈ { સ્ત્રીલિંગનો પ્રત્યય }); પાંચાલી (પંચાલ કે પાંચાલનો રાજા પંચાલ કે પાંચાલ, તેની પુત્રી દ્રૌપદી); કૌરવ (કુરુ દેશનો રાજા કુરુ, તેનો પુત્ર); કૈકેયી (કેકય દેશનો રાજા કૈકય–કેકય, તેની પુત્રી; બીજું નામ કેકયી=દશરથની સ્ત્રી); માદ્રી (મદ્ર દેશનો રાજા મદ્ર, તેની પુત્રી; પાંડુની સ્ત્રી).

માગધી ('મગધ' ઉપરથી; મગધ દેશના લોકોની ભાષા; એક પ્રકારની પ્રાકૃત); શૌરસેની (શૂરસેન મથુરા પાસેના દેશનું નામ છે; શૂરસેનના લોકોની ભાષા; એક જાતની પ્રાકૃત); મહારાષ્ટ્રી ('મહારાષ્ટ્ર'= મોટું રાજ્ય; મરાઠાઓનો મુલક; મહારાષ્ટ્રના લોકોની ભાષા; એક પ્રકારની પ્રાકૃત ભાષા).

---

* 'સ્વાભાવિક,' 'પ્રામાણિક,' વગેરે શબ્દોમાં ठक् પ્રત્યય છે તે कित् છે–તેનો क् લોપાય છે–તેથી આદિ સ્વરની વૃદ્ધિ થાય છે. 'રસિક' ને 'ધનિક'માં तदस्यास्तीति (તે એને છે) એ અર્થમાં ठन् (इक) પ્રત્યય થયો છે અને पन्थानं गच्छतीति (માર્ગે જાય છે) એટલે પથિક, એમાં ष्कन् (क) પ્રત્યય થયો છે. ठन् ને ष्कन् બેમાંનો એકે कित् નથી, તેથી આદિ સ્વરની વૃદ્ધિ થતી નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નક્ષત્રનાં નામ પરથી

૧. अ—માસનાં નામ પૌર્ણમાસીનાં (પૂર્ણિમાનાં, પુનેમનાં) નામ પરથી ને પૌર્ણમાસીનાં નામ તે દિવસે ચન્દ્ર જે નક્ષત્રમાં હોય તે નક્ષત્રનાં નામ પરથી પડ્યાં છે.

ચૈત્ર (ચિત્રા નક્ષત્ર પરથી [ચિત્રા નક્ષત્ર જેમાં છે તે] પૂર્ણિમા અને તે પરથી માસનું નામ); વૈશાખ (વિશાખા નક્ષત્ર પરથી વૈશાખી પુનેમ, તે પરથી); એજ પ્રમાણે બીજા માસોનાં નામ વિષે સમજવું.

પૌર્ણમાસી=પુનેમ; પૂરો છે માસ જે તિથિને વિષે તે. ઉત્તરમાં પુનેમીઆજ માસ ગણાય છે.

૫. ભાવવાચક

૧. त्व ને ता

ગુરુત્વ, લઘુત્વ, ગુરુતા, લઘુતા, મધુરતા, તત્ત્વ (ખરાપણું; તદ્=તે+ત્વ), સ્થિરતા, મૂર્ખતા

૨. य

પાણ્ડિત્ય ('પંડિત'પરથી; પંડિતાઈ); માધુર્ય ('મધુર'પરથી, મિઠાશ); લાલિત્ય ('લલિત'=સુંદર પરથી; સુંદરતા; પદલાલિત્ય); સૌન્દર્ય ('સુંદર'પરથી); લાવણ્ય ('લવણ'પરથી; ખૂબસૂરતી); આરોગ્ય ('અરોગ'–બહુવ્રીહિ; નથી રોગ જેને; તે પરથી; તંદુરસ્તી)

આ પ્રત્યય સામાન્ય રીતે વિશેષણને લાગે છે અને એ લાગતાં આદિ સ્વરની વૃદ્ધિ ને અન્ત્ય સ્વરનો લોપ થાય છે.

૩. अ

ગૌરવ ('ગુરુ'નું); લાઘવ ('લઘુ'નું); હસ્તલાઘવ=હાથની ચાલાકી; હલકે હાથે કામ કરવું તે; માર્દવ ('મૃદુ'પરથી; મૃદુતા); યૌવન ('યુવન્'–જુવાન પરથી); કૌમાર ('કુમાર'નું)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૬. વિકારવાચક

૧. मय—

ગોમય (ગોનો–ગાયનો વિકાર, છાણ); વાઙ્મય ('વાચ્+મય' વાણીનો વિકાર, સાહિત્ય); કાષ્ઠમય (લાકડાનું બનેલું); જલમય; મૃણ્મય = માટીનું બનેલું

૨. य—

ગવ્ય (પંચગવ્ય–દૂધ, દહિં, ઘી, મૂત્ર, છાણ; પ્રત્યય લાગતાં 'ગો' ના 'ઓ'નો 'અવ્' થાય છે.

૭. સ્વામિત્વવાચક

૧. मत्—

ગુજરાતીમાં मत् નું માન્ થઈ જાય છે; એ પ્રથમાનું એકવચન છે.
બુદ્ધિમાન્, નીતિમાન્, કાન્તિમાન્,
બુદ્ધિવાન્, નીતિવાન્, જેવા શબ્દ અશુદ્ધ છે.
શબ્દને અન્તે કે ઉપાન્તે અ કે આ હોય તો मत् નું वत् થાય છે.
ભગવાન્, ભાસ્વાન્ (ભાસ = પ્રકાશ; સૂર્ય), ધૈર્યવાન્

૨. इन्—

ગુજરાતીમાં इन् નું ઈ થઈ છે; એવું રૂપ પ્રથમાનું એકવચન છે.
ધની, અર્થી, રથી, દંડી, ઋણી (ઋણ = દેવું; દેવાદાર), હસ્તી, કરી

૩. विन्—

ગુજરાતીમાં विन् નું वी થાય છે; એવું રૂપ પ્રથમાનું એકવચન છે.
યશસ્વી, તેજસ્વી, માયાવી, મેધાવી

૪. आलु—આળુ—

દયાળુ, કૃપાળુ, માયાળુ

૫. आल, आट—વાચાળ, વાચાટ (બહુ બોલનાર, નિન્દાવાચક)

૬. उर—દન્તુર (દંતુડીઓ)

૭. वल—રજસ્વલા, શિખાવલ (મોર)

૮. ल—માંસલ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૮. ઉત્કર્ષવાચક

૧. **तर–तम—**

લઘુતર (બેમાં વધારે નાનું); લઘુતમ (સહુથી વધારે નાનું); ઉત્તર, ઉત્તમ, અન્યતર (બેમાંથી એક; અહિં तर નો એવો અર્થ છે; 'નાન્યતર'માં 'અન્યતર' શબ્દ છે.)

૨. **ईयस्–इष्ठ**

જ્યેષ્ઠ, સ્વાદિષ્ઠ, તેજિષ્ઠ ('તેજસ્વિન્'માંનો 'વિન્' લોપાઈ જાય છે); બલિષ્ઠ ('બલવત્'માંનો 'વત્' લોપાય છે); શ્રેષ્ઠ, પાપિષ્ઠ, વરિષ્ઠ

૯. લઘુતાવાચક

क—અશ્વક (નાનો ઘોડો)

क પ્રત્યય સ્વાર્થવાચક અને વાત્સલ્યવાચક પણ છે; જેમકે,

પુત્રક=એના બે અર્થ છે—૧. પુત્ર ('ક'=સ્વાર્થવાચક); ૨. પ્રિય પુત્ર ('ક'=વાત્સલ્યવાચક)

૧૦. સ્વાર્થવાચક

સ્વાર્થવાચક પ્રત્યય પોતાનોજ—પ્રકૃતિનોજ અર્થ કહે છે; અર્થાત્, એથી પ્રકૃતિના અર્થમાં કંઈ ફેર પડતો નથી.

૧. **य**—ચાતુર્વર્ણ્ય (ચાર વર્ણ): માલ્ય (માળા).

૨. **क**—બાળક (બાળ); મૃત્તિકા (મૃદ્–માટી); પુત્રક (પુત્ર)

૩. **अ**—બાન્ધવ (બન્ધુ; આદિ 'અ'ની વૃદ્ધિ ને અન્ત્ય 'ઉ'નો ગુણ થયો છે); પ્રાજ્ઞ (પ્રજ્ઞ=ડાહ્યો પુરુષ)

૪. **ता**—દેવતા (દેવ)

૧૧. કંઈક ન્યૂનતા બતાવનાર

૧. **कल्प—**

દ્વીપકલ્પ (દ્વીપથી સહેજ ઊણો, ત્રણ તરફ પાણી હોવાથી); મૃતકલ્પ (મુઆ જેવો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૨. અવ્યય પરથી વિશેષણ બતાવનાર

૧. तन—

ચિરંતન; હ્યસ્તન (હ્યસ્=ગઈ કાલ; ગઈ કાલનું); અદ્યતન (અદ્ય=આજ; આજનું); શ્વસ્તન (શ્વસ્=આવતી કાલ; આવતી કાલનું); પુરાતન; સનાતન (સના=હમેશ); પ્રાક્તન (પૂર્વનું)

૨. ईन—

પ્રાચીન (પ્રાચ્=પૂર્વનું, એ પરથી); અર્વાચીન (અર્વાચ્=હાલનું, એ પરથી); સમીચીન ('સમ્યચ્'નું 'સમીચ્' થઈ; યોગ્ય)

૧૩. સર્વનામ પરથી

૧. त्र—સ્થળવાચક

તત્ર ('तद्'=તે, એ પરથી ત્યાં); અત્ર ('अदस्'=એ, એ પરથી); સર્વત્ર, અન્યત્ર

૨. था—પ્રકારવાચક

તથા (તે પ્રકારે); અન્યથા (અન્ય પ્રકારે); સર્વથા (સર્વ પ્રકારે)

૩. दा—કાલવાચક

સર્વદા (હમેશ)

કૃત્પ્રત્યયો

ધાતુને જે પ્રત્યયો લાગે છે તે કૃત્પ્રત્યયો કહેવાય છે. એ પ્રત્યયો જેને અન્તે હોય તે કૃદન્ત (કૃત્ છે અન્તે જેને; બહુ૦ સમાસ) છે.

ગુજરાતીમાં વપરાતા મુખ્ય કૃદન્તો નીચે પ્રમાણે છે--

૧. तृ—ता (પહેલી વિ૦ એ૦ વ૦)-**કર્તાના** અર્થમાં

શ્રોતા, કર્તા, હર્તા, ભોક્તા, જેતા (श्रु, कृ, हृ, भुज्, जि ઉપરથી)

तृ પ્રત્યય વિકારક છે, એટલે અન્ત્ય સ્વર અને ઉપાન્ત્ય હ્રસ્વ સ્વરનો ગુણ (વિકાર) કરાવે છે.

૨. अक—કર્તાના અર્થમાં; પ્રત્યય વિકારક છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પાચક (पच् 'રાંધવું'નું); કારક (कृ નું); શ્રાવક (श्रु 'સાંભળવું'નું; સાંભળનાર); નાશક (नश् 'નાશ પામવો'નું); તારક (तृ 'તરવું'નું)

ઉપાન્ત્ય 'અ' અને અન્ત્ય સ્વરની વૃદ્ધિ થાય છે.

૩. ति—ભાવના અર્થમાં; ધાતુ પરથી ક્રિયાવાચક નામ બનાવે છે; અવિકારક પ્રત્યય છે.

શક્તિ (शक् 'શકવું'); ભક્તિ (भज् 'ભજવું'); નીતિ (नी 'દોરવું'); પ્રીતિ (प्री 'ખુશ કરવું'); સ્મૃતિ (स्मृ 'યાદ કરવું'); રીતિ (री 'જવું').

કેટલાક મકારાન્ત ને નકારાન્ત ધાતુના म् ને न् આ પ્રત્યય લગાડતાં લોપાય છે.

ગતિ (गम् 'જવું'); નતિ, વિનતિ, (नम् 'નમવું'); રતિ (रम् 'રમવું'); યતિ (यम् 'કબજે રાખવું', ૧. કબજો, નિયમ; ૨. ઇન્દ્રિયોને કબજે રાખનાર);

મતિ (मन् 'વિચારવું'); તતિ; સંતતિ (तन् 'તાણવું'); હતિ; સંહતિ (हन् 'હણવું'); ક્ષતિ (क्षण् 'નાશ પામવો'); સ્થિતિ (स्था 'ઊભા રહેવું.' 'આ'નો 'ઇ' થયો છે.)

ગ્લાનિ (ग्लै–'કરમાવું'); મ્લાનિ (म्लै 'કરમાવું')—ति પ્રત્યયનો नि થયો છે.

ઇષ્ટિ (यज् 'યજવું,' 'પૂજવું'); ઉક્તિ (वच् 'બોલવું')—આમાં સંપ્રસારણ થયું છે.

દૃષ્ટિ (दृश् 'જોવું'); સૃષ્ટિ (सृज् 'સર્જવું')

૪. **अन—ભાવના** અર્થમાં; ધાતુપરથી ક્રિયાવાચક નામ બનાવે છે. વિકારક પ્રત્યય છે.

વાચન (वाच् 'વાચવું'), ભજન, કીર્તન (कृत् 'કીર્તન કરવું'), સ્થાપન ('स्था'ના પ્રેરક ધાતુ 'स्थाप्' પરથી), ગાયન (गै 'ગાવું'), લેખન (लिख् 'લખવું'), દર્શન, શ્રવણ, રમણ

અનનો અર્થ 'નાર' પણ થાય છે; કર્તાના અર્થમાં પણ આવે છે;–ભવતારણ, પાપવિમોચન, વિચક્ષણ ('વિચિક્ષણ' અશુદ્ધ છે).

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. अ—ધાતુ પરથી **ક્રિયાવાચક** અને **કર્તૃવાચક નામ** બનાવે છે, વિકારક છે.

ક્રિયાવાચક—જય, ભય, (भी 'બીવું'), પાક (पच्—च् નો क् થયો છે), ત્યાગ (त्यज् 'તજવું'), વિવાહ (वह् 'લઈ જવું'), યોગ (युज् 'જોડવું'), કામ (कम् 'ચાહવું')

કર્તૃવાચક—ચોર (चुर् 'ચોરવું'), સર્પ (सृप् 'જવું'), અનુચર (चर 'ચરવું', 'ફરવું,), ભયંકર, દિવાકર, ભાસ્કર

૬. **इन्—કર્તાના** અર્થમાં; વિકારક પ્રત્યય છે.

ભોગી, ત્યાગી, કામી, સંયમી, ઉપકારી, રાગી (रञ्ज 'ખુશ કરવું')

૭. **वर—કર્તૃવાચક**

સ્થાવર, નશ્વર, ભાસ્વર, ઈશ્વર (ईश् 'ધણી થવું')

૮. **उ—કર્તૃવાચક**

ભિક્ષુ, ઇચ્છુ, જિજ્ઞાસુ (ઇચ્છાવાચક અંગ ઉપરથી, જાણવા ઇચ્છનાર), પિપાસુ, મુમૂર્ષુ, શુશ્રૂષુ

૯. **इष्णु—શીલના** અર્થમાં

સહિષ્ણુ (सह् 'સહેવું,' જેનું શીલ સહન કરવાનું છે; સહન કરવા ટેવાયલું), વર્ધિષ્ણુ (वृध् 'વધવું')

૧૦. **उर—શીલના** અર્થમાં

ભાસુર (भास् 'પ્રકાશવું'), ભંગુર (भञ्ज् 'ભાંગવું'); વિદુર (विद् 'જાણવું')

૧૧. **त—ભૂત કૃદન્તનો** પ્રત્યય

ભૂત, નષ્ટ, શક્ત, ભક્ત, ગત, યુત (यु 'જોડવું'); શ્રીયુત; 'શ્રીયુત' અશુદ્ધ છે; 'શ્રીયુત' તૃતીયાતત્પુરુષ છે, શ્રીવડે જોડાયલું; શ્રીથી સંપન્ન–યુક્ત

૧૨. **तव्य, अनीय, य—વિધ્યર્થ કૃદન્ત** બનાવે છે.

कृ પરથી–કર્તવ્ય, કરણીય, કાર્ય (કરવા યોગ્ય); સ્મરણીય, શોચ્ય, શોચનીય, રમ્ય, રમણીય, દ્રષ્ટવ્ય, દર્શનીય, દૃશ્ય

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧૩. आन–मान–વર્તમાન કૃદન્તના પ્રત્યય

વર્તમાન, રાજમાન, દેદીપ્યમાન, (પુનઃપુનઃ કરવું એવા **અર્થના** સાધિત ધાતુ ઉપરથી; दीप् 'પ્રકાશવું,' 'દેદીપ્ય'=પુનઃપુનઃ પ્રકાશવું, એ અંગ ઉપરથી)

૧૪. आ—ક્રિયાવાચક સ્ત્રીલિંગનાં નામ બનાવે છે.

ઇચ્છા (इष् 'ઇચ્છવું'), કથા (कथ् 'કહેવું'), ચિન્તા (चिन्त 'વિચારવું'), વગેરે

ઇચ્છાવાચક સાધિત ધાતુ પરથી—

જિજ્ઞાસા, પિપાસા, મુમૂર્ષા, દિદૃક્ષા, શુશ્રૂષા

૧૫. न—ક્રિયાવાચક નામ બનાવે છે.

યત્ન (यत् 'યત્ન કરવો'), સ્વપ્ન (स्वप् 'સૂવું'), પ્રશ્ન (प्रच्छ 'પૂછવું'), યજ્ઞ (यज् ; यज्+न=यज्+ञ, નિ૦ ૭ પૃ૦ ૨૦ જુઓ, यज्ञ).

ગુજરાતી તદ્ધિત પ્રત્યયો નીચે પ્રમાણે છે—

૧. ભાવવાચક

૧. **પણ–પણું**—મોટાપણું, શૂરપણ, ડહાપણ, શાણપણ

૨. **આઈ**—મોટાઈ, મર્દાઈ, ચતુરાઈ, ઊંચાઈ, નીચાઈ, સજાઈ (તૈયારી)

૩. **આશ**—મિઠાશ, ખટાશ, તિખાશ

૪. **આણ**—ઊંચાણ, નીચાણ, ઉંડાણ, પોલાણ

૫. **પ–પો**—મોટપ, ઊણપ, બુઢ્ઢાપો, રંડાપો, અંધાપો

૨. સ્વામિત્વવાચક

૧. **મન્ત–વન્ત–**

બુદ્ધિમન્ત, ગુણવન્ત, ભાગ્યવન્ત

૨. **વાળું**—બુદ્ધિવાળું, ગુણવાળું, ભાગ્યવાળું

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. વિશેષણ બનાવનાર પ્રત્યયો

૧. **ઈલ**—ખારીલું, વેરીલું, હઠીલું, રસીલું, રંગીલું

૨. **આળ—ઈયાળ**—રમતિયાળ, શરમાળ

૪. લઘુતાવાચક

જે પ્રત્યયો લઘુતા બતાવે છે તે કોઈ વખત વાત્સલ્ય, સૌકુમાર્ય, તિરસ્કાર પણ બતાવે છે, અને કોઈ વખત સ્વાર્થવાચક છે.

૧. **ડો—ડી—ડું**—સેજલડી (નાની સેજ–શય્યા), મનડું, મુખડું, પંખીડું, (વાત્સલ્યવાચક પણ છે.), દીવડી (નાની દેવી), આંગલડી, વાંસલડી, આંખુડી, પ્રીતલડી (વાત્સલ્યવાચક), ઘુઘરડી, કૌરવડા (તિરસ્કારવાચક)

૨. **વો**—છોડવો, ધાડવો

૩. **લો—લી—લું**—ટબકલું

૪. **ઓ—ઈ—ઉં**—કૃષ્ણીઓ (તિરસ્કારવાચક, ક્રોધવાચક)

બેવડા પ્રત્યય—આંખડલી, પાંખડલી, પાતળીઓ, એકલડો (છેક એકલો), ચુંદલડી

(સ્વાર્થવાચક—રાતડી, સાસરડું, અમારડું

૫. આધિક્યવાચક

રો—રી—રૂં—મોઘેરૂં, ઘણેરૂં, વડેરૂં, મોટેરા

સ્વાર્થવાચક પ્રત્યયોનો પ્રયોગ કવિતામાં વિશેષ હોય છે. એમાં કોઈક સ્થળે તિરસ્કારનો કે લઘુતાનો અર્થ રહેલો છે. બે ત્રણ દાખલા નીચે આપ્યા છેઃ—

'મધ્યરાત્રીએ મધુરી રે વાહાલેજીએ, **વાંસલડી** રૂડી વાઈ રે;
કામની **કામઘેલડી** થઈને, સૌ વૃંદાવનમાં ધાઈ રે.'

નરસિંહ૦–'શૃંગારમાળા,' પદ ૧૭મું

'ઉતાવળાં **સાસરડે** પધારો, સારો સર્વે શણગાર રે;

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

કર્મે લખ્યું તે ક્યાંથી ટળશે, મળશે તુજ ભરથાર રે. મારી૦
રાતડી માંહે ધર્મરાયે, આણું મોકલ્યું કરી ખપ રે;
રાખશે હરજી ને જીતશે વરજી, જો ચાંદલે તારે તપ રે. મારી૦
દુખડાં સહેજો ને ડાહ્યાં રહેજો, કહેવરાવજો કાંઈ રૂડું રે;
સુભદ્રા પાંચાળી સામા ઉત્તર ન દેશો, નવ દેશો કહેવા કુડું રે.' મારી૦
('અભિમન્યુ-આ૦,' કડ૦ ૩૨મું)

'પાદ પાની છે ટુંકડાં, આંગળી નાની નાની;
તળિયે તેજ છે પદ્મનું, કુમકુમવરણી પાની.'
(પ્રેમા૦-'વામનચરિત્ર,' કડવું ૬ઠ્ઠું)

ગુજરાતી કૃત્પ્રત્યયો

૧. ક્રિયાવાચક—

૧. **આમણ**—શિખામણ, સિવડામણ, પધરામણી, પહેરામણી

૨. **આટ**—ચળકાટ, ગભરાટ, બૂમરાટ, બડબડાટ

૩. **અક**—આવક, જાવક, બેઠક

૪. **અની, અનું, આનું,** (અન-સંસ્કૃત)-કરણી, ઉતરણી, ચલણ, ધાવણ, સીવણ, બેસણી, ચાલણી, રહેણી, વાવણી, માપણી, કાપણી, ચાવણું, ભરણું, ગળણું, દળણું, નમણું, બીછાનું

૫. **આઈ**—લડાઈ, ચઢાઈ, મનાઈ

૬. **ત**—રમત, ગમત

૭. **તર**—ભણતર, ઘડતર

૮. **આપ**—મેળાપ

૯. **આવ**—ચઢાવ, ઢોળાવ

૧૦. **આવટ**—બનાવટ

૧૧. **વરો**—ખાવરો

૧૨. **વાડ**—મંદવાડ, એઠવાડ

૧૩. **ણુક**—વર્તણુક

૨. વિશેષણ બનાવનારાં

૧. **આઉ**—વેચાઉ, ખર્ચાઉ, ઉડાઉ, ચડાઉ, કમાઉ

૨. **આળ**—ખર્ચાળ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૩. **કણું**—મારકણું, કરડકણું, બોલકણું

૪. **એલ**—માથાફરેલ, છટકેલ, રખડેલ

૫. **ઇયેલ**—ચડિયેલ

ફારસી પ્રત્યય

૧. **આ**—દાના (જ્ઞાની) ૩. ઈ—જંગલી

૨. **મંદ**—(सं, मत्. प्रा. मंत)=વાળું ૪. **વાર**—ઉમેદવાર

અક્કલમંદ, દોલતમંદ

૫. **યાર**—વાળું

હોશ્યાર (હોશિયાર), બખ્તયાર

૬. ઈ—વિશેષણ પરથી ભાવવાચક નામ બનાવે છે.

નેક—નેકી(ખરાપણું); ખૂબ–ખૂબી (સુંદરપણું); ખુશ–ખુશી; સિયાહ (કાળું)–સિયાહી–સાહી; બાદશાહ–બાદશાહી; ફકીરી; દોસ્તી; નાદાની

૭. **ગી**—બંદહ્–બંદા–બંદગી (સેવા); રવાનહ્ (મોકલેલું)—રવાનગી; તાજહ્ (તાજું)–તાજગી

૮. **તી**—ભાવવાચક નામ બનાવે છે.

કમતી, જાસ્તી (જિયાદતી)

૯. **વર–વાર**–'વાળો'ના અર્થમાં

જાનવર, ઉમેદવાર

૧૦. **આ**–આના

ચશ્મા, દસ્તા, હફતા, નજરાણા (નજરાના), સાલિયાના

પ્રકરણ ૨૩ સું

સમાસ

સમાસ—ઘણાં પદ એકઠાં થઈ એક પદ બને તેનું નામ **સમાસ.** સામાન્ય રીતે સમાસમાં છેલ્લા પદને જાતિ, વચન, ને વિભક્તિના પ્રત્યય લાગે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાસનો ઉપયોગ બધી ભાષામાં થોડોઘણો હોય છે; પરંતુ સંસ્કૃતમાં ઘણો છે. એથી થોડામાં ઘણો અર્થ દર્શાવાય છે.

સમાસના પ્રકાર—સમાસના પ્રકાર નીચે પ્રમાણે છેઃ—

દ્વન્દ્વ, તત્પુરુષ, બહુવ્રીહિ, અવ્યયીભાવ

દ્વન્દ્વ—દ્વન્દ્વ એટલે જોડકું. જોડકામાં બે કે વધારે સરખી વસ્તુ હોય છે. આથી જે સમાસમાં બે કે વધારે પદ સરખા દરજ્જાનાં હોય તે દ્વન્દ્વ સમાસ કહેવાય છે.

વિગ્રહ—સમાસને છોડી તેનો અર્થ સમજાવવો તેનું નામ તેનો **વિગ્રહ** કરવો કહેવાય છે. વિગ્રહ કરતાં પદોની વચ્ચે 'અને' મુકાય છે.

દાખલા—માબાપ (મા અને બાપ), ધણીધણીઆણી, રાઈમીઠું, ટાઢતડકો, ધંતરમંતર, શાકભાજી, બાપદાદા, વાવાઝોડું, રીતરિવાજ, આવજા, જાઆવ, એકવીસ (એક ને વીસ), બાવીસ, વગેરે

તનમનધન (તેણે એ કામમાં તનમનધન અર્પણ કર્યાં છે.)

દિનરાત (દહાડે ને રાતે); દિનદિનઃ દિવસે દિવસે; વરસોવરસ; આવા સમાસને સંસ્કૃતમાં દ્વન્દ્વ માન્યા છે. એ બધા શબ્દો ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે; પરંતુ એમાં પહેલું પદ અવ્યય ન હોવાથી એ અવ્યયીભાવ ગણાતા નથી.

વૈકલ્પિક દ્વન્દ્વ–એમાં વિકલ્પનો–'અથવા'નો અર્થ રહેલો હોય છે.

દાખલાઃ—બેત્રણ (બે કે ત્રણ), ત્રણચાર, ત્રીસચાળીસ, વગેરે

આવા સમાસને સંસ્કૃતમાં બહુવ્રીહિ માન્યા છે.

તત્પુરુષ—આ શબ્દ સંસ્કૃત છે. એમાં 'તદ્'=તે અને 'પુરુષ'= પુરુષ છે. 'તત્પુરુષ' શબ્દનો અર્થ 'તેનો પુરુષ' થાય છે. 'તત્પુરુષ' શબ્દમાં જેમ પૂર્વ પદ 'તદ્' ને ઉત્તર પદ 'પુરુષ' સાથે વિભક્તિનો સંબંધ છે, તેમ જે સમાસમાં પૂર્વ પદ ઉત્તર પદની સાથે પ્રથમા સિવાય બીજી કોઈ વિભકિતના સંબન્ધથી જોડાયલું હોય છે તે **તત્પુરુષ** સમાસ કહેવાય છે.

દ્વિતીયાતત્પુરુષ—કૃષ્ણાશ્રિત (કૃષ્ણને આશ્રિત); ઇન્દ્રિયાતીત (ઇન્દ્રિયને ઓળંગીને ગયલું, ઇન્દ્રિયને અગોચર); દેશગત (દેશ ગયલો)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તૃતીયાતત્પુરુષ—પિતૃતુલ્ય, માતૃસદૃશ ('તુલ્ય' ને 'સદૃશ' સાથે સંસ્કૃતમાં ત્રીજી વિભક્તિ આવે છે.); ધનાઢ્ય (ધન વડે આઢ્ય–સંપન્ન); નખભિન્ન (નખ વડે ભેદેલું); કામાતુર (કામ વડે આતુર–માંદો); રસભર્યું (રસે–રસ વડે ભર્યું); લાડઘેલો (લાડ વડે ઘેલો); રત્નજડિત (રત્ન વડે જડિત–જડેલું); સેવકરહિત (સેવક વડે રહિત–તજાયલું; સેવક વિનાનું); રથવિહીન (રથવિહોણો–કવિતામાં); વિનયયુકત (વિનયે યુકત–જોડાયલું, વિનયવાળું)

ચતુર્થીતત્પુરુષ--

ભૂતબળિ (ભૂતોને માટે બળી–બળિદાન)

બ્રાહ્મણાર્થે (બ્રાહ્મણ સારૂ)–આ દૂધ બ્રાહ્મણાર્થે છે. 'અર્થે' શબ્દની સાથેનો સમાસ ચતુર્થીતત્પુરુષ ગણાય છે.

પંચમીતત્પુરુષ—

ભયભીત—ભયથી ભીત–બીધેલું
દુઃખમુકત—દુઃખથી મુકત–છૂટું
સ્વર્ગપતિત—સ્વર્ગથી પડેલું
પ્રાણપ્યારૂં--પ્રાણથી (અધિક) પ્યારૂં
સ્થાનભ્રષ્ટ--સ્થાનથી ભ્રષ્ટ–પડેલું

ષષ્ઠીતત્પુરુષ—

દૂધપાક; દીવાદાંડી; દીવાસળી; મુંબઈવાસી (મુંબઈનો વાસી); ઘરજમાઈ; આગબોટ; આગગાડી; સીસાપેન; રજવાડો; દીનાનાથ (કવિતામાં, 'દીનનાથ' શુદ્ધ શબ્દને બદલે; દીનનો નાથ, ગરીબનો બેલી); જન્માષ્ટમી; વર્ષગાંઠ; સ્વતન્ત્ર (સ્વને–પોતાને તન્ત્ર–અધીન); વનસ્પતિ (વનના પતિ, બે શબ્દની વચ્ચે 'સ્' આગમ આવ્યો છે); બૃહસ્પતિ (બૃહતનો–વિદ્યાનો પતિ; 'ત્'નો 'સ્' થયો છે.)

મનગમતું; મનમાન્યું; મનરખણું; અંગરખું; માજાઈ (માની જાઈ; બેન); આંબાગાળો (આંબાનો ગાળો–કાળનું અપભ્રંશ).

ફારસી ધાતુઓ પરથી બનેલા ગુજરાતી ને ફારસી શબ્દોના ઘણા દાખલા ષષ્ઠીતત્પુરુષમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—

કારખાનું (કાર્યનું ખાનું; ખાના=ઠેકાણું); કેદખાનું ; તોપખાનું; દવાખાનું

અહમદાબાદ (આબાદ=સ્થાન); ઔરંગાબાદ; હૈદરાબાદ

રોજનામું (નામા=પત્ર, ગ્રન્થ); હુકમનામું; વસિયતનામું; શાહનામું

કલમદાની (કલમનું દાન; દાન=સ્થાન); અત્તરદાની; પાનદાની; મચ્છરદાની (ફારસી શબ્દો કલમદાન, ઇત્રદાન, વગેરે છે. ગુજરાતીમાં 'ઈ' લાગ્યો છે.)

હિંદુસ્તાન (સ્તાન=સ્થાન); અરબસ્તાન ; અફગાનિસ્તાન ; બલુચિસ્તાન

શાહજાદો (શાહનો જાદો ; જાદો=જાત, પુત્ર); જહાંપનાહ

તંદુરસ્તી (તંદુરસ્તી–તનની દુરસ્તી–સારી સ્થિતિ)

ગુલજાર (ગુલનું–જાર=સ્થાન)

વનમાળી–વનની માળા=વનમાળા; તેને 'ઇન્' (ઈ)–સ્વામિત્વ-વાચક પ્રત્યય–લાગી 'વનમાળી'; વનમાળા–ષષ્ઠીતત્પુ૦; વનમાળી તદ્ધિતાન્ત છે.

એકદેશી સમાસ—આ ષષ્ઠીતત્પુરુષનો એક પ્રકાર છે. 'એકદેશ' એટલે અવયવ. જે સમાસમાં અવયવવાચક (ભાગ કહેનાર) અને અવયવિવાચક (આખી વસ્તુ કહેનાર) પદો હોય છે તે **એકદેશી સમાસ** કહેવાય છે.

દાખલાઃ—

મધ્યાહ્ન (મધ્ય+અહન્ [દિવસ]; 'અહન્'નું 'અહ્ન' થયું છે; દિવસનો વચલો ભાગ; બપોર; અવયવવાચક શબ્દ પૂર્વ પદ છે ને અવયવિવાચક પદ ઉત્તર પદ છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મધ્યરાત્ર–મધરાત (રાત્રીનો–રાતનો મધ્ય ભાગ)

સપ્તમીતત્પુરુષ—

કળાકુશળ (કળામાં કુશળ); ભક્તવત્સલ (ભક્તને વિષે વત્સલ–પ્રેમાળ); દીનદયાળ; ઈશ્વરાધીન (ઈશ્વરને વિષે અધીન–તાબે; 'અધીન' શબ્દ 'અધિ' ઉપસર્ગને 'ઈન' તદ્ધિત પ્રત્યય લાગી થયો છે); શાસ્ત્રનિપુણ; કર્મવીર; દયાવીર; ધર્મવીર; રણવીર; સ્વર્ગવાસ

નરોત્તમ (નરને વિષે ઉત્તમ; નિર્ધારણસપ્તમી); પુરુષોત્તમ; નરશ્રેષ્ઠ; નરવર; કવિવર; નટવર

અલુક્ સમાસ—સમાસમાં છેલ્લા પદનેજ જાતિ, વચન, ને વિભક્તિના પ્રત્યયો લાગે છે એવો સામાન્ય નિયમ છે; પરંતુ કેટલાક શબ્દમાં પૂર્વ પદનો વિભક્તિપ્રત્યય કાયમ રહે છે; તેનો લુક્=લોપ થતો નથી, માટે એવા સમાસ **અલુક્ સમાસ** કહેવાય છે.

દાખલાઃ—યુધિષ્ઠિર (યુધિ–'યુધ્'નું સાતમીનું એકવચન=યુદ્ધમાં સ્થિર; 'સ્થિર' શબ્દના 'સ્'નો 'ષ્' થઈ 'થ્'નો 'ઠ્' થયો છે.)

ઉપપદ સમાસ—આ, તત્પુરુષનો એક પ્રકાર છે; એમાં ધાતુ ઉપરથી સાધિત થયલા ભાગ સાથે બહુધા દ્વિતીયાન્ત પદ સમાસ પામે છે.

કુંભકાર–કુંભને કરે તે; કુંભાર (કુંભકાર–કુંભઆર–કુંભાર)

લોહકાર–લોહાર–લુહાર; સુવર્ણકાર–સોનાર

પ્રેમદા (પ્રેમને આપનાર); નર્મદા (નર્મ–રમત, ક્રીડા); પ્રિયંવદા (પ્રિય વદનારી; 'પ્રિય' શબ્દને 'મ્' આગમ આવ્યો છે); ગ્રન્થકાર; સર્વજ્ઞ; સ્થળચર; ભાગ્યશાલી (ભાગ્ય વડે શાલી–શોભનાર; સંસ્કૃત શાલ્ ધાતુનો અર્થ 'શોભવું' થાય છે); સત્યવાદી; ચક્રવર્તી (ચક્રને–રાજસમૂહને ફેરવનાર–વશ રાખનાર)

વ્યાજખાઉ (વ્યાજ ખાનાર)

ઘણા ફારસીઅરબી શબ્દો આ વર્ગમાં આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલા:—

કારકુન (કુન=કરનાર)
જહાંગીર (ગીર=જીતનાર); આલમગીર
કદરદાન (દાન=જાણનાર)
બાગબાન (બાન=કરનાર); મહેરબાન; દરબાન; મિજબાન
દુકાનદાર (દાર=રાખનાર); જમાદાર; ચોબદાર; ફોજદાર
પૈગંબર (બર=લઈ જનાર; ઈશ્વર તરફથી સંદેશો લઈ જનાર)
ચિઠ્ઠી-નવીસ-ચિટનીસ (નવીસ=લેખક)
તિરંદાજ (અંદાજ-ફેંકનાર); ગોલંદાજ

હલાલખોર (ખોર-ખૂર=ખાનાર; હલાલ અર૦=વાજબી); હરામખોર (હરામ=ગેરવાજબી); શેખીખોર; દગાખોર

હથિયારબંદ (બંદ=બાંધનાર); નાલબંદ

શતરંજબાજ (શતરંજ=ચતુરંગ; બાજ-ખેલનાર); ઈશ્કબાજ; દગાબાજ; હુનરબાજ

રૂમાલ (માલ+ઘસનાર, મસળનાર; રૂ=મોં)
સોદાગર (ગર=ગાર='કાર' [કરનાર] ના અર્થમાં)
ગુનેગાર; મદદગાર; રોજગાર; જાદુગર; ખિદમતગાર

તારકશ (કશ-ખેંચનાર); તાર ખેંચનાર; બારકશ (ભાર ખેંચનાર, વહાણ)

કર્મધારય—આ એક પ્રકારનો તત્પુરુષ છે. 'તત્પુરુષ' શબ્દનો અર્થ 'તેનો પુરુષ' લેવાને બદલે 'તે પુરુષ' લઈએ તો 'તત્પુરુષ શબ્દ કર્મધારય સમાસ થાય. આ પ્રમાણે કર્મધારય સમાસમાં પૂર્વ પદ વિશેષણ ને ઉત્તર પદ નામ હોય છે. એ બંને પદો એકજ ક્રિયા સાથે સંબંધ રાખે છે; કેમકે એ પદો સમાનાધિકરણ છે—એક વિભક્તિમાં છે. 'કર્મ' એટલે ક્રિયા અને 'ધારય' એટલે ધારણ કરનાર, સંબંધ રાખનાર. જેમાં એક ક્રિયા સાથે સંબંધ રાખનારાં પદો હોય એવો સમાસ, અર્થાત્, સમાનાધિકરણ પદોનો સમાસ તે કર્મધારય સમાસ છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલાઃ—મિથ્યાભિમાન; ઉષ્ણોદક; સજ્જન; યુવરાજ; મહાભારત; મહારાજા; મહાદેવ; ('મહત્' મોટું નું કર્મધારય અને બહુવ્રીહિમાં 'મહા' થાય છે.)

બદનામ (બદ=ખરાબ); બદફેલી; ગેરહાજર (ગેર=ખરાબ; 'ઉલટું'નો અર્થ છે.); ગેરવાજબી

પૂર્વ પદ નામ હોય અને તે ઉત્તર પદના વિશેષણ તરીકે વપરાયું હોય તોપણ સમાસ કર્મધારય છે.

દાખલાઃ—

નરતન્તુ=નરરૂપ તન્તુ
પુંકેસર–પુંરૂપ કેસર
સ્ત્રીકેસર–સ્ત્રીરૂપ કેસર
એજ પ્રમાણે

સંસારસાગર–સંસારરૂપ સાગર
ભવાબ્ધિ–ભવ (સંસાર) રૂપ અબ્ધિ (સાગર)

કન્યારત્ન; શોકસાગર; વદનકમલ (વદનરૂપી કમળ); ચતુરાઈ–ચંદન; મુક્તિમુક્તામાળ; ઘનશ્યામ (ઘન–વાદળા જેવું શ્યામ); બ્રહ્મર્ષિ (બ્રહ્મ=બ્રાહ્મણ; બ્રાહ્મણ ઋષિ)

ઉપમિતસમાસ—પૂર્વ પદ ઉપમિત એટલે ઉપમેય હોય એવા કર્મધારય સમાસને **ઉપમિતસમાસ** પણ કહે છે.

દાખલાઃ—

પુરુષવ્યાઘ્ર (વ્યાઘ્ર–વાઘ જેવો પુરુષ); નરશાર્દૂલ (શાર્દૂલ–વાઘ જેવો નર); નરસિંહ; વદનકમલ (કમલ જેવું વદન); રાજર્ષિ (ઋષિ જેવો રાજા–ક્ષત્રિય; જન્મથી ક્ષત્રિય હોઈ આચરણ અને તપ વડે ઋષિ જેવો થયલો તે)

વિશેષણસમાસ—વિશેષણોનો સમાસ તે વિશેષણસમાસ. એને એક પ્રકારનો કર્મધારય સમાસ માન્યો છે.

શીતોષ્ણ (શીત અને ઉષ્ણ); કાળુંધોળું; સારૂંનરસું; લૂખુંસુકું અસ્તવ્યસ્ત; છિન્નભિન્ન; ચતુરસુજાણ; લાલચોળ (બંને વિશેષણોનો અર્થ એક છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

નીચેના સમાસોને કર્મધારય માન્યા છે.

પળમાત્ર, નિમિષમાત્ર—ફક્ત પળ; ફક્ત પલકારો

વનાન્તર (અન્ય વન), ગ્રામાન્તર, ભાષાન્તર, પક્ષાન્તર

કાર્યવિશેષ (વિશિષ્ટ–ખાસ કાર્ય); પ્રસંગવિશેષ

દ્વિગુ સમાસ—આ કર્મધારય સમાસનો પેટા ભાગ છે. એમાં પૂર્વ પદ સંખ્યાવાચક વિશેષણ હોય છે અને સમાસમાં સમાહારનો (સમૂહનો) અર્થ છે. 'દ્વિગુ' શબ્દમાં 'દ્વિ' (બે) એ સંખ્યાવાચક વિશેષણ છે અને 'ગુ' એ 'ગો' શબ્દનું થયું છે. 'દ્વિગુ' શબ્દના સ્વરૂપ પરથી સમાસનો કંઈક ખ્યાલ તરત આવશે.

દાખલાઃ—

નવરાત્ર–નવરાત=નવ રાત્રીનો સમૂહ

પંચપાત્ર=પાંચ પાત્રનો સમૂહ. પૂજાની સામગ્રી જેમાં હોય છે એવા પાંચ કે વધારે ખાનાંવાળા વાસણને 'પંચપાત્ર' કહે છે.

પચવટી=પાંચ વટનો–વડનો સમૂહ

ત્રિભુવન=ત્રણ ભુવનનો સમૂહ—સ્વર્ગ, મૃત્યુ, ને પાતાળ

ચતુર્યુગઃ પંચરત્નઃ અડવાડીઉં; ચોઘડીઉં; ત્રિદોષ; પંચાંગ; ચોમાસુંઃ પાંચશેરી; દોદશ (કવિતામાં; બંને દિશાનો સમૂહ)

નઞ્તત્પુરુષ—જે સમાસમાં પૂર્વપદ નકારવાચક 'અ' કે 'અન્' હોય તે **નઞ્તત્પુરુષ** કહેવાય છે.

દાખલાઃ—અધર્મ (ધર્મ નહિ તે); અનાચાર (આચાર નહિ તે); અગણિત; અજાણ્યું; અઘટિત; અજુગતું

પ્રાદિ તત્પુરુષ—પ્ર, પરા, વગેરે ઉપસર્ગો સંસ્કૃત વ્યાકરણમાં ગણાવ્યા છે તેમાં 'પ્ર' આદિ છે. 'પ્રાદિ' એટલે 'પ્ર' જેમાં આદિ છે તે. 'પ્ર' વગેરે ઉપસર્ગનો બીજા શબ્દો સાથનો તત્પુરુષ સમાસ **પ્રાદિ તત્પુરુષ** સમાસ કહેવાય છે.

સુવાક્ય (સારૂં વાક્ય); કુવાક્ય (નઠારૂં વાક્ય); કુટેવ–કટેવ; પ્રતિધ્વનિ (સામો અવાજ), પ્રતિબિંબ; અતિવૃષ્ટિ (અત્યન્ત વૃષ્ટિ);

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દુષ્કાળ (દુષ્ટકાળ); દુર્જન; પ્રખ્યાત; અતીન્દ્રિય (ઇન્દ્રિયોને અતિક્રાન્ત થયલું; ઇન્દ્રિયોને અગમ્ય)

બહુવ્રીહિ—'બહુવ્રીહિ' એ શબ્દજ બહુવ્રીહિ સમાસનું સ્વરૂપ બતાવે છે. એમાં 'બહુ' વિશેષણ અને 'વ્રીહિ' (ડાંગર) નામ છે. પૂર્વપદ વિશેષણ અને ઉત્તર પદ નામ છે. 'બહુ છે વ્રીહિ જેની (જેની પાસે) એવો (પુરુષ),' એમ એ સમાસનો અર્થ છે. અર્થાત્, આખો 'બહુવ્રીહિ' શબ્દ વિશેષણ થાય છે અને અન્ય શબ્દનો ગુણ બતાવે છે.

કર્મધારય અને બહુવ્રીહિ—કર્મધારયની પેઠે બહુવ્રીહિમાં પૂર્વપદ વિશેષણ અને ઉત્તરપદ વિશેષ્ય હોય છે; પરંતુ કર્મધારય સમાસમાં આખું સમસ્ત પદ બીજા પદનું વિશેષણ હતું નથી. બહુવ્રીહિ સમાસમાં તો આખું પદ અન્ય પદનું વિશેષણ હોય છે.

કર્મધારય	બહુવ્રીહિ
મહાબાહુ (મોટા હાથ)	મહાબાહુ રાજા (મોટા છે હાથ જેના એવો)
પીતાંબર (પીળું વસ્ત્ર)	પીતાંબર કૃષ્ણ (પીળું છે વસ્ત્ર જેનું એવો)
મન્દમતિ (ઓછીબુદ્ધિ)	મન્દમતિ પુરુષ (મન્દ છે મતિ જેની એવો)

બહુવ્રીહિના દાખલાઃ—

હસમુખું (હસતું છે મુખ જેનું)

ચતુર્ભુજ (ચતુર્=ચાર છે ભુજ જેના; બ્રહ્મા)

ત્ર્યમ્બક (ત્રિ=ત્રણ છે અમ્બક=નેત્ર જેનાં; શિવ)

ત્રિનેત્ર; પંચમુખ (મહાદેવ); દશમુખ (રાવણ)

બારમાસી (બાર છે માસ [ઊગવાના] જેનાં; બારે માસ ઊગે એવાં ફૂલ; 'નીરોગી'ની પેઠે 'બારમાસી'માં 'ઈ' પ્રત્યય નકામો છે.)

પુણ્યશ્લોક (પુણ્ય-પવિત્ર છે શ્લોક-નામ જેનું; નળ)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એકદળ (વનસ્પતિ); ચતુષ્કોણ; અલ્પપ્રાણ (અલ્પ છે પ્રાણ–શ્વાસ ઉચ્ચારવામાં જેનો એવો [વર્ણ]); રાજશ્રી (રાજાની શ્રી જેવી છે શ્રી જેની એવો); શ્યામશરીર (શ્રીકૃષ્ણ); સ્વયંવર (સ્વયં–જાતે વરે છે કન્યા વર જેમાં તે); ગજાનન (ગજના જેવું છે આનન–મુખ જેનું તે; ગણપતિ); બજરંગ–વજ્રઅંગ (કવિતામાં; વજ્ર જેવુ છે અંગ જેનું એવો)

પ્રાદિ બહુવ્રીહિ—

નિર્જન (નિર્ગત છે જન જેમાંથી એવું; માણસ વિનાનું), નિર્ભય, નીરોગી, નીરસ, નિઃશંક (નિર્ગત છે શંકા છે જેમાંથી એવું 'શંકા'નું 'શંક' થયું છે).

ગુજરાતીમાં નીરોગી, નિરુદ્યમી–એવા શબ્દો વપરાય છે.

વિધવા (વિગત–જતો રહેલો, નષ્ટ છે ધવ–સ્વામી જેનો એવી), વિફળ, વિરૂપ, બેશુદ્ધ (બે=વિ), વિમુખ (વિગત–જતું રહેલું છે મુખ જેનું); શાસ્ત્રવિમુખ–શાસ્ત્રથી વિમુખ; શાસ્ત્ર તરફ નજર ન કરનાર

સુમતિ (સારી છે મતિ જેની એવો); કુમતિ; દુર્મતિ; વિમતિ

પરાઙ્મુખ (પરાક્–આડું છે મુખ જેનું; શાસ્ત્રપરાઙ્મુખ=શાસ્ત્ર-વિમુખ); બહિર્મુખ (બહિર્–બહાર છે મુખ જેનું; શાસ્ત્રબહિર્મુખ= શાસ્ત્રથી વિમુખ); અન્તર્દૃષ્ટિ (અન્તર્–અંદર છે દૃષ્ટિ જેની એવો; આત્માનું ચિન્તન કરનાર)

અરોગ (નથી રોગ જેમાં); અનાથ; અવિનાશ; અનુપમ (નથી ઉપમા જેની એવું; ઉત્તમ); અનુત્તમ (નથી ઉત્તમ જેનું; જેનાથી બીજું કંઈ ચઢિયાતું નથી એવું); અદ્વિતીય (નથી દ્વિતીય–બીજું જેનું; જેની જોડ બીજી નથી એવું); નોતમ ('અનુત્તમ'–'નોત્તમ'ને બદલે); અપૂર્વ (નથી પૂર્વ જેનું; પૂર્વે ન જોયલું એવું); નાસ્તિક (ન+અસ્તિ–નથી ઈશ્વર એવી શ્રદ્ધા જેની); અકર્મક (નથી કર્મ જેમાં એવું)

નપાંડવી (પૃથ્વી)–નથી પાંડવ જેમાં એવી

'જાણે નપાંડવી કીધી મહી, ભીષ્મપિતાએ તે ઠામ.'

('અભિ૦–આખ્યા૦' કડ૦ ૨૫મું)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલા દાખલા **નઞ્બહુવ્રીહિ**ના છે.

વ્યધિકરણ બહુવ્રીહિ—ઉપરના બધા બહુવ્રીહિના દાખલામાં સમાસનાં બંને પદો સમાનાધિકરણ છે—એક વિભક્તિમાં છે. સામાન્ય રીતે બહુવ્રીહિના દાખલાઓમાં એમજ હોય છે. પરંતુ કેટલેક ઠેકાણે પદો જુદી જુદી વિભક્તિમાં હોય છે, તેને **વ્યધિકરણ બહુવ્રીહિ** કહે છે.

દાખલાઃ—

વીણાપાણિ (વીણા છે પાણિમાં–હાથમાં જેના એવા); શાર્ઙ્ગપાણિ–શારંગપાણિ (શાર્ઙ્ગ–વિષ્ણુનું ધનુષ્–છે હાથમાં જેના એવા)

પિનાકપાણિ (પિનાક–શિવનું ધનુષ્–છે હાથમાં જેના; શિવ)

ચક્રપાણિ; દામોદર (દામન્–માળા કે દોરડું છે ઉદર ઉપર જેના એવા; શ્રીકૃષ્ણ).

સકર્મક—'સ' કે 'સહ' જેનું પૂર્વ પદ હોય એવા સમાસ બહુવ્રીહિ છે. 'ક' એ પ્રત્યય છે અને કેટલાક બહુવ્રીહિ સમાસને અન્તે આવે છે.

સકર્મક; સાર્થક (અર્થ–પ્રયોજન સાથે; સફળ); સનાથ; સફળ; સત્વર (ત્વરા સાથે); સવર્ણ (સમાન છે વર્ણ જેનો); સરૂપ; સપત્નીક (પત્ની સાથે); સાક્ષી (આંખ સાથે, સાથે જોનાર); સોદર (સમાન છે ઉદર જેનું એવો, સગો ભાઈ); સહોદર; સમુદ્ર (મુદ્રા–મર્યાદા સાથે)

દુઃખપરિણામક (નાટક)=(દુઃખ છે પરિણામ જેનું એવું)

સુખપરિણામક; ઇત્યાદિ (ઇતિ–એમ છે આદિ જેનું); ઇન્દ્રાદિ (દેવ); પુત્રપૌત્રાદિ; વિસ્તારપૂર્વક (વિસ્તાર છે પૂર્વ જેમાં); પ્રણામપૂર્વક; પ્રણામપૂર્વક વિનવું છું. (પ્રણામ છે પૂર્વ જે ક્રિયામાં એવી રીતે, ક્રિયાવિશેષણ)

મુક્કામુક્કી—

તેઓ મુક્કામુક્કી લડ્યા (મુક્કે મુક્કે પ્રહરણ જે ક્રિયામાં થાય છે તેમ); મારામારી; બાથાબાથી; બાઝંબાઝા–આ સમાસોને બહુવ્રીહિ ગણ્યા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ફારસી શબ્દો—

બેભાન (બે=વિ, જતું રહેલું); બેઅદબ; બેનમુન; બેશુદ્ધ; કમનસીબ (કમ=ખરાબ); કમતાકાત; કમજોર; કમસમજ; ખૂબસૂરત; નાઉમેદ (ના=નથી)–નથી ઉમેદ જેની

આ શબ્દોમાં કેટલાકમાં પૂર્વગ ફારસી અને શબ્દ સંસ્કૃત, તત્સમ કે તદ્ભવ છે; જેમકે, 'બેભાન', 'બેશુદ્ધ', 'કમસમજ'. આવા શબ્દોમાં ભાષાનું મિશ્રણ હોવાથી એ ભાષાસંકર શબ્દો કહેવાય છે.

અવ્યયીભાવ—જે સમાસમાં પૂર્વપદ અવ્યય હોય અને આખું સમસ્ત પદ અવ્યય તરીકે વપરાયું હોય તે સમાસને અવ્યયીભાવ કહે છે. 'અવ્યયીભાવ' શબ્દનો અર્થ સંસ્કૃતમાં 'જે અવ્યય નથી તેનું અવ્યય થવું' એવો છે.

તેણે **યથાવિધિ** યજ્ઞ કર્યો. (વિધિ પ્રમાણે; 'યથા'=જેમ, પ્રમાણે, એ અવ્યય છે અને 'વિધિ' નામ છે; પરંતુ આખો સમાસ અવ્યય છે. એ સમાસમાં આવવાથી 'વિધિ' શબ્દ અવ્યય નથી તે અવ્યય થયો છે. આ કારણથી એવા સમાસને સંસ્કૃતમાં અવ્યયીભાવ કહે છે.)

તે **પ્રતિદિન** ઈશ્વરની ભક્તિ કરે છે. (દરરોજ)

યથાન્યાયે વર્તવું—કોઈ વખત અવ્યયીભાવને સાતમી વિભક્તિ લાગે છે.

મધ્યમપદલોપી સમાસ—કેટલાક સમાસમાં મધ્યમ પદનો લોપ થયો હોય છે તે **મધ્યમપદલોપી** સમાસ કહેવાય છે.

દાખલા:—

કામલતા (કામ–મનોરથ પૂરનારી લતા)

કલ્પવૃક્ષ (કલ્પ–ઇચ્છા પૂરનારું વૃક્ષ)

કામધેનુ; ચિન્તારત્ન

સાકરભાત (સાકરમિશ્રિત ભાત); ગોળધાણા, દહિંવડાં (આવા સમાસને સંસ્કૃતમાં તૃતીયાતત્પુરુષ માન્યા છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અભિજ્ઞાનશકુન્તલા—અભિજ્ઞાનથી–ઓળખાણથી, વીંટીથી પ્રાપ્ત થયલી છે શકુન્તલા જેમાં એવું નાટક

વિક્રમોર્વશી—વિક્રમથી પ્રાપ્ત થઈ છે ઉર્વશી જેમાં એવું નાટક

મુદ્રારાક્ષસ—મુદ્રાથી જિતાયો છે રાક્ષસ જેમાં એવું નાટક

સુપ્સુપ્સમાસ—જે સમાસો ઉપલા કોઈ વર્ગમાં આવતા નથી તેને સંસ્કૃત વૈયાકરણોએ સુપ્સુપ્સમાસ કહ્યા છે. 'સુપ્' એટલે વિભક્તિના પ્રત્યયો, પ્રથમાથી તે સપ્તમી સુધી. એક સુબન્ત પદ બીજા સુબન્ત પદ સાથે જેમાં સમાસ પામે તે **સુપ્સુપ્સમાસ** છે.

દાખલા:—દૃષ્ટપૂર્વ (પૂર્વે જોયલું); શ્રુતપૂર્વ (પૂર્વે સાંભળેલું); ભૂતપૂર્વ (પૂર્વે થયલું)

સમાસમાં પ્રાધાન્ય—

દ્વન્દ્વ સમાસમાં બંને પદ પ્રધાન છે—માબાપ ગયાં. (મા ગઈ અને બાપ ગયા.)

તત્પુરુષમાં ઉત્તર પદ પ્રધાન છે–રાજમહેલ સારો છે. ('રાજાનો મહેલ' એમાં 'રાજાનો' ગૌણ ને 'મહેલ' પ્રધાન છે.)

અપવાદ—રાજરોગ (રોગનો રાજા); રાજહંસ (હંસનો રાજા)–આ દાખલાઓમાં પૂર્વ પદ પ્રધાન છે.

કેટલાક કર્મધારયમાં પૂર્વ પદ પ્રધાન છે.

વદનકમળ (કમળ જેવું વદન); કાર્યવિશેષ (ખાસ કાર્ય); પ્રસંગવિશેષ (ખાસ પ્રસંગ)

દ્વિગુમાં સમૂહનો અર્થ છે—ત્રિનેત્ર, પંચપાત્ર, વગેરે

બહુવ્રીહિમાં અન્ય પદ પ્રધાન છે—પીતાંબર ('પીત' ને 'અંબર' બંને ગૌણ છે અને 'કૃષ્ણ' પ્રધાન છે.)

અવ્યયીભાવમાં પૂર્વપદ પ્રધાન છે–યથાવિધિ, પ્રતિદિન ('યથા' ને 'પ્રતિ'ના અર્થ પ્રધાન છે. 'વિધિ' ને 'દિન'ના ગૌણ છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

સમાસનો ઉપયોગ—ઉપર આપેલા દાખલા જેવા સમાસના દાખલા ગુજરાતી ગદ્ય અને પદ્યમાં પુષ્કળ આવે છે. ઉપરના ઘણાખરા દાખલા ગુજરાતી કવિતામાંથીજ લીધેલા છે. કવિતાનાં ત્રણચાર ઉદાહરણો નીચે આપ્યાં છે—

'સૌમ્ય દૃષ્ટે સામું જુઓ, **કમલાવર કરુણાનિધાન** રે!
દયા કરો **દીનાનાથજી**, છોડો બલિનાં બંધન રે હરિ.'
(પ્રેમા૦ 'વામનચરિત,' કડ૦ ૨૪મું)

'ઇન્દ્રે શાપ્યો **હુતાશન**, થાજો વાનર જેવું વદન.
અગ્નિએ જાણ્યું ઇન્દ્રનું કાજ, **રીંછમુખો** થાજો **મહારાજ.**
વરુણે શાપ મનમાં દીધો, જમને **માંજારમુખો** કીધો.'
('નળાખ્યાન,' કડ૦ ૨૮મું)

'**હંસાગમની**, **ગજગતિ** કટી કેસરીનો લંક;
ઉરઅંબુજ બે ઓપતાં, મુખડું તે જાણે **મયંક**. (મૃગાંક)'
(નરસિંહ૦ 'ચાતુરી,' પદ ૫મું)

'વાંકો વાંકો **રઘુપતિ** આવિયો, તોળ્યું **ત્ર્યમ્બક તરણાસમાન.**'
('રણયજ્ઞ,' કડ૦ ૭મું)

'**નિમિષમાત્રમાં** રામજીએ **વિરથ** કીધો રાય;
ભયભીત થઇ **લંકેશ** નાઠો, ગયો લંકામાંય.'
('રણ૦,' કડ૦ ૨૨મું)

પ્રકરણ ૨૪ મું

વાક્યવિચાર

વાક્યવિચાર—અત્યારસુધી આપણે પદોનો વિચાર કર્યો. હવે વાક્યોનો વિચાર કરીએ. વ્યાકરણના જે ભાગમાં વાક્ય સંબંધી વિચાર કરવામાં આવે છે તેને **વાક્યવિચાર** કહે છે. વાક્ય વિચારમાં બે

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

બાબતોનો વિચાર થાય છે—એમાંનાં પદો કયા ક્રમમાં ગોઠવાય છે તેનો અને વાક્યના કેવા ભાગો પડી શકે છે તેનો.

પદવિન્યાસ—પદોના ક્રમ વિષે જે ભાગમાં વિચાર કરવામાં આવે છે તેને **પદવિન્યાસ** કહે છે અને પદોની એવી રચનાને પણ **પદવિન્યાસ** કહે છે.

વાક્યપૃથક્કરણ—વાક્યના અર્થનો વિચાર કરી તેના વિભાગ કરવામાં આવે છે તેને **વાક્યપૃથક્કરણ** કહે છે.

વાક્યવિભાગ—જેમાંથી સંપૂર્ણ અર્થ નીકળે છે એવું પદ કે પદસમૂહ તે **વાક્ય.** સ્વરૂપ પ્રમાણે વાક્યના નીચે પ્રમાણે વિભાગ થાય છે—

વિધિવાક્ય અને નિષેધવાક્ય—વાક્યમાં કશાનું વિધાન કર્યું હોય—કંઈ છે એમ હકારના રૂપમાં કહ્યું હોય કે નિષેધ કર્યો હોય—કંઈ નથી એમ નકારના રૂપમાં કહ્યું હોય. જે વાક્યમાં વિધાન કર્યું હોય તેને **વિધિવાક્ય** કહે છે અને જેમાં નિષેધ કર્યો હોય તેને **નિષેધવાક્ય** કહે છે.

વિધિવાક્યના દાખલાઃ—

વિદ્યા વિનય વડે શોભે છે.
તમે ધર્મભ્રષ્ટ શા માટે થયા?

નિષેધવાક્યના દાખલાઃ—

વિદ્યાથી જેટલી પ્રતિષ્ઠા મળે છે તેટલી દ્રવ્યથી મળતી નથી.
તમે કેમ તમારા પુત્રને નીતિને માર્ગે ચઢાવ્યો નહિ?

કાકુપ્રશ્ન—કેટલાંક નિષેધવાક્યો એવાં હોય છે કે તેમાંથી વિધિનો દૃઢ અર્થ નીકળે છે; જેમકે,

કલ્પલતાની પેઠે વિદ્યા શું શું મેળવી આપતી નથી?
(અર્થાત્, બધુંજ મેળવી આપે છે.)
તમે કયાં મને વ્હાલા નથી? (અર્થાત્, છોજ.)
આવા પ્રશ્નો કરવાની ઢબ ઉપરથીજ ઉત્તર સમજાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલા પ્રશ્નોમાં, 'શું શું' ને 'ક્યાં' એ બે શબ્દો બીજા શબ્દો કરતાં ભિન્ન કંઠધ્વનિથી ઉચ્ચારાય છે. સંસ્કૃતમાં એવા ધ્વનિને કાકુ કહે છે. આવા પ્રશ્નો **કાકુપ્રશ્ન** કહી શકાય.

અર્થ પ્રમાણે વિભાગ—વાક્યોમાં ક્રિયાપદના અર્થનો વિચાર કરીએ તો તેના નીચે પ્રમાણે વિભાગ કરી શકાય:—

(૧) પ્રતિજ્ઞાવાચક—જેમાં ક્રિયા સ્વાર્થવાચક છે તેવાં વાક્ય:—

ગાય ચરે છે.

ઘોડો આજ દાણો ખાતો નથી.

શું ગુરુની મારા પર અપ્રીતિ થઈ છે?

તે હમેશ આવે સન્માર્ગે પ્રવર્તે છે?

(૨) આજ્ઞાર્થક—આશીર્વાદ અને શાપને આજ્ઞાર્થમાંજ મૂકી શકાય. ક્રિયાપદના આજ્ઞાર્થના રૂપમાં એવા **અર્થ** રહેલા છે.

ઊઠ, ગુરુને નમસ્કાર કર.

ઘણું જીવો ને સુખી થાઓ!

(૩) વિધ્યર્થક—આવાં વાક્યથી આજ્ઞા, ઉપદેશ, ને પ્રાર્થના કરાય છે.

તમારે તે વડીલ પુરુષની આજ્ઞા માથે ચઢાવવી.

બ્રાહ્મણે પ્રાતઃકાળે વહેલાં ઊઠવું, સ્નાનસંધ્યા કરવાં, અને અધ્યયન કરવું.

આજ્ઞા અને વિધિ—વિધ્યર્થમાં આજ્ઞાનો અર્થ હોય છે; પણ તે આજ્ઞા નરમાશથી કરાય છે. આજ્ઞાર્થમાં આજ્ઞા કરવામાં અધિકારનો ભાગ જણાઈ આવે છે.

(૪) સંશયાર્થક—એમાં ક્રિયાપદમાંથી સંશયનો **અર્થ** નીકળે છે.

હું ધારૂં છું કે તે આ વખતે ઘરમાં નહિ હોય.

આ વર્ષે તે આંબાને પુષ્કળ કેરી આવી હશે.

(૫) સંકેતાર્થક—એમાં સંકેતનો-શરતનો **અર્થ** રહેલો છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તમે મને મદદ કરો તો હું એ કામ સારી રીતે કરી શકું.
હાલ મહેનત કરશો તો આગળ જતાં તેનો લાભ મળશે.

(૬) ક્રિયાતિપત્ત્યર્થ—અતિપત્તિ એટલે નિષ્ફળતા. જેમાંથી ક્રિયા નિષ્ફળ થવાનો અર્થ નીકળે તે.

આ પ્રસંગે તે મહાપુરુષ જીવતો હોત તો આવું થવા પામત નહિ.
'જા ભાગ, હું તને નથી મારતો; તારે ઠેકાણે અર્જુન હોત તો નિ:શંક મારી નાખત.' (નર્મગદ્ય,' પૃ૦ ૧૭૭)

પ્રકરણ ૨૫ મું

પદવિન્યાસ: ભાષાશૈલી

પદવિન્યાસ—વાક્ય બનાવવા માટે શબ્દો એક બીજા સાથે યોગ્ય સંબંધમાં જોઈએ. તેનો પરસ્પર યોગ્ય અન્વય થવો જોઈએ. તે થવા સારૂ પ્રથમ તો શબ્દોને પ્રત્યયો લાગી તેનાં **પદો** બનવાં જોઈએ. એ પદો એક બીજા સાથે યોગ્ય રીતે અન્વિત થાય ત્યારે વાક્ય બને છે. વાક્યમાં પદો કેવી રીતે ગોઠવાય છે અને બે કે વધારે પદો અન્ય પદની સાથે સરખો સંબંધ ધરાવે છે ત્યારે તેને પ્રત્યયો કેવી રીતે લાગે છે, તેનાં રૂપાખ્યાન કેવાં થાય છે, એ વિષે **પદવિન્યાસ**ના પ્રકરણમાં વિચાર થાય છે.

મુખ્ય ભાષાનિયમો—ભાષા લખતી વખત કે તેની પરીક્ષા કરતી વખત મુખ્ય નિયમો કયા ધ્યાનમાં રાખવા તે નીચે દર્શાવ્યા છે–

(૧) **સરળતા**—ભાષાનો હેતુ આપણા વિચાર દર્શાવવાનો છે. આ કારણથી જે રચના વડે આપણે આપણા વિચાર સાદી, ગુંચવણ વિનાની, અને સચોટ રીતે અન્યને દર્શાવી શકીએ તે રચના ઉત્તમ છે.

(૨) **પ્રસિદ્ધ પદો**—પદોને અપ્રસિદ્ધ અર્થમાં ન વાપરવા. ખાસ કારણ વિના પ્રસિદ્ધ, પ્રચલિત શબ્દો મૂકી દઈ અપ્રસિદ્ધ શબ્દો વાપરવા નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) **વિષયાનુસારી ભાષા**—ભાષા વિષયને અનુસરતી રાખવી. સાધારણ વર્ણન ચાલતું હોય ને એકંદર સાધારણ ભાષા ચાલતી હોય તેમાં વચ્ચે થોડાક કઠિન અને અપરિચિત શબ્દો મૂકવાથી ભાષા બેડોળ થાય છે. રચના સર્વત્ર એકધારી ચાલી જાય ત્યારે ભાષા સુશ્લિષ્ટ બને છે.

(૪) **દૂરાન્વય**—જે પદો વચ્ચે અન્વય હોય તે પદો એટલાં બધાં દૂર ન હોવાં જોઈએ કે તે સાંભળનાર કે વાંચનારના મનમાં સમજતાં મુશીબત પડે. એવો દૂર અન્વય ત્યાજ્ય છે.

(૫) **ક્લિષ્ટ રચના**—

(અ) કેટલીક વખત રચના એવી ક્લિષ્ટ હોય છે કે તેમાં પદોનો સંબંધ સ્પષ્ટ રીતે સમજવામાં આવતો નથી કે સ્પષ્ટ સમજવા સારૂ તે વાક્ય બેચાર વાર વાંચવું પડે છે. અનેક સાકાંક્ષ પદો વાપરવાથી આવું બનવાનો સંભવ થાય છે. દરેક સાકાંક્ષ પદ ('જે', 'જેવું', 'જેમ', 'જ્યારે', 'જ્યાંથી', 'જ્યારથી', વગેરે) જે આકાંક્ષા ઉત્પન્ન કરે છે તે પૂરી કરનાર પદ જોઈએજ. તેમાં ખામી હોય તો અન્વય ક્લિષ્ટ થાય છે.

(આ) કેટલીક વાર નકામા શબ્દો વપરાય છે. જે શબ્દ ન વાપરવાથી અર્થને કોઈ જાતની હાનિ ન પહોંચે તેવો શબ્દ નજ વાપરવો એ વાત ખાસ લક્ષમાં રાખવી. 'જો', 'અગરજો,' 'જ્યારે,' 'જે', જેવા શબ્દો ઘણાં વાકયોમાં નિરર્થક અને નિષ્પ્રયોજક હોય છે. એવા શબ્દો કાઢી નાંખવાથી વાક્ય સરળ અને શોભિતું થાય છે.

(ઇ) અલંકાર વાપરવા હોય તો તેમાં ગુંચવણ આવે એમ ન કરવું. અલંકારથી ભાષા શોભિતી થવી જોઈએ. તેમ થવાને બદલે ભાષામાં ગુંચવણ ઉત્પન્ન થઈ તે કઢંગી થાય તો અલંકાર વાપરવા નકામા છે.

(૬) **પરભાષાને અનુસરતી રચના**—દરેક ભાષાની રૂઢિ જુદી હોય છે. જેવું એક ભાષામાં લખાય છે, તેવું બીજી ભાષામાં લખાતું નથી. આપણે આપણી ભાષાની રૂઢિ પ્રમાણે લખવું, પરભાષાની રૂઢિ અનુસરવી યુક્ત નથી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઉપલા નિયમનો જેમાં ભંગ થયો છે એવા થોડાક દાખલા નીચે આપ્યા છે. એ ગુજરાતી પુસ્તકોમાંથી લીધેલા છે.

દાખલાઃ—

'જીવંત ધ્યાન'

'પાત્રતા અથવા સામર્થ્ય તે છે જેને લીધે.........'

'હિમ્મત પોતાનું કાર્ય પસંદ કરે છે અને પોતાના સ્થાનને વળગી રહે છે.'

'પોતાના ઉત્સાહ તથા દેશપ્રેમમાં પરંપરાન્વિત સાતત્ય તુટશે તેનું ભાન ન રહ્યું.'

'એની આસપાસ રૂપેરી ચાદર પાથરી હોય તેમ લીલા પીળા રંગ રંગની વનસ્પતિ પથરાઈ હતી.'

'કુટુંબજાળજોત ઉકલી જતાં સુધી...'

'ભાતભાતની સામગ્રીઓ પાસે આવતાંજ કુમારોએ તેમને સારો ન્યાય આપવા માંડયો.'

પદવિન્યાસના સામાન્ય નિયમ—વાક્યમાં શબ્દો ગોઠવવાના અને તેના રૂપોમાં ફેરફારના સામાન્ય નિયમ નીચે પ્રમાણે છેઃ—

(૧) સાદા વાક્યમાં પ્રથમ કર્તા, પછી કર્મ હોય તો કર્મ, અને છેવટે ક્રિયાપદ આવે છે.

નારાયણ પુસ્તક લખે છે.
મગન બેઠો છે.
શિક્ષક શિષ્યને દાખલો સમજાવે છે.

કર્મણિ કે ભાવે રચનામાં પણ આપણી ભાષામાં ઉપરનોજ ક્રમ રહે છે.

નારાયણે પુસ્તક લખ્યું.
નારાયણથી પુસ્તક લખાયું.
મગનથી બેસાયું.

શિક્ષકે શિષ્યને દાખલો સમજાવ્યો.
શિક્ષકથી શિષ્યને દાખલો સમજાવાયો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અંગ્રેજી ભાષામાં કર્મણિ રચનામાં પ્રથમ કર્મ, પછી ક્રિયાપદ, અને છેવટે કર્તા આવે છે.

(૨) કર્તરિ રચનામાં કર્તાના રૂપ પ્રમાણે, કર્મણિ રચનામાં કર્મ પ્રમાણે, અને ભાવે રચનામાં ભાવ પ્રમાણે ક્રિયાપદનું રૂપ ફરે છે. ભાવ હમેશ નાન્યતરજાતિના એકવચનમાં હોય છે, તેથી ભાવે પ્રયોગમાં ક્રિયાપદનું રૂપ હમેશ નાન્યતરજાતિના એકવચનમાં હોય છે.

અમે પુસ્તક વાંચીએ છીએ.

તેણે પુસ્તક વાંચેલું છે.

મારે ગામ જવું છે.

(૩) સામાન્ય રીતે અનુવાદ્ય વિશેષણ વિશેષ્યની પહેલાં અને વિધેય વિશેષણ વિશેષ્યની પછી અને ક્રિયાપદની પહેલાં આવે છે.

ઉદ્યોગી પુરુષ સુખમાં રહે છે.

તે પુરુષ બહુ **ઉદ્યોગી** છે.

અપવાદ—ક્વચિત્ અનુવાદ્ય વિશેષણ વિશેષ્યની પછી પણ આવે છે.

'પૈસો **એકલો** દ્રવ્ય નથી.' (૭મી ચો૦, પા૦ ૪)

(૪) ઉદ્દેશ્યના વર્ધકો અને તેની સાથે જોડાયલા શબ્દો ઉદ્દેશ્યની પહેલાં આવે છે અને એજ પ્રમાણે ક્રિયાપૂરકના વર્ધકો અને તેની સાથે જોડાયલા શબ્દો ક્રિયાપૂરકની પહેલાં આવે છે.

'**આકાશના** તારાગણો અને **મનુષ્યના હૃદયમાં રહેલો** નીતિ-નિયમ, એ જોઈ મને પરમાત્માનું ભાન થયું.' (૭મી ચો૦, પા૦ ૧૨)

'**સંપૂર્ણ અને ચોક્કસ જ્ઞાન પ્રાપ્ત કરવાનો અને સત્ય ખોળી કાઢવાનો યોગ્ય માર્ગ** તેણે બતાવ્યો છે.' (૭મી ચો૦, પા૦ ૩૮)

ઉપલા વાકયમાં કર્તા વાકયના આરંભમાં મૂકવાથી તેનો ને ક્રિયાપદનો અન્વય દૂરાન્વય થાય; કેમકે કર્મ અને તેની સાથે જોડાયલા શબ્દો ઘણા છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૫) પૂર્વકાળવાચક કૃદન્ત અને તેની સાથે જોડાયલાં પદો બહુધા વાકયના આરંભમાં આવે છે.

'આકાશના તારાગણો અને મનુષ્યના હૃદયમાં રહેલો નીતિનિયમ, એ **જોઈ** મને પરમાત્માનું ભાન થયું.' (૭મી ચો૦, પા૦ ૧૨)

'જોઈ' એ 'થયું' કરતાં પૂર્વકાળની ક્રિયા બતાવે છે, માટે એને અને એની સાથે જોડાયલા તમામ પદોને વાકયના આરંભમાં મૂકયાં છે. 'તારાગણો'ને 'નીતિનિયમ' એ 'જોઈ' નાં ક્રિયાપૂરક છે માટે તેની પહેલાં આવ્યાં છે અને 'આકાશના' ને 'મનુષ્યના હૃદયમાં રહેલો' એ અનુક્રમે એ ક્રિયાપૂરક સાથે અન્વિત હોવાથી તેની પૂર્વે આવ્યાં છે.

(૬) 'જે,' 'જેવું,' 'જેટલું,' 'જેવડું,' 'જેમ,' 'એવું,' 'એટલું બધું'—આવા સાકાંક્ષ શબ્દો વપરાય છે તેની પછી આકાંક્ષાપૂરક શબ્દો આવવાજ જોઈએ. સાકાંક્ષ અને આકાંક્ષાપૂરક શબ્દોના દાખલા નીચે આપ્યા છે—

સાકાંક્ષ પદો	આકાંક્ષાપૂરક પદો
(અ) જે	તે
જેવું	તેવું
જેટલું	તેટલું
જેવડું	તેવડું
જેમ	તેમ
(આ) એવું	કે
એટલું, એટલું બધું	કે
એવડું	કે

દાખલા:—

(અ) **જે** પુરુષ ઈશ્વર પર શ્રદ્ધા રાખી સદાચારે વર્તે છે **તેને** ઈશ્વર તેના ઉદ્યોગનું ફળ આપે છેજ.

જેવું વાવીએ **તેવું** લણીએ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેટલી પ્રીતિ માબાપની છોકરાં પર હોય છે **તેટલી** ગુરુની શિષ્ય પર હોવી જોઈએ.

જેવડું મોટું મકાન છે **તેવડા** મોટા તેમાંના ખંડો છે.

જેમ જેમ તે મોટો થયો **તેમ તેમ** તે વધારે બુદ્ધિશાળી થયો.

સામાન્ય રીતે (અ)માંના સાકાંક્ષ શબ્દો ખેવડાય છે, ત્યારે આકાંક્ષાપૂરક શબ્દો પણ ખેવડાય છે.

તેમ કરવાથી ફળ સારૂં નહિ આવે.

(તેમ=જેમ તમે કહો છો કે ધારો છો તેમ; 'જેમ' ઉક્ત નથી. એનો અર્થ ગમ્ય છે.)

'બાર રાશિનાં ('જે' ગમ્ય) નામ પ્રાણીનાં નામ પરથી ચડ્યાં છે તે તેમણે ગ્રીક લોકો તરફથી મેળવ્યાં એમાં સંશય નથી.'

(૭મી ચો૦, પા૦ ૨)

(આ) તે દાખલો **એવો તો—એટલો તો—એટલો બધો** કઠણ છે કે મને તે ગણવામાં ઘણો શ્રમ પડ્યો છે.

તેનું ઘર **એવડું** મોટું છે કે ત્યાં ઘણાંનો સમાસ સારી પેઠે થઈ શકે છે.

(૭) ગૌણ સાપેક્ષ વાક્યો સાપેક્ષ શબ્દોની પેઠે મુખ્ય, આકાંક્ષાપૂરક વાક્યોની પહેલાં આવે છે.

વેપાર આબાદ હતો ત્યારે શહેરની સ્થિતિ ઘણી સારી હતી.

હું ત્યાં હોત તો તેઓની વચ્ચે આવી લડાઈ થવા પામત નહિ.

(૮) વિધેયવર્ધક શબ્દો સામાન્ય રીતે ક્રિયાપદની પહેલાં આવે છે; પરંતુ કેટલેક સ્થળે વાક્યના આરંભમાં કે કર્તાની પછી પણ આવે છે.

તેણે પોતાનું કામ **બહુ બાહોશીથી અને ચાલાકીથી** કર્યું છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'**ચોતરફ** ઉંચા ઉંચા પહાડો હતા અને તેઓ **સૂર્યોદય અથવા તો સૂર્યાસ્ત થતી વખતે** એવા તો મનોહર લાગતા કે તે જોવાને જેટલો શ્રમ તથા પૈસો ખરચીએ તેટલો સઘળો વળી જાય.' (૭મી ચો૦, પા૦ ૬)

(૯) 'એકંદર રીતે જોતાં,' 'ઉપસંહારરૂપે,' 'સંક્ષેપમાં,' 'ટૂંકામાં,' જેવા શબ્દો વાક્યના આરંભમાંજ આવે છે; કેમકે આગળ જે કંઈ કહેવામાં આવ્યું હોય છે તેની સાથે એ શબ્દો સંબંધ ધરાવે છે.

(૧૦) ઉપલા નિયમને અનુસારે, આગલા વાક્યની સાથે જે શબ્દોને ઘણો નિકટનો સંબંધ હોય તે શબ્દો વાક્યના આરંભમાં મુકાય છે, પછી તે કર્મ હોય કે વિધેયવર્ધક હોય.

એ ઘર તો કાલેજ એના માલીકે વેચી નાંખ્યું છે.

કાલે તો તમે મારી સાથે ફરવા આવવાનું કહેતા હતા.

આવું બોલતાં તમને શરમ નથી આવતી ?

(૧૧) અગત્યના શબ્દો સામાન્ય રીતે પહેલા આવે છે—

જય થાઓ તમારો !

સાંભળો ભાઈએ !

'કાલે **જોજે** હું તેઓનું ને તેઓના સૈન્યનું શું કરૂં છઉં તે.'

('નર્મ૦,' પૃ૦ ૧૭૭)

(૧૨) બે કર્તા કે કર્મ વચ્ચે 'કે' આવે ને તે બંને એકવચનમાં હોય તો ક્રિયાપદ એકવચનમાં આવે છે. પરંતુ એવું એક નામ એક-વચનમાં ને બીજું બહુવચનમાં હોય તો બહુવચનવાળું નામ ક્રિયાપદની પાસે મુકાય છે અને ક્રિયાપદનો અન્વય તેની સાથે થાય છે. બંને એકવચનમાં હોય ને જુદી જુદી જાતિમાં હોય તો ક્રિયાપદ પાસેના નામ સાથે જાતિમાં અન્વય પામે છે.

તેનામાં **બુદ્ધિ** કે **બળ નહોતું.**

'આ સિવાય ધર્મવિચાર નામનો ગ્રન્થ તેમ નાનાંમોટાં બીજાં **લખાણ** તેમણે **લખેલાં છે.**' (૭મી ચો૦, પા૦ ૧૩)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૧૩) બે કે વધારે નામ ઉભયાન્વયી અવ્યયથી જોડાયાં હોય તો વિભક્તિનો પ્રત્યય તેમજ તેની સાથે જોડાયલો નામયોગી બહુધા છેલ્લાનેજ લાગે છે: પરંતુ સ્પષ્ટતા માટે કે જુસ્સા માટે કોઈ વખત દરેક નામની પછી પણ પ્રત્યય લગાડવામાં આવે છે.

ગામ કે નગરમાં વસનારા સર્વ લોકોએ છોકરાની કેળવણી પર પૂરતું લક્ષ આપવું જોઈએ.

'એજ પ્રમાણે દેશની માંહેલા બીજા ધંધા રોજગાર ('વિષે' ગમ્ય છે) અને પરદેશ જોડેના બીજા વેપાર **વિષે** પણ સમજવું.' (૭મી ચો૦, પા૦ ૧)

'ગામનો, નગરનો, કે દેશનો, વહીવટ ચલાવવા માટે નાણું અવશ્ય જોઈએ.' (૭મી ચો૦, પા૦ ૧)

'મુંડીમાં સંઘરી રાખેલાં ઓજાર, ધાન્ય, વગેરેનો સમાવેશ થાય છે.' (૭મી ચો૦, પા૦ ૪)

('વગેરે,' 'ઇત્યાદિ,' 'એ,' 'આ' જેવો શબ્દ હોય ત્યાં પ્રત્યય વારંવાર કહેવો કઢંગો લાગે છે.)

'શંખશૃંગના પ્રૌઢ નાદ, ગજઅશ્વના દીર્ઘ શબ્દ, ને યોદ્ધાઓના ઉન્મત્ત સ્વર, **એથી** આકાશ ગાજી રહ્યું.' ('નર્મ૦', પૃ૦ ૨૭૪)

(૧૪) વિકારી વિશેષણ વિશેષ્ય પ્રમાણે જાતિમાં ને વચનમાં ફરે છે. તેને વિભક્તિ માત્ર સાતમીજ લાગે છે. નરજાતિ ને નાન્યતરજાતિના એકવચનમાં વિકારી વિશેષણને છેડે 'આ' અને બહુવચનમાં નરજાતિમાં 'આ' ને નાન્યતરજાતિમાં 'આં' થાય છે.

સારે ઘોડે બેસવું તેને બહુ ગમે છે.

તે **ઊંચે ઓટલે** બેઠો છે.

કોઈ વખત સાતમી વિભક્તિનો પ્રત્યય નથીએ લાગતો; જેમકે, તે **ઊંચી** અટારીએ બેઠો છે.

સારા માણસને કહેવાથી **અસર** થાય છે, **નઠારાને** નહિ.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ઊંચાં ઘરો અને તેની પાસેના **મોટા બાગો** જોઈ મન વિસ્મય પામે છે.

(૧૫) કર્તા કે કર્મ એકથી વધારે હોય તો સામાન્ય રીતે ક્રિયાપદ બહુવચનમાં આવે છે, પરંતુ કેટલીક વાર બધા કર્તા કે કર્મમાંથી એક વિચાર નીકળે છે તેથી તેને એક ગણવામાં આવે છે ને ક્રિયાપદ એકવચનમાં આવે છે. અથવા તો ક્રિયાપદ છેક પાસેના કર્તા કે કર્મ સાથે અન્વય પામે છે અને કર્તા કે કર્મ જે વચનમાં હોય તે વચનમાં ક્રિયાપદ આવે છે.

કર્તા કે કર્મ એકથી વધારે હોય ને જુદી જુદી જાતિનાં હોય તો ક્રિયાપદની તેમજ વિશેષણ કે ક્રિયાવિશેષણની જાતિ નાન્યતર થાય છે.

એક વિશેષણ નરજાતિનું ને બીજું નારીજાતિનું હોય તો વિશેષ્ય બહુધા નાન્યતરજાતિમાં મૂકવાનો રિવાજ છે. કર્તા અને કર્મનો ક્રિયાપદ સાથે એવોજ સંબંધ સમજવો. કોઈ વખત છેલ્લા નામની સાથે પણ ક્રિયાપદ અન્વય પામે છે.

દાખલા:—

આપણે અવલોકનશક્તિ અને વિચાર **કેળવવાં જોઈએ.**

(બહુ ૧૦, નાન્યતર જા૦)

'સત્ય, સદાચાર, સરળપણું, આગ્રહ, અને એની સાથે લોકને પ્રસન્ન રાખવાનો લોભ, એ તેનામાં **હતાં.**' ('નર્મ૦' પૃ૦ ૧૫૭)

(બ૦ ૧૦, નાન્ય૦ જા૦)

'ઋષિઓની સંગતિમાં બાળપણ ને તરુણપણ **ગાળ્યું.**'

('નર્મ૦,' પૃ૦ ૧૫૭; બે કર્મને વિચારમાં એક માન્યું છે.)

'આળસ, અજ્ઞાન, દુરાચાર, અને કુવેડાઈ દેશમાંથી **ગયલી** કિયે દિવસે દેખાડીશ!' ('નર્મ૦,' પૂ૦ ૨૪; કૃદન્ત વિશેષણ છેલ્લા નામની સાથે અન્વય પામેલું છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'રંગ, આકાર ને ગતિ **ફેરવાતાં નથી.**' ('નર્મ૦,' પૃ૦ ૩૪)

'વેદમાં અગ્નિ, વાયુ, રુદ્ર, અને સોમવલ્લી, એનેજ **ગજાવ્યાં** છે.'

('નર્મ૦,' પૃ૦ ૩૭)

'હરેક વિષય જાણવાની **હોંસ** અને હરેક વિષય સંબંધી વિચાર કરવાની **ટેવ** અને વિચાર કરતાં જે કંઈ ફાયદા કરતું જણાય તે મેળવવાને ઉછરતી **આતુરતા** સાથે ન થાકે તેવી ઠર્યો ઉદ્યોગ કરવાની **ટેવ,** એ રાખવાં જોઈએ.' ('નર્મ૦,' પૃ૦ ૬૭, બધાં નામ નારીજાતિમાં છે, છતાં ક્રિયાપદ નાન્યતરજાતિમાં છે.)

સ્ત્રીલિંગમાં ક્રિયાપદના રૂપનું બહુવચન ક્વચિતજ વપરાય છે. કવિ નર્મદાશંકરે નીચેના દાખલામાં વાપર્યું છે—

'પછી રાક્ષસીઓ ત્રિજટાનું સ્વપ્ન સાંભળી સીતાને હવેથી દુ:ખ ન દેવું એવો નિશ્ચય કરી પોતપોતાના ઓરડામાં ગઈઓ'. (નર્મ૦,' પૃ૦ ૧૫૧)

'તું ને હું સાથે હતીઓ'; 'આપણને તેણે દીઠીઓ હતીઓ.'

('તપત્યાખ્યાન' અંક ૨જો)

આયુષ્યનાં દિવસરાત્રિ ઈશ્વર આપે છે, તેમ **સંપત્તિવિપત્તિનાં દિવસરાત્રિ** પણ એજ આપે છે.' ('સર૦ ચન્દ્ર,' ગ્ર૦ ૪, પૃ. ૩૭)

'કાળીદાસનું **નામ** અને તેના નાટકની દુનિયામાં વખણાયલી જે **ખુબી, તે એવાં** છે કે દરેક માણસનું મન એ તરજુમાઓ વાંચવાને ઉશ્કેરાય છે.' ('નવલગ્રન્થા૦', ગ્ર૦ ૨, પૃ૦ ૭૭)

(૧૬) કેટલાંક નામમાં એકવચનનો અર્થ હોય છે તોપણ તે બહુધા બહુવચનમાં વપરાય છે.

દાખલા:—વખાણ, વર્તમાન, લગ્ન, માન

'શલ્યે **અર્જુનનાં વખાણ** કરી કર્ણનું તેજ હરણ કરવા માંડ્યું'. ('નર્મ૦,' પૃ૦ ૧૭૭)

'પછી યુધિષ્ઠિરના કહેવાથી કૃષ્ણે હસ્તિનાપુર જઈ ધૃતરાષ્ટ્ર તથા ગાંધારી તેઓને **સર્વ વર્તમાન કહ્યાં.**' ('નર્મ૦,' પૃ૦ ૧૭૯)

'બાળલગ્ન બંધ કરવા'...('નર્મ૦,' પૃ૦ ૬૭)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'સરસ્વતીચન્દ્રના જન્મ પછી ડોસીનો પણ સ્વભાવ ફર્યો અને **વહુનાં માન વધ્યાં.**' (૭મી ચો૦, પા૦ ૧૪)

(૧૭) અપૂર્ણક્રિયાવાચક ક્રિયાપદની પહેલાં ક્રિયાપૂરક આવે છે તે કર્તા સાથે સમાનાધિકરણ હોય છે. એવી સ્થિતિમાં ક્રિયાપદ લિંગ-વચનમાં કવચિત્ ઉદ્દેશ્ય સાથે અને કવચિત્ પૂરક સાથે અન્વિત થાય છે.

'આ વિદ્યારસને લીધે **તે** નાના, મોટા, ભણેલા તથા ભણનારાની અધિક પ્રીતિનું પાત્ર **બન્યો હતો.**' અહિં ઉદ્દેશ્ય સાથે અન્વય છે; (૭મી ચો૦, પા૦ ૧૪)

'અત્યભિમાન, વિષયાસક્તપણું, નિર્દયપણું, ઉદ્ધતપણું, એ તેનામાં મોટા **દોષ હતા.**' ('નર્મ૦,' પૃ૦ ૧૫૮; અહિં પૂરક સાથે અન્વય છે.)

સંસ્કૃતમાં હમેશ વિધેયને પ્રાધાન્ય માન્યું છે, તેથી ક્રિયાપદનો અન્વય પૂરક સાથેજ થાય છે.

(૧૮) ઘણાં નામ 'અને'થી જોડાયલાં હોય છે તો તેની પછી સામાન્ય રીતે 'એ' શબ્દ સમાન વિભક્તિમાં વપરાય છે અને વિભક્તિનો પ્રત્યય 'એ'નેજ લાગે છે.

'દ્રોણે વિરાટ તથા દ્રુપદ, **એઓનાં** શિર ઉડાવ્યાં'. ('નર્મ૦,' પૃ૦ ૧૭૬)

(૧૯) આખા વાક્યને માટે (વાક્યમાં ક્રિયા પ્રધાન હોવાથી તેમાંની ક્રિયાને માટે) 'એ' કે 'તે' સર્વનામ ઘણી વાર વપરાય છે તે નપુંસકમાં ને એકવચનમાં આવે છે; કેમકે ભાવ હમેશ નપુંસકના એકવચનમાં હોય છે.

'સૌએ **તે** માન્ય રાખ્યું.' ('નર્મ૦,' પૃ૦ ૧૭૬; **તે**=જે કહેવામાં આવ્યું હતું તે)

કોઈને ગાળ દેવી એ **સારૂં** કહેવાય?

(૨૦) 'ખરા', 'કે', એવા શબ્દો નીચેના દાખલામાં વપરાય છે તેવા અર્થમાં વાક્યને અન્તે આવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'પુત્ર દુષ્ટ હોય તો લોક પિતાને પણ નઠારૂં કહે છે **ખરા.**'

('નર્મ૦', પૃ૦ ૧૭૩)

'એ એ સિવાય દ્રવ્ય ઉત્પન્ન કરવામાં બીજા કોઈ સાધનની જરૂર છે **ખરી?**' (૭મી ચો૦, પા૦ ૪)

આજ સાંજે ફરવા આવશો **કેની** (આવશો કે ?)

(૨૧) શબ્દક્રમ અર્થાનુસારી હોવો જોઈએ.

૧. આપણે વર્ષ થયું રાજાનું લૂણ ખાઈએ છીએ.

૨. આપણે રાજાનું લૂણ ખાઈએ છીએ તેને એક વર્ષ થયું.

૧. માં લૂણ ખાવાની વાત પ્રધાન છે; ૨. માં મુદ્દતની બાબત પ્રધાન છે.

(૨૨) સરખી રચના રાખવી; જે રચનાનો પ્રક્રમ કર્યો હોય—જે રચના આરંભી હોય—તે છેવટ સુધી રાખવી. તેનો ભંગ કરી રચના બદલી નાંખવાથી અર્થનો જોઈએ તેવો જુસ્સો ને પોષણ થતાં નથી; માટે પ્રક્રમભંગ ન કરવો.

'તમે ક્ષત્રી છો—ખેતી **કરવાને**, વેપાર **કરવાને**, ભીખ **માગવાને** નહિ, પણ ધનુષ્ય ખડ્ગ **વાપરવાને** જન્મ્યા છો.'

('નર્મ૦,' પૃ૦ ૧૭૩)

પ્રકરણ ૨૬ મું

વાક્યપૃથક્કરણ : વાક્યોના પ્રકાર

ઉદ્દેશ્ય અને વિધેય—વાક્યથી આપણે સંપૂર્ણ વિચાર દર્શાવીએ છીએ. એ વિચારમાં કોઈક વિષયને માટે કંઈક હકીકત કહેલી હોય છે. જે વિષયને વિષે એ હકીકત કહી હોય છે તે **ઉદ્દેશ્ય** કહેવાય છે; કેમકે તેને ઉદ્દેશીને—લક્ષમાં રાખીને એ વાત કહી છે. જે હકીકત કહેવામાં આવે છે તે **વિધેય** કહેવાય છે; કેમકે તેનું વિધાન કરવામાં

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે છે—તે કહેવામાં આવે છે. આ પ્રમાણે દરેક વાકયના ઉદ્દેશ્ય અને વિધેય એવા બે વિભાગ પડે છે, પછી તે વાક્ય સાદામાં સાદું હોય કે ઘણાં વાકયોનું બનેલું હોય. જેમકે, નીચેનાં વાકયોના આગળ દર્શાવ્યા પ્રમાણે બે ભાગ થાય છે—

૧. છોકરો જાય છે.

૨. યોગ્ય સમયે કરેલા પ્રયત્નો સફળ થાય છે.

૩. હું તમે કહ્યું તે સાંભળતો નથી, કેમકે મારૂં મન બીજે ઠેકાણે છે.

૪. સમુદ્રની વચ્ચે આવેલો આ દ્વીપ, સૂર્ય પ્રકાશે છે ત્યારે, કેવો રમણીય દેખાય છે !

ઉદ્દેશ્ય	વિધેય
છોકરો	જાય છે.
યોગ્ય સમયે કરેલા પ્રયત્નો	સફળ થાય છે.
હું	તમે કહ્યું તે સાંભળતો નથી; કેમકે મારૂં મન બીજે ઠેકાણે છે.
સમુદ્રની વચ્ચે આવેલો આ દ્વીપ	સૂર્ય પ્રકાશે છે ત્યારે કેવો રમણીય દેખાય છે !

સંસ્કૃતમાં વાકયપૃથક્કરણ—સંસ્કૃત વ્યાકરણમાં ઉદ્દેશ્ય અને વિધેય એ શબ્દો વપરાયલા છે; પરંતુ અંગ્રેજીમાં વાકયપૃથક્કરણના વિષયને જુદો વિચારી તેનું બારીક દૃષ્ટિથી વિવેચન કર્યું છે તેવું સંસ્કૃતમાં થયું નથી.

કર્તરિ, કર્મણિ, ને ભાવે રચનામાં ઉદ્દેશ્ય—કર્તરિ રચનામાં કર્તા ઉદ્દેશ્ય છે અને કર્મણિ રચનામાં કર્મ ઉદ્દેશ્ય હોય છે, એનું કારણ નીચે પ્રમાણે છે—

આપણા ટૂંકામાં ટૂંકા બોલવાનો હેતુ કંઈ પણ વિધાન કરવાનો—કહેવાનો હોય છે અને કશાનું વિધાન થાય છે—કશું કહેવાય છે—ત્યારેજ વાક્ય બને છે. આ પ્રમાણે વાકયમાં વિધેય પ્રધાન છે. જેને અવલંબીને વિધાન થાય છે તે ઉદ્દેશ્ય છે. કર્તરિ રચનામાં કર્તાને અવ-

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લંબી વિધાન થાય છે અને કર્મણિ રચનામાં કર્મને અવલંબખીને થાય છે. વધારે ખુલ્લા શબ્દમાં કહીએ તો ક્રિયાપદના પ્રત્યયથી જેનું અભિધાન થાય છે તે ઉદ્દેશ્ય છે, કર્તરિ રચનામાં કર્તાનું ને કર્મણિ રચનામાં કર્મનું અભિધાન થાય છે; માટે કર્તરિ રચનામાં કર્તા ને કર્મણિ રચનામાં કર્મ ઉદ્દેશ્ય છે. એજ પ્રમાણે ભાવે રચનામાં ભાવનું અભિધાન થાય છે; પરંતુ તેમાં ઉદ્દેસ્ય વિધેયની અંદરજ સમાયલો હોય છે, બીજી બે રચનામાં હોય છે તેમ જુદો હોતો નથી. ગુજરાતીમાં ક્રિયાપદ ભૂતકાળમાં હોય છે ત્યારે કર્મણિ રચના બે પ્રકારની થાય છે. એક પ્રકારમાં સંસ્કૃતમાં ભૂત કૃદન્ત હોય છે તે ગુજરાતીમાં ક્રિયાપદ તરીકે વપરાય છે. એ બે રચના નીચેનાં બે વાકયમાં દર્શાવી છે—

૧ મેં ચોપડી લખી.
૨. મારાથી ચોપડી લખાઈ.
૩. તેનાથી જવાયું નહિ.

કર્મણિ ને ભાવે રચનામાં નીચે પ્રમાણે વાકયપૃથક્કરણ કરવું ઠીક પડશે—

ઉદ્દેશ્ય	વિધેય		કર્તૃપદ
	ક્રિયા	પૂરક	
ચોપડી	લખી		મેં
ચોપડી	લખાઈ		મારાથી
જવાનું	જવાયું નહિ (થયું નહિ)		તેનાથી

કર્તૃપદનું નવું ખાનું ન પાડીએ અને સામાન્ય રીતે જે ખાનાં પડાય છે તેનોજ ઉપયોગ કરીએ તો ઉપર જે શબ્દો 'કર્તૃપદ'ના

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ખાનામાં મૂકયા છે તે 'વિધેયવર્ધક'ના ખાનામાં આવશે. જેમકે,

ઉદ્દેશ્ય	વિધેય		વિધેયવર્ધક
	ક્રિયા	પૂરક	
ચોપડી	લખી		મેં
ચોપડી	લખાઈ		મારાથી
(જવાનું)	જવાયું નહિ (થયું નહિ)		તેનાથી

વાકયના પ્રકાર—વાક્યના પ્રકાર નીચે પ્રમાણે છે—

૧. સાદું વાકચ; ૨. મિશ્ર વાકચ; ૩. સંયુક્ત વાકચ.

સાદું વાકય—જે વાક્યમાં એકજ ક્રિયાપદ હોય છે તે **સાદું વાકય** છે. એ વાકય એકજ હોય છે અને સ્વતન્ત્ર હોય છે.

દાખલા:—

નારાયણ હમેશ સારા કામમાં નિમગ્ન રહે છે.

વિદ્વાનોની સાથે વાતચિતથી પરમ સુખ પ્રાપ્ત થાય છે.

મિશ્ર વાકય—એક મુખ્ય વાક્ય અને એક કે વધારે ગૌણ વાક્યોનું જે વાક્ય બને છે તે **મિશ્ર વાકય** કહેવાય છે.

દાખલા:—

૧. તેણે મુનિને કહ્યું, ભગવન્ ! હું તમારે શરણે આવ્યો છું.

તેણે મુનિને કહ્યું—મુખ્ય કે પ્રધાન વાકચ (કેમકે બીજા વાક્યનો આધાર એ વાક્ય પર છે; બીજું વાકચ 'કહ્યું'નું કર્મ છે). એ સ્વતન્ત્ર વાક્ય છે.

હું તમારે શરણે આવ્યો છું—ગૌણ વાકય.

૨. તે જ્યાં જાય છે ત્યાં આનંદ ભોગવે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે આનન્દ ભોગવે છે—મુખ્ય વાક્ય

જ્યાં જાય છે ત્યાં—ગૌણ વાક્ય.

૩. જેને જેને જુઓ તેના પ્રતિ દીન વાણી મા વદો.

તેના પ્રતિ દીન વાણી મા વદો—મુખ્ય વાક્ય.

જેને જેને જુઓ—ગૌણ વાક્ય.

૪. તે ક્યારે કામ પૂરૂં કરી રહેશે તેની મને સમજણ પડતી નથી.

તેની મને સમજણ પડતી નથી—મુખ્ય વાક્ય.

તે ક્યારે કામ પૂરૂં કરી રહેશે—ગૌણ વાક્ય.

૫. ઉદ્યમ નહિ કરો તો ફળ ક્યાંથી પ્રાપ્ત કરશો?

(તમે) ફળ ક્યાંથી પ્રાપ્ત કરશો?—મુખ્ય વાક્ય.

ઉદ્યમ નહિ કરો તો—ગૌણ વાક્ય.

૬. બુદ્ધિમાન્ પુરુષ બુદ્ધિબળ પર વિશ્વાસ રાખી ઓછો ઉદ્યોગ કરે કે ઉદ્યોગનો તિરસ્કાર કરે તો અન્તે તેને માલમ પડશે કે સાધારણ બુદ્ધિવાળા પણ ઉદ્યોગી પુરુષથી તેનો પરાભવ થાય છે.

અન્તે તેને માલમ પડશે—મુખ્ય વાક્ય.

(કે) સાધારણ બુદ્ધિવાળા પણ ઉદ્યોગી પુરુષથી તેનો પરાભવ થાય છે—ગૌણ વાક્ય.

(જો) બુદ્ધિમાન્ પુરુષ બુદ્ધિબળ પર વિશ્વાસ રાખી ઓછો ઉદ્યોગ કરે—ગૌણ વાક્ય.

(કે) (જો) (તે) ઉદ્યોગનો તિરસ્કાર કરે—ગૌણ વાક્ય.

સંયુક્ત વાક્ય—જે વાક્યમાં ઓછાંમાં ઓછાં બે સ્વતન્ત્ર વાક્ય હોય અને ગૌણ વાક્ય હોય કે ન હોય તે **સંયુક્ત વાક્ય** કહેવાય છે.

સ્વતન્ત્ર વાક્યો ચારમાંથી એક રીતે જોડાયલાં હોય—

(૧) સંયોજક ઉભયાન્વયી અવ્યયથી,

(૨) વિરોધવાચક ઉભયાન્વયી અવ્યયથી,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(૩) કાર્યકારણભાવવાચક શબ્દથી,

(૪) વિકલ્પવાચક ઉભયાન્વયી અવ્યયથી.

તેના દાખલા નીચે પ્રમાણે છે:—

(૧) મનુષ્ય ધારે છે કંઈ **અને** થાય છે કંઈ.

મનુષ્ય ધારે છે કંઈ—સ્વતન્ત્ર વાક્ય.

(અને) થાય છે કંઈ—સ્વતન્ત્ર વાક્ય.

(૨) તે છોકરો 'બાળપોથી' વાંચી શકે છે, **પણ** અક્ષરો બરાબર લખી શકતો નથી.

તે છોકરો 'બાળપોથી' વાંચી શકે છે–સ્વતન્ત્ર વાક્ય.

(પણ) તે અક્ષરો બરાબર લખી શકતો નથી–સ્વતન્ત્ર વાક્ય.

(૩) તે હમેશ સાચું બોલે છે અને તે પ્રમાણે વર્તે છે, તેથી સર્વ તેના પર વિશ્વાસ રાખે છે.

(અ) તે હમેશ સાચું બોલે છે–સ્વતન્ત્ર વાક્ય (કારણવાચક)

(અને) (તે) તે પ્રમાણે વર્તે છે–સ્વતન્ત્ર વાક્ય (કારણવાચક) (ઉપલા વાક્ય સાથે સહગામી).

(તેથી) સર્વ તેના પર વિશ્વાસ રાખે છે–સ્વતન્ત્ર વાક્ય (કાર્યવાચક)

(આ) સર્વ તેના પર વિશ્વાસ રાખે છે; કારણ કે તે હમેશ સાચું બોલે છે અને તે પ્રમાણે વર્તે છે.

સર્વ તેના પર વિશ્વાસ રાખે છે—સ્વતન્ત્ર વાક્ય (કાર્યવાચક)

(કારણ કે) તે હમેશ સાચું બોલે છે—સ્વતન્ત્ર વાક્ય (કારણવાચક)

(અને) (તે) તે પ્રમાણે વર્તે છે—સ્વતન્ત્ર વાક્ય (કારણવાચક) (ઉપલા વાક્ય સાથે સહગામી)

(૪) હું દેહ પાડીશ કે કાર્ય સાધીશ.

હું દેહ પાડીશ—સ્વતન્ત્ર વાક્ય.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

(કે) (હું) કાર્ય સાધીશ—સ્વતન્ત્ર વાક્ય.

ઉપલાં વાક્યોમાં બે કે વધારે સ્વતન્ત્ર વાક્યો છે. એ વાક્યોની સાથે ગૌણ વાક્યો નથી. નીચેના દાખલામાં ગૌણ વાક્ય સાથે સ્વતન્ત્ર વાક્યો છે—

'હોય કાષ્ટપેં કઠિણ પાષાણ, પાષાણપેં કઠિણ લોહ નિર્વાણ;
લોહપેં કઠણ વજ્ર, લોક વદે, પણ વજ્રપેં કઠણ મુજ હદે.'

(પ્રેમા૦ 'રણયજ્ઞ,' કડ૦ ૧૯)

(અ) લોક વદે (વદે છે) કે કાષ્ટપેં (કાષ્ટથી) પાષાણ કઠિણ હોય (હોય છે), પાષાણપેં લોહ નિર્વાણ (નક્કી) કઠિણ (છે), (અને) લોહપેં વજ્ર કઠણ (છે)—સ્વતન્ત્ર વાક્ય.

(આ) પણ મુજ હદે વજ્રપેં કઠણ (છે)—સ્વતન્ત્ર વાક્ય.

(અ) સ્વતન્ત્ર વાક્યમાં એક મુખ્ય વાક્ય ને ત્રણ ગૌણ વાક્યો છે, તે નીચે પ્રમાણે—

લોક વદે—મુખ્ય વાક્ય.

(કે) કાષ્ટપેં પાષાણ કઠિણ હોય—ગૌણ વાક્ય.

પાષાણપેં લોહ કઠિણ નિર્વાણ (છે)—ગૌણ વાક્ય.

લોહપેં વજ્ર કઠણ (છે)—ગૌણ વાક્ય.

(આ) સ્વતન્ત્ર વાક્ય છે—

(પણ) વજ્રથી કઠણ મુજ હદે (છે)—સ્વતન્ત્ર વાક્ય.

પ્રકરણ ૨૭ મું

ઉદ્દેશ્યવર્ધક અને વિધેયવર્ધક

ઉદ્દેશ્ય માટે કર્તૃશબ્દ અશુદ્ધ—આગલા પ્રકરણમાં સમજાવ્યું તે પ્રમાણે વાક્યમાં જેના સંબંધનું વિધાન થયું હોય તે ઉદ્દેશ્ય છે; કેમકે તેને ઉદ્દેશીને—અભિલક્ષીને વિધાન થયું છે. અર્થાત્, ક્રિયાપદના પ્રત્યયથી

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જેનું અભિધાન થાય તે ઉદ્દેસ્ય. આ પ્રમાણે કર્તરિ રચનામાં કર્તા, કર્મણિમાં કર્મ, અને ભાવેમાં ભાવ ઉદ્દેશ્ય છે. ઉદ્દેશ્યને માટે કર્તા શબ્દ વાપરવો એ કેવો ખોટો છે તે હવે સમજાશે.

ઉદ્દેશ્ય તરીકે વપરાતા શબ્દ કે વાક્ય—ઉદ્દેસ્ય તરીકે શું શું આવી શકે છે તેનો પ્રથમ વિચાર કરીએ. ઉદ્દેસ્ય તરીકે નામ કે નામની પેઠે વપરાયલા શબ્દો આવે છે તે નીચે પ્રમાણે—

૧. નામ—

નારાયણ બેઠો બેઠો વાંચે છે.

૨. સર્વનામ—

તે નિયમસર કામ કરે છે.

૩. વિશેષણ નામ તરીકે વપરાયલું—

સાચું સર્વને ગમે છે.

૪. કૃદન્ત નામ તરીકે વપરાયલું—

કહેવું સહેલું છે, **કરવું** અઘરૂં છે. તેનું **બોલ્યું** વામાં ગયું.

૫. અવ્યય નામ તરીકે વપરાયલું—

એમ તમને શોભતું નથી.

૬. વાક્ય નામ તરીકે વપરાયલું—

તમે આમ કરો, એ ઠીક નહિ.

'એ'ની સાથે વાક્ય સમાનાધિકરણ છે.

ઉદ્દેશ્યવર્ધક—ઉદ્દેશ્યનો વધારો વિશેષણથી કે વિશેષણ તરીકે વપરાયલા શબ્દોથી કે વાક્યોથી થાય છે.

દાખલાઃ—

૧. સમાનાધિકરણ શબ્દથી—

અકબર બાદશાહ હિંદુ ને મુસલમાનો પ્રતિ સમાન ભાવે વર્તતો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૨. વિશેષણથી—

આ વિશાળ નગરી ઘણી રમ્ય છે.

૩. વિશેષણવિભક્તિવાળા નામથી કે સર્વનામથી—

રાજાની પ્રીતિ સર્વદા ટકતી નથી.

તેનો ઉપદેશ હિતકારક હતો.

૪. વિશેષણ તરીકે વપરાયલા શબ્દથી—કૃદન્તથી કે અવ્યયથી—

ગયલી તક ફરી આવતી નથી.

ઉદ્યમ **કરનાર** પુરુષ કંઈ પણ ફળ મેળવે છેજ.

'ગુમાનના ટકોરા ન વેઠાવાથી સૌ કોઈ **આવ્યું જતું** રહેતું.' (૭મી ચો૦, પાઠ ૧૪)

આસપાસની જગા ઘણી સુંદર છે.

તેનું **યથાસ્થિત** વર્ણન થઈ શકતું નથી.

અવ્યયીભાવ સમાસ, માટે અવ્યય; અહિં વિશેષણ છે.

૫. વિશેષણવાક્યથી—

જેઓ ક્રોધી હોય છે તેઓ ન કરવાનું કરે છે.

૬. ઉપલા કેટલાક એકઠા થયલા કે સંકીર્ણ થયલા શબ્દોથી—

'**પાણી ઉપર તરતાં કે નીચે સંતાઈ રહેલાં વહાણોમાં રાખેલા દારૂગોળાથી શત્રુનાં વહાણોનો નાશ કરવાનો** વિચાર કંઈ સાંપ્રત કાળનો નથી.' (૭મી ચો૦, પા૦ ૫૨)

'**પવિત્ર, વીર, સ્ત્રી** અહલ્યાબાઈ, મલ્હારરાવ હોલકરના પુત્ર ખંડેરાવની વિધવા હતી.' (૭મી ચો૦, પા૦ ૨૯)

'**તેણે બહુ પ્રયાસે ભેગી કરેલી, તેની સર્વ** દોલત, **તેને પ્રાણસમાન હતી તે** ક્ષણમાં ચાલી ગઈ.'

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિધેય શું શું હોય છે—વિધેય એટલે વાકયમાં જેનું વિધાન કર્યું હોય—જે કંઈ કહેવામાં આવ્યું હોય તે. તે યાતો એકલું ક્રિયાપદ હોય છે અથવા તો ક્રિયાપદ અને ક્રિયાપૂરક શબ્દોનું બનેલું હોય છે. વાકયમાં પૂર્ણક્રિયાવાચક અકર્મક ક્રિયાપદ હોય છે ત્યારે વિધેય તે ક્રિયાપદનુંજ બનેલું હોય છે, ક્રિયાપૂરક શબ્દ હતા નથી; કેમકે ક્રિયાપદમાં ક્રિયાનો અર્થ પૂરો છે, તેથી તેની પછી કોઈ શબ્દની આકાંક્ષા રહેતી નથી. જેમકે,

મગન ઊંઘે છે,

છોકરો બેઠો છે,

ગાય જાય છે,

બાળક ઊંઘતું નથી,

વગેરેમાં વિધેય અકર્મક ક્રિયાપદ હોવાથી અને તેમાં ક્રિયાનો અર્થ પૂર્ણ હોવાથી તે એકલું ક્રિયાપદનું બનેલું છે. નિષેધવાચક શબ્દ ક્રિયાપદની સાથેજ લેવાય છે.

સકર્મક ક્રિયાપદમાં ક્રિયાપદની પહેલાં કર્મ આવે છે, ત્યારેજ ક્રિયાનો અર્થ પૂરો થાય છે. આ કારણથી, વિધેય સકર્મક ક્રિયાપદ હોય છે ત્યારે તે ક્રિયાપદ અને કર્મનું બનેલું હોય છે. દ્વિકર્મક ક્રિયાપદોમાં ક્રિયાપદ અને બે કર્મોનું વિધેય બનેલું હોય છે; આવાં ક્રિયાપદોમાં કર્મ ક્રિયાનો અર્થ પૂરો કહે છે; ક્રિયાપૂરક ને કર્મ એ બે એક છે. જેમકે,

૧. ગાય ઘાસ ચરે છે.

૨. છોકરો દાખલા ગણે છે.

૩. ગુરુ શિષ્યને સન્માર્ગ દર્શાવે છે.

૪. માતા બાળકને વાર્તા કહે છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ ઉપલાં વાક્યોનું પૃથક્કરણ નીચે પ્રમાણે થાય છે—

ઉદ્દેશ્ય	વિધેય	
	ક્રિયા	પૂરક
ગાય	ચરે છે	ઘાસ
છોકરો	ગણે છે	દાખલા
ગુરુ	દર્શાવે છે	૧. સન્માર્ગ (પ્રધાન કર્મ) ૨. શિષ્યને (ગૌણ કર્મ)
માતા	કહે છે	૧. વાર્તા (પ્રધાન કર્મ) ૨. બાળકને (ગૌણ કર્મ)

પરંતુ કેટલાંક અકર્મક ક્રિયાપદનો અર્થ અપૂર્ણ હોય છે અને તે પૂરો કરવા તેની પછી કેટલાક શબ્દ વાપરવાની જરૂર પડે છે. આવાં ક્રિયાપદ અપૂર્ણક્રિયાવાચક કહેવાય છે. એકનું એક ક્રિયાપદ અમુક અર્થમાં પૂર્ણક્રિયાવાચક અને અમુક અર્થમાં અપૂર્ણક્રિયાવાચક હોય છે, તેના દાખલા નીચે આપ્યા છે.

પૂર્ણક્રિયાવાચક	અપૂર્ણક્રિયાવાચક
ઈશ્વર છે.	ચોપડી ટેબલ પર છે.
તે એને ઠીક **બને** છે.	તે દિવસે તે **મૂર્ખ બન્યો.**

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

હવે કિનારો **દેખાય** છે—

જણાય છે. (નજરે પડે છે.) સામે કિનારેથી તે શહેર સુંદર દેખાય-જણાય છે.

આ વાતને એક વર્ષ **થયું**. તે હોશિયાર થયો છે.

ઘી ઠર્યું છે. તે પ્રધાન ઠર્યો છે.

પ્રાચીન કાળમાં બાળલગ્નનો રિવાજ **ન હતો.** તે ઘરમાં ન હતો.

કેટલાંક સકર્મક ક્રિયાપદ પણ અપૂર્ણક્રિયાવાચક છે.

દાખલા:—

રાજાએ **તેને પ્રધાનપદે** નીમ્યો. ('તેને' કર્મ, 'પ્રધાનપદે' ક્રિયાપૂરક)

પુત્રનું વર્તન જોઈ પિતાએ **તેને મૂર્ખ** ગણ્યો-માન્યો-વિચાર્યો-કહ્યો. ('તેને' કર્મ, 'મૂર્ખ' ક્રિયાપૂરક).

તે લોકમાં **સારો** કહેવાય છે-ગણાય છે-ધરાય છે-મનાય છે.

મેં **તેને ગાતાં** સાંભળ્યો. ('તેને' કર્મ, 'ગાતાં' ક્રિયાપૂરક).

તેણે **તેને દુ:ખી** કર્યો નથી. ('તેને' કર્મ, 'દુ:ખી' ક્રિયાપૂરક).

ક્રિયાપૂરક શું શું હોય છે—ક્રિયાપૂરક શબ્દો નામ, વિશેષણ, કે અવ્યય હોય છે. જેમકે,

ઍકાપૂલકો **શહેર** છે.

આ મકાન **રમણીય** દેખાય છે.

ભાઈ ઉ**પર** છે.

ક્રિયાપૂરક: કર્મ: વિધેયવર્ધક—ક્રિયાપૂરક શબ્દ કર્મ હોય છે. ત્યારે જેવી રીતે ઉદ્દેશ્યના અર્થમાં વિશેષણાદિ શબ્દોથી વૃદ્ધિ થાય છે, તેવી રીતે તેના અર્થમાં પણ થાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

દાખલા:—

કામને લીધે હું **દિલ્હી** શહેર જોઈ શક્યો નહિ. (સમાનાધિકરણ શબ્દ)

આટલું બધું કામ હું એકલો કરવાનો નથી. (વિશેષણ)

અપરાધને માટે ગુરુ **પોતાના** શિષ્યને નિન્દે છે. (વિશેષણવિભક્તિ)

પોતાની સઘળી ઇમારત **બળી જતી** તે નજરે જુએ છે. (કૃદન્ત)

ગુરુની આજ્ઞા તોડવાથી તે કેવો સુખી થાય છે, તે તમે જોશો. (નામવાક્ય, 'તે' સાથે સમાનાધિકરણ)

વિધેયવર્ધક—વિધેયના અર્થમાં વધારો કરનાર શબ્દો કે વાક્યો હોય છે અને તે કાળ, સ્થળ, રીત, કે કાર્યકારણ વગેરે દર્શાવે છે. તેના દાખલા નીચે આપ્યા છે—

મુંબઈથી તમે **ક્યારે** આવ્યા? ('મુંબઈથી'–સ્થળવાચક; 'ક્યારે' કાળવાચક)

તમે **કેમ સાંજે** ફરવા જતા નથી? ('કેમ'–કારણવાચક; 'સાંજે' કાળવાળક)

હમણાં તો તે **સારો** ચાલે છે. (રીતિવાચક)

જ્યારે તે આનન્દમાં હોય છે ત્યારે ઉત્તમ કાવ્ય બનાવે છે. ('બનાવે છે'નું વર્ધક; કાળવાચક)

માબાપની આજ્ઞા નહિ માનો તો દુઃખ પામશો. ('પામશો'-નું વર્ધક; સંકેતવાચક)

પ્રકરણ ૨૮ મું

ગૌણ વાક્ય

ગૌણ વાક્ય : પ્રકાર—જે વાક્યો સ્વતન્ત્ર નથી, પરંતુ બીજા વાક્યના કોઈ પણ શબ્દ સાથે જોડાયલાં છે, તે **ગૌણ વાક્ય** કહેવાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

એ ત્રણ પ્રકારનાં છે—૧. નામવાક્ય; ૨. વિશેષણવાક્ય; ૩. ક્રિયાવિશેષણવાક્ય.

નામવાક્ય—જે વાક્ય નામ તરીકે વપરાય છે, અર્થાત્, બીજા વાક્યમાં આવેલા કોઈપણ ક્રિયાપદ સાથે કારકસંબંધથી જોડાયલાં છે કે કોઈ નામ કે સર્વનામ સાથે સમાનાધિકરણ છે તે **નામવાક્ય** કહેવાય છે.

દાખલાઃ—

મારો મિત્ર આ વખતે ઘેર હશે કે નહિ તે હું જાણતો નથી. ('તે' સાથે બંને વાક્યો સમાનાધિકરણ છે, 'જાણતો નથી'નાં કર્મ; 'મારો...હશે' કે 'મારો મિત્ર...નહિ હશે' એ વાક્યો છે).

પાણી ગરમ છે ને ઠંડું છે એ તમારૂં વચન પરસ્પર વિરુદ્ધ છે. (બે નામવાક્યો. 'એ' સાથે સમાનાધિકરણ; 'છે'ના કર્તા).

તમારે એટલું ભૂલવું નહિ કે **સત્યનો હમેશ જય છે.** ('એટલું' સાથે સમાનાધિકરણ; 'ભૂલવું નહિ'નું કર્મ)

તેણે કહ્યું, **આવું કામ મારાથી કદી બનનાર નથી.** ('કહ્યું'નું કર્મ)

તેનું માનવું એવું હતું કે **તે પુરુષ વિજય પામશે.** ('એવું' સાથે સમાનાધિકરણ, તેથી ક્રિયાપૂરક)

ગુરુએ શિષ્યને પૂછ્યું, **તમારાથી આ ઉપસિદ્ધાન્ત સિદ્ધ થશે કે?** ('પૂછ્યું'નું પ્રધાન કર્મ)

વિશેષણવાક્ય—જે વાક્ય વિશેષણની પેઠે વપરાય છે, અર્થાત્, બીજા વાક્યમાં આવેલા કોઈ નામનો ગુણ બતાવે છે, તે **વિશેષણવાક્ય** કહેવાય છે.

દાખલાઃ—

આપત્તિને સમયે મદદ કરે તેને ખરો મિત્ર જાણવો. ('તેને'નો ગુણ બતાવે છે. 'જે' અધ્યાહૃત છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વિશેષણવાક્યનો સંબંધ—વિશેષણવાક્ય ઉદ્દેશ્ય, કર્મ, ક્રિયાપૂરક, કે વિધેયવર્ધક સાથે વિશેષણના સંબંધથી જોડાયલું હોય છે.

દાખલા:—

જે ઇન્દ્રિયોને જીતે છે તે ખરો બ્રહ્મચારી છે. ('તે' ઉદ્દેશ્ય વિશેષ્ય છે.)

અમારા ઉદ્યોગથી જે ફળ ઉપજ્યું છે તે એ ભોગવે છે. ('તે' કર્મ વિશેષ્ય છે.)

તમે મને વાપરવા સારૂ આપ્યું હતું તેજ આ પુસ્તક છે. ('તેજ' વિશેષ્ય છે, 'તેજ' ક્રિયાપૂરક છે.)

વર્ષો જેવા લાંબા લાગ્યા છે એવા ઘણા દિવસથી મને તમારો પત્ર મળ્યો નથી. ('દિવસથી' વિશેષ્ય; 'મળ્યો નથી'નો વર્ધક છે; વિશેષ્ય વિધેયવર્ધક છે.)

ક્રિયાવિશેષણવાક્યઃ પ્રકાર—જે વાક્ય ક્રિયાવિશેષણ તરીકે વપરાય છે એટલે બીજા વાક્યમાં આવેલા ક્રિયાપદનું કે કૃદન્તનું વિશેષણ હોય છે તે **ક્રિયાવિશેષણવાક્ય** કહેવાય છે. તે કાળ, સ્થળ, રીતિ, કે કાર્યકારણ વગેરે સંબંધ દર્શાવે છે.

દાખલા:—

જેમ પિતા પુત્રના કલ્યાણની ચિન્તા રાખે છે, તેમ રાજાએ પ્રજાના હિતની ચિન્તા રાખવી જોઈએ. (રીતિવાચક; 'રાખવી જોઈએ'નું વિશેષણ)

જ્યારે મુંબઈ જાઓ ત્યારે મારે માટે આ બે પુસ્તક લાવજો. (કાળવાચક; 'લાવજો'નું વિશેષણ)

તે જ્યાં જાય છે ત્યાં સન્માન પામે છે. (સ્થળવાચક)

વિશેષણવાક્ય ને ક્રિયાવિશેષણવાક્યનો ભેદ દર્શાવનારાં બે વાક્યો નીચે આપ્યાં છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

જ્યારે દેશમાં ધર્મનો ઉદય થાય છે ત્યારેજ દેશનો ઉદય થાય છે. (કાળવાચક. 'ત્યારે'નું સાપેક્ષ; 'થાય છે'નું—'દેશનો ઉદય થાય છે'માંના 'થાય છે'નું—વિશેષણ).

દેશમાં ધર્મનો ઉદય થાય છે તે સમયે દેશનો ઉદય થાય છે. ('સમયે'નું વિશેષણ હોવાથી વિશેષણવાક્ય).

ઉદ્યોગ નહિ કરો તો ફળ ક્યાંથી મેળવશો? (સંકેતવાચક; 'મેળવશો'નું વિશેષણ)

તમે આવશો તે પહેલાં હું મારા કામમાંથી મુક્ત થવાની આશા રાખું છું. (કાળવાચક; 'તે પહેલાં' સાથે જોડાયલું છે; 'તે પહેલાં' 'રાખું છું'નું વિશેષણ)

તે ગમે તેવાં વચન આપે છે તોપણ તેના પર કોઈ ભરોસો રાખતું નથી. (કારણવાચક; 'રાખતું નથી'નું વિશેષણ. વાક્યમાંથી અનાદરનો અર્થ નીકળે છે; કારણ છે છતાં કાર્ય થતું નથી.)

માબાપને દેવસમાન ગણો એટલે તમે સુખી થશો. (કારણ-વાચક; 'થશો'નું વિશેષણ).

તે એવો તો નિયમિત ઉદ્યોગ કરે છે કે તેને વિજય મળ્યા વિના રહેનાર નથી. (અંશવાચક; 'મળ્યા વિના રહેનાર નથી'નું વિશેષણ)

કેટલાંક ગુંચવણીઆં વાક્યોના પૃથક્કરણના ખુલાસા—

૧. તેને આજ મુંબઈ જવું છે—ભાવે પ્રયોગ છે. 'જવું છે'માં ઉદ્દેશ્ય સમાયલો છે; 'જવું છે'=જવાનું છે. 'તેને' કર્તૃવાચક ચતુર્થી છે.

૨. તેને બહુ નુકસાન થયું—'તેને' ચતુર્થી ષષ્ઠીના અર્થમાં છે, 'થયું'ની સાથે સંબંધ દર્શાવે છે.

૩. તારાથી કામ થયું નહિ—'થયું'=કરાયું; કર્મણિ જેવું છે.

૪. મહારાજ! કૃપા કરો—સંબોધન કર્તૃપદનું વિશેષણ છે એમ સમજવાનું છે. મહારાજ=મહારાજ તરીકે આમન્ત્રાયલા તમે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૫. તેને ઘણું દુઃખ વેઠવું પડ્યું—'પડ્યું'—જરૂરનું થયું. 'વેઠવું' કર્તા છે. એ સામાન્ય કૃદન્ત છે અને નામ તરીકે વપરાયું છે. ધાતુ સકર્મક હોવાથી 'દુઃખ' એનું કર્મ છે. 'તેને' ચતુર્થીમાં છે; ચતુર્થી કર્તૃવાચક છે, 'વેઠવું'નો કર્તા છે. એનો સંબંધ 'પડ્યું' સાથે પણ લઈ શકાય.

૬. મનુષ્યે ઉદ્યોગ કરવો જોઈએ—'જોઈએ'–જરૂરનો છે, युज्यते પરથી થયું છે. युज्यते=–ને ઘટે છે;—ની અપેક્ષા છે, જરૂર છે.

૭. તેને બંગાળી વાંચતાં આવડે છે—'તેને—ચતુર્થી ષષ્ઠીના અર્થમાં છે, 'આવડે છે'ની સાથે સંબંધ બતાવે છે.

૮. મને તે યાદ આવ્યા વિના રહેતું નથી=નક્કી યાદ આવે છે. 'યાદ'=યાદદાસ્તીમાં; 'આવ્યા'—કૃદન્ત નામ; ષષ્ઠી.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ વાક્યોનું પૃથક્કરણ નીચે દર્શાવ્યું છે.

	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	વિધેય		વિધેયવર્ધક
			ક્રિયા	પૂરક	
૧	(જવાનું)		જવું છે (છે)		૧. તેને (કર્તૃવાચક) ૨. આજ (કાળવાચક) ૩. મુંબઈ (સ્થળવાચક)
૨	નુકસાન	બહુ	થયું		તેને (સંબંધવાચક)
૩	કામ	આ	થયું નહિ		તારાથી (કર્તૃવાચક)
૪	(તમે)	મહારાજ (મહારાજ તરીકે આમન્ત્રાયલા)	કરો	કૃપા (કર્મ)	
૫ અથવા	ઘણું દુઃખ વેઠવું ,,	તેને (કર્તૃવાચક)	પડ્યું ,,		તેને (સંબંધવાચક)
૬	ઉદ્યોગ કરવો	તેણે (કર્તૃવાચક)	જોઈએ		
૭	બંગાળી વાંચતાં		આવડે છે		તેને (સંબંધવાચક)
૮	તે		યાદ આવ્યા વિના રહેતું નથી		મને (કર્તૃવાચક)

વાક્યપૃથક્કરણનો નમુનો—

'વળી ઠેકાણે ઠેકાણે નાની નાની નદીઓ વહેતી હતી અને જ્યારે તેઓ ઉંચી જગાએથી ઉતરતી, અને પથરાઓ ઉપર અથડાતી, નાના છોડવા તથા ફૂલોને છૂંદતી, તથા પહાડોના ઘસારાથી પડેલા નાના કાંકરાઓમાં રમતી આગળ ચાલતી, ત્યારે તેમની સ્થિતિ જોઈને આપણને આપણી બાલ્યાવસ્થા યાદ આવ્યા વિના રહેતી નહિ.'

('કરણઘેલો'–૭મી ચો૦, પા૦ ૬)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

વાક્ય વળી ઠેકાણે ઠેકાણે ......રહેતી નહિ	પ્રકાર સંયુક્ત	સંયોજક	ઉદ્દેશ્ય	ઉદ્દેશ્યવર્ધક	વિધેય ક્રિયા	 ક્રિયાપૂરક	વિધેયવર્ધક
૧. વળી ઠેકાણે ઠેકાણે ......વહેતી હતી	સાદું (સ્વ-(તન્ત્ર	વળી (ઉપલા વાક્ય સાથે જોડે છે)	નદીઓ	નાની નાની	વહેતી હતી		ઠેકાણે ઠેકાણે (સ્થળવાચક)
૨. અને જ્યારે તેઓ ઉંચી જગાઓથી... ......રહેતી નહિ	મિશ્ર	અન ૧. (વાક્ય સાથે જોડે છે)	બાલ્યાવસ્થા	આપણી	યાદ આવ્યા વિના રહેતી નહિ (નક્કી યાદ આવતી)		૧. આપણને (કર્તૃવાચક) ૨. જ્યારે તેઓ...ઉતરતી (કાળવાચક); ૩. જ્યારે તેઓ પથરા પર અથડાતી ૪. જ્યારે તેઓ...છૂંદતી ૫. જ્યારે તેઓ પહાડોના ...ચાલતી (કાળવાચક)
૩. જ્યારે તેઓ... ઉતરતી	ક્રિયા-વિશેષણ	જ્યારે	તેઓ		ઉતરતી		ઉંચી જગાએથી (સ્થળવાચક)
૪. જ્યારે તેઓ... અથડાતી	ક્રિયાવિ૰ ૩. સાથે સહગામી	,,	તેઓ		અથડાતી		પથરાઓ ઉપર (સ્થળવાચક)
૫. ....નાના ....છુંદતી	,,	,,	,,		છૂંદતી	નાના છોડવાને (કર્મ) ફૂલોને (કર્મ)	.
૬. તથા પહાડોના ....ચાલતી	,,	તથા (૫. સાથે જોડે છે)	,,	પહાડોના ધસારાથી પડેલા...રમતી	ચાલતી		આગળ (સ્થળવાચક)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રકરણ ૨૯ મું

વિરામચિહ્ન

વિરામચિહ્ન: તેની આવશ્યકતા—અમુક વિષય ઉપર આપણે આપણા વિચાર મોંએ દર્શાવીએ છીએ કે લખાણમાં મૂકીએ છીએ ત્યારે પ્રથમ તો તે વિષયના જુદા જુદા મુદ્દાઓ નક્કી કરીએ છીએ અને પછી તે દરેક પર વિવેચન કરીએ છીએ. એ મુદ્દા વિષે થોડું લખવું હોય તો એ જુદા જુદા પરિચ્છેદમાં (પૅરેગ્રાફમાં) આવે છે. પરંતુ આપણા વિચારો વિસ્તારથી પુસ્તકના આકારમાં દર્શાવવા હોય તો એ મુદ્દામાંના દરેકને વિષે એક કે વધારે પ્રકરણ રચીએ છીએ અને પ્રકરણમાંના વિચારોના પણ એ પ્રમાણે વિભાગ કરી તેને પરિચ્છેદમાં દર્શાવીએ છીએ. દરેક પરિચ્છેદમાં આપેલા સંપૂર્ણ વિચારો એક બીજા સાથે જોડાયલા હોય છે તેને છૂટા પાડીએ છીએ અને તે દરેક વિચારમાં પણ જે જે પદો વ્યાકરણની દૃષ્ટિએ બીજાં પદોથી જુદાં પાડી શકાય છે તેને ભાષણમાં તેમજ લખાણમાં જુદાં પાડીએ છીએ. આ પ્રમાણે ભાષણ કરવામાં તેમજ લખાવામાં અનેક વિભાગો કરવાની અને તે સ્થળે ભાષણમાં અટકવાની અને લખાણમાં તે દર્શાવવાની જરૂર પડે છે. ભાષણકર્તા તો જ્યાં અટકવાની કે વિચારોને જુદા બોલવાની જરૂર જુએ છે ત્યાં પોતે બોલીને તે દર્શાવી શકે છે. પરંતુ ગ્રન્થકારને આ વિશ્રાન્તિસ્થળો દર્શાવવા અમુક ચિહ્નો વાપરવાં પડે છે. વિશ્રાન્તિસ્થળોનાં ચિહ્નોને **વિરામચિહ્ન** કહે છે. ભાષણ-કર્તાના ને ગ્રન્થકારના વિરામ લેવાના હેતુ સર્વત્ર સરખા હોતા નથી. ભાષણકર્તા પોતાના ભાષણને સુસ્પષ્ટ અને જુસ્સાદાર બનાવવા ઘણે સ્થળે અટકે છે તેમજ બોલવાની ધાટી પણ બદલે છે. ગ્રન્થકર્તા વિરામચિહ્નનોજ ઉપયોગ કરી શકે છે; સ્વરભેદ કરી શકતો નથી.

વિરામચિહ્નો—વિરામચિહ્નો નીચે પ્રમાણે છે—

૧. પૂર્ણ વિરામ (.); ૨. પ્રશ્નચિહ્ન (?); ૩. ઉદ્ગારચિહ્ન (!);

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૪. અલ્પ વિરામ (,); ૫. અર્ધ વિરામ (;); ૬. મહાવિરામ (:); ૭. અવતરણચિહ્ન (" " કે ' '); ૮. વિગ્રહરેખા (-); ૯. ગુરુ-રેખા (—); ૧૦. કૌંસ ( ); { }; [ ].

પૂર્ણ વિરામ—વિચાર પૂરો દર્શાવાય છે ત્યારે વાક્ય બને છે. વાક્યને અન્તે પૂર્ણ વિરામનું ચિહ્ન મુકાય છે. ત્યાં પૂરેપૂરો વિરામ લેવાનો છે એવું એ ચિહ્ન દર્શાવે છે, માટે એને પૂર્ણ વિરામ કહે છે.

દાખલા:—

"બીજા વિષયો કરતાં ઇતિહાસ ને ભૂગોળના વિષયોથી કલ્પના-શક્તિ વિશેષ કેળવાય છે. એ વિષયોનું શિક્ષણ બહુ બાલ્યાવસ્થામાં કરવું નહિ." (ગ્રન્થકર્તાનું "શિક્ષણશાસ્ત્ર")

એવુંજ ચિહ્ન સંક્ષિપ્ત વચનો બતાવનાર અક્ષરો પછી મુકાય છે.

દાખલા:—

એ. વ.=એકવચન	મુ. કે મુ.=મુકામ
ત્રી. પુ.=ત્રીજો પુરુષ	તા.=તારીખ
બી. એ.=બૅચેલર ઑવ્ આર્ટ્સ	તા. ક.=તાજા કલમ
રા. રા.=રાજમાન રાજશ્રી	

પૂર્ણ વિરામનું ચિહ્ન પૂર્ણ વાક્યને અન્તેજ મુકાય છે. પ્રકરણના મથાળાના શબ્દોથી કે પાનાં પરનાં મથાળાંથી પૂર્ણ વાક્ય બનતાં ન હોય તો ત્યાં એ ચિહ્ન મૂકવું યુક્ત નથી. હાલનાં છેલ્લાં પ્રસિદ્ધ થયલાં શિષ્ટ અંગ્રેજી પુસ્તકોમાં એવે સ્થળે પૂર્ણ વિરામ મૂકવાની પ્રાચીન અન્યાય્ય પદ્ધતિ અનુસરાતી નથી.

દાખલા:—

પ્રસ્તાવના	વર્ણવિચાર
પ્રકરણ ૧લું	નામવિચાર
પ્રકરણ ૨જું	

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧, ૨, અ, આ, એવા નિયમોના સંખ્યાસૂચક આંકડાઓની કે વર્ણોની પછી બીજા શબ્દોથી જુદા પાડવાને પૂર્ણ વિરામનું ટપકું મૂકવામાં આવે છે. જેમકે,

વિરામચિહ્નો નીચે પ્રમાણે છે:—

૧. પૂર્ણ વિરામ	અ. પૂર્ણ વિરામ
૨. અલ્પ વિરામ	આ. અલ્પ વિરામ
૩. અર્ધ વિરામ	ઇ. અર્ધ વિરામ
૪. મહાવિરામ	ઈ. મહાવિરામ

પ્રશ્નચિહ્ન—પૂર્ણ વિચાર પ્રશ્નના રૂપમાં હોય તો તેને અન્તે પ્રશ્નસૂચક ચિહ્ન (?) મુકાય છે, તેને પ્રશ્નચિહ્ન કહે છે. જેમકે,

તમે આજ સાંજે ફરવા આવશો કેની?

તમે કયારે ઊઠો છો?

તમે કયાં રહો છો?

શું તમને આવી રીતે વર્તતાં શરમ આવતી નથી?

કેની, કયારે, કયાં, શું, ઇત્યાદિ પ્રશ્નવાચક શબ્દો છે.

પ્રશ્નવાચક શબ્દો વિના પણ પ્રશ્ન પૂછી શકાય છે.

દાખલા:—

આપણે સાથે વિચાર કરીશું?

તમે સાંજે ઘેર આવશો?

આજ્ઞાના સ્વરૂપમાં પ્રશ્ન—આજ્ઞાના સ્વરૂપમાં પ્રશ્ન હોય ત્યાં પૂર્ણ વિરામજ આવે છે, પ્રશ્નવાચક ચિહ્ન આવતું નથી, એ બરાબર લક્ષમાં રાખવું. ઘણાં અશિષ્ટ પુસ્તકોમાં એવે સ્થળે પ્રશ્નનું ચિહ્ન હોય છે તે હાસ્યકારક છે.

શિક્ષક—ત્રાવણકોરની રાજધાની કહો.

પૃથ્વી ગોળ છે તેનાં કારણ કહો.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આ કાવ્ય બનાવનારનું નામ બોલો.

કસરતથી ફાયદા થાય છે તે સમજાવો.

ઉપરનાં વાક્યોમાં પ્રશ્ન છે, પરંતુ તે આજ્ઞાના રૂપમાં છે; તેથી તેની પછી પૂર્ણ વિરામજ આવે છે, પ્રશ્નચિહ્ન વપરાતું નથી. એજ પ્રશ્નો નીચે પ્રમાણે પ્રશ્નના રૂપમાં મૂકીએ તો પ્રશ્નનું ચિહ્ન વપરાય છે.

ત્રાવણકોરની રાજધાની કહેશો ?

પૃથ્વી ગોળ છે તેના કારણ કહેશો–કહી શકશો–આવડે છે ?

આ કાવ્ય બનાવનારનું નામ બોલશો ?

કસરતથી ફાયદા થાય છે તે સમજાવશો ?

ગૌણ વાક્યમાં પ્રશ્ન—મુખ્ય વાક્યમાં પ્રશ્ન ન હોય અને ગૌણ વાક્યમાં પ્રશ્ન હોય તો મુખ્ય વાક્યને અન્તે પ્રશ્નચિહ્ન આવતું નથી; પરંતુ મુખ્ય વાક્યની પછી પ્રશ્નવાળું ગૌણ વાક્ય મૂક્યું હોય તો પ્રશ્નચિહ્ન વપરાય છે.

મુખ્ય વાક્યમાં પ્રશ્ન—મુખ્ય વાક્યમાં પ્રશ્ન હોય તો પ્રશ્નચિહ્ન વપરાય છેજ.

ગૌણ વાક્યમાં પ્રશ્ન—

ઔરંગઝેબ ક્યારે ગાદીએ આવ્યો તે કહો.

કસરતથી શા શા ફાયદા થાય છે તે સમજાવો.

મુખ્ય વાક્યમાં પ્રશ્ન—

ઔરંગઝેબ ક્યારે ગાદીએ આવ્યો તે કહેશો ?

કસરતથી શા શા ફાયદા થાય છે તે સમજાવશો ?

પ્રશ્નવાળું ગૌણ વાક્ય મુખ્ય વાક્યની પછી—જેમકે,

તેણે મને પૂછ્યું, તમારાથી આટલું કામ થશે ?

શિક્ષકે પૂછ્યું, તમે આવી ગંદી રીતે દાખલો કેમ કર્યો છે ?

ઉદ્ગારચિહ્ન—ઉદ્ગારચિહ્ન નીચેને સ્થળે વપરાય છે—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. લાગણીનો આવેશ કે ઉભરો બતાવવામાં આવે છે તેવાં વાક્યોને અન્તે આ ચિહ્ન મુકાય છે. જેમકે,

તે બાપડો કેટલી બધી પીડા પામ્યો !

દુ:ખ સહન કરવાનું કેવું એનું ધૈર્ય છે !

આ શહેર કેવું રમ્ય ને સ્વચ્છ છે !

૨. લાગણી બતાવનાર કેવળપ્રયોગી અવ્યયો કે અન્ય શબ્દો પછી ઉદ્ગારચિહ્ન મુકાય છે. જેમકે,

ઓહો ! શી કાવ્યની ખુબી છે ! પદોનું કેવું લાલિત્ય છે! વિચાર કેવા સુંદર છે ! કેવા પ્રાસાદિક રીતે તે દર્શાવ્યા છે !

અરેરે ! દૈવે એને કચડીજ નાખ્યો હોં !

ઓ બાપરે ! મરી ગયો ! કેવો ગજબ થયો ! હે પ્રભુ ! દુનિયામાં દુ:ખ એટલાં મારા પરજ !

૩. સંબોધનની પછી ઉદ્ગારચિહ્ન કે અલ્પ વિરામ મુકાય છે. જેમકે,

ભાઈ ! (કે ભાઈ,) આમ આવ.

'પ્રિય ગ્લૉકન ! તમારી ઇચ્છા પ્રજાસત્તાક રાજ્યમાં પ્રધાનપદ મેળવવાની છે. ખરૂં કેની ?' (ગ્રન્થકર્તાનું 'શિક્ષણશાસ્ત્ર')

સંબોધન વાક્યના આરંભમાં ન હોય તો તેની પહેલાં અલ્પ વિરામ મુકાય છે. જેમકે,

પણ, ભાઈ ! (કે ભાઈ,) આમ કેમ થયું !

અલ્પ વિરામ—

વિરામચિહ્નો માટે સામાન્ય નિયમ—એક સામાન્ય નિયમ એવો લક્ષમાં રાખવો કે જેમ બને તેમ ઓછાં વિરામચિહ્નો મૂકવાં. એ ચિહ્નનો અર્થ સ્પષ્ટ કરવા માટે છે, ગુંચવવા માટે નથી, એ ભૂલવું નહિ.

અલ્પ વિરામનાં સ્થળો—

નીચેને સ્થળે અલ્પ વિરામ મૂકવું.

૧. સમાનાધિકરણ નામની પહેલાં—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

ભારતવર્ષનું ભૂષણ, ભાસ્કરાચાર્ય એક મોટો ખગોળવેત્તા હતો.

૨. જે નામો, વિશેષણો, અવ્યયો, કે ક્રિયાપદો 'અને,' 'ને,' 'તથા,' એવાં ઉભયાન્વયી અવ્યયોથી જોડાયાં હોય તેવાં પદોમાં છેલ્લા સિવાયનાં બીજાં બધાં પદોની પછી અલ્પ વિરામ મૂકવું; પરંતુ એવાં પદ બેજ હોય તો તેની વચ્ચે ચિહ્ન મૂકવામાં આવતું નથી.

દાખલાઃ—

તે શેઠ, તેની પત્ની, પુત્ર, અને બીજા કુટુંબીઓ. સાંજે એકઠાં થઈ ઈશ્વરની સ્તુતિ કરતાં હતાં.

તે પુરુષ શાણો, ઠરેલ, અને અનુભવી હતો.

જલદી અને બરાબર કામ કરવું એમાં હોશિયારી રહેલી છે.

જે કંઈ વાંચો તેને વિષે વિચાર કરો અને તેમાં સત્ય છે કે અસત્ય છે તે શોધી કાઢો.

'શું શિખવવું ને શું ન શિખવવું, કઈ સાલ, કઈ હકીકત, ને કયાં નામ યાદ રખાવવાં, એ જુદું પાડવાની શક્તિ શિક્ષકમાં હોવી જોઈએ.' (ગ્રન્થકર્તાનું 'શિક્ષણશાસ્ત્ર')

સમજુતી—ઉપલા વાકયમાં 'શિખવવું' ને 'ન શિખવવું' એ બેજ પદ 'ને'થી જોડાયાં છે, માટે એની વચ્ચે અલ્પ વિરામ નથી. 'સાલ,' 'હકીકત,' 'નામ' એ ઘણાં પદ છે, તેમાં છેલ્લા સિવાય દરેક પદની પછી અલ્પ વિરામ છે. 'શિખવવું,' ને 'ન શિખવવું,' ને 'રખાવવાં,' એ બધાં કૃદન્તોનો 'એ' સમાનાધિકરણ છે, માટે 'એ'ની પહેલાં અલ્પ વિરામ મૂકવું. 'શિખવવું' ને 'ન શિખવવું' એ બેના જોડકાને એક ગણ્યું છે તેની પછી તેમજ 'રખાવવાં'ની પછી અલ્પ વિરામ છે; કેમકે 'એ' તેને સમાનાર્થક છે.

'પ્રજાજીવનનાં સર્વ અંગ પર પ્રકાશ પડે, તેની સામાજિક, આર્થિક, ઔદ્યોગિક વૃદ્ધિ કે સ્થિતિ સમજાય, અને વિદ્યા અને કળાનું સ્વરૂપ કળાય, એવી રીતે ઇતિહાસની હકીકત કહેવી.' (ગ્રન્થકર્તાનું 'શિક્ષણશાસ્ત્ર')

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

 Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

અહિં વિશેષણો અને ક્રિયાપદો 'અને'થી જોડાયલાં છે.

કવચિત્ શિખર ઉપર, કવચિત્ શિખરની નીચે, અને કવચિત્ વચ્ચે ઊભો રહી તે આસપાસનો દેખાવ નિહાળતો.

આમાં અવ્યયો 'અને'થી જોડાયાં છે.

૩. ગૌણ વાક્ય આરંભમાં અને મોટું હોય તો તેને આ ચિહ્ન વડે મુખ્ય વાક્યથી જુદું પાડવામાં આવે છે. ગૌણ વાક્ય બહુ નાનું હોય તો ચિહ્નની જરૂર નથી. એવાં વાક્યો ઘણાં હોય તો તે દરેકની પછી ચિહ્ન મુકાય છે.

'જેનામાં સરળતાથી ને સ્પષ્ટ રીતે બોલવાની શક્તિ નથી તેના કહેવામાં કોઈને રસ પડશે નહિ.' (ગ્રન્થકર્તાનું 'શિક્ષણશાસ્ત્ર')

'જો બાળક દેખી શકે નહિ, સાંભળી શકે નહિ, કે તેને સ્પર્શની લાગણી ન હોત, તો તે ઘણુંજ ઓછું જ્ઞાન મેળવી શકે.' (ગ્રન્થકર્તાનું 'શિક્ષણશાસ્ત્ર')

'જ્યારે જમીન ફળદ્રૂપ અને ઓછે શ્રમે વિશેષ ફળ આપનાર હોવાથી દ્રવ્યસંપત્તિ એટલી બધી થાય કે તે દેશમાંના બધા માણસોને પોષણને અર્થે દ્રવ્ય ઉત્પાદન કરવાની જરૂર રહે નહિ, ત્યારેજ તેમાંના કેટલાંક બીજે ધંધે વળગી શકે.' (ગ્રન્થકર્તાનું 'શિક્ષણશાસ્ત્ર')

સમજુતી—'જ્યારે'થી આરંભાયલું ગૌણ વાક્ય ઘણું લાંબું છે તેથી તે પૂરૂં થાય છે ત્યાં અલ્પ વિરામ મૂકયું છે.

૪. 'વગેરે'નો અર્થ 'અને બીજું' થાય છે; 'ઈત્યાદિ'નો અર્થ 'વગેરે'ના જેવો છે. બે કે વધારે શબ્દોની પછી એ શબ્દો આવે ત્યારે આ શબ્દોની પહેલાં અલ્પ વિરામ મૂકવું. જેમકે,

'વળી ધન વડે આકૃતિઓ બનાવવી, સળીઓ ગોઠવી, આકાર કરવા, વગેરે ઉદ્યોગો કરવાથી બરાબર ધ્યાન આપવાની એને ચપળતાની ટેવ પડે છે.' (ગ્રન્થકર્તાનું 'શિક્ષણ૦')

૫. સમાન કક્ષામાં આવેલાં ઘણાં પદો સાથે કે વાક્ય સાથે 'એ,' 'આ,' 'તે,' 'એમ,' 'તેમ,' 'એવું,' જેવા શબ્દો સમાનાધિકરણ

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તરીકે વપરાય છે ત્યારે એ શબ્દોની પૂર્વે અલ્પ વિરામ આવે છે. નાના વાક્ય સાથે એ શબ્દો સમાનાધિકરણ હોય ત્યારે અલ્પ વિરામ ન મૂકીએ તો ચાલે.

'પોતે સ્વચ્છ રહી છોકરાંને સ્વચ્છ રહેતાં શિખવવું, પોતે શિષ્ટ આચાર અને શિષ્ટ ભાષણ રાખી છોકરાંને પણ તેવો આચાર રાખવાની અને તેવું ભાષણ કરવાની ટેવ પાડવી, એ પણ શિક્ષકનું કર્તવ્ય છે.' (ગ્રન્થ૦ 'શિક્ષણ૦')

'બિનકેળવાયલાં માબાપો પોતાના બાળકો પર ઉચ્ચ સંસ્કાર પાડે નહિ એ સ્વાભાવિક છે.' (ગ્રન્થ૦ 'શિક્ષણ૦')

બાળકો કોની સોબત રાખે છે, શાળામાં શું શીખે છે, શિક્ષકની તેમના પર પ્રીતિ છે કે અપ્રીતિ છે, એવી બાબત પર માબાપે લક્ષ આપવું જોઈએ.

૬. 'ખરેખર,' 'સંક્ષેપમાં,' 'ટૂંકમાં,' 'સારાંશ તરીકે,' 'ઉપસંહાર કરતા,' 'જેમકે,' 'ઉદાહરણ તરીકે,' 'દાખલા તરીકે,'—આવા શબ્દો પછી અલ્પ વિરામ આવે છે.

૭. આજ્ઞાર્થમાં ક્રિયાપદ હોય ને તે પછી તેનું કર્મ આખું વાક્ય હોય તો તે ક્રિયાપદ પછી અલ્પ વિરામ આવે છે.

જુઓ, આ કેવું સુંદર ચિત્ર છે!

સાંભળો, આ અવાજ ક્યાં થાય છે?

૮. નામવાક્ય કર્મ હોય ને તે પહેલાં 'કે' ન વાપર્યો હોય તો અલ્પ વિરામ મુકાય છે.

તે બોલ્યો, ગુરુજીનાં વચન અમૃતમય છે.

અર્ધ વિરામ—

અલ્પ વિરામ કરતાં વધારે વિરામની જરૂર હોય ત્યાં એ ચિહ્ન વપરાય છે.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

૧. સંયુક્ત વાક્ય જે વાક્યોનું બનેલું હોય તે વાક્યોની વચ્ચે અર્ધ વિરામ આવે છે.

'સત્સમાગમ આપત્તિમાં આપણને ઉત્તમ દિલાસો આપી હૃદયમાં દૃઢતા અને ધૈર્ય સીંચે છે; સંપત્તિમાં પણ એ આપણને ઊંચા પ્રકારનો વિલાસ ભોગવાવે છે; અને પરદેશમાં આપણા બાન્ધવની ગરજ સારે છે.' (ગ્રન્થ૦ 'શિક્ષણ૦')

તેના શબ્દમાં ઘણી મધુરતા છે; અથવા ચન્દ્રમાં અમૃત હોય એમાં શી નવાઈ !

ત્રણચાર દિવસ અહિં રહો; એટલામાં હું તમારૂં કાર્ય પ્રયત્ન કરી સિદ્ધ કરી આપીશ.

ત્રિશંકુ સ્વર્ગમાં ગયો ત્યારે દેવતાઓએ તેને પોતાના બળથી ત્યાંથી નીચે પાડ્યો; પણ વિશ્વામિત્રે પોતાના તપના પ્રભાવથી તેને ટકાવી રાખ્યો.

૨. જે બે વાક્યોનું સંયુક્ત વાક્ય બન્યું હોય તે બેની વચ્ચે ઉભયાન્વયી અવ્યય અધ્યાહૃત હોય તો અર્ધ વિરામ આવે છે.

મનુષ્યના દરેક કામમાં કોઈ પણ જાતની અપૂર્ણતા હોય છે; સંપૂર્ણતા ઈશ્વરી કામમાંજ હોય છે.

અરે ધિક્! બહુ ખોટું થયું; કોઈક પૂજ્ય ઋષિનો શકુન્તલાએ અનાદર કર્યો.

મહાવિરામ—

૧. કશાની ગણતરી કરવી હોય કે વર્ણન આપવું હોય કે સમજુતી આપવી હોય તો તેને માટે જે પ્રાસ્તાવિક વાક્ય વાપરવામાં આવે છે તેની પછી:—આવું ચિહ્ન વપરાય છે; એ ચિહ્ન મહાવિરામ અને ગુરુ રેખાનું બનેલું છે.

દાખલા :—

દર્શક સર્વનામ નીચે પ્રમાણે છે:—

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તેણે સભાસમક્ષ નીચે મુજબ પોતાના વિચાર દર્શાવ્યા:—

૨. અર્ધ વિરામથી પણ વધારે વિરામ દર્શાવવા એ ચિહ્ન વપરાય છે; જેમકે,

નામ: પ્રકાર: ક્રિયાપદ: તેના પ્રયોગ.

૩. જ્યારે એક વાક્યની પછી બીજું વાક્ય તેના અર્થ સમજાવનાર વાક્ય તરીકે કે તેના અર્થમાં અન્તર્ગત થયલા દાખલા તરીકે વપરાયું હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે.

મનુષ્યમાત્ર મરણાધીન છે; મરણમાંથી કોઈ મુક્ત નથી.

મનુષ્યમાત્ર મરણાધીન છે; બાળક પણ એવાંજ છે.

અવતરણચિહ્ન—

૧. કોઈના બોલેલા શબ્દો એ ચિહ્નોમાં મુકાય છે. ગુજરાતીમાં દરેક એવે પ્રસંગે એ ચિહ્ન વપરાતાં નથી.

તેણે કહ્યું, "સત્યની બલિહારી ન્યારીજ છે."

તેણે કહ્યું, સત્યની બલિહારી ન્યારીજ છે.

૨. શબ્દને શબ્દ તરીકે વાપરીએ, અર્થયુક્ત ન વાપરીએ, તો તે એ ચિહ્નમાં મુકાય છે.

'સર્વ' એ સર્વનામ છે.

૩. કોઈ ગ્રન્થ કે લેખમાંથી ઉતારો કર્યો હોય તો તે ઉતારેલા શબ્દો એ ચિહ્નોમાં મુકાય છે.

'માનસિક શક્તિ કેળવવી એ કેળવણીનો **પ્રધાન** હેતુ છે અને જ્ઞાન આપવું એ ગૌણ હેતુ છે.' **ગ્રિગ**

વિગ્રહરેખા—

-આવી નાની રેખા, જે શબ્દોનો વિગ્રહ કરવામાં—શબ્દોને છૂટાં પાડવામાં—વપરાય છે તેને વિગ્રહરેખા કહે છે. વિગ્રહ = છૂટું પાડવું તે.

૧. સમાસના બે અવયવો જુદા બતાવવા હોય તો એ રેખા વપરાય છે; જેમકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

મહા–ભારત; દાય–ભાગ; આનન્દ–કન્દ.

૨. લખતાં લખતાં લીટીને અન્તે શબ્દ અધુરો રહે તે દર્શાવવા એ ચિહ્ન વપરાય છે.

લક્ષમાં રાખવું કે શબ્દોને ગમે તેમ તોડવા નહિ.

૧. પ્રકૃતિ ને પ્રત્યય; ૨. સમાસના અવયવો; ૩. શબ્દનો જેટલો ભાગ સાથે ઉચ્ચારાય એટલો–એમ શબ્દો છૂટા પાડવા.

દાખલાઃ—

૧.	કર– નાર	લખવા– માં આવે છે.	ગુરુ– ત્વ	વખત– નો	જંગલી– પણું	હોશિ– યાર
૨.	ચરણ– કમળ	તરુ– વર	સં– રક્ષણ	એકલ– પેટો	વિઘ્ન– હર્તા	મન– માન્યું
૩.	નીમ– વામાં	સુધાર– તા	કુત– રો	વપ– રાય છે.	કેટ– લાકના	

૩ માંના ઘણા દાખલાનો ૧ કે ૨ માં સમાવેશ થઈ શકશે.

ગુરુરેખા—

વિગ્રહરેખા કરતાં આ રેખા મોટી હોય છે, માટે ગુરુરેખા કહેવાય છે.

૧. અમુક પદાર્થો ગણાવ્યા પછી, ઉપસંહારરૂપે 'એ પદાર્થો' એવા શબ્દો વાપરતા પહેલાં ગુરુરેખા વપરાય છે; જેમકે,

પદાર્થ, મૉડેલ (નમુના), ચિત્ર, મૅજિક લૅન્ટર્ન—આ સાહિત્યો વડે વસ્તુનું પ્રદર્શન ઉત્તમ થાય છે.

૨. વસ્તુના જુદા પ્રકાર છે એમ વર્ણવી તે પ્રકારનાં નામ દર્શાવતા પહેલાં આ રેખાનો ઉપયોગ થાય છે.

દાખલાઃ—

ક્રિયાપદ બે પ્રકારના છે—અકર્મક ને સકર્મક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

આવે સ્થળે મહાવિરામ કે મહાવિરામ ને ગુરુરેખા પણ મુકાય છે. જેમકે,

ક્રિયાપદ બે પ્રકારનાં છેઃ અકર્મક ને સકર્મક.

ક્રિયાપદ બે પ્રકારનાં છેઃ—અકર્મક ને સકર્મક.

૩. એકાએક વાક્ય અધુરૂં રાખવું પડે ત્યારે આ રેખા વપરાય છે.

તું મારૂં જીવન છે; તું મારા નેત્રની ચન્દ્રિકા છે; તું મારૂં બીજું હૃદય છે; તું મારા અંગમાં અમૃત છે, ઇત્યાદિ પ્રિય વચનોથી મુગ્ધાને મકલાવીને તેનેજ—અથવા નહિ નહિ. હવે પાછલો ભાગ બોલવાનું શું પ્રયોજન છે? (ભવભૂતીના 'ઉત્તરરામચરિત' પરથી).

૪. કોઈ શબ્દનો અર્થ સમજાવવા તે શબ્દની પછી અને કેટલીક વખત તે સમજુતી પૂરી થાય ત્યાં પણ એ ચિહ્ન વપરાય છે.

દાખલાઃ—

અભ્યાસની—એકની એક વાત પુનઃ પુનઃ કહેવાની—ઘણી જરૂર છે; કેમકે તે વગર મન પર દૃઢ સંસ્કાર પડતો નથી.

કૌંસ—

કૌંસ ત્રણ જાતના વપરાય છે—( ), { }, [ ].

૧. શબ્દનો અર્થ બતાવવા સમજુતીનો શબ્દ કૌંસમાં વપરાય છે. જેમકે,

મનુષ્યમાં વિવેકબુદ્ધિની (સારાનરસાંનો ભેદ પારખવાની બુદ્ધિની) ઘણી જરૂર છે.

૨. એકજ વિષયને લગતા જુદા જુદા મુદ્દાવાળા પરિચ્છેદોની શરૂઆતમાં ગણતરી સારૂ ૧, ૨, ૩, વગેરે કે, અ, આ, ઇ, વગેરેને કૌંસમાં પણ મુકાય છે. જેમકે,

(૧), (૨), (૩); (અ), (આ), (ઇ).

૩. વાક્યની રચનાને જે શબ્દો બંધબેસ્તા ન આવે એવા વાપરી અર્થ સ્ફુટ કરવો પડે ત્યારે પણ શબ્દો કૌંસમાં વપરાય છે. જેમકે,

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે રાજાએ રૈયતના સુખને અર્થેજ (પોતાના ભોગને અર્થે નહિ) પ્રજા પર કર મૂક્યા હતા.

૪. ઉપર ( ) માં હોય તે તરફ લક્ષ ખેંચવું હોય ત્યારે એવડા ક્રોસ વપરાય છે. જેમકે,

આ કારણોનાં { ઉપર (અ)માં ગણાવેલાંનાં } પરિણામ તાત્કાલિક થયાં.

પ્રકરણ ૩૦ મું

શબ્દશક્તિ

શબ્દશક્તિ—શબ્દોમાં અનેક અર્થ ઉપજાવવાની શક્તિ હોય છે. આ અર્થ ઉત્પન્ન કરવાના સામર્થ્યને **શબ્દશક્તિ** કહે છે.

મુખ્યાર્થ—શબ્દ સાંભળતાં વારને આપણા મનમાં તેના જે અર્થનું ભાન થાય તે **મુખ્ય કે વાચ્ય** અર્થ કહેવાય છે અને જે શક્તિ વડે એ અર્થ નીકળે છે તે **અભિધા** શક્તિ કહેવાય છે. પરાપૂર્વથી ચાલ્યા આવેલા સર્વમાન્ય સંકેત-ઇચ્છા પ્રમાણે એ અર્થ નક્કી થયલો હોય છે. એ સંકેત પ્રમાણે 'ગાય' શબ્દનો અર્થ જે પ્રાણીને ગળે ગોદડું-લટકતું ચામડું છે તે છે.

યૌગિક, રૂઢ,—મુખ્ય અર્થના મુખ્ય બે પ્રકાર છે. કેટલાક શબ્દના અર્થ પ્રકૃતિ ને પ્રત્યયના અર્થ મળીને થયા હોય છે. 'પાચક,' 'યાચક,' 'પાઠક,' 'સ્થિતિ,' 'મતિ,' 'ભજન,' 'કીર્તન,' ઇત્યાદિ અનેક શબ્દો, જેમાં પ્રકૃતિ ને પ્રત્યય છૂટા પાડી શકાય છે અને પ્રકૃતિનો ને પ્રત્યયનો જે અર્થ થાય છે તે બે મળીને શબ્દનો અર્થ થાય છે, એવા શબ્દો **યૌગિક** કહેવાય છે અને એવો અર્થ પણ **યૌગિક** કહેવાય છે.

પણ બધા શબ્દોના અર્થ એમ પ્રકૃતિ ને પ્રત્યય છૂટા પાડીને નીકળતા નથી. ઘણા શબ્દોના ધાતુ શોધી કઢાતા નથી. એવા શબ્દોના અર્થ રૂઢિથી નક્કી થાય છે. રૂઢિ એટલે અનાદિ કાળથી ચાલ્યો આવતો

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

પ્રયોગપ્રવાહ. જે શબ્દનો અર્થ રૂઢિથી નક્કી થાય તે શબ્દો રૂઢ કહેવાય છે. 'ગાય,' 'ઘોડો,' વગેરે એવા શબ્દો છે.

લક્ષ્યાર્થ—એવે ઠેકાણે શબ્દોનો મુખ્ય અર્થજ લાગુ પડતો નથી. મુખ્ય અર્થની સાથે જોડાયલો બીજો અર્થ લેવો પડે છે. એ બીજો અર્થ તે **લક્ષ્ય** અર્થ કહેવાય છે અને શબ્દની જે વૃત્તિથી એ અર્થ નીકળે છે તે **લક્ષણા** વૃત્તિ કહેવાય છે.

દાખલા:—

૧. **ગંગા** ઉપર આભીરનું ઝૂંપડું છે=ગંગાકિનારા ઉપર.

'ગંગા' શબ્દનો મુખ્ય અર્થ પ્રવાહ છે, તે અહિં બંધબેસ્તો નથી; કેમકે પ્રવાહ ઉપર ઝુંપડું હોઈ શકે નહિ. આ કારણથી મુખ્ય અર્થની સાથે જોડાયલો બીજો અર્થ લેવો પડે છે. એ અર્થ તે 'ગંગાનો કિનારો' છે, 'ગંગાકિનારા ઉપર'ને બદલે 'ગંગા ઉપર' કહેવાથી ઝુંપડું ઘણું ઠંડું ને પવિત્ર છે એવો ઠંડક ને પવિત્રતાનો અર્થ નીકળે છે.

૨. એ મહાપુરુષના મરણથી આખો **દેશ** રડે છે–દેશના લોકો.

'દેશ' રુદન કરી શકતો નથી, માટે લક્ષ્યાર્થ 'દેશમાં રહેનારા લોકો' એવો લેવો પડે છે. આખા દેશમાં શોક વ્યાપેલો છે, દેશના તમામ લોકો આબાલવૃદ્ધપર્યન્ત રડે છે એમ સૂચવવું એ લક્ષણાનું પ્રયોજન છે.

૩. માણવક **ગધેડો** છે—ગધેડા જેવો.

ગધેડા જેઓ અત્યન્ત જડ છે એમ સૂચવવું એ લક્ષણાનું પ્રયોજન છે.

૪. માણવક બળમાં **સિંહ** છે—સિંહ જેવો.

સિંહના જેવું એનામાં શૌર્ય છે એ સૂચવવું એ પ્રયોજન છે.

૫. તે મારી આંખની **કીકી** ને હૈયાનો **હાર** છે–કીકી જેવો; હાર જેવો.

તે અત્યન્ત પ્રેમનું સ્થાન છે એમ સૂચવવું એ લક્ષણાનું પ્રયોજન છે.

૬. પેલો **ગધેડો** જાય છે–ગધેડા જેવો.

(પુરુષને ઉદ્દેશીને કહ્યું છે.)

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

તે ગધેડા જેવો છે કે જડ–બુદ્ધિશૂન્ય છે એમ સૂચવવું એ પ્રયોજન છે.

૭. તે મદે કરીને **અંધ** છે–અંધ જેવો.

મદને લીધે સારૂંનરસું, યોગ્યાયોગ્ય કંઈજ જોઈ શકતો નથી એમ સૂચવવું એ પ્રયોજન છે.

૮. આ દુષ્ટ પુત્ર પિતાને મોટા **શાપરૂપ** છે–દુઃખરૂપ છે–શાપથી થયલા ફળ જેવો.

શાપથી નીપજેલું પરિણામ અત્યન્ત અનિષ્ટ ને દુ:ખદાયક હોય છે તેવો આ પુત્ર એના પિતાને અત્યન્ત ત્રાસજનક છે એમ સૂચવવું એ પ્રયોજન છે.

૯. આ સુપુત્ર પિતાને **કલ્યાણરૂપ–આશિર્વાદાત્મક** છે–કલ્યાણ કરનાર; આશીર્વાદથી થયલા ફળ જેવો.

કલ્યાણ કરનારી વસ્તુ કે આશીર્વાદથી નીપજેલું ફળ જેમ અત્યન્ત આનન્દકારક હોય છે, તેમ આ સુપુત્ર એના પિતાને અત્યન્ત આહ્લાદ પમાડે છે, એના આત્માને ઠારે છે.

'મુજ નિર્ધનને એક દિકરો રે, મારૂં **જીવન** જગજીવન.'

(નરસિંહ–ગોવિન્દગમન,' પદ ૨૦)

વ્યંજના—એ ત્રીજી શબ્દવૃત્તિ છે. લક્ષણામાં જે પ્રયોજન ગમ્ય થાય છે તે એ વૃત્તિ વડે થાય છે. એ વૃત્તિથી નીકળતો અર્થ **વ્યંગ્ય** અર્થ કહેવાય છે.

વ્યંગ્યાર્થ=દૂરથી સુચવાતો અર્થ. **વ્યંગ્ય** અર્થને કવિતામાં **ધ્વનિ** કહે છે. કવિતામાં શૃંગાર, વીર, કરુણ, આદિ જે રસનો અર્થ ગમ્ય થાય છે તે એવોજ વ્યંગ્ય અર્થ છે.

પૂર્વાપરસંબંધ—શબ્દના અર્થ ઘણા હોય તો તેમાંનો કયો અર્થ અમુક સ્થળે લેવો તે ઘણે ભાગે પૂર્વાપરસંબંધથી નક્કી થાય છે. આસપાસનો સંબંધ વિચારી અનેક અર્થમાંથી જે અર્થ ઘટતો હોય તે લેવો.

સમાપ્ત

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

'ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ'—કેટલાક અભિપ્રાય

હું આપનું "ગૂજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ" જોઈ ગયો છું. વ્યાકરણ-શાસ્ત્રના આપણા ઊંડા પ્રેમ અને જ્ઞાનનો આપે ગૂજરાતને સારો લાભ આપ્યો છે—અને આપનું "બૃહદ્ વ્યાકરણ" પ્રસિદ્ધ થયે એ લાભ પરિપૂર્ણતાએ પહોંચશે. કહેવાની જરૂર જ નથી કે આવી વ્યાકરણમાળા ગુજરાતીમાં કેવળ અપૂર્વ છે. વ્યાકરણના સામાન્ય જ્ઞાન ઉપરાંત ઘણું વિશેષ જાણવાજોગ—જે અત્યાર સુધીનાં વ્યાકરણમાં વાચકને ભાગ્યેજ ઉપલભ્ય એવું—આપે આ પુસ્તકમાં સમાવ્યું છે—અને સઘળું એવું સુન્દર રીતે—સ્પષ્ટતાથી—મૂક્યું છે કે વિદ્યાર્થીને એ સમજતાં બહુ શ્રમ પડશે નહિ. તે ઉપરાંત આ પુસ્તકમાં એ ખાસ ગુણ મેં એ જોયો છે કે આ પુસ્તકની 'મધ્ય'તા સાચવવા સારૂ, આત્મસંયમપુરઃસર આપે એટલુંજ કહ્યું છે કે જેટલું મધ્ય ભૂમિકાનો વિદ્યાર્થી ગ્રહણ કરી શકે—નહિ અલ્પ, અને નહિ અતિ.

અમદાવાદ,
૨૪–૨–૧૮

પ્રો. આનન્દશંકર બાપુભાઈ ધ્રુવ,
એમ.એ., એલએલ.બી.,
સંસ્કૃત ભાષાના પ્રોફેસર, ગુજરાત કૉલેજ, અમદાવાદ.

મેં તમને તે ('ગુજરાતી ભાષાનું લઘુ વ્યાકરણ' ભાગ ૧લો તથા ભાગ ૨જો) મંજૂર થવાનું જણાવ્યું હતું; પરંતુ હવે એ નકકી થયું છે કે આ એપ્રિલ મહીનાથી જે નવા વર્ગો બંધાશે તેમાં ધોરણ ૪, ૫ માં એ વ્યાકરણનાજ બંને ભાગો શિખવવાના છે.

હું 'મધ્ય વ્યાકરણ'નો કકડે કકડે ઘણો ભાગ વાંચી ગયો છું...... પુસ્તકમાં અનેક સ્થળે પાકટ અનુભવ, સારી વિદ્વત્તા, અને શિક્ષણપદ્ધતિના જ્ઞાનની અચૂક નિશાનીઓ નજરે પડે છે. પાંચ વર્ષ ઉપર વડોદરામાં વ્યાકરણ સંબંધી કેટલીક બાબતની ચર્ચા કરવા માટે એક કમિટિ નિમાઈ હતી, તેમાં રા. છોટાલાલ તથા મિ. હીરાલાલ શ્રોફ અને મિ. ગાંડાભાઈ દેસાઈ વગેરે હતા. એ કમિટિના પ્રમુખ તરીકે મારે ચારપાંચ વ્યાકરણો જોઈ જવાનો પ્રસંગ આવ્યો હતો. કમિટિ કેટલીક બાબતો ઉપર એક નિર્ણય ઉપર આવી શકી નહિ, તોપણ પ્રચલિત પુસ્તકોમાં કેટલી ખામી છે તે તે વખતે જણાયું હતું. એકંદરે તે વખતે મને મિ. ત્રિભોવનદાસ શેઠની 'Hints on the Study of Gujarati' એ ચોપડી ઠીક

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

લાગી હતી. પરંતુ તેના કરતાં આ વ્યાકરણ વધારે આવકારને પાત્ર છે એ નિર્વિવાદ છે. ગુજરાતી જાણનાર માટે તો એ (મધ્ય વ્યાકરણ) ઘણુંજ સરસ પુસ્તક છે એમ કહેતાં કશો સંકોચ નથી.

૨૮મી માર્ચ ૧૯૧૭ } **નન્દનાથ કેદારનાથ દીક્ષિત,** બી. એ., પ્રિન્સિપલ, સેકન્ડરિ ટ્રેનિંગ કૉલેજ, વડોદરા

(ભાષાન્તર)

રાવબહાદુર ક. પ્રા. ત્રિવેદીએ રચેલું 'ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ' દરેક પ્રકારના ઉત્તેજનને પાત્ર છે. વ્યાકરણના શિક્ષણ સારૂ ગ્રન્થકારે નવીન માર્ગ યોજ્યો છે અને શિક્ષકોને અને શિષ્યોને જાણીતા થયા હતા તેનાથી એમણે વાપરેલા ઘણા પારિભાષિક શબ્દો નવા છે. પરંતુ એમના એ શબ્દો અગાઉ પ્રચાર પામ્યા હતા તેના કરતાં વધારે શુદ્ધ છે અને એક વાર પ્રચાર પામશે એટલે જૂના શબ્દો કરતાં વધારે અઘરા લાગશે નહિ. મારા ધારવા પ્રમાણે એ પુસ્તકની ગુજરાતી છઠ્ઠા ને સાતમાં ધોરણોમાં વાપરવા માટે તો ભલામણ થવીજ જોઈએ અને વર્નાક્યુલર ફાઇનલ પરીક્ષા માટે પાઠ્ય ('ટેક્સ્ટ') પુસ્તક તરીકે એનો અભ્યાસ થવોજ જોઈએ. આમ થવાથી ગુજરાતી ભાષાના અભ્યાસને ઘણું ઉત્તેજન મળશે. વળી એ પુસ્તક ટ્રેનિંગ કૉલેજમાં અને ઍંગ્લો–વર્નાક્યુલર શાળાઓમાં પાઠ્ય પુસ્તક તરીકે વપરાય તેમજ બધીજ શાળાઓ ને કૉલેજોનાં પુસ્તકાલયમાં તેને સ્થાન મળે અને પ્રાથમિક તથા માધ્યમિક શાળાઓમાં ઇનામના પુસ્તક તરીકે તેનો ઉપયોગ થાય તેવું હું અન્તઃકરણપૂર્વક પસંદ કરૂં છું.

ભરૂચ મિશન હાઉસ } **ધિ રેવરન્ડ ડૉ. જે. એફ. સ્ટીલ,** એમ. એ.
૨—૩—૧૮

માધ્યમિક શાળાઓને માટે આજ સુધી બહાર પડેલાં વ્યાકરણોમાં રા. બ. કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદી કૃત **મધ્યમ વ્યાકરણ** પ્રથમ સ્થાન ધરાવે છે. તે શાસ્ત્રીય પદ્ધતિએ રચાયું છે; અને તેમાં તે તે વિષય ઉદાહરણ સાથે ઠીક આપ્યા છે. શબ્દશક્તિઓનું પ્રકરણ ગુજરાતીમાં નવીન છે તે વિદ્યાર્થીની વૃદ્ધિ ખીલવનારૂં છે.

તા. ૧૬—૩—૨૨ }
મુંબઈ. } **કેશવલાલ હર્ષદરાય ધ્રુવ**

पुस्तकालय
गुरुकुल कांगड़ी

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

गुरुकुल कांगड़ी विश्वविद्यालय, हरिद्वार

२४५१ पुस्तकालय
गुरुकुल कांगड़ी विश्वविद्यालय हरिद्वार

पुस्तक-वितरण की तिथि नीचे अंकित है। इस तिथि सहित १५ वें दिन तक यह पुस्तक पुस्तकालय में वापिस आ जानी चाहिए। अन्यथा ५ नये पैसे प्रतिदिन के हिसाब से विलम्ब दण्ड लगेगा।

14 SEP 1964 २८६१३ -5 OCT 1964 २८६१२		

१८८६३.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar

Digitized by Arya Samaj Foundation Chennai and eGangotri

[illegible] ગુજરાતી શાળોપયોગી પુસ્તકો

રા૦ બ૦ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીનાં રચેલાં

૧. ગુજરાતી ભાષાનું લઘુ વ્યાકરણ, ભાગ ૧ લો, રા। આના; ભાગ ૨ જો, ૪ આના
૨. ગુજરાતી ભાષાનું મધ્ય વ્યાકરણ, કિં૦ રૂા. ૧–૦–૦
૩. ગુજરાતી ભાષાનું બૃહદ્ વ્યાકરણ, કિં૦ રૂા. ૨–૮–૦
૪. ગુજરાતી ભાષાનું સરળ વ્યાકરણ, ભાગ ૧ લો, અને ૨ જો, અતિસુખશંકર કમળાશંકર ત્રિવેદી, એમ્. એ એલ્એલ્. બી. કૃત; ભાગ ૧ લો, કિંમત રૂા. ૦–૧–૬; ભાગ ૨ જો, કિંમત રૂા. ૦–૧–૬
૫. વ્યાકરણ, નિબંધ ને, ભાષાંતર માટે પાઠ્ય ગુજરાતી, અ. ક. ત્રિવેદી કૃત; કિ. રૂ. ૦–૧૪–૦
૬. ટાર્સ્ટ્‌ટ વ્યાકરણ–ગુજરાતી અંગ્રેજી; જે. સી. નેસ્ફીલ્ડ, એમ. એ. કૃત; પુસ્તક ૧ લું, ૫ આના; પુસ્તક ૨ જું, ૮ આના
૭. ગુજરાતી કૉપી બુક નં૦ ૧–૭; દરેકની કિં. રૂા. ૦–૧–૦
૮. ગુજરાતી અંકગણિત–લાલભાઈ રતનજી દેસાઈ, બી. એ., બી. ટી., ટી. ડી. (લંડન) કૃત; માધ્યમિક શાળાના પહેલા ધોરણ માટે, કિં૦ રૂા. ૦–૧૦–૦ માધ્યમિક શાળાના બીજા ધોરણ માટે કિં. રૂા. ૦–૭–૦; માધ્યમિક શાળાના ત્રીજા ધોરણ માટે, કિં. રૂા. ૦–૬–૦
૯. હિંદુસ્તાનનો ઇતિહાસ, ગુજરાતી આવૃત્તિ, સચિત્ર, ઈ. મારસ્ડન, બી. એ. કૃત; કિં. રૂા. ૦–૧૨–૦
૧૦. ઇંગ્લંડનો અર્વાચીન ઇતિહાસ, સચિત્ર, બર્લે, મર્ચંટ અને મહેતા કૃત; કિં. રૂા. ૨–૮–૦
૧૧. ગુજરાતના ઇતિહાસની સહેલી વાર્તાઓ, સચિત્ર, પ્રાણલાલ કીરપારામ દેસાઈ, બી. એ., એસ. ટી. સી. ડી. કૃત; કિં. રૂા. ૦–૫–૦

રા૦ બ૦ કમળાશંકર પ્રાણશંકર ત્રિવેદીએ કરેલાં ભાષાન્તરો

૧૨. હિંદુસ્તાનના ઇતિહાસમાંથી સહેલી વાર્તાઓ, સચિત્ર, ઈ. મારસ્ડન, બી. એ. કૃત; કિં. ૮ આના
૧૩. ભૂગોળના પ્રાથમિક પાઠો, સચિત્ર, ઈ. મારસ્ડન, બી. એ. કૃત; કિં. રૂા. ૧–૨–૦
૧૪. જુનિયર વર્ગો માટે ભૂગોળ, સચિત્ર, ઈ. મારસ્ડન, બી. એ. કૃત; કિ. રૂા. ૦–૮–૦
૧૫. ગુજરાતી નકશાઓ, ૨૪ નકશા સાથે; કિ. રૂા. ૦–૧૨–૦
૧૬. હિંદુસ્તાનનો નકશો, ગુજરાતી ૩૪"×૨૮" કિ. રૂા. ૨–૦–૦
૧૭. મુંબઈ ઈલાકાનો નકશો, ગુજરાતી ૩૪"×૨૮" કિ. રૂા. ૧–૦–૦
૧૮. આરોગ્યવિજ્ઞાન, રામચંદ્ર એમ. એ., જોશી, બી. એસસી. કૃત; કિ. રૂા. ૦–૬–૦
૧૯. ભાઉ ફર્સ્ટ સ્ટેપ્સ ઇન ઈંગ્લીશ, બુક ૧ લી કિ. રૂા. ૦–૪–૦, બુક ૨ જી કિ. રૂા. ૦–૬–૦

MIDDLE GRAMMAR OF THE GUJARATI LANGUAGE.
By Rao Bahadur K. P. Trivedi, B. A., Price Re. 1-0-0. 1940.

CC-0. In Public Domain. Gurukul Kangri Collection, Haridwar